॥ कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ॥

॥ अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ॥ ॥ गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ॥

॥ योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ॥ ॥ चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ॥

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

### जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

श्री महावीर जैन आराधना केन्द्र

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
Websiet : www.kobatirth.org
Email : Kendra@kobatirth.org

शहर शाखा

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

नमः अनन्तलब्धिनिधानाय भगवते इन्द्रभूतये ।

निःशेषनिर्ग्रन्थागमामरसरिद्हिमाचलभगवच्छ्रीसुधर्मस्वामीसूत्रितं

गूर्जरभाषानुवादयुतं

# श्रीमद्भगवतीसूत्रम्

(व्याख्याप्रज्ञप्तिः) (पंचमो भागः)

प्रकाशकः—जामनगरवास्तव्यपंडित 'हीरालाल हंसराज' इत्यस्य 'श्री जैनभास्करोदय प्रेस'
इति मुद्रणालये मेनेजर बालचंद्र हीरालाल इत्येतेन मुद्रितम्.

विक्रमसंवत—१९९६

पण्यं रुप्यकत्रयम्
३-०-०

For Private And Personal

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





॥ अर्हम् ॥

श्रीमद्गणधरवरसुधर्मस्वामिप्रणीता ।

# ॥ व्याख्याप्रज्ञप्तिः ॥

## ॥ श्रीभगवतीसूत्रं भाग–५ ॥

( मूल सूत्र अने तेना गुजराती भाषान्तर सहित )

### ( शतक १२. ) उद्देशक ५.

( चोथा भागनुं अनुसंधान चालु )

रायगिहे जाव एवं वयासी—अह भंते ! पाणाइवा० मुसा० अदि० मेहु० परि० एस णं कतिवन्ने कतिगंधे कतिरसे कतिफासे पण्णत्ते ?, गोयमा ! पंचवन्ने दुगंधे पंचरसे चउफासे पण्णत्ते ॥ अह भंते ! कोहे १ कोवे २ रोसे ३ दोसे ४ अखमे ५ संजलणे ६ कलहे ७ चंडिक्के ८ भंडणे ९ विवादे १० एस णं कतिवन्ने जाव कतिफासे पण्णत्ते ?, गोयमा ! पंचवन्ने पंचरसे दुगंधे चउफासे पण्णत्ते ॥ अह भंते ! माणे मदे दप्पे थंभे गव्वे अत्तुक्कोसे परपरिवाए उक्कोसे अवक्कोसे उण्णए उन्नामे दुन्नामे १२ एस णं कतिवन्ने ४ ?, गोयमा ! पंचवन्ने जहा कोहे तहेव । अह भंते ! माया उवही नियडी वलये गहणे णूमे कक्के कुरुए जिम्हे किब्बिसे १० आयरणया गूहणया वंचणया

For Private And Personal

पलिउंचणया सातिजोगे य १५ एस णं कतिवन्ने ४?, गोयमा! पंचवन्ने जहेव कोहे॥ अह भंते! लोभे इच्छा मुच्छा कंखा गेही तण्हा भिज्झा अभिज्झा आसासणया पत्थणया १० लालप्पणया कामासा भोगासा जीवियासा मरणासा नंदीरागे १६ एस णं कतिवन्ने?, जहेव कोहे। अह भंते! पेज्जे दोसे कलहे जाव मिच्छादंसणसल्ले एस णं कतिवन्ने! जहेव कोहे तहेव चउफासे॥ (सूत्रं ४४९)

[प्र०] राजगृह नगरमां (गौतम) यावद्-आ प्रमाणे बोल्या के हे भगवन्! १ प्राणातिपात, २ मृषावाद, ३ अदत्तादान, ४ मैथुन अने ५ परिग्रह-ए बधा केटला वर्णवाळा, केटला गन्धवाळा, केटला रसवाळा अने केटला स्पर्शवाळा कह्या छे? [उ०] हे गौतम! ते पांच वर्णवाळा, बे गन्धवाळा पांच रसवाळा अने चार स्पर्शवाळा कह्या छे. [प्र०] हे भगवन्! १ क्रोध, २ कोप, ३ रोष, ४ दोष, ५ अक्षमा, ६ संज्वलन, ७ कलह, ८ चांडिक्य (रौद्राकार), ९ भंडन (दंडादिथी युद्ध करवुं) अने १० विवाद-ए बधा केटला वर्णवाळा, यावत्-केटला स्पर्शवाळा कह्या छे? [उ०] हे गौतम! पांच वर्णवाळा, बे गन्धवाळा, पांच रसवाळा अने चार स्पर्शवाळा कह्या छे. [प्र०] हे भगवन्! १ मान, २ मद, ३ दर्प, ४ स्तंभ, ५ गर्व, ६ अत्युत्क्रोश, ७ परपरिवाद, ८ उत्कर्ष, ९ अपकर्ष, १० उन्नत (उन्नय), ११ उन्नाम अने १२ दुर्नाम-ए बधा केटला वर्णवाळा, यावत्-केटला स्पर्शवाळा कह्या छे? [उ०] हे गौतम! पांच वर्णवाळा इत्यादि जेम क्रोध संबन्धे कह्युं तेम अहिं जाणवुं. [प्र०] हे भगवन्! १ माया, २ उपधि ३ निकृति, ४ वलय-वक्रताजननस्वभाव, ५ गहन, ६ नूम, ७ कल्क, ८ कुरूपा ९ जिह्मता, १० किल्बिष, ११ आदरणता (आचरणता), १२ गूहनता, १३ वंचनता, १४ प्रतिकुंचनता, १५ सातियोग-ए बधा केटला वर्णवाळा, यावत्-केटला स्पर्शवाळा छे?

For Private And Personal

[उ०] हे गौतम! ए बधा पांच वर्णवाळा-इत्यादि क्रोधनी पेठे जाणवा. [प्र०] हे भगवन्! १ लोभ, २ इच्छा, ३ मूर्छा, ४ कांक्षा, ५ गृद्धि, ६ तृष्णा, ७ भिध्या, ८ अभिध्या, ९ आशंसना, १० प्रार्थना, ११ लालपनता, १२ कामाशा, १३ भोगाशा, १४ जीविताशा, १५ मरणाशा अने १६ नंदिराग-ए बधा केटला वर्णवाळा, यावत्-केटला स्पर्शवाळा छे? [उ०] हे गौतम! क्रोधनी पेठे (सू. २) जाणवुं. [प्र०] हे भगवन्! १ प्रेम-राग. २ द्वेष, ३ कलह, यावत्-८ मिथ्यादर्शनशल्य-ए बधा केटला वर्णवाळा, यावत्-केटला स्पर्शवाळा छे? [उ०] क्रोधनी पेठे ते बधा चार स्पर्शवाळा छे. ॥ ५४९ ॥

अह भंते! पाणाइवायवेरमणे जाव परिग्गहवेरमणे कोहविवेगे जाव मिच्छादंसणसल्लविवेगे एस णं कतिवन्ने जाव कतिफासे पण्णत्ते?, गोयमा! अवन्ने अगंधे अरसे अफासे पण्णत्ते ॥ अह भंते! उप्पत्तिया वेणइया कम्मिया परिणामिया एस णं कतिवन्ना तं चेव जाव अफासा पन्नत्ता ॥ अह भंते! उग्गहे ईहा अवाये धारणा एस णं कतिवन्ना?, एवं चेव जाव अफासा पन्नत्ता ॥ अह भंते! उट्ठाणे कम्मे बले वीरिए पुरिसक्कारपरक्कमे एस णं कतिवन्ने? तं चेव जाव अफासे पन्नत्ते। सत्तमे णं भंते! उवासंतरे कतिवन्ने? एवं चेव जाव अफासे पन्नत्ते, सत्तमे णं भंते! तणुवाए कतिवन्ने?, जहा पाणाइवाए, नवरं अट्ठफासे पण्णत्ते, एवं जहा सत्तमे तणुवाए तहा सत्तमे घणवाए घणोदही पुढवी, छट्ठे उवासंतरे अवन्ने, तणुवाए जाव छट्ठी पुढवी एयाइं अट्ठफासाइं, एवं जहा सत्तमाए पुढवीए वत्तव्वया भणिया तहा जाव पढमाए पुढवीए भाणियव्वं, जंबुद्दीवे २ सयंभुरमणे समुद्दे सोहम्मे कप्पे जाव ईसिपब्भारा पुढवी नेरतियावासा जाव वेमाणियावासा एयाणि सव्वाणि अट्ठफासाणि। नेरइया णं

भंते! कतिवन्ना जाव कतिफासा पन्नत्ता ?, गोयमा! वेउव्वियतेयाइं पडुच्च पंचवन्ना पंचरसा दुगंधा अट्ठफासा पण्णत्ता, कम्मगं पडुच्च पंचवन्ना पंचरसा दुगंधा चउफासा पण्णत्ता, जीवं पडुच्च अवन्ना जाव अफासा पण्णत्ता, एवं जाव थणिय०, पुढविकाइयपुच्छा, गोयमा! ओरालियतेयगाइं पडुच्च पंचवन्ना जाव अट्ठफासा पण्णत्ता, कम्मगं पडुच्च जहा नेर०, जीवं पडुच्च तहेव, एवं जाव चउरिंदि०, नवरं वाउक्काइया ओरा० वेउ० तेयगाइं पडुच्च पंचवन्ना जाव अट्ठफासा पण्णत्ता, सेसं जहा नेरइयाणं, पंचिंदियतिरिक्खजोणिया जहा वाउक्काइया,

[प्र०] हे भगवन्! १ प्राणातिपातविरमण, यावद्-५ परिग्रहविरमण, ६ क्रोधनो त्याग, यावद्-१८ मिथ्यादर्शनशल्यनो त्याग-ए बधा केटला वर्णवाळा, यावत् केटला स्पर्शवाळा कह्या छे? [उ०] हे गौतम! वर्ण विनाना, गंध विनाना, रस विनाना अने स्पर्श विनाना कह्या छे. [प्र०] हे भगवन्! १ औत्पत्तिकी (स्वाभाविक उत्पन्न थयेली), २ वैनयिकी (गुरुना विनय-शास्त्राभ्यासद्वारा थयेली बुद्धि). ३ कार्मिकी (कर्मद्वारा थयेली) अने ४ पारिणामिकी (लांबा काल सुधी पूर्वापर अर्थना अवलोकनादिकथी उत्पन्न थयेली) बुद्धि-ए केटला वर्णवाळी, यावत्-केटला स्पर्शवाळी कही छे? [उ०] पूर्व प्रमाणे जाणवुं, यावद्-स्पर्शरहित कही छे. [प्र०] हे भगवन्! १ अवग्रह (अत्यन्त सूक्ष्म ज्ञान), २ ईहा (विचारणा), ३ अवाय-निश्चय अने ४ धारणा (उपयोगनुं सातत्य)-ए बधा केटला वर्णवाळा, यावत्-केटला स्पर्शवाळा छे? (उ०) ए प्रमाणे यावद्-स्पर्शरहित कह्या छे. (प्र०) हे भगवन्! १ उत्थान, २ कर्म, ३ बल ४ वीर्य अने ५ पुरुषकारपराक्रम-ए बधा केटला वर्णवाळा, यावत्-केटला स्पर्शवाळा कह्या छे? (उ०) पूर्व प्रमाणे यावद् ते स्पर्शरहित कह्या छे. (प्र०) हे भगवन्! सातमो (सातमी नरकपृथिवी नीचेनो) अवकाशांतर-आकाशनो खंड

केटला वर्णवाळो, यावत्–केटला स्पर्शवाळो कह्यो छे? [उ०] ए प्रमाणे यावद्–स्पर्शरहित कह्यो छे. [प्र०] हे भगवन्! सातमी नरकपृथिवी नीचेनो तनुवात केटला वर्णवाळो, यावत्–केटला स्पर्शवाळो कह्यो छे? [उ०] प्राणातिपातनी पेठे (सू. ११) जाणवुं, परंतु विशेष ए छे के अहीं सातमो तनुवात आठ स्पर्शवाळो कह्यो छे. जेम सातमो तनुवात कह्यो छे तेम सातमो घनवात तथा सप्तमपृथिवी जाणवी. छट्ठी पृथिवीनी नीचेनो अवकाशांतर वर्णादिरहित छे. छट्ठो तनुवात तथा यावद्–छट्ठी पृथिवी–ए बधां आठ स्पर्शवाळां छे. ए प्रमाणे जेम सातमी पृथिवीनी वक्तव्यता कही, तेम यावत्–प्रथम पृथिवी सुधी जाणवुं. जंबूद्वीप नामें द्वीप, यावत् स्वयंभुरमणसमुद्र, सौधर्मकल्प, यावद्–ईषत्प्राग्भारा पृथिवी, नैरयिकावासो तथा यावद्–वैमानिकावासो–ए बधा आठ स्पर्शवाळा छे. [प्र०] हे भगवन्! नैरयिको केटला वर्णवाळा, यावत् केटला स्पर्शवाळा कह्या छे? [उ०] हे गौतम! वैक्रिय अने तैजस पुद्गलोनी अपेक्षाए तेओ पांच वर्णवाळा, पांच रसवाळा, बे गंधवाळा अने आठ स्पर्शवाळा कह्या छे, अने कार्मण पुद्गलोनी अपेक्षाए पांच वर्णवाळा, पांच रसवाळा, बे गंधवाळा अने चार स्पर्शवाळा कह्या छे, तथा जीवनी अपेक्षाए वर्णरहित, अने यावद् स्पर्शरहित कह्या छे. ए प्रमाणे यावत् स्तनितकुमारो सुधी जाणवुं. [प्र०] हे भगवन्! पृथिवीकायिको केटला वर्णवाळा छे?–इत्यादि. [उ०] हे गौतम! औदारिक अने तैजस पुद्गलोनी अपेक्षाए पांच वर्णवाळा, यावत् आठ स्पर्शवाळा छे. कार्मणनी अपेक्षाए जेम नैरयिको कह्या तेम कहेवा, अने जीवनी अपेक्षाए पण पूर्व प्रमाणे (वर्णादिरहित) जाणवा. ए प्रमाणे यावत्–चउरिन्द्रिय जीवो सुधी जाणवुं. पण विशेष ए छे के, वायुकायिको औदारिक, वैक्रिय अने तैजसपुद्गलोनी अपेक्षाए पांच वर्णवाळा, यावद्–आठ स्पर्शवाळा कह्या छे, बाकी बधुं नैरयिकोनी पेठे जाणवुं. तथा वायुकायिकोनी पेठे पंचेन्द्रियतिर्यंचयोनिको पण जाणवा.

मणुस्साणं पुच्छा ओरालियवेउव्वियआहारगतेयगाइं पडुच्च पंचवन्ना जाव अट्ठफासा पण्णत्ता, कम्मगं जीवं च पडुच्च जहा नेर०, वाणमंतरजोइसियवेमाणिया जहा नेर०, धम्मत्थिकाए जाव पोग्गल० एए सव्वे अवन्ना, नवरं पोग्गल० पंचवन्ने पंचरसे दुगंधे अट्ठफासे पण्णत्ते, णाणावरणिज्जे जाव अंतराइए एयाणि चउफासाणि, कण्हलेसा णं भंते! कइवन्ना०? पुच्छा, दव्वलेसं पडुच्च पंचवन्ना जाव अट्ठफासा पण्णत्ता, भावलेसं पडुच्च अवन्ना ४, एवं जाव सुक्कलेस्सा, सम्मद्दिट्ठी ३ चक्खुदंसणे ४ आभिणिबोहिय णाणे जावविभंगणाणे आहारसन्ना जाव परिग्गहसान्न एयाणि अवन्नाणि ४, ओरालियसरीरे जाव तेयगसरीरे एयाणि अट्ठफासाणि, कम्मगसरीरे चउफासे, मणजोगे वयजोगे य चउफासे, कायजोगे अट्ठफासे, सागारोवओगे य अणागारोवओगे य अवन्ना। सव्वदव्वा णं भंते! कतिवन्ना? पुच्छा, गोयमा! अत्थेगतिया सव्वदव्वा पंचवन्ना जाव अट्ठफासा पण्णत्ता अत्थेगतिया सव्वदव्वा पंचवन्ना चउफासा पण्णत्ता, अत्थेगतिया सव्वदव्वा एगगंधा एगवण्णा एगरसा दुफासा पन्नत्ता, अत्थेगइया सव्वदव्वा अवन्ना जाव अफासा पन्नत्ता, एवं सव्वपएसावि, सव्वपज्जवावि, तीयद्धा अवन्ना जाव अफासा पण्णत्ता, एवं अणागयद्धावि, एवं सव्वद्धावि ॥ (सूत्रं ४५०)

[प्र०] हे भगवन्! मनुष्यो केटला वर्णवाळा कह्या छे?–इत्यादि. [उ०] औदारिक, वैक्रिय, आहारक अने तैजस पुद्गलोनी अपेक्षाए पांच वर्णवाळा यावत्–आठ स्पर्शवाळा कह्या छे, कार्मणपुद्गल अने जीवनी अपेक्षाए नैरयिकोनी पेठे (सू. १३.) जाणवा. जेम नैरयिको कह्या तेम वानव्यंतर, ज्योतिष्क अने वैमानिको कहेवा. धर्मास्तिकाय अने यावत्–पुद्गलास्तिकाय–ए बधा वर्णरहित

छे, यावत् स्पर्शरहित छे; पण विशेष ए छे के, पुद्गलास्तिकाय पांच वर्णवाळो पांच रसवाळो, बे गंधवाळो अने आठ स्पर्शवाळो होय छे. १ ज्ञानावरणीय, यावद्–८ अंतरायकर्म–ए बधां चार स्पर्शवाळां छे. [प्र०] हे भगवन्! कृष्णालेश्या केटला वर्णवाली छे–इत्यादि प्रश्न. [उ०] हे गौतम! द्रव्यलेश्यानी अपेक्षाए पांच वर्णवाळी, यावद्–आठ स्पर्शवाळी कही छे अने भावलेश्यानी अपेक्षाए वर्णादिरहित छे. ए प्रमाणे यावत्—शुक्लेश्या सुधी जाणवुं. १ सम्यग्दृष्टि, २ मिथ्यादृष्टि ३ सम्यग्मिथ्यादृष्टि, ४–७ चक्षुदर्शन वगेरे चार दर्शन. ८–१२ आभिनिबोधिक (मतिज्ञान) वगेरे पांच ज्ञान, यावद्–विभंगज्ञान, आहारसंज्ञा, यावत्–परिग्रहसंज्ञा–ए बधां वर्णादिरहित छे. औदारिक शरीर, यावत् तैजस शरीर–ए बधां–आठ स्पर्शवाळां छे. कार्मणशरीर, मनयोग अने वचनयोग चार स्पर्शवाळा छे, काययोग आठ स्पर्शवाळो छे. साकारोपयोग अने अनाकारोपयोग–ए बन्ने वर्णादिरहित छे. [प्र०] हे भगवन्! बधां द्रव्यो केटला वर्णवाळां छे?–इत्यादि प्रश्न. [उ०] हे गौतम! सर्व द्रव्योमांना केटलाक पांच वर्णवाळां, यावद्—आठ स्पर्शवाळां छे, अने केटलाक पांच वर्णवालां अने चार स्पर्शवाळां छे. तथा सर्व द्रव्योमांना केटलाक एक वर्णवाळां, एक गंधवाळां, एक रसवाळां अने बे स्पर्शवाळां छे, वळी सर्व द्रव्योमांना केटलाक वर्णरहित, यावद्–स्पर्शरहित छे, ए प्रमाणे सर्व प्रदेशो, सर्व पर्यायो अने अतीतकाळ पण वर्णरहित, यावत् स्पर्शरहित कह्या छे. ए प्रमाणे भविष्यकाळ अने सर्वकाळ पण जाणवो.||४५०||

जीवे णं भंते! गब्भं वक्कममाणे कतिवन्नं कतिगंधं कतिरसं कतिफासं परिणामं परिणमइ?, गोयमा! पंचवन्नं पंचरसं दुगंधं अट्ठफासं परिणामं परिणमइ ॥ ( सूत्रं ४५१ )

[प्र०] हे भगवन्! गर्भमां उत्पन्न थतो जीव केटला वर्णवाळा, केटला गंधवाळा, केटला रसवाळा अने केटला स्पर्शवाळा

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



परिणामवडे परिणमे ? [उ०] हे गौतम ! ते पांच वर्णवाळा, पांच रसवाळा, बे गंधवाळा अने आठ स्पर्शवाळा परिणामवडे परिणमे. ॥ ४५१ ॥

कम्मओ णं भंते ! जीवे नो अकम्मओ विभत्तिभावं परिणमइ, कम्मओ णं जए नो अकम्मओ विभत्तिभावं परिणमइ ?, हंता गोयमा ! कम्मओ णं तं चेव जाव परिणमइ, नो अकम्मओ विभत्तिभावं परिणमइ, सेवं भंते ! सेवं भंतेत्ति ॥ (सूत्रं ४५२) ॥ १२-५ ।

[प्र०] हे भगवन् ! जीव कर्मवडे विविधरूपे-मनुष्य-तिर्यंचादि अनेकरूपे-परिणमे छे ? कर्म शिवाय विविधरूपे परिणमतो नथी ? तथा जगत् कर्मवडे विविधरूपे परिणमे छे ? कर्म विना परिणमतुं नथी ? [उ०] हा गौतम ! कर्मथी जीव अने जगत्--जीवनो समूह विविधरूपे परिणमे छे, कर्म विना परिणमतुं नथी. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे'-एम कही भगवान् गौतम यावद् विहरे छे. ॥ ४५२ ॥

भगवत सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १२ मा शतकमां पांचमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.



For Private And Personal

## उद्देशक ६.

रायगिहे जाव एवं वयासी-बहुजणे णं भंते! अन्नमन्नस्स एवमाइक्खति जाव एवं परूवेइ-एवं खलु राहू चंदं गेण्हति एवं० २, से कहमेयं भंते! एवं?, गोयमा! जन्नं से बहुजणे णं अन्नमन्नस्स जाव मिच्छं ते एवमाहंसु, अहं पुण गोयमा! एवमाइक्खामि जाव एवं परूवेमि-एवं खलु राहू देवे महिड्डीए जाव महेसक्खे वरवत्थधरे वरमल्लधरे वरगंधधरे वराभरणधारी, राहुस्स णं देवस्स नव नामधेज्जा पण्णत्ता, तंजहा-सिंघाडए १ जडिलए २ खंभए [ खेत्तए ] ३ खरए ४ दद्दुरे ५ मगरे ६ मच्छे ७ कच्छभे ८ कण्हसप्पे ९, राहुस्स णं देवस्स विमाणा पंचवन्ना पण्णत्ता, तंजहा-किण्हा नीला लोहिया हालिद्दा सुक्किल्ला, अत्थि कालए राहुविमाणे खंजणवन्नाभे पण्णत्ते, अत्थि नीलए राहुविमाणे लाउयवन्नाभे प०, अत्थि लोहिए राहुविमाणे मंजिट्ठवन्नाभे पं०, अत्थि पीतए राहुविमाणे हालिद्दवन्नाभे पन्नत्ते, अत्थि सुक्किल्लए राहुविमाणे भासरासिवन्नाभे पन्नत्ते॥ जया णं राहू आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा परियारेमाणे वा चंदलेस्सं पुरच्छिमेणं आवरेत्ता णं पच्चच्छिमेणं वीतीवयइ तदा णं पुरच्छिमेणं चंदे उवदंसेति पच्चच्छिमेणं राहू, जदा णं राहू आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा परियारेमाणे वा चंदलेस्सं पच्चच्छिमेणं आवरेत्ताणं पुरच्छिमेणं वीतीवयति तदा णं पच्चच्छिमेणं चंदे उवदंसेति पुरच्छिमेणं राहू, एवं जहा पुरच्छिमेणं पच्चच्छिमेणं दो आलावगा भणिया एवं दाहिणेणं उत्तरेण

य दो आलावगा भा०, एवं उत्तरपुरच्छिमेण दाहिणपच्चच्छिमेण य दो आलावगा भा०, दाहिणपुरच्छिमेणं उत्तरपुरच्छिमेणं दो आलावगा भा० एवं चेव जाव तदा णं उत्तरपच्चच्छिमे णं चंदे उवदंसेति दाहिणपुरच्छिमेणं राहू, जदा णं राहू आगच्छमाणे वा गच्छमाणे विउव्व० परियारेमाणे चंदस्स लेस्सं आवरेमाणे २ चिट्ठति तदा णं मणुस्सलोए मणुस्सा वदंति-एवं खलु राहू चंदं गे० एवं०, जदा णं राहू आगच्छमाणे वा ४ चंदस्स लेस्सं आवरेत्ताणं पासेणं वीइवयइ तदा णं मणुस्सलोए मणुस्सा वदंति-एवं खलु चंदेणं राहुस्स कुच्छी भिन्ना एवं०, जदा णं राहू आगच्छमाणे वा ४ चंदस्स लेस्सं आवरेत्ताणं पच्चोसक्कइ तदा णं मणुस्सलोए मणुस्सा वदंति-एवं खलु राहुणा चंदे वंते एवं०, जदा णं राहू आगच्छमाणे वा ४ जाव परियारेमाणे वा चंदस्स लेस्सं अहे सपक्खिं सपडिदिसिं आवरेत्ताणं चिट्ठति तदा णं मणुस्सलोए मणुस्सा वदंति-एवं खलु राहुणा चंदे घत्थे, एवं० ॥

[प्र०] राजगृह नगरमां ( भगवान् गौतम ) यावद्-आ प्रमाणे बोल्या-हे भगवन्! घणा माणसो परस्पर ए प्रमाणे कहे छे, यावत्-ए प्रमाणे प्ररूपे छे के 'ए प्रमाणे खरेखर राहु चंद्रने ग्रसे छे, ए प्रमाणे खरेखर राहु चंद्रने ग्रसे छे' हे भगवन्! एवी रीते केम होय? [उ०] हे गौतम! बहु माणसो परस्पर जे कहे छे ते यावत् ए प्रमाणे मिथ्या-असत्य कहे छे. हे गौतम! हुं तो आ प्रमाणे कहुं छुं. यावद्-आ प्रमाणे प्ररूपुं छुं-ए प्रमाणे खरेखर राहु महर्धिक ( महाऋद्धिवाळो ) यावद्-महासुखवाळो, उत्तम वस्त्रो, उत्तम माला, उत्तम सुगंध अने उत्तम आभूषण धारण करनार देव छे, ते राहुदेवना नव नामो कह्या छे, ते आ प्रमाणे-१ शृंगाटक, २ जटिलक, ३ क्षत्रक, ४ खर, ५ दर्दुर, ६ मकर, ७ मत्स्य, ८ कच्छप अने ९ कृष्णसर्प. ते राहुदेवना विमानो पांच वर्णवाळा कह्या

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





छे, ते आ प्रमाणे–१ काळा, २ नीला (लीला), ३ लाल, ४ पीळा अने ५ शुक्ल. तेमां राहुनुं जे काळुं विमान छे ते खंजन–काजळना जेवा वर्णवाळुं छे, जे नील (लीलुं) विमान छे ते काचा तुंबडाना वर्ण जेवुं छे, जे लाल वर्णनुं राहुनु विमान छे ते मजिठना वर्ण जेवुं छे, जे पीळुं राहुनुं विमान छे ते हळदरना वर्ण जेवुं छे. अने जे धोळुं विमान छे ते राखना ढगलाना वर्ण जेवुं कह्युं छे. ज्यारे आवतो के जतो, विकुर्वणा करतो के काम–क्रीडा करतो राहु पूर्वमां रहेला चंद्रना प्रकाशने आवरीने पश्चिम तरफ जाय त्यारे पूर्वमां चंद्र पोताने देखाडे छे, अर्थात् चन्द्र पूर्वमां देखाय छे, अने पश्चिममां राहु पोताने देखाडे छे, अर्थात् राहु पश्चिममां देखाय छे, ज्यारे आवतो के जतो, विकुर्वणा करतो के काम–क्रीडा करतो राहु पश्चिममां चंद्रना प्रकाशने आवरीने पूर्व तरफ जाय त्यारे पश्चिममां चंद्र पोताने देखाडे छे, अने पूर्वमां राहु पोताने देखाडे छे. ए प्रमाणे जेम पूर्व अने पश्चिमना बे आलापक कह्या तेम दक्षिण अने उत्तरना बे आलापक कहेवा, ए प्रमाणे उत्तर–पूर्व (ईशान कोण) अने दक्षिण–पश्चिमना (नैर्ऋत कोणना) बे आलापक कहेवा. ए प्रमाणे दक्षिण–पूर्व (अग्निकोण) अने उत्तर–पश्चिमना (वायव्य कोणना) बे आलापक कहेवा. ए रीते यावत्–त्यारे उत्तर पश्चिम–( वायव्य कोण ) मां चन्द्र पोताने देखाडे छे, अने दक्षिण–पूर्वमां ( अग्निकोणमां ) राहु पोताने देखाडे छे. वळी ज्यारे आवतो के जतो, विकुर्वणा करतो के कामक्रीडा करतो राहु चंद्रनी ज्योत्स्नानुं आवरण करतो २ स्थिति करे, त्यारे मनुष्यलोकमां मनुष्यो कहे छे के, 'ए प्रमाणे खरेखर राहु चंद्रने ग्रसे छे.' ए प्रमाणे ज्यारे राहु आवतो के जतो, विकुर्वणा करतो के कामक्रीडा करतो चंद्रना प्रकाशने आवरीने पासे थइने जाय त्यारे मनुष्यलोकमां मनुष्यो कहे छे के—'ए प्रमाणे खरेखर चंद्रे राहुनी कुक्षी भेदी' २, अर्थात् राहुनी कुक्षिमां प्रवेश कर्यो. ए प्रमाणे आवतो के जतो, विकुर्वणा करतो के कामक्रीडा करतो राहु ज्यारे चंद्रनी

For Private And Personal

लेश्याने ढांकीने पाछो वळे त्यारे मनुष्यलोकमां मनुष्यो कहे छे के, 'ए प्रमाणे खरेखर राहुए चंद्रने वम्यो.' वळी ए प्रमाणे ज्यारे राहु आवतो के यावत्-कामक्रीडा करतो चंद्रना प्रकाशने नीचेथी, चारे दिशाथी अने चारे विदिशाथी आवरीने-ढांकीने रहे त्यारे मनुष्यलोकमां मनुष्यो कहे छे के-'ए प्रमाणे खरेखर राहुए चंद्रने ग्रस्यो.'

कतिविहे णं भंते! राहू पन्नत्ते?, गोयमा! दुविहे राहू पन्नत्ते?, तंजहा-धुवराहू पव्वराहू य, तत्थ णं जे से धुवराहू से णं बहुलपक्खस्स पाडिवए(ग्रन्थाग्रं८०००)पन्नरसतिभागेणं पन्नरसइभागं चंदस्स लेस्सं आवरेमाणे २ चिट्ठति, तंजहा-पढमाए पढमं भागं बितियाए बितियं भागं जाव पन्नरसेसु पन्नरसमं भागं, चरिमसमये चंदे रत्ते भवति, अवसेसे समये चंदे रत्ते वा विरत्ते वा भवति, तमेव सुक्कपक्खस्स उवदंसेमाणे उव० २ चिट्ठति पढमाए पढमं भागं जाव पन्नरसेसु पन्नरसमं भागं, चरिमसमये चंदे विरत्ते भवइ, अवसेसे समये चंदे रत्ते वा विरत्ते वा भवइ, तत्थ णं जे से पव्वराहू से जहन्नेणं छण्हं मासाणं उक्कोसेणं बायालीसाए मासाणं चंदस्स, अडयालीसाए संवच्छराणं सूरस्स ॥ ( सूत्रं ४५३ ) ॥

[प्र०] हे भगवन्! राहु केटला प्रकारना कह्या छे? [उ०] हे गौतम! राहु बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे-ध्रुवराहु (नित्यराहु) अने पर्वराहु. तेमां जे ध्रुवराहु छे ते कृष्णपक्षना पडवाथी मांडीने (प्रतिदिवस) पोताना पन्नरमा भागवडे चन्द्रलेश्या-चन्द्रबिम्बसम्बन्धी पन्नरमा भागने ढांकतो २ रहे छे, ते आ प्रमाणे-एकमने दिवसे प्रथम भागने ढांके छे, बीजना दिवसे बीजा भागने ढांके छे, ए प्रमाणे यावद्-अमावास्याने दिवसे चंद्रना पंदरमा भागने ढांके छे; अने कृष्णपक्षने छेल्ले समये चंद्र रक्त-सर्वथा

आच्छादित थाय छे अने बाकीना समये चंद्र रक्त-अंशथी आच्छादित अने विरक्त-अंशथी अनाच्छादित होय छे. शुक्लपक्षना प्रतिपदथी आरंभी (प्रतिदिवस) तेज चंद्रनी लेश्याना पंदरमा भागने देखाडतो २ रहे छे. ते आ प्रमाणे-पडवाने विषे पहेला भागने देखाडे छे, यावत् पूर्णिमाने विषे पंदरमा भागने देखाडे छे. शुक्लपक्षना छेवटना समये चन्द्र विरक्त-राहुथी सर्वथा मुक्त होय छे, अने बाकीना समये चन्द्र रक्त-आच्छादित अने विरक्त अनाच्छादित होय छे. तेमां जे पर्वराहु छे ते ओछामां ओछा छ मासे (चंद्रने के सूर्यने) ढांके छे. अने वधारेमां वधारे बेंताळीश मासे चंद्रने अने वधारेमां वधारे अडताळीश वरसे सूर्यने ढांके छे.॥४५३॥

से केणट्ठेणं भंते! एवं वुच्चइ-चंदे ससी २?, गोयमा! चंदस्स णं जोइसिंदस्स जोइसरन्नो मियंके विमाणे कंता देवी कंताओ देवीओ कंताइं आसणसयणखंभभंडमत्तोवगरणाइं अप्पणोऽवि य णं चंदे जोइसिंदे जोइसराया सोमे कंते सुभए पियदंसणे सुरूवे से तेणट्ठेणं जाव ससी ॥ (सूत्रं ४५४)॥

[प्र०] हे भगवन्! शा हेतुथी चन्द्रने 'ससी' सश्री-ए प्रमाणे कहेवाय छे? [उ०] हे गौतम! ज्योतिष्कना इंद्र अने ज्योतिष्कना राजा चंद्रना मृगांक (मृगना चिह्नवाळा) विमानमां मनोहर देवो, मनोहर देवीओ, मनोहर आसन, शयन, स्तंभ तथा सुंदर पात्र वगेरे उपकरणो छे, तथा ज्योतिष्कनो राजा अने ज्योतिषिक इंद्र चंद्र पोते पण सौम्य, कांत, सुभग, प्रियदर्शन अने सुरूप छे, ते माटे चंद्र ससी-सश्री-शोभासहित कहेवाय छे. ॥ ४५४ ॥

से केणट्ठेणं भंते! एवं वुच्चइ-सूरे० आइच्चे सूरे २?, गोयमा! सूरादिया णं समयाइ वा आवलियाइ वा जाव उस्सप्पिणीइ वा अवसप्पिणीइ वा से तेणट्ठेणं जाव आइच्चे० २ ॥ (सूत्रं ४५५)॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





[प्र०] हे भगवन् ! शा हेतुथी सूर्यने आदित्य (आदिमां थयेलो) एम कहेवाय छे ? [उ०] हे गौतम ! समयो, आवलिकाओ, यावत्-उत्सर्पिणीओ अने अवसर्पिणीओना आदिभूत कारण सूर्य छे, माटे आदित्य-आदिमां थनार कहेवाय छे. (अर्थात् अहोरात्रादिक कालना समय-आवलिका अने मुहूर्तादि भेदो सूर्यनी अपेक्षाए थाय छे, माटे सूर्यने अहोरात्रादि कालनो आदिभूत होवाथी आदित्य कहेवाय छे.) ॥ ४५५ ॥

चंदस्स णं भंते ! जोइसिंदस्स जोइसरन्नो कति अग्गमहिसीओ पण्णत्ताओ जहा दसमसए जाव णो चेव णं मेहुणवत्तियं । सूरस्सवि तहेव । चंदमसूरिया णं भंते ! जोइसिंदा जोइसरायाणो केरिसए कामभोगे पच्चणुब्भवमाणा विहरंति ?, गोयमा ! से जहानामए केइ पुरिसे पढमजोव्वणुट्ठाणबलत्थे पढमजोव्वणुट्ठाणबलट्ठाए भारियाए सद्धिं अचिरवत्तविवाहकज्जे अत्थगवेसणयाए सोलसवासविप्पवासिए से णं तओ लद्धट्ठे कयकज्जे अणहसमग्गे पुणरवि नियगगिहं हव्वमागए कयबलिकम्मे कयकोउयमंगलपायच्छित्ते सव्वालंकारविभूसिए मणुन्नं थालिपागसुद्धं अट्ठारसवंजणाकुलं भोयणं भुत्ते समाणे तंसि तारिसगंसि वासघरंसि वन्नओ महब्बले कुमारे जाव सयणोवयारकलिए ताए तारिसियाए भारियाए सिंगारागारचारुवेसाए जाव कलियाए अणुरत्ताए अविरत्ताए मणाणुकूलाए सद्धिं इट्ठे सद्दे फरिसे जाव पंचविहे माणुस्सए कामभोगे पच्चणुब्भवमाणे विहरति, से णं गोयमा ! पुरिसे विउसमणकालसमयंसि केरिसयं सायासोक्खं पच्चणुब्भवमाणो विहरति ?, ओरालं समणाउसो तस्स णं गोयमा ! पुरिसस्स कामभोगेहिंतो वाणमंतराणं देवाणं अणंतगुणविसिट्ठतराए चेव कामभोगा, वाणमं-

For Private And Personal

तराणं देवाणं कामभोगेहिंतो असुरिंदवज्जियाणं भवणवासीणं देवाणं एत्तो अणंतगुणविसिट्ठत्तराए चेव कामभोगा, असुरिंदवज्जियाणं भवणवासियाणं देवाणं कामभोगेहिंतो असुरकुमाराणं देवाणं एत्तो अणंतगुणविसिट्ठत्तराए चेव कामभोगा, असुरकुमाराणं देवाणं कामभोगेहिंतो गहगणनक्खत्ततारारूवाणं जोतिसियाणं देवाणं एत्तो अनंतगुणविसिट्ठत्तराए चेव कामभोगा, गहगणनक्खत्तजाव कामभोगेहिंतो चंदिमसूरियाणं जोतिसियाणं जोतिसराईणं एत्तो अणंतगुणविसिट्ठयरा चेव कामभोगा, चंदिमसूरियाणं गोयमा! जोतिसिंदा जोतिसरायाणो एरिसे कामभोगे पच्चणुब्भवमाणा विहरंति। सेवं भंते! सेवं भंतेत्ति भगवं गोयमे समणं भगवं महावीरं जाव विहरइ (सूत्रं ४५६) ॥ १२-६ ॥

[प्र०] हे भगवन्! ज्योतिषिकना इंद्र अने ज्योतिषिकना राजा चंद्रने केटली पट्टराणीओ कही छे? [उ०] हे गौतम! जेम दशम शतकमां कह्युं छे तेम अहीं जाणवुं, यावत्—(पोतानी राजधानीमां सिंहासन विषे जिनना अस्थिओनुं संनिधान होवाथी) 'मैथुन निमित्ते देवीओ साथे भोग भोगववा समर्थ नथी' त्यांसुधी जाणवुं, तथा सूर्य संबंधे पण तेज प्रमाणे जाणवुं. [प्र०] हे भगवन्! ज्योतिष्कना इंद्र अने राजा, चंद्र अने सूर्य केवा प्रकारना कामभोगोने भोगवता विहरे छे? [उ०] जेम प्रथम युवावस्थाना प्रारंभमां बलवान् कोइ एक पुरुषे प्रथम उगती युवावस्थामां बळवाळी भार्या साथे ताजोज विवाह कर्यो, अने पछी ते धन मेळववा माटे सोळ वरस सुधी परदेश गयो, अने ते धनने मेळवी कार्य समाप्त करी समस्त विघ्नरहितपणे पाछो पोताने घेर तुरत आव्यो, स्नान करी, बलिकर्म-पूजा करी, कौतुक अने मंगलरूप प्रायश्चित्त करी तथा सर्वालंकारथी विभूषित थई मनोज्ञ, अने स्थालीमां पाक

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





करवावडे शुद्ध तथा अढार प्रकारना व्यंजन-शाकादिथी युक्त भोजन कर्या बाद महाबल उद्देशकमां वासगृहनुं वर्णन कर्युं छे तेवा प्रकारना शयनोपचार युक्त यावत्-तेवा प्रकारनी उत्तम शृंगारना गृहरूप सुंदर वेषवाळी, यावत्-कलित-कलायुक्त, अनुरक्त, अत्यन्त रागयुक्त. अने मनने अनुकूल एवी स्त्री साथे इष्ट शब्द, स्पर्श यावत्-पांच प्रकारना मनुष्य संबंधी कामभोगोने भोगवतो विहरे छे, हे गौतम! हवे ते पुरुष वेदोपशमनना-विकार शांतिना-समये केवा प्रकारना सुखने भोगवे? हे आयुष्मन् श्रमण! ते पुरुष उदार सुखने अनुभवे. हे गौतम! ते पुरुषना कामभोग करतां वानव्यंतर देवोने अनंतगुण विशिष्टतर कामभोगो होय छे. वानव्यंतर देवोना कामभोगोथी असुरेन्द्र सिवायना भवनवासी देवोने अनन्तगुण विशिष्टतर कामभोगो होय छे, असुरेन्द्र सिवाय भवनवासी देवोना कामभोगो करतां असुरकुमार देवोना कामभोगो अनंतगुण विशिष्टतर होय छे, असुरकुमार देवोना कामभोगो करतां अनंतगुण विशिष्टतर कामभोगो ज्योतिषिक देवरूप ग्रहगण, नक्षत्र अने ताराओने होय छे. ज्योतिषिक देवरूप ग्रहगण, नक्षत्र अने ताराओना कामभोगो करतां अनंतगुण विशिष्टतर कामभोगो ज्योतिषिकना इन्द्र अने ज्योतिषिक देवोना राजा चन्द्र तथा सूर्यने होय छे. हे गौतम! ज्योतिष्कना इन्द्र, अने ज्योतिष्कना राजा चंद्र अने सूर्य आवा प्रकारना कामभोगोने अनुभवता विहरे छे. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे' एम कही भगवान् गौतम श्रमण भगवंत महावीरने (वांदी अने नमी) यावद् विहरे छे. ॥ ४५६ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १२ मा शतकमां छट्ठा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

For Private And Personal

## उद्देशक ७.

तेणं कालेणं २ जाव एवं वयासी-केमहालए णं भंते! लोए पन्नत्ते?, गोयमा! महतिमहालए लोए पन्नत्ते, पुरच्छिमेणं असंखेज्जाओ जोयणकोडाकोडीओ दाहिणेणं असंखिज्जाओ एवं चेव एवं पच्चच्छिमेणवि एवं उत्तरेणवि एवं उड्ढंपि अहे असंखेज्जाओ जोयणकोडाकोडीओ आयामविक्खंभेणं।

[प्र०] ते काले-ते समये यावद्-(भगवान् गौतम) आ प्रमाणे बोल्या के-हे भगवन्! लोक केटलो मोटो कह्यो छे? [उ०] हे गौतम! लोक अत्यन्त मोटो कह्यो छे; ते पूर्व दिशाए असंख्य कोटाकोटी योजन छे, दक्षिण दिशाए ए प्रमाणे असंख्याता कोटाकोटी योजन छे, ए प्रमाणे पश्चिम दिशाए अने उत्तर दिशाए छे. तथा एज प्रमाणे ऊर्ध्व-उपर अने नीचे पण असंख्य कोटाकोटि योजन आयाम-लंबाइ अने विष्कंभ-विस्तारथी छे.

एयंसि णं भंते! एमहालगंसि लोगंसि अत्थि केइ परमाणुपोग्गलमेत्तेवि पएसे जत्थ णं अयं जीवे न जाए वा न मए वावि?, गोयमा! नो इणट्ठे समट्ठे, से केणट्ठेणं भंते! एवं वुच्चइ एयंसि णं एमहालगंसि लोगंसि नत्थि केइ परमाणुपोग्गलमेत्तेवि पएसे जत्थ णं अयं जीवे ण जाएवा न मए वावि?, गोयमा! से जहानामए-केइ पुरिसे अयासयस्स एगं महं अयावयं करेज्जा, से णं तत्थ जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं अयासहस्सं पक्खिवेज्जा ताओ णं तत्थ पउरगोयराओ पउरपाणियाओ जहन्नेणं एगाहं वा बियाहं वा तियाहं उक्कोसेणं

छम्मासे परिवसेज्जा, अत्थि णं गोयमा ! तस्स अयावयस्स केई परमाणुपोग्गलमेत्तेवि पएसे जे णं तासिं अयाणं उच्चारेण वा पासवणेण वा खेलेण वा सिंघाणएण वा वंतेण वा पित्तेण वा पूएण वा सुक्केण वा सोणिएण वा चम्मेहिं वा रोमेहिं वा सिंगेहिं वा खुरेहिं वा नहेहिं वा अणाक्कंतपुव्वे भवइ ?, भगवं णो तिणट्ठे समट्ठे, होज्जावि णं गोयमा ! तस्स अयावयस्स केई परमाणुपोग्गलमेत्तेवि पएसे जे णं तासिं अयाणं उच्चारेण वा जाव णहेहिं वा अणाक्कंतपुव्वे णो चेव णं एयंसि एमहालगंसि लोगंसि लोगस्स य सासयं भावं संसारस्स य अणादिभावं जीवस्स य णिच्चभावं कम्मबहुत्तं जम्मणमरणबाहुल्लं च पडुच्च नत्थि केइ परमाणुपोग्गलमेत्तेवि पएसे जत्थ णं अयं जीवे न जाए वा न मए वावि, से तेणट्ठेणं तं चेव जाव मए नवावि ॥ ( सूत्रं ४५७ ) ॥

[प्र०] हे भगवन् ! आ एवडा मोटा लोकमां एवो कोइ परमाणुपुद्गलना जेटलो पण प्रदेश छे के, ज्यां आ जीव उत्पन्न थयो न होय, अने मरण पाम्यो पण न होय ? [उ०] हे गौतम ! ए अर्थ यथार्थ नथी. [प्र०] हे भगवन् ! ए प्रमाणे शा हेतुथी कहो छो के-'आ एवडा मोटा लोकमां एवो कोइ परमाणुपुद्गलमात्र पण प्रदेश नथी, के ज्यां आ जीव उत्पन्न थयो न होय अने मर्यो न होय' ? [उ०] हे गौतम ! जेम कोइ एक पुरुष सो बकरीने माटे एक मोटो अजाव्रज-बकरीनो वाडो-करे, तथा तेमां ओछामां ओछी एक, बे के त्रण अने वधारेमां वधारे एक हजार बकरीओ नांखे, अने ते वाडामां घणुं पाणी अने घणुं गोचर-चरवानुं स्थळ-होवाथी ते बकरीओ जघन्यथी एक दिवस, बे दिवस के त्रण दिवस अने उत्कृष्टथी छ मास सुधी रहे, तो हे गौतम ! ते वाडानो एवो कोइ परमाणुपुद्गल मात्र प्रदेश होय के जे ते बकरीओनी लिंडिओथी, मूत्रथी, श्लेष्मथी, नाकनां मळथी, वमनथी,

पित्तथी, शुक्रथी, लोहिथी, चामडाथी, रोमथी, शिंगडाथी, खरीथी अने नखथी पूर्वे स्पर्श न करायेलो होय ? (हे भगवन् !) ए अर्थ यथार्थ नथी. हे गौतम ! कदाच कोइ एक परमाणुपुद्गल मात्र प्रदेश होय के जे ते बकरीओनी लींडीओथी, यावत् नखोथी पूर्वे स्पर्श न करायेलो होय. तो पण आ एवडा मोटा लोकमां लोकना शाश्वत भावने लइने, संसारना अनादिपणाने लीधे, जीवना नित्य भावने आश्रयी, अने कर्मनी बहुलताने अने जन्म तथा मरणनी बहुलताने अपेक्षी एवो कोइ परमाणुपुद्गल मात्र प्रदेश नथी के ज्यां आ जीव न जन्म्यो होय के न मर्यो होय. माटे हे गौतम ! ते हेतुथी पूर्वोक्त यावत्-'ते मर्यो न होय.' ॥ ४५७ ॥

कति णं भंते ! पुढवीओ पण्णत्ताओ ?, गोयमा ! सत्त पुढवीओ पण्णत्ताओ जहा पढमसए पंचमउद्देसए तहेव आवासा ठावेयव्वा जाव अणुत्तरविमाणेत्ति जाव अपराजिए सव्वट्ठसिद्धे । अयन्नं भंते ! जीवे इमीसे रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि पुढविकाइयत्ताए जाव वणस्सइकाइयत्ताए नरगत्ताए नेरइयत्ताए उववन्नपुव्वे ?, हंता गोयमा ! असइं अदुवा अणंतखुत्तो, सव्वजीवावि णं भंते । इमीसे रयणप्पभाए पुढवीए तीसाए णिरया० तं चेव जाव अणंतखुत्तो । अयन्नं भंते ! जीवे सक्करप्पभाए पुढवीए पणवीसाए एवं जहा रयणप्पभाए तहेव दो आलावगा भाणियव्वा, एवं जाव धूमप्पभाए । अयन्नं भंते ! जीवे तमाए पुढवीए पंचूणे निरयावाससयसहस्से एगमेगंसि सेसं तं चेव, अयन्नं भंते ! जीवे अहेसत्तमाए पुढवीए पंचसु अणुत्तरेसु महतिमहालएसु महानिरएसु एगमेगंसि निरयावासंसि सेसं जहा रयणप्पभाए,

[प्र०] हे भगवन् ! पृथिवीओ केटली कही छे ? [उ०] हे गौतम ! सात पृथिवीओ कही छे, अहीं प्रथम शतकना पंचम उद्दे-

शकमां कह्या प्रमाणे नरकादिना आवासो कहेवा, ए प्रमाणे यावत्-अनुत्तरविमान, यावत्-अपराजित अने सर्वार्थसिद्ध सुधी जाणवुं. [प्र०] हे भगवन्! आ जीव आ रत्नप्रभा पृथिवीमां अने तेना त्रीश लाख नरकावासोमांना एक एक नरकावासमां पृथ्वीकायिकपणे, यावद्-वनस्पतिकायिकपणे, नरकपणे, नैरयिकपणे, पूर्वे उत्पन्न थएलो छे? [उ०] हा, गौतम! अनेकवार अथवा अनंतवार पूर्वे उत्पन्न थयेलो छे. [प्र०] हे भगवन्! सर्व जीवो पण आ रत्नप्रभा पृथिवीमां अने तेना त्रीस लाख नरकावासमांना (एक एक नरकावासमां पृथिवीकायिकपणे, यावद्-वनस्पतिकायिकपणे यावत्-पूर्वे उत्पन्न थएला छे? [उ०] पूर्वे कह्या प्रमाणे त्यां अनेकवार अथवा) यावत्-अनंतवार पूर्वे उत्पन्न थएला छे. [प्र०] हे भगवन्! आ जीव शर्कराप्रभाना पचीस लाख नरकावासमांना एक एक नरकावासमां पृथिवीकायिकपणे यावत्-पूर्वे उत्पन्न थएलो छे? [उ०] जेम रत्नप्रभाना बे आलापक कह्या तेम शर्कराप्रभाना पण (एक जीव अने सर्व जीव आश्रयी) बे आलापक कहेवा. ए प्रमाणे यावत्-धूमप्रभा सुधी आलापक कहेवा.

अयन्नं भंते! जीवे चोसट्ठीए असुरकुमारावाससयसहस्सेसु एगमेगंसि असुरकुमारावासंसि पुढविकाइयत्ताए जाव वणस्सइकाइयत्ताए देवत्ताए देवीत्ताए आसणसयणभंडमत्तोवगरणत्ताए उववन्नपुव्वे?, हंता गोयमा! जाव अणंतखुत्तो, सव्वजीवावि णं भंते! एवं चेव, एवं जाव थणियकुमारेसु, नाणत्तं आवासेसु, आवासा पुव्वभणिया, अयन्नं भंते! जीवे असंखेज्जेसु पुढविकाइयावाससयसहस्सेसु एगमेगंसि पुढविकाइयावासंसि पुढविकाइयत्ताए जाव वण० उववन्नपुव्वे?, हंता गोयमा! जाव अणंतखुत्तो, एवं सव्वजीवावि, एवं जाव वणस्सइकाइएसु, अयण्णं भंते! जीवे असंखेज्जेसु बेंदियावाससयसहस्सेसु एगमेगंसि बेंदियावासंसि पुढविकाइयत्ताए जाव वणस्सइकाइयत्ताए

बेइंदियत्ताए उववन्नपुव्वे ?, हंता गोयमा ! जाव खुत्तो, सव्वजीवावि णं एवं चेव, एवं जाव मणुस्सेसु, नवरं तेंदियएसु जाव वणस्सइकाइयत्ताए तेंदियत्ताए चउरिंदिएसु चउरिंदियत्ताए पंचिंदियतिरिक्खजोणिएसु पंचिंदियतिरिक्खजोणियत्ताए मणुस्सेसु मणुस्सत्ताए सेसं जहा बेंदियाणं, वाणमंतरजोइसियसोहम्मीसाणेसु य जहा असुरकुमाराणं, अयण्णं भंते ! जीवे सणंकुमारे कप्पे बारससु विमाणावाससयसहस्सेसु एगमेगंसि विमाणियावासंसि पुढविकाइयत्ताए सेसं जहा असुरकुमाराणं जाव अणंतखुत्तो, नो चेव णं देवीत्ताए, एवं सव्वजीवावि, एवं जाव आणयपाणएसु, एवं आरणच्चुएसुवि, अयन्नं भंते ! जीवे तिसुवि अट्ठारसुत्तरेसु गेविज्जविमाणावाससयेसु एवं चेव,

[प्र०] हे भगवन् ! आ जीव तमापृथिवीमांना पांच न्यून एक लाख निरयावासमांना एक एक नरकावासमां (पृथिवीकायिकपणे यावत्–वनस्पतिकायिकपणे पूर्वे उत्पन्न थएलो छे?) [उ०] बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं. [प्र०] हे भगवन् ! आ जीव अधःसप्तम नरकपृथिवीना पांच अनुत्तर अने अत्यन्त म्होटा नरकावासोमांना एक एक नरकावासमां पूर्वे उत्पन्न थयो छे ? [उ०] बाकी बधुं रत्नप्रभानी पेठे जाणवुं. [प्र०] हे भगवन् ! आ जीव असुरकुमारोना चोसठ लाख असुरकुमारावासोमांना एक एक असुरकुमारावासमां पृथिवीकायिकपणे, यावत्–वनस्पतिकायिकपणे, देवपणे, देवीपणे, आसन, शयन अने पात्र वगेरे उपकरणपणे पूर्वे उत्पन्न थयेलो छे ? [उ०] हा, गौतम ! यावद्–अनंतवार उत्पन्न थएलो छे. सर्व जीवो ए प्रमाणे जाणवा. ए प्रमाणे यावत्–'स्तनितकुमारो' सुधी जाणवुं, परन्तु तेओना आवासोनी संख्यामां भेद छे, अने ए आवासो पूर्वे कहेला छे. [प्र०] हे भगवन् ! आ जीव असंख्याता लाख पृथिवीकायिकावासमांना एक एक पृथिवीकायिकावासमां पृथिवीकायिकपणे यावद्–वनस्पतिकायिकपणे पूर्वे उत्पन्न थयो छे ?

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





[उ०] हा, गौतम! यावत्-अनंतवार उत्पन्न थएलो छे; ए प्रमाणे सर्व जीवो पण जाणवा. ए प्रमाणे यावत्-वनस्पतिकायिकोमां पण जाणवु. [प्र०] हे भगवन्! आ जीव असंख्याता लाख बेइंद्रियावासमांना एक एक बेइंद्रियावासमां पृथिवीकायिकपणे, यावत्-वनस्पतिकायिकपणे अने बेइंद्रियपणे पूर्वे उत्पन्न थयेलो छे? [उ०] हा, गौतम! त्यां यावद्-अनंतवार उत्पन्न थएलो छे. सर्व जीवो पण ए प्रमाणे जाणवा, ए प्रमाणे यावद्-मनुष्योमां जाणवुं. परन्तु विशेष ए छे के, ते इंद्रियोमां यावद्-वनस्पतिकायिकपणे, यावत् तेइंद्रियपणे; चउरिंद्रियोमां चउरिंद्रियपणे, पंचेंद्रियतिर्यंचयोनिकोमां पंचेंद्रियतिर्यंचयोनिकपणे, अने मनुष्योमां मनुष्यपणे उत्पत्ति जाणवी. बाकी. बधुं बेइंद्रियोनी पेठे जाणवुं. जेम असुरकुमारो संबंधे कह्युं तेम वानव्यंतर, ज्योतिष्क, सौधर्म अने ईशानमां पण जाणवुं. [प्र०] हे भगवन्! आ जीव सनत्कुमार कल्पमां तेना बार लाख विमानावासमांना एक एक वैमानिकावासमां पृथिवीकायपणे, यावत्-पूर्वे उत्पन्न थयलो छे? [उ०] बाकीनुं बधुं असुरकुमारोनी पेठे (सू० ६) यावद्-'अनंतवार उत्पन्न थएलो छे' त्यां सुधी जाणवुं. पण त्यां देवीपणे उत्पन्न थयो नथी. ए प्रमाणे सर्व जीवो संबन्धे पण जाणवुं. ए प्रमाणे यावत्-आनत अने प्राणतमां तथा आरण-अच्युतमां पण जाणवुं. [प्र०] हे भगवन्! आ जीव त्रणसोने अढार ग्रैवेयक विमानावासमांना एक एक आवासमां पृथिवीकायिकपणे, यावद्-पूर्वे उत्पन्न थयेलो छे? [उ०] ए प्रमाणे जाणवुं. (यावत्-अनंतवार उत्पन्न थएलो छे.)

अयन्नं भंते! जीवे पंचसु अणुत्तरविमाणेसु एगमेगंसि अणुत्तरविमाणंसि पुढवि तहेव जाव अणंतखुत्तो, नो चेव णं देवत्ताए वा देवित्ताए वा, एवं सव्वजीवावि। अयन्नं भंते! जीवे सव्वजीवाणं माइत्ताए पिइत्ताए भाइत्ताए भगिणित्ताए भज्जत्ताए पुत्तत्ताए धूयत्ताए सुण्हत्ताए उववन्नपुव्वे?, हंता गोयमा! असइं अदुवा अणं-

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





तखुत्तो, सव्वजीवावि णं भंते! इमस्स जीवस्स माइत्ताए जाव उववन्नपुव्वे?, हंता गोयमा! जाव अणंतखुत्तो, अयण्णं भंते! जीवे सव्वजीवाणं अरित्ताए वेरियत्ताए घायकत्ताए वहगत्ताए पडिणीयत्ताए पच्चामित्तत्ताए उववन्नपुव्वे?, हंता गोयमा! जाव अणंतखुत्तो, सव्वजीवावि णं भंते! एवं चेव, अयन्नं भंते! जीवे सव्वजीवाणं रायत्ताए जुवरायत्ताए जाव सत्थवाहत्ताए उववन्नपुव्वे?, हंता गोयमा! असतिं जाव अणंतखुत्तो, सव्वजीवाणं एवं चेव। अयन्नं भंते! जीवे सव्वजीवाणं दासत्ताए पेसत्ताए भयगत्ताए भाइल्लगत्ताए भोगपुरिसत्ताए सीसत्ताए वेसत्ताए उववन्नपुव्वे?, हंता गोयमा! जाव अणंतखुत्तो, एवं सव्वजीवावि अणंतखुत्तो। सेवं भंते! सेवं भंतेत्ति जाव विहरइ॥ (सूत्रं ४५८) १२-७॥

[प्र०] हे भगवन्! आ जीव पांच अनुत्तर विमानोमांना एक एक अनुत्तर विमानमां पृथिवीकायिकपणे, (यावत्-पूर्वे उत्पन्न थएलो छे?) [उ०] ते प्रमाणे यावद्-अनंतवार उत्पन्न थएलो छे, पण देवपणे अने देवीपणे उत्पन्न थयो नथी. ए प्रमाणे सर्व जीवो पण जाणवा. [प्र०] हे भगवन्! आ जीव सर्व जीवोना मातापणे, पितापणे, भाईपणे, बहेनपणे, स्त्रीपणे, पुत्रपणे पुत्री अने पुत्रवधूपणे पूर्वे उत्पन्न थएलो छे? [उ०] हा, गौतम! अनेकवार, अथवा अनंतवार उत्पन्न थयेलो छे. [प्र०] हे भगवन्! सर्व जीवो पण आ जीवना मातापणे, यावत्-पूर्वे उत्पन्न थएला छे? (उ०) हा गौतम! यावद्-अनेकवार अथवा अनंतवार उत्पन्न थया छे. (प्र०) हे भगवन्! आ जीव सर्व जीवोना शत्रुपणे, वैरिपणे, घातकपणे, वधकपणे, प्रत्यनीकपणे अने शत्रुना मित्रपणे पूर्वे उत्पन्न थएलो छे? (उ०) हा, गौतम! यावद्-अनंतवार उत्पन्न थयो छे. (प्र०) हे भगवन्! बधाय जीवो (आ जीवना वैरिपणे यावत्-

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





पूर्वे उत्पन्न थएला छे?) (उ०) ए प्रमाणे जाणवुं. (प्र०) हे भगवन्! आ जीव सर्व जीवोना राजातरीके, युवराजतरीके यावत्-सार्थवाहतरीके पूर्वे उत्पन्न थएलो छे? (उ०) हा गौतम! अनेकवार अथवा अनंतवार उत्पन्न थयो छे. ए प्रमाणे सर्व जीवो संबंधे पण जाणवुं. (प्र०) हे भगवन्! आ जीव सर्व जीवोना दासपणे प्रेष्य-चाकरपणे, भृतकपणे भागीदारपणे भोगपुरुषपणे (बीजाए उपार्जेला धननो भोग करनारपणे), शिष्यपणे, अने शत्रुपणे पूर्वे उत्पन्न थएलो छे? (उ०) हा गौतम! यावत्-अनंतवार उत्पन्न थयो छे, ए प्रमाणे सर्व जीवो पण यावद् अनंतवार उत्पन्न थया छे. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.'-एम कही यावद्-विहरे छे. ॥ ४५८ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १२ मा शतकमां सातमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## उद्देशक ८

तेणं कालेणं तेणं समएणं जाव एवं वयासी-देवे णं भंते! महड्ढीए जाव महेसक्खे अणंतरं चयं चइत्ता बिसरीरेषु नागेसु उववज्जेज्जा?, हंता गोयमा! उववज्जेज्जा, से णं तत्थ अच्चियवंदियपूइयसक्कारियसम्माणिए दिव्वे सच्चे सच्चोवाए संनिहियपाडिहेरे यावि भवेज्जा?, हंता भवेज्जा। से णं भंते! तओहिंतो अणंतरं उव्वट्टित्ता सिज्झेज्जा बुज्झेज्जा जाव अंतं करेज्जा?, हंता सिज्झेज्जा जाव अंतं करेज्जा, देवे णं भंते! महड्ढीए एवं चेव जाव बिसरीरेसु मणीसु उववज्जेज्जा, एवं चेव जहा नागाणं। देवे णं भंते! महड्ढीए जाव बिसरीरेसु रुक्खेसु उववज्जेज्जा?,

For Private And Personal

हंता उववज्जेज्जा, एवं चेव, नवरं इमं नाणत्तं जाव सन्निहियपाडिहेरे लाउल्लोइयमहिते यावि भवेज्जा ?, हंता भवेज्जा, सेसं तं चेव जाव अंतं करेज्जा ॥ ( सूत्रं ४५९ ) ॥

[प्र०] ते काले, ते समये, (भगवान् गौतम) यावद्-आ प्रमाणे बोल्या के हे भगवन् ! महाऋद्धिवाळो यावद्-महासुखवाळो देव च्यवीने-मरण पामीने तुरतज मात्र बे शरीरनेज धारण करनार नागोमां, ( सर्प अथवा हाथीमां ) उत्पन्न थाय ? [उ०] हा गौतम ! उत्पन्न थाय. [प्र०] हे भगवन् ! त्यां ते नागनां जन्ममां अर्चित, वंदित, पूजित, सत्कारित, सम्मानित, दिव्य, प्रधान, सत्य, सत्यावपातरूप ( जेनी सेवा सफल छे एवो ) ते संसारनो अन्त करे, अने पासे रहेला ( पूर्वना संबन्धी देवोए ) जेनुं प्रतिहार कर्म कर्युं छे एवो थाय ? [उ०] हा थाय. [प्र०] ते त्यांथी मरण पामीने सिद्ध थाय, बुद्ध थाय, यावद्-संसारनो अन्त करे ? [उ०] हा, सिद्ध थाय, यावद्-अन्त करे. [प्र०] हे भगवन् ! महर्धिक देव-ए प्रमाणे यावद्-बे शरीरवाळा मणिमां उत्पन्न थाय ? [उ०] ए प्रमाणे नागनी पेठे जाणवुं [प्र०] हे भगवन् ! महर्धिक यावद्-महासौख्यवाळो देव बे शरीरनेज धारण करनारा वृक्षोमां उत्पन्न थाय ? [उ०] हा, गौतम ! उत्पन्न थाय-इत्यादि पूर्व प्रमाणे जाणवुं. परन्तु एटलो विशेष छे के 'जे वृक्षमां ते उत्पन्न थाय ते वृक्ष यावत्-समीपमां रहेला देवकृत प्रातिहार्यवाळुं थाय, तथा (ते वृक्ष) छाणथी लीपेल अने खडीथी धोळेल होय, बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं, यावद्-' ते संसारनो अन्त करे. ' ॥ ४५९ ॥

अह भंते ! गोलंगूलवसभे कुक्कुडवसभे मंडुक्कवसभे एए णं निस्सीला निव्वया निग्गुणा निम्मेरा निप्पच्चक्खाणपोसहोववासा कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए उक्कोसेणं सागरोवमट्ठितीयंसि नर-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



गंसि नेरइयत्ताए उववज्जेज्जा ?। समणे भगवं महावीरे वागरेइ-उववज्जमाणे उववन्नेत्ति वत्तव्वं सिया। अह भंते! सीहे वग्घे जहा उस्सप्पिणीउद्देसए जाव परस्सरे एए णं निस्सीला एवं चेव जाव वत्तव्वं सिया, अह भंते! ढंके कंके विलए मग्गुए सिखीए, एए णं निस्सीला०, सेसं तं चेव जाव वत्तव्वं सिया। सेवं भंते! सेवं भंते! जाव विहरइ ॥ ( सूत्र ४६० ) १२-८ ॥

[प्र०] हे भगवन्! वानरवृषभ-मोटो वानर, मोटो कुकडो, अने मोटो देडको-ए बधा शीलरहित, व्रतरहित, गुणरहित, मर्यादारहित, प्रत्याख्यान अने पौषधोपवासरहित मरणसमये काल करी आ रत्नप्रभा पृथिवीमां उत्कृष्टथी सागरोपमनी स्थितिवाळा नरकमां नैरयिकपणे उत्पन्न थाय? [उ०] श्रमण भगवंत महावीर कहे छे के ( हा नैरयिकरूपे उत्पन्न थाय, ) कारण के जे उपजतुं होय ते 'उत्पन्न थयुं' एम कहेवाय. [प्र०] हे भगवन्! सिंह, वाघ-वगेरे अवसर्पिणी उद्देशकमां कह्या प्रमाणे यावत्-परासर-ए बधा शीलरहित-इत्यादि यावत् (उ०) पूर्व प्रमाणे जाणवुं. (प्र०) हे भगवन्! कागडो, गीध, वीलक, देडको अने मोर-ए बधा शीलरहित-इत्यादि प्रश्न. (उ०) उत्तर पूर्ववत् जाणवुं. हे भगवन्! 'ते एमज छे, हे भगवन्! ते एमज छे'-एम कही यावद्-विहरे छे. ॥ ४६० ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १२ मा शतकमां आठमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





## उद्देशक ९.

कइविहा णं भंते! देवा पण्णत्ता?, गोयमा! पंचविहा देवा पण्णत्ता, तंजहा-भवियदव्वदेवा १ नरदेवा २ धम्मदेवा ३ देवाहिदेवा ४ भावदेवा ५, से केणट्ठेणं भंते! एवं वुच्चइ भवियदव्वदेवा भवियदव्वदेवा?, गोयमा! जे भविए पंचिंदियतिरिक्खजोणिए वा मणुस्से वा देवेसु उववज्जित्तए से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ भवियदव्वदेवा २, से केणट्ठेणं भंते! एवं वुच्चइ नरदेवा नरदेवा?, गोयमा! जे इमे रायाणो चाउरंतचक्कवट्टी उप्पन्नसमत्तचक्करयणप्पहाणा नवनिहीपइणो समिद्धकोसा बत्तीसं रायवरसहस्साणुजायमग्गा सागरवरमेहलाहिवइणो मणुस्सिंदा से तेणट्ठेणं जाव नरदेवा २, से केणट्ठेणं भंते! एवं वुच्चइ धम्मदेवा धम्मदेवा?, गोयमा! जे इमे अणगारा भगवंतो ईरियासमिया जाव गुत्तबंभयारी से तेणट्ठेणं जाव धम्मदेवा २, से केणट्ठेणं भंते! एवं वुच्चइ देवाधिदेवा देवाधिदेवा?, गोयमा! जे इमे अरिहंता भगवंतो उप्पन्ननाणदंसणधरा जाव सव्वदरिसी से तेणट्ठेणं जाव देवाधिदेवा २, से केणट्ठेणं भंते! एवं वुच्चइ-भावदेवा भावदेवा?, गोयमा! जे इमे भवणवइवाणमंतरजोइसवेमाणिया देवा देवगतिनामगोयाइं कम्माइं वेदेंति से तेणट्ठेणं जाव भावदेवा ( सूत्रं ४६१ ) ॥

(प्र०) हे भगवन्! देवो केटला प्रकारना कह्या छे? (उ०) हे गौतम! देवो पांच प्रकारना कह्या छे, ते आ प्रमाणे-१ भव्यद्रव्यदेव, २ नरदेव, ३ धर्मदेव, ४ देवाधिदेव अने ५ भावदेव. (प्र०) हे भगवन्! ए प्रमाणे शा हेतुथी 'भव्यद्रव्यदेव' 'भव्य-

For Private And Personal

द्रव्यदेव'–एम कहो छो ? (उ०) हे गौतम ! जे पंचेद्रियतिर्यंचयोनिक के मनुष्य देवोमां उत्पन्न थवाने भव्य–योग्य छे, ते माटे ते 'भव्यद्रव्यदेव' २ कहेवाय छे. (प्र०) हे भगवन् ! ए प्रमाणे शा हेतुथी 'नरदेव' 'नरदेव'–एम कहो छो ? (उ०) हे गौतम ! जे आ राजाओ चार दिशाना अन्तना स्वामी चक्रवर्तीओ छे, जेने समस्त रत्नोमां प्रधान चक्ररत्न उत्पन्न थयुं छे एवा, नव निधिना स्वामिओ, समृद्ध भंडारवाळा, जेओनो मार्ग बत्रीसहजार राजाओवडे अनुसराय छे एवा, महासागररूप उत्तम मेखलापर्यन्त पृथ्वीना पति अने मनुष्यना इंद्रो छे ते माटे 'नरदेवो' 'नरदेवो'–एम कहेवाय छे. (प्र०) हे भगवन् ! शा हेतुथी 'धर्मदेव' 'धर्मदेव'–एम कहो छो ? (उ०) हे गौतम ! जे आ अनगार भगवंतो, इर्यासमितिवाळा यावद्–गुप्त ब्रह्मचारी छे, माटे ते हेतुथी 'धर्मदेव' 'धर्मदेव'–एम कहेवाय छे. (प्र०) हे भगवन् ! एम शा हेतुथी 'देवाधिदेव' 'देवाधिदेव' कहेवाय छे ? (उ०) हे गौतम ! जे आ अरिहंत–भगवंतो उत्पन्न थयेला ज्ञान अने दर्शनने धारण करनारा यावद्–सर्वदर्शी छे, ते हेतुथी यावद् 'देवाधिदेव' 'देवाधिदेव' कहेवाय छे. (प्र०) हे भगवन् ! शा हेतुथी 'भावदेव' 'भावदेव' कहेवाय छे ? (उ०) हे गौतम ! जे आ भवनपतिओ, वानव्यंतरो, ज्योतिष्को अने वैमानिक देवो देवगति संबन्धी नाम अने गोत्र कर्मोने वेदे छे, ते माटे 'भावदेव' 'भावदेव' कहेवाय छे. ॥ ४६१ ॥

भवियदव्वदेवा णं भंते ! कओहिंतो उववज्जंति ? किं नेरइएहिंतो उववज्जंति ? तिरिक्ख० मणुस्स० देवेहिंतो उववज्जंति ?, गोयमा ! नेरइएहिंतो उववज्जंति तिरि० मणु० देवेहिंतोवि उववज्जंति, भेदो जहा वक्कंतीए सव्वेसु उववाएयव्वा जाव अणुत्तरोववाइयत्ति, नवरं असंखेज्जवासाउयअकम्मभूमगअंतरदीवगसव्वट्ठसिद्धवज्जं जाव अपराजियदेवेहिंतोवि उववज्जंति, णो सव्वट्ठसिद्धदेवेहिंतो उववज्जंति। नरदेवा णं भंते! कओहिंतो उववज्जंति ? किं

नेरतिए०? पुच्छा, गोयमा ! नेरतिएहिंतोवि उववज्जंति नो तिरि० नो मणु० देवेहिंतोवि उववज्जंति, जइ नेरइएहिंतो उववज्जंति किं रयणप्पभापुढविनेरइएहिंतो उववज्जंति जाव अहेसत्तमापुढविनेरइएहिंतो उववज्जंति ?, गोयमा ! रयणप्पभापुढविनेरइएहिंतो उववज्जंति नो सक्करजाव नो अहेसत्तमापुढविनेरइएहिंतो उववज्जंति, जइ देवेहिंतो उववज्जंति किं भवणवासिदेवेहिंतो उववज्जंति वाणमंतर० जोइसिय० वेमाणियदेवेहिंतो उववज्जंति ?, गोयमा! भवणवासि देवेहिंतोवि उववज्जंति वाणमंतर० एवं सव्वदेवेसु उववाएयव्वा वक्कंतीभेदेणं जाव सव्वट्ठसिद्धत्ति ।

[प्र०] हे भगवन् ! भव्यद्रव्यदेवो क्यांथी आवीने उत्पन्न थाय ? शुं नैरयिकोथी आवीने उत्पन्न थाय, तिर्यंचोथी आवीने उत्पन्न थाय, मनुष्योथी आवीने उत्पन्न थाय, के देवोथी आवीने उत्पन्न थाय ? [उ०] हे गौतम ! नैरयकोथी आवी उत्पन्न थाय, तिर्यंचोथी, मनुष्योथी, अने देवोथी पण आवीने उत्पन्न थाय. अहीं व्युत्क्रान्ति पदमां कह्या प्रमाणे भेद-विशेषता कहेवी, अने तेओनी सर्वने विषे उत्पत्ति कहेवी, यावत्-अनुत्तरौपपातिक सुधी कहेवुं, परन्तु विशेष ए छे के. असंख्यात वर्षना आयुष्यवाळा जीवो, अकर्मभूमिना जीवो, अंतरद्वीपना जीवो अने सर्वार्थसिद्ध वर्जिने यावद्-अपराजित देवोथी आवीने उत्पन्न थाय छे. पण सर्वार्थसिद्धना देवो उत्पन्न थता नथी. [प्र०] हे भगवन् ! नरदेवो क्यांथी आवीने उत्पन्न थाय ?-शुं नैरयिकोथी, तिर्यंचोथी, मनुष्योथी के देवोथी आवीने उत्पन्न थाय ? [उ०] हे गौतम ! तेओ नैरयिको अने देवोथी आवीने उत्पन्न थाय छे, पण तिर्यंच अने मनुष्योथी आवीने उत्पन्न थता नथी. [प्र०] जो तेओ नैरयिको आवीने उत्पन्न थाय तो शुं रत्नप्रभाना नैरयिकोथी आवीने (नरदेवो) उत्पन्न थाय के यावद्-अधःसप्तम पृथ्वीना नैरयिकोथी आवीने उत्पन्न थाय ? [उ०] हे गौतम ! तेओ रत्नप्रभाना नैरयि-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





कोथी आवीने उत्पन्न थाय, पण शर्कराप्रभाथी आवीने न उत्पन्न थाय, यावद्-अधःसप्तमपृथ्वीना नैरयिकोथी आवीने उत्पन्न न थाय. [प्र०] जो तेओ देवोथी आवी ( नरदेवो ) उत्पन्न थाय तो शुं भवनवासी देवोथी आवी उत्पन्न थाय के वानव्यंतर, ज्योतिष्क अने वैमानिक देवोथी आवी उत्पन्न थाय ? [उ०] हे गौतम ! तेओ भवनवासी देवोथी पण आवी उत्पन्न थाय, तथा वानव्यंतर, ज्योतिषिक अने वैमानिक देवोथी पण आवी उत्पन्न थाय. ए प्रमाणे सर्व देवो संबन्धे व्युत्क्रांति पदमा कहेली विशेषतापूर्वक यावत् सर्वार्थसिद्ध सुधी उपपात कहेवो.

धम्मदेवा णं भंते ! कओहिंतो उववज्जंति किं नेरइए० ? एवं वक्कंतीभेदेणं सव्वेसु उववाएयव्वा जाव सव्वट्ठसिद्धत्ति, नवरं तमा अहेसत्तमाए तेऊवाऊअसंखिज्जवासाउयअकम्मभूमगअंतरदीवगवज्जेसु, देवाधिदेवाणं भंते ! कतोहिंतो उववज्जंति ?, किं नेरइएहिंतो उववज्जंति ? पुच्छा, गोयमा ! नेरइएहिंतो उववज्जंति नो तिरि० नो मणु० देवेहिंतोवि उववज्जंति, जइ नेरइएहिंतो एवं तिसु पुढवीसु उववज्जंति, सेसाओ खोडेयव्वाओ, जइ देवेहिंतो०, वेमाणिएसु सव्वेसु उववज्जंति जाव सव्वट्ठसिद्धत्ति, सेसा खोडेयव्वा, भावदेवा णं भंते ! कओहिंतो उववज्जंति ?, एवं जहा वक्कंतीए भवणवासीणं उववाओ तहा भाणियव्वो ॥ ( सूत्रं ४६२ ) ॥

[प्र०] हे भगवन् ! धर्मदेवो क्यांथी आवी उत्पन्न थाय ? शुं नैरयिकोथी, ( तिर्यंचोथी, मनुष्योथी के देवोथी आवी ) उत्पन्न थाय ? [उ०] ए प्रमाणे बधुं व्युत्क्रांति पदमां कहेला भेद-विशेषवडे यावत्-सर्वार्थसिद्ध सुधी सर्वथकी उपपाद कहेवो, परन्तु विशेष ए छे के, तमःप्रभा अने अधःसप्तमपृथ्वीथी, तथा तेजःकाय, वायुकाय, असंख्यवर्षना आयुष्यवाळा कर्मभूमिजो, अकर्मभूमिजो

For Private And Personal

अने अंतरद्वीपज मनुष्य तथा तिर्यंचोथी आवी धर्मदेवो उत्पन्न न थाय. (अर्थात्-ए सिवाय बाकीना स्थानथी आवी धर्मदेव थाय.) [प्र०] हे भगवन्! देवाधिदेवो क्यांथी आवी उत्पन्न थाय-शुं नैरयिकोथी आवी उत्पन्न थाय-इत्यादि प्रश्न. [उ०] हे गौतम! नैरयिकोथी आवी उत्पन्न थाय छे, तिर्यंच अने मनुष्योथी आवी उत्पन्न थता नथी. पण देवो थकी आवीने उत्पन्न थाय छे. [प्र०] जो नैरयिकोथी आवी (देवाधिदेव) उत्पन्न थाय (तो शुं रत्नप्रभाना नैरयिकथी आवी उत्पन्न थाय) इत्यादि प्रश्न. [उ०] ए प्रमाणे प्रथम त्रण पृथिवीथी आवी (देवाधिदेव) उत्पन्न थाय छे. बाकीनी पृथिवीओनो प्रतिषेध करवो. (प्र०) जो तेओ देवोथी आवी उत्पन्न थाय तो शुं भवनपति वगेरेथी आवी उत्पन्न थाय? (उ०) सर्व वैमानिक देवोथी, यावत्-सर्वार्थसिद्धथी आवी उत्पन्न थाय. बाकीना देवोनो निषेध करवो. (प्र०) हे भगवन्! भावदेवो क्यांथी आवी उत्पन्न थाय? (उ०) जेम व्युत्क्रांतिपदमां भवनवासिओनो उपपात कह्यो छे तेम अहीं कहेवो. ॥ ४६२ ॥

भवियदव्वदेवाणं भंते! केवतियं कालं ठिती पण्णत्ता?, गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं तिन्नि पलिओवमाइं, नरदेवाणं पुच्छा गोयमा! जहन्नेणं सत्त वाससयाइं उक्कोसेणं चउरासीई पुव्वसयसहस्साइं, धम्मदेवाणं भंते! पुच्छा, गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं देसूणा पुव्वकोडी, देवाधिदेवाणं पुच्छा गोयमा! जहन्नेणं बावत्तरिं वासाइं उक्कोसेणं चउरासीइं पुव्वसयसहस्साइं, भावदेवाणं पुच्छा गोयमा! जहन्नेणं दस वाससहस्साइं उक्कोसेणं तेत्तीसं सगरोवमाइं ॥ ( सूत्र ४६३ ) ॥

(प्र०) हे भगवन् भव्यद्रव्यदेवोनी केटला काळ सुधी स्थिति कही छे? (उ०) हे गौतम! तेओनी ओछामां ओछी अन्त-

मुहूर्त अने वधारेमां वधारे त्रण पल्योपमनी स्थिति कही छे. (प्र०) नरदेवो संबन्धे प्रश्न. (उ०) हे गौतम! तेओनी जघन्य स्थिति सातसो वर्षनी अने उत्कृष्ट चोराशीलाख पूर्वनी स्थिति कही छे. (प्र०) हे भगवन्! धर्मदेवो संबन्धे प्रश्न. (उ०) हे गौतम! तेओनी जघन्य स्थिति अन्तर्मुहूर्तनी, अने उत्कृष्ट देशोनपूर्वकोटिनी कही छे. (प्र०) देवाधिदेव संबन्धे प्रश्न. (उ०) तेओनी जघन्य स्थिति बहोंतर वर्षनी, अने उत्कृष्ट स्थिति चोराशीलाख पूर्वनी कही छे. (प्र०) भावदेवोनी स्थिति संबन्धे प्रश्न. (उ०) तेओनी जघन्य स्थिति दशहजार वर्षनी, अने उत्कृष्ट स्थिति तेत्रीश सागरोपमनी कही छे. ॥ ४६३ ॥

भवियदव्वदेवा णं भंते! किं एगत्तं पभू विउव्वित्तए पुहुत्तं पभू विउव्वित्तए?, गोयमा! एगत्तंपि पभू विउव्वित्तए पुहुत्तंपि पभू विउव्वित्तए, एगत्तं विउव्वमाणे एगिंदियरूवं वा जाव पंचिंदियरूवं वा पुहुत्तं विउव्वमाणे एगिंदियरूवाणि वा जाव पंचिंदियरूवाणि वा, ताइं संखेज्जाणि वा असंखेज्जाणि वा संबद्धाणि वा असंबद्धाणि वा सरिसाणि वा असरिसाणि वा विउव्वंति विउव्वित्ता तओ पच्छा अप्पणो अहिच्छियाइं कज्जाइं करेंति, एवं नरदेवावि, एवं धम्मदेवावि, देवाधिदेवाणं पुच्छा, गोयमा! एगतंपि पभू विउव्वित्तए पुहुत्तंपि पभू विउव्वित्तए, नो चेव णं संपत्तीए विउव्विंसु वा विउव्विंति वा विउव्विस्संति वा। भावदेवाणं पुच्छा जहा भवियदव्वदेवा ॥ ( सूत्रं ४६४ ) ॥

(प्र०) हे भगवन्! भव्यद्रव्यदेवो एक रूप विकुर्ववाने समर्थ छे के अनेकरूपो विकुर्ववाने समर्थ छे? (उ०) हे गौतम! ( भव्यद्रव्यदेव वैक्रियलब्धिसंपन्न मनुष्य के तिर्यंच) एक रूप विकुर्ववाने समर्थ छे अने अनेकरूपो पण विकुर्ववाने समर्थ छे. एक

रूपने विकुर्वतो एक एकेंद्रियरूपने यावत्-एक पंचेन्द्रियरूपने विकुर्वे छे, अथवा अनेक रूपोने विकुर्वतो अनेक एकेंद्रियरूपोने के अनेक पंचेन्द्रियरूपोने विकुर्वे छे, ते रूपो संख्याता के असंख्याता, संबद्ध के असंबद्ध, समान के असमान विकुर्वे छे, विकुर्व्या पछी पोतानां यथेष्ट कार्यो करे छे. ए प्रमाणे नरदेव अने धर्मदेव संबंधे पण जाणवुं. [प्र०] देवाधिदेवो संबन्धे प्रश्न. [उ०] हे गौतम! तेओ एक रूप विकुर्ववाने पण समर्थ छे, अने अनेक रूप विकुर्ववाने पण समर्थ छे. पण तेणे [औत्सुक्यना अभावथी शक्ति छतां] संप्राप्तिवडे ( करवावडे ) वैक्रियरूप विकुर्व्युं नथी, विकुर्वता नथी अने विकुर्वशे पण नहि. [प्र०] भावदेवसंबन्धे प्रश्न. [उ०] जेम भव्यद्रव्यदेवो संबन्धे ( सू० २१ ) कह्युं तेम भावदेवसंबन्धे पण जाणवुं. ॥ ४६४ ॥

भवियदव्वदेवाणं भंते! अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति?, कहिं उववज्जंति?, किं नेरइएसु उववज्जंति जाव देवेसु उववज्जंति?, गोयमा! नो नेरइएसु उववज्जंति नो तिरि० नो मणु० देवेसु उववज्जंति, जइ देवेसु उववज्जंति सव्वदेवेसु उववज्जंति जाव सव्वट्ठसिद्धत्ति। नरदेवा णं भंते! अणंतरं उव्वट्टित्ता पुच्छा, गोयमा! नेरइएसु उववज्जंति नो तिरि० नो मणु० णो देवेसु उववज्जंति, जइ नेरइएसु उववज्जंति०, सत्तसुवि पुढवीसु उववज्जंति। धम्मदेवा णं भंते! अणंतरं पुच्छा, गोयमा! नो नेरइएसु उववज्जेज्जा नो तिरि० नो मणु० देवेसु उववज्जंति, जइ देवेसु उववज्जंति किं भवणवासि पुच्छा, गोयमा! नो भवणवासिदेवेसु उववज्जंति नो वाणमंतर० नो जोइसिय० वेमाणियदेवेसु उववज्जंति, सव्वेसु वेमाणिएसु उववज्जंति जाव सव्वट्ठसिद्धअणुत्तरोववाइएसु उववज्जंति, अत्थेगइया सिज्झंति जाव अंतं करेंति। देवाधिदेवा अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति

कहिं उववज्जंति ?, गोयमा ! सिज्झंति जाव अंतं करेंति । भावदेवा णं भंते ! अणंतरं उव्वट्टित्ता पुच्छा जहा वक्कंतीए असुरकुमाराणं उव्वट्टणा तहा भाणियव्वा ॥ भवियदव्वदेवे णं भंते ! भवियदव्वदेवेत्ति कालओ केवचिरं होइ ?, गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं तिन्नि पलिओवमाइं, एवं जच्चेव ठिई सच्चेव संचिट्ठणावि जाव भावदेवस्स, नवरं धम्मदेवस्स जह० एक्कं समयं उक्कोसेणं देसूणा पुव्वकोडी ॥

[प्र०] हे भगवन् ! भव्यद्रव्यदेवो तुरतज मरण पामी क्यां जाय-क्यां उत्पन्न थाय ? शुं नैरयिकोमां उपजे, यावद्-देवोमां उत्पन्न थाय ? [उ०] हे गौतम ! तेओ नैरयिकोमां, तिर्यंचोमां के मनुष्योमां उत्पन्न थता नथी, पण देवोमां उत्पन्न थाय छे. जो देवोमां उत्पन्न थाय तो ते सर्वदेवोमां उत्पन्न थाय, यावत् सर्वार्थसिद्धमां उत्पन्न थाय. [प्र०] हे भगवन् ! नरदेवो अन्तररहित-तुरतज मरण पामी क्यां उत्पन्न थाय-ए प्रश्न. [उ०] हे गौतम ! नैरयिकोमां उत्पन्न थाय, पण तिर्यंच, मनुष्य के देवमां उत्पन्न न थाय, जो नैरयिकोमां उत्पन्न थाय तो साते नरकपृथिवीमां उत्पन्न थाय. [प्र०] हे भगवन् ! धर्मदेवो तुरतज मरण पामी क्यां उत्पन्न थाय-ए प्रश्न. [उ०] हे गौतम ! तेओ नैरयिकोमां, तिर्यंचोमां के मनुष्योमां उत्पन्न थता नथी, पण देवोमां उत्पन्न थाय छे. [प्र०] जो तेओ ( धर्मदेवो ) देवोमां उत्पन्न थाय तो शुं भवनवासी देवोमां उत्पन्न थाय-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! भवनवासिदेवोमां, वानव्यंतरोमां अने ज्योतिष्कोमां उत्पन्न थता नथी, पण वैमानिक देवोमां उत्पन्न थाय छे. सर्व वैमानिकोमां, यावत्-सर्वार्थसिद्ध अनुत्तरौपपातिक देवोमां यावत्-उत्पन्न थाय छे, अने केटलाक सिद्ध थाय छे, यावत्-सर्व दुःखोनो नाश करे छे. [प्र०] हे भगवन् ! देवाधिदेवो अन्तररहित-तुरतज मरण पामी क्यां जाय-क्यां उत्पन्न थाय ? [उ०] हे गौतम ! तेओ सिद्ध थाय,

यावत्-सर्व दुःखोनो अन्त करे. [प्र०] हे भगवन्! भावदेवो तुरतज मरण पामी क्यां जाय?-ए प्रश्न. [उ०] जेम 'व्युत्क्रांति' पदमां असुरकुमारोनी उद्वर्तना कही छे तेम अहिं भावदेवोनी पण उद्वर्तना कहेवी. [प्र०] हे भगवन्! भव्यद्रव्यदेवो 'भव्यद्रव्य-देवरूपे' काळथी क्यांसुधी होय? [उ०] हे गौतम! जघन्यथी अंतर्मुहूर्त अने उत्कृष्टथी त्रण पल्योपम सुधी होय. ए प्रमाणे जेम भवस्थिति कही तेम संस्थिति पण यावद्-भावदेव सुधी जाणवी. परन्तु धर्मदेव जघन्य एक समय सुधी अने उत्कृष्ट कंईक न्यून पूर्वकोटि वर्ष सुधी होय. [प्र०] हे भगवन्! भव्यद्रव्यदेवने परस्पर केटला काळनुं अंतर होय? [उ०] हे गौतम! जघन्य अंत-र्मुहूर्त अधिक दशहजार वर्ष, अने उत्कृष्ट अनंतकाळ-वनस्पतिकाळ पर्यन्त अन्तर होय.

भवियदव्वदेवस्स णं भंते! केवतियं कालं अंतरं होइ?, गोयमा! जह० दसवाससहस्साइं अंतोमुहुत्तमब्भ-हियाइं उक्कोसेणं अणंतं कालं वणस्सइकालो। नरदेवाणं पुच्छा, गोयमा! जहन्नेणं सातिरेगं सागरोवमं उक्कोसेणं अणंतं कालं अवड्ढं पोग्गलपरियट्टं देसूणं। धम्मदेवाणं णं पुच्छा, गोयमा! जहन्नेणं पलिओवमपुहुत्तं उक्कोसेणं अणंतं कालं जाव अवड्ढं पोग्गलपरियट्टं देसूणं। देवाधिदेवाणं पुच्छा, गोयमा! नत्थि अंतरं। भावदेवस्स णं पुच्छा, गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं अणंतं कालं वणस्सइकालो॥ एएसि णं भंते! भवियदव्वदेवाणं नरदेवाणं जाव भावदेवाण य कयरे २ जाव विसेसाहिया वा?, गोयमा! सव्वत्थोवा नरदेवा देवाधिदेवा संखेज्जगुणा धम्म-देवा संखेज्जगुणा भवियदव्वदेवा असंखेज्जगुणा भावदेवा असंखेज्जगुणा ( सूत्रं ४६९ )॥

[प्र०] हे भगवन्! नरदेवने परस्पर केटलुं अन्तर होय-ए प्रश्न. [उ०] हे गौतम! जघन्य कांइक अधिक एक सागरोपम,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





अने उत्कृष्ट अनंतकाळ-कांइक न्यून अर्धपुद्गलपरिवर्त पर्यन्त अन्तर होय. [प्र०] हे भगवन्! धर्मदेवने परस्पर केटलुं अन्तर होय. ए प्रश्न. [उ०] हे गौतम! जघन्यथी पल्योपमपृथक्त्व ( बेथी नव पल्योपम ) अने उत्कृष्ट अनंतकाळ-कंइक न्यून अपार्ध पुद्गल-परिवर्त पर्यन्त अन्तर होय. [प्र०] हे भगवन! देवाधिदेवने परस्पर केटलुं अन्तर होय- ए संबन्धे प्रश्न. [उ०] हे गौतम! तेने अंतर नथी. [प्र०] भावदेवना परस्पर अन्तर संबन्धे प्रश्न. [उ०] हे गौतम! जघन्यथी अंतर्मुहूर्त अने उत्कृष्ट अनंतकाळ-वनस्पति-काळ पर्यन्त अन्तर होय. [प्र०] हे भगवन्! भव्यद्रव्यदेवो, नरदेवो, यावद्-भावदेवोमांना कोण कोनाथी यावद् विशेषाधिक छे? [उ०] हे गौतम! सौथी थोडा नरदेवो छे, ते करतां देवाधिदेवो संख्यातगुण छे, तेथी धर्मदेवो संख्यातगुण छे, ते करतां भव्यद्रव्यदेवो असंख्यातगुण छे अने तेथी भावदेवो असंख्यातगुण छे. ॥ ४६५ ॥

एएसि णं भंते! भावदेवाणं भवणवासीणं वाणमंतराणं जोइसियाणं वेमाणियाणं सोहम्मगाणं जाव अच्चुयगाणं गेवेज्जगाणं अणुत्तरोववाइयाण य कयरे २ जाव विसेसाहिया वा?, गोयमा! सव्वत्थोवा अणुत्तरोववाइया भावदेवा उवरिमगेवेज्जा भावदेवा संखेज्जगुणा मज्झिमगेवेज्जा संखेज्जगुणा हेट्ठिमगेवेज्जा संखेज्जगुणा अच्चुए कप्पे देवा संखेज्जगुणा जाव आणयकप्पे देवा संखेज्जगुणा एवं जहा जीवाभिगमे तिविहे देवपुरिसे अप्पाबहुयं जाव जोतिसिया भावदेवा असंखेज्जगुणा। सेवं भंते! २ ॥ ( सूत्रं ४६६ ) ॥ बारसमसयस्स नवमो ॥ १२-९ ॥

[प्र०] हे भगवन्! भावदेवो-भवनवासी, वानव्यंतर, ज्योतिष्क, वैमानिक, सौधर्म, ईशान यावद्-अच्युतक, ग्रैवेयक तथा अनुत्तरौपपातिक-एओमांना कोण कोनाथी यावद्-विशेषाधिक छे? [उ०] हे गौतम! सर्वथी थोडा अनुत्तरौपपातिक भावदेवो छे,

For Private And Personal

ते करतां उपरना ग्रैवेयेक भावदेवो संख्यातगुण छे, ते करतां मध्यम ग्रैवेयक भावदेवो संख्यतगुण छे. तेथी अधस्तन ग्रैवेयक भावदेवो संख्यातगुण छे, ते करतां अच्युत कल्पना देवो संख्यातगुण छे, यावद्-आनतकल्पना देवो संख्यातगुण छे. ए प्रमाणे जेम जीवाभिगम'सूत्रमां त्रिविध जीवना अधिकारमां देवपुरुषोनुं अल्पबहुत्व कह्युं छे तेम अहीं पण यावद्-'ज्योतिष्क भावदेवो असंख्येयगुण छे' त्यां सुधी कहेवुं. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे' (एम कही-भगवान् गौतम यावद् विहरे छे.) ॥ ४६६ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १२ मा शतकमां नवमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## उद्देशक १०

कइविहा णं भंते! आया पण्णत्ता?, गोयमा! अट्ठविहा आया पण्णत्ता, तंजहा-दवियाया कसायाया जोगाया उवयोगाया णाणाया दंसणाया चरित्ताया वीरियाया ॥ जस्स णं भंते! दवियाया तस्स कसायाया जस्स कसायाया तस्स दवियाया?, गोयमा! जस्स दवियाया तस्स कसायाया सिय अत्थि सिय नत्थि, जस्स पुण कसायाया तस्स दवियाया नियमं अत्थि। जस्स णं भंते! दवियाया तस्स जोगाया? एवं जहा दवियाया कसायाया भणिया तहा दवियाया जोगाया य भाणियव्वा। जस्स णं भंते! दवियाया तस्स उवयोगाया एवं सव्वत्थ पुच्छा भाणियव्वा, गोयमा! जस्स दवियाया तस्स उवओगाया नियमं अत्थि, जस्सवि उवओगाया तस्सवि दवियाया नियमं अत्थि, जस्स दवियाया तस्स णाणाया भयणाए, जस्स पुण णाणाया तस्स दवियाया नियमं

अत्थि, जस्स दवियाया तस्स दंसणाया नियमं अत्थि, जस्सवि दंसणाया तस्स दवियाया नियमं अत्थि, जस्स दवियाया तस्स चरित्ताया भयणाए जस्स पुण चरित्ताया तस्स दवियाया नियमं अत्थि, एवं वीरियायाएवि समं।

[प्र०] हे भगवन् ! आत्मा केटला प्रकारना कह्या छे ? [उ०] हे गौतम ! आठ प्रकारना आत्मा छे, ते आ प्रमाणे-१ द्रव्यात्मा, २ कषायात्मा, ३ योगात्मा, ४ उपयोगात्मा, ५ ज्ञानात्मा, ६ दर्शनात्मा, ७ चारित्रात्मा अने ८ वीर्यात्मा. [प्र०] हे भगवन् ! जेने द्रव्यात्मा होय तेने शुं कषायात्मा होय अने जेने कषायात्मा होय तेने शुं द्रव्यात्मा होय ? [उ०] हे गौतम ! जेने द्रव्यात्मा होय तेने कषायात्मा कदाचित् होय अने कदाचित् न होय, पण जेने कषायात्मा होय, तेने तो अवश्य द्रव्यात्मा होय. [प्र०] हे भगवन् ! जेने द्रव्यात्मा होय तेने योगात्मा होय ? (अने जेने योगात्मा होय तेने द्रव्यात्मा होय ?) [उ०] ए प्रमाणे जेम द्रव्यात्मा अने कषायात्मानो संबन्ध कह्यो तेम द्रव्यात्म अने योगात्मानो संबन्ध कहेवो. [प्र०] हे भगवन् ! जेने द्रव्यात्मा होय तेने उपयोगात्मा होय ? (अने जेने उपयोगात्मा होय तेने द्रव्यात्मा होय ?) ए प्रमाणे सर्वत्र प्रश्न करवो. [उ०] हे गौतम ! जेने द्रव्यात्मा होय तेने उपयोगात्मा अवश्य होय, अने जेने उपयोगात्मा होय तेने पण द्रव्यात्मा अवश्य होय, जेने द्रव्यात्मा होय तेने ज्ञानात्मा भजनाए-विकल्पे होय, अने जेने ज्ञानात्मा होय तेने द्रव्यात्मा अवश्य होय. जेने द्रव्यात्मा होय तेने दर्शनात्मा अवश्य होय, जेने दर्शनात्मा होय तेने द्रव्यात्मा पण अवश्य होय, जेने द्रव्यात्मा होय तेने चारित्रात्मा भजनाए-विकल्पे होय, अने जेने चारित्रात्मा होय तेने द्रव्यात्मा अवश्य होय. ए प्रमाणे वीर्यात्मानी साथे पण संबन्ध कहेवो.

जस्स णं भंते ! कसायाया तस्स जोगाया पुच्छा, गोयमा ! जस्स कसायाया तस्स जोगाया नियमं अत्थि,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



जस्स पुण जोगाया तस्स कसायाया सिय अत्थि सिय नत्थि, एवं उवओगायाएवि समं कसायाया नेयव्वा, कसायाया य णाणाया य परोप्परं दोवि भइयव्वाओ, जहा कसायाया य उवओगाया य तहा कसायाया य दंसणाया य कसायाया य चरित्ताया य दोवि परोप्परं भइयव्वाओ, जहा कसायाया य जोगाया य तहा कसायाया य वीरियाया य भाणियव्वाओ, एवं जहा कसायायाए वत्तव्वया भणिया तहा जोगायाएवि उवरिमाहिं समं भाणियव्वाओ। जहा दवियायाए वत्तव्वया भणिया तहा उवओगायाएवि उवरिल्लाहिं समं भाणियव्वा। जस्स नाणाया तस्स दंसणाया नियमं अत्थि, जस्स पुण दंसणाया तस्स णाणाया भयणाए, जस्स नाणाया तस्स चरित्ताया सिय अत्थि सिय नत्थि, जस्स पुण चारित्ताया तस्स नाणाया नियमं अत्थि, णाणाया वीरियाया दोवि परोप्परं भयणाए। जस्स दंसणाया तस्स उवरिमाओ दोवि भयणाए, जस्स पुण ताओ तस्स दंसणाया नियमं अत्थि। जस्स चरित्ताया तस्स वीरियाया नियमं अत्थि, जस्स पुण वीरियाया तस्स चरित्ताया सिय अत्थि सिय नत्थि॥ एयासि णं भंते! दवियायाणं कसायायाणं जाव वीरियायाण य कयरे २ जाव विसेसा०? गोयमा! सव्वत्थोवाओ चरित्तायाओ नाणायाओ अणंतगुणाओ कसायाओ अणंत० जोगायाओ वि० वीरियायाओ वि० उवयोगदवियदंसणायाओ तिन्निवि तुल्लाओ वि०॥ ( सूत्रं ४६७ )

[प्र०] हे भगवन्! जेने कषायात्मा होय तेने शुं योगात्मा होय?—इत्यादि प्रश्न. [उ०] हे गौतम? जेने कषायात्मा होय तेने योगात्मा अवश्य होय, अने जेने योगत्मा होय तेने कदाचित् कषायात्मा होय अने कदाचित् न पण होय. ए प्रमाणे उपयोगात्मानी



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





साथे कषायात्मानो संबन्ध जाणवो. तथा कषायात्मा अने ज्ञानात्मा ए बन्ने परस्पर भजनाए-विकल्पे कहेवा. जेम कषायात्मा अने उपयोगात्मानो संबन्ध कह्यो तेम कषायात्मा अने दर्शनात्मानो संबन्ध कहेवो. तथा कषायात्मा अने चारित्रात्मा-ए बन्ने-परस्पर भजनाए कहेवा. जेम कषायात्मा अने योगात्मा कह्या, तेम कषायात्मा अनेवीर्यात्मा पण कहेवा. ए प्रमाणे जेम कषायात्मानी साथे इतर (छ) आत्मानी वक्तव्यता कही, तेम योगात्मानी साथे पण उपरना (पांच) आत्मानी वक्तव्यता कहेवी. जेम द्रव्यात्मानी वक्तव्यता कही तेम उपयोगात्मानी पण उपरना आत्माओनी साथे वक्तव्यता कहेवी. जेने ज्ञानात्मा होय तेने दर्शनात्मा अवश्य होय, अने जेने वळी दर्शनात्मा होय तेने ज्ञानात्मा भजनाए होय. जेने ज्ञानात्मा होय तेने चारित्रात्मा भजनाए होय-एटले कदाचिद् होय अने कदाचिद् न होय, वळी जेने चारित्रात्मा होय तेने ज्ञानात्मा अवश्य होय. तथा ज्ञानात्मा अने वीर्यात्मा ए बन्ने परस्पर भजनाए-विकल्पे होय. जेने दर्शनात्मा होय तेने उपरना चारित्रात्मा, वीर्यात्मा ए बन्ने भजनाए होय, वळी जेने ते बन्ने आत्मा होय तेने दर्शनात्मा अवश्य होय. जेने चारित्रात्मा होय तेने अवश्य वीर्यात्मा होय, वळी जेने वीर्यात्मा होय तेने चारित्रात्मा कदाचिद् होय अने कदाचिद् न होय. [प्र०] हे भगवन्! द्रव्यात्मा, कषायात्मा, यावद्-वीर्यात्मामां कया आत्मा कोनाथी यावद्-विशेषाधिक छे? [उ०] हे गौतम! १ सौथी थोडा चारित्रात्मा छे, २ ते करतां ज्ञानात्मा अनंत गुण छे, ३ तेथी कषायात्मा अनंतगुण छे, ४ ते करतां योगात्मा विशेषाधिक छे, ५ तेथी वीर्यात्मा विशेषाधिक छे, ६ तेकरतां उपयोगात्मा द्रव्यात्मा अने दर्शनात्मा-ए त्रणे विशेषाधिक छे अने परस्पर तुल्य छे. ॥ ४६७ ॥

आया भंते! नाणे अन्नाणे?, गोयमा! आया सिय नाणे सिय अन्नाणे, णाणे पुण नियमं आया ॥ आया

For Private And Personal

भंते! नेरइयाणं नाणे अन्ने नेरइयाणं नाणे?, गोयमा! आया नेरइयाणं सिय नाणे सिय अन्नाणे, नाणे पुण से नियमं आया, एवं जाव थणियकुमाराणं, आया भंते! पुढवि० अन्नाणे अन्ने पुढविकाइयाणं अन्नाणे?, गोयमा! आया पुढविकाइयाणं नियमं अन्नाणे अन्नाणेवि नियमं आया, एवं जाव वणस्सइका०, बेइंदियतेइंदिय जाव वेमाणियाणं जहा नेरइयाणं। आया भंते! दंसणे अन्ने दंसणे?, गोयमा! आया नियमं दंसणे दंसणेऽवि नियमं आया। आया भंते! नेर० दंसणे अन्ने नेरइयाणं दंसणे?, गोयमा! आया नेरइयाणं नियमा दंसणे दंसणेवि से नियमं आया एवं जाव वेमा० निरंतरं दंडओ ॥ (सूत्रं ४६८)॥

[प्र०] हे भगवन्! आत्मा ज्ञानस्वरूप छे के अज्ञानस्वरूप छे? [उ०] हे गौतम! आत्मा कदाचित् ज्ञानस्वरूप छे, अने कदाचित् अज्ञानस्वरूप छे. पण ज्ञान तो अवश्य आत्मस्वरूप छे. [प्र०] हे भगवन्! नैरयिकोनो आत्मा ज्ञानरूप छे. के अज्ञानरूप छे? [उ०] हे गौतम! नैरयिकोनो आत्मा कदाचिद् ज्ञानरूप छे, अने कदाचिद् अज्ञानरूप पण छे. परन्तु तेओनुं ज्ञान अवश्य आत्मरूप छे. ए प्रमाणे यावत्-स्तनितकुमारो सुधी जाणवुं. [प्र०] हे भगवन्! पृथ्वीकायिकोनो आत्मा ज्ञानरूप छे के अज्ञानरूप छे? [उ०] हे गौतम! पृथ्वीकायिकोनो आत्मा अवश्य अज्ञानरूप छे. अने तेओनुं अज्ञान पण अवश्य आत्मरूप छे. ए प्रमाणे यावद्-वनस्पतिकायिको सुधी जाणवुं. बेइन्द्रिय, त्रीन्द्रिय अने यावद्-वैमानिकोने नैरयिकोनी पेठे (सू० ८) जाणवुं. [प्र०] हे भगवन्! आत्मा दर्शनरूप छे के तेथी दर्शन बीजुं छे? [उ०] हे गौतम! आत्मा अवश्य दर्शनरूप छे अने दर्शन पण अवश्य आत्मा छे. [प्र०] हे भगवन्! नैरयिकोनो आत्मा दर्शनरूप छे? के नैरयिकोनुं दर्शन तेथी अन्य छे? [उ०] हे गौतम! नैरयिकोनो आत्मा अवश्य

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



दर्शनरूप छे, अने तेओनुं दर्शन पण अवश्य आत्मा छे. ए प्रमाणे यावद्-वैमानीको सुधी निरंतर (चोवीस) दंडक कहेवा. ॥ ४६८ ॥

आया भंते! रयणप्पभापु० अन्ना रयणप्पभा पुढवी?, गोयमा! रयणप्पभा पुढवी सिय आया सिय नो आया सिय अत्तव्वं आयाति य नो आयाइ य, से केणट्ठेणं भंते! एवं वुच्चइ रयणप्पभा पुढवी सिय आया सिय नो आया सिय अवत्तव्वं आतातिय नो आतातिय?, गोयमा! अप्पणो आदिट्ठे आया परस्स आदिट्ठे नो आया तदुभयस्स आदिट्ठे अवत्तव्वं रयणप्पभा पुढवी आयातिय नो आयाति य, से तेणट्ठेणं तं चेव जाव नो आयातिय। आया भंते! सक्करप्पभा पुढवी जहा रयणप्पभा पुढवी तहा सक्करप्पभाएवि, एवं जाव अहे सत्तमा। आया भंते! सोहम्मे कप्पे पुच्छा, गोयमा! सोहम्मे कप्पे सिय आया सिय नो आया जाव नो आयाति य, से केणट्ठेणं भंते! जाव नो आयातिय?, गोयमा! अप्पणो आइट्ठे आया परस्स आइट्ठे नो आया तदुभयस्स आइट्ठे अवत्तव्वं आताति य नो आताति य, से तेणट्ठेणं तं चेव जाव नो आयाति य, एवं जाव अच्चुए कप्पे।

[प्र०] हे भगवन्! रत्नप्रभापृथ्वी आत्मा-सत्स्वरूप छे के अन्य-असत्स्वरूप रत्नप्रभा पृथिवी छे? [उ०] हे गौतम! रत्नप्रभा पृथ्वी १ कथंचित् आत्मा-सद्रूप छे,२ कथंचित् नोआत्म-असद्रूप पण छे, अने ३ सद्रूपे अने असद्रूपे (उभयथा) कथंचित् अवक्तव्य-कहेवाने अशक्य छे. [प्र०] हे भगवन्! ए प्रमाणे शा हेतुथी कहो छो के, 'रत्नप्रभा पृथिवी कथंचिद् आत्मा-सद्रूप छे, कथंचित् नोआत्मा-असद्रूप छे, अने सद् अने असद्-ए उभयरूपे कथंचिद् अवक्तव्य छे'? [उ०] हे गौतम! रत्नप्रभा पृथिवी पोताना आदेशथी-स्वरूपथी आत्मा-विद्यमान छे, परना आदेशथी-पररूपे विवक्षाथी नोआत्मा-अविद्यमान छे, अने



For Private And Personal

उभयना आदेशथी-स्व अने परनी विवक्षाथी आत्मा-सद्रूपे अने नोआत्मा-असद्रूपे अवक्तव्य छे. ते हेतुथी पूर्व प्रमाणे कह्युं छे तेम आत्मा-सद् अने यावद्-नोआत्मा-असद्रूपे अवक्तव्य छे. [प्र०] हे भगवन्! शर्कराप्रभा पृथ्वी आत्मा-सद्रूप छे?-इत्यादि प्रश्न. [उ०] जेम रत्नप्रभा पृथ्वी कही तेम शर्कराप्रभा पृथ्वी संबंधे पण जाणवुं. ए प्रमाणे यावद्-अधःसप्तम पृथ्वी सुधी जाणवुं. [प्र०] हे भगवन्! सौधर्म देवलोक आत्मा-सद्रूप छे?-इत्यादि प्रश्न. [उ०] हे गौतम! सौधर्म कल्प १ कथंचित् आत्मा-सद्रूप छे, २ कथंचिद् नोआत्मा-असद्रूप छे, यावद्-आत्मा-सद् अने नोआत्मा-असद्रूपे कथंचिद् अवक्तव्य छे, [प्र०] हे भगवन्! ए प्रमाणे शा हेतुथी कहो छो के, 'ते यवद्-आत्मा अने नोआत्मारूपे अवक्तव्य छे? [उ०] हे गौतम! पोताना आदेशथी आत्मा-विद्यमान छे, परना आदेशथी नोआत्मा-अविद्यमान् छे, अने बन्नेना आदेशथी अवक्तव्य-आत्मा तथा नोआत्मा रूपे अवाच्य छे, माटे ते हेतुथी इत्यादि पूर्वोक्त यावद्-आत्मा तथा नोआत्मा रूपे अवक्तव्य छे. ए रीते यावद्-अच्युतकल्प पण जाणवी.

आया भंते! गेविज्जविमाणे अन्ने गेविज्जविमाणे एवं जहा रयणप्पभा तहेव, एवं अणुत्तरविमाणावि, एवं ईसिपब्भारावि। आया भंते! परमाणुपोग्गले अन्ने परमाणुपोग्गले? एवं जहा सोहम्मे कप्पे तहा परमाणुपोग्गलेवि भाणियव्वे॥ आया भंते! दुपएसिए खंधे अन्ने दुपएसिए खंधे?, गोयमा! दुपएसिए खंधे सिय आया १ सिय नो आया २ सिय अवत्तव्वं आयाइ य नो आयातिय ३ सिय आया य नो आया य ४ सिय आया य अवत्तव्वं आयाति य नो आयाति य ५ सिय नो आया य अवत्तव्वं आयाति य नो आयाति य ६, से केणट्ठेणं भंते! एवं तं चेव जाव नो आयाति य अवत्तव्वं आयाति य नो आयाति य गोयमा! अप्पणो आदिट्ठे आया १ परस्स

आदिट्ठे नो आया २ तदुभयस्स आदिट्ठे अवत्तव्वं दुपएसिए खंधे आयाति य नो आयाति य ३ देसे आदिट्ठे सब्भावपज्जवे देसे आदिट्ठे असब्भावपज्जवे दुप्पएसिए खंधे आया य नो आया य ४ देसे आदिट्ठे सब्भावपज्जवे देसे आदिट्ठे तदुभयपज्जवे दुपएसिए खंधे आया य अवत्तव्वं आयाइ य नो आयाइ य ५ देसे आदिट्ठे असब्भावपज्जये देसे आदिट्ठे तदुभयपज्जवे दुपएसिए खंधे नो आया य अवत्तव्वं आयाति य नो आयाति य ६ से तेणट्ठेणं तं चेव जाव नो आयाति य ॥

[प्र०] हे भगवन्! ग्रैवेयक विमान आत्मा-विद्यमान छे के तेथी अन्य (अविद्यमान) ग्रैवेयक विमान छे? [उ०] ए बधुं रत्नप्रभा पृथ्वीनी पेठे (सू० १२) जाणवुं, अने ते प्रमाणे अनुत्तर विमान तथा ईषत्प्राग्भारा पृथ्वी (सिद्धशिला) सुधी जाणवुं. [प्र०] हे भगवन्! एक परमाणुपुद्गल आत्मा-विद्यमान छे के तेथी अन्य (अविद्यमान) परमाणुपुद्गल छे? [उ०] हे गौतम! जेम सौधर्मकल्प संबन्धे कह्युं (सू० १४) तेम एक परमाणुपुद्गलसंबन्धे पण जाणवुं. [प्र०] हे भगवन्! द्विप्रदेशिक स्कंध आत्मा-विद्यमान छे के तेथी अन्य द्विप्रदेशिक स्कंध छे? [उ०] हे गौतम! द्विप्रदेशिक स्कंध १ कथंचित् आत्मा-विद्यमान छे, २ कथंचिद्-नोआत्मा-अविद्यमान छे, अने ३ आत्मा तथा नोआत्मा रूपे कथंचिद् अवक्तव्य छे, ४ कथंचिद् आत्मा छे, अने कथंचिद् नोआत्मा पण छे, ५ कथंचिद् आत्मा छे, अने आत्मा तथा नोआत्मा-ए उभयरूपे अवक्तव्य छे, ६ कथंचित् नोआत्मा छे, अने आत्मा अने नोआत्मा-उभयरूपे अवक्तव्य छे. [प्र०] हे भगवन्! ए प्रमाणे शा हेतुथी कहो छो के-इत्यादि पूर्वोक्त यावद्-आत्मा अने नोआत्मा-ए उभयरूपे अवक्तव्य छे? [उ०] हे गौतम! १ (द्विप्रदेशिक स्कंध) पोताना आदेशथी आत्मा छे, २ परना आदेशथी नोआत्मा छे,

३ उभयना आदेशथी आत्मा अने नोआत्मा-ए उभयरूपे अवक्तव्य छे, ४ एक देशनी अपेक्षाए सद्भावपर्यायनी विवक्षाथी अने एक देशनी अपेक्षाए असद्भावपर्यायनी विवक्षाथी द्विप्रदेशिक स्कंध आत्मा-विद्यमान, तथा नोआत्मा-अविद्यमान छे, ५ एक देशना आदेशथी सद्भावपर्यायनी अपेक्षाए अने एक देशना आदेशथी सद्भाव अने असद्भाव ए बन्ने पर्यायनी अपेक्षाए द्विप्रदेशिक स्कंध आत्मा-विद्यमान अने आत्मा तथा नोआत्मा ए उभयरूपे अवक्तव्य छे. ६ एक देशना आदेशथी असद्भावपर्यायनी अपेक्षाए अने एक देशना आदेशथी सद्भाव अने असद्भाव-ए बन्ने पर्यायनी अपेक्षाए ते द्विप्रदेशिक स्कंध नोआत्मा-अविद्यमान अने आत्मा तथा नोआत्मारूपे अवक्तव्य छे. ते हेतुथी ए प्रमाणे कह्युं छे के यावद्-नोआत्मा-अविद्यमान छे.'

आया भंते! तिपएसिए खंधे अन्ने तिपएसिए खंधे?, गोयमा! तिपएसिए खंधे सिय आया १ सिय नो आया२ सिय अवत्तव्वं आयाति य नो आयाति य३ सिय आया य नो आया य४ सिय आया य नो आयाओ य ५ सिय आयाओ य नो आया य ६ सिय आया य अवत्तव्वं आयाति य नो आयाति य ७ सिय आयाइय अवत्तव्वाइं आयाओ य नो आयाओ य ८ सिय आयाओ य अवत्तव्वं आयाति य नो आयाति य ९ सिय नो आया य अवत्तव्वं आयाति य नो आयाति य १० सिय आया य अवत्तव्वाइं आयाओ य नो आयाओ य ११ सिय नो आयाओ य अवत्तव्वं आयाइ य नो आयाइ य १२ सिय आया य नो आया य अवत्तव्वं आयाइ य नो आयाइ य १३ ॥

[प्र०] हे भगवन्! त्रिप्रदेशिक स्कंध आत्मा-विद्यमान छे के तेथी अन्य त्रिप्रदेशिक स्कंध छे? [उ०] हे गौतम! त्रिप्रदेशिक

स्कंध १ कथंचित् आत्मा-विद्यमान छे, २ कथंचिद् नोआत्मा-अविद्यमान छे, ३ आत्मा तथा नोआत्मा-ए उभयरूपे कथंचिद् अवक्तव्य छे, ४ कथंचिद् आत्मा तथा कथंचित् नोआत्मा छे, ५ कथंचिद् आत्मा तथा नोआत्माओ छे, (एकवचन अने बहुवचन.) ६ कथंचिद् आत्माओ अने नोआत्मा छे, (बहुवचन अने एकवचन.) ७ कथंचिद् आत्मा अने कथंचिद् आत्मा तथा नोआत्मा-ए उभयरूपे अवक्तव्य छे, ८ कथंचिद् आत्मा अने आत्माओ तथा नोआत्माओ-ए उभयरूपे अवक्तव्य छे. ९ कथंचिद् आत्माओ अने आत्मा तथा नोआत्मा-ए उभयरूपे अवक्तव्य छे, १० कथंचिद् नोआत्मा अने आत्मा तथा नोआत्मा-ए उभयरूपे अवक्तव्य छे, ११ कथंचित् नोआत्मा अने आत्माओ तथा नोआत्माओ-ए बन्ने रूपे अवक्तव्यो छे, १२ कथंचिद् नोआत्माओ अने आत्मा तथा नोआत्मा-ए उभयरूपे अवक्तव्य छे, १३ कथंचिद् आत्मा, नोआत्मा अने आत्मा तथा नोआत्मा-ए बन्नेरूपे अवक्तव्य छे.

से केणट्ठेणं भंते! एवं वुच्चइ तिपएसिए खंधे सिय आया एवं चेव उच्चारेयव्वं जाव सिय आया य नो आया य अवत्तव्वं आयाति य नो आयाति य?, गोयमा! अप्पणो आइट्ठे आया १ परस्स आइट्ठे नो आया २ तदुभयस्स आइट्ठे अवत्तव्वं आयाति य नो आयाति य ३ देसे आइट्ठे सब्भावपज्जवे देसे आदिट्ठे असब्भावपज्जवे तिपएसिए खंधे आया य नो आया य ४ देसे आदिट्ठे सब्भावपज्जवे देसा आइट्ठा असब्भावपज्जवे तिपएसिए खंधे आया य नो आयाओ य ५ देसा आदिट्ठा सब्भावपज्जवे देसे आदिट्ठे असब्भावपज्जवे तिपएसिए खंधे आयाओ य नो आया य ६ देसे आदिट्ठे सब्भावपज्जवे देसे आदिट्ठे तदुभयपज्जवे तिपएसिए खंधे आया य अवत्तव्वं आयाइ य नो आयाइ य ७ देसे आदिट्ठे सब्भावपज्जवे देसा आदिट्ठा तदुभयपज्जवा तिपएसिए खंधे आया य

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





अवत्तव्वाइं आयाओ य नो आयाओ य ८ देसा आदिट्ठा सब्भावपज्जवा देसे आदिट्ठे तदुभयपज्जवे तिपएसिए खंधे आयाओ य अवत्तव्वं आयाति य नो आयाति य ९ एए तिन्नि भंगा, देसे आदिट्ठे असब्भावपज्जवे देसे आदिट्ठे तदुभयपज्जवे तिपएसिए खंधे नो आया य अवत्तव्वं आयाइ य नो आयाति य १० देसे आदिट्ठे असब्भावपज्जवे देसा आदिट्ठा तदुभयपज्जवा तिपएसिए खंधे नो आया य अवत्तव्वाइं आयाओ य नो आयाओ य ११ देसा आदिट्ठा असब्भावपज्जवा देसे आदिट्ठे तदुभयपज्जवे तिपएसिए खंधे नो आयाओ य अवत्तव्वं आयाति य नो आयाति य १२ देसे आदिट्ठे सब्भावपज्जवे देसे आदिट्ठे असब्भावपज्जवे देसे आदिट्ठे तदुभयपज्जवे तिपएसिए खंधे आया य नो आया य अवत्तव्वं आयाति य नो आयाइ य १३ से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ तिपएसिए खंधे सिय आया तं चेव जाव नो आयाति य ॥

[प्र०] हे भगवन्! ए प्रमाणे शा हेतुथी कहो छो के, 'त्रिप्रदेशिक स्कंध कथंचिद् आत्मा छे-इत्यादि पूर्व प्रमाणे कहेवुं, यावद् कथंचिद् आत्मा, नोआत्मा अने आत्मा तथा नोआत्मारूपे अवक्तव्य छे? [उ०] हे गौतम! (त्रिप्रदेशिक स्कंध) पोताना आदेशथी १ आत्मा छे, २ परना-आदेशथी नोआत्मा छे, ३ उभयना आदेशथी आत्मा अने नोआत्मा-ए उभय रूपे अवक्तव्य छे, ४ एक देशना आदेशथी सद्भावपर्यायनी अपेक्षाए अने एक देशना आदेशथी असद्भावपर्यायनी अपेक्षाए त्रिप्रदेशिक स्कंध आत्मा अने नोआत्मारूप छे, ५ एक देशना आदेशथी सद्भावपर्यायनी अपेक्षाए अने देशोना आदेशथी असद्भावपर्यायनी अपेक्षाए ते त्रिप्रदेशिकस्कंध आत्मा तथा नोआत्माओ छे, ६ देशोना आदेशथी सद्भावपर्यायनी अपेक्षाए अने देशना आदेशथी असद्भाव-

For Private And Personal

र्यायनी अपेक्षाए त्रिप्रदेशिक स्कंध आत्माओ अने नोआत्मारूप छे, ७ देशना आदेशथी सद्भावपर्यायनी अपेक्षाए अने देशना आदेशथी उभय-सद्भाव तथा असद्भाव पर्यायनी अपेक्षाए ते त्रिप्रदेशिकस्कंध आत्मा अने आत्मा तथा नोआत्मा-ए उभयरूपे अवक्तव्य छे, ८ देशना आदेशथी सद्भावपर्यायनी अपेक्षाए अने देशोना आदेशथी उभयपर्यायनी विवक्षाए ते त्रिप्रदेशिक स्कंध आत्मा अने आत्माओ तथा नोआत्माओ-ए उभयरूपे अवक्तव्यो छे, ९ देशोना आदेशथी सद्भावपर्यायनी अपेक्षाए अने देशना आदेशथी तदुभयपर्यायनी अपेक्षाए ते त्रिप्रदेशिक स्कंध आत्माओ अने आत्मा तथा नोआत्मा ए उभयरूपे अवक्तव्य छे-ए त्रण भांगाओ जाणवा. १० देशना आदेशथी असद्भावपर्यायनी अपेक्षाए अने देशना आदेशथी उभयपर्यायनी अपेक्षाए ते त्रिप्रदेशिक स्कंध नोआत्मा अने आत्मा तथा नोआत्मा रूपे अवक्तव्य छे, ११ देशना आदेशथी असद्भावपर्यायनी अपेक्षाए अने देशोना आदेशथी तदुभयपर्यायनी अपेक्षाए ते त्रिप्रदेशिक स्कंध नोआत्मा अने आत्माओ तथा नोआत्मा-ए उभयरूपे अवक्तव्यो छे, १२ देशोना आदेशथी असद्भावपर्यायनी अपेक्षाए अने देशना आदेशथी तदुभयपर्यायनी अपेक्षाए ते त्रिप्रदेशिक स्कंध नोआत्मओ अने आत्मा तथा नोआत्मा उभयरूपे अवक्तव्य छे, १३ देशना आदेशथी सद्भावपर्यायनी अपेक्षाए, देशना आदेशथी असद्भावपर्यायनी अपेक्षाए अने देशना आदेशथी तदुभयपर्यायनी अपेक्षाए ते त्रिप्रदेशिक स्कंध ( कथंचिद् ) आत्मा, नोआत्मा अने आत्मा तथा नोआत्मा उभयरूपे अवक्तव्य छे. माटे हे गौतम! ते हेतुथी एम कह्युं छे के 'त्रिप्रदेशिक स्कंध कथंचिद्-आत्मा छे-इत्यादि यावद्-नो आत्मा छे-' त्यां सुधी बधुं कहेवुं.

आया भंते! चउप्पएसिए खंधे अन्ने पुच्छा, गोयमा! चउप्पएसिए खंधे सिय आया १ सिय नो आया २

सिय अवत्तव्वं आयाति य नो आयाति य ३ सिय आया य नो आया य ४ सिय आया य अवत्तव्वं ४ सिय नो आया य अवत्तव्वं ४ सिय आया य नो आया य अवत्तव्वं आयाति य नो आयाति य १६ सिय आया य नो आया य अवत्तव्वाइं आयाओ य नो आयाओ य १७ सिय आया य नो आयाओ य अवत्तव्वं आयाति य नो आयाति य १८ सिय आयाओ य नो आया य अवत्तव्वं आयाति य नो आयाति य १९।



[प्र०] हे भगवन्! चतुःप्रदेशिक स्कन्ध आत्मा विद्यमान छे के तेथी अन्य छे–इत्यादि प्रश्न. [उ०] हे गौतम! चतुःप्रदेशिक स्कन्ध १ कथंचिद् आत्मा छे, २ कथंचिद् नोआत्मा छे, ३ आत्मा अने नोआत्मा उभयरूपे कथंचिद् अवक्तव्य छे, ४-७ कथंचिद् आत्मा अने नोआत्मा छे ४, (एकवचन अने बहुवचनना चार भांगाओ) ८-११ कथंचिद् आत्मा अने अवक्तव्य छे, ४-१२-१५ कथंचिद् नोआत्मा अने अवक्तव्य छे ४, १६ कथंचिद् आत्मा अने नोआत्मा तथा आत्मा-नोआत्मारूपे अवक्तव्य छे, १७ कथंचिद् आत्मा, नोआत्मा अने आत्माओ तथा नोआत्मारूपे अवक्तव्यो छे, १८ कथंचित् आत्मा नोआत्माओ तथा आत्मा अने नोआत्मा उभयरूपे अवक्तव्य छे. १९ कथंचिद् आत्माओ, नोआत्मा तथा आत्मा अने अनात्मरूपे अवक्तव्य छे.

से केणट्ठेणं भंते! एवं वुच्चइ चउप्पएसिए खंधे सिय आया य नो आया य अवत्तव्वं तं चेव अट्ठे पडिउच्चारेयव्वं?, गोयमा! अप्पणो आदिट्ठे आया १ परस्स आदिट्ठे नो आया २ तदुभयस्स आदिट्ठे अवत्तव्वं आयाति य नो आयाति य ३ देसे आदिट्ठे सब्भावपज्जवे देसे आदिट्ठे असब्भावपज्जवे चउभंगो, सब्भावपज्जवेणं तदुभयेण य चउभंगो, असब्भावेणं तदुभयेण य चउभंगो, देसे आदिट्ठे सब्भावपज्जवे देसे आदिट्ठे असब्भावपज्जवे

देसे आदिट्ठे तदुभयपज्जवे चउप्पएसिए खंधे आया य नो आया य अवत्तव्वं आयाति य नो आयाति य, देसे आदिट्ठे सब्भावपज्जवे देसे आदिट्ठे असब्भावपज्जवे देसा आदिट्ठा तदुभयपज्जवा चउप्पएसिए खंधे भवइ आया य नो आया य अवत्तव्वाइं आयाओ य नो आयाओ य १७ देसे आदिट्ठे सब्भावपज्जवे देसा आदिट्ठा असब्भावपज्जवा देसे आदिट्ठे तदुभयपज्जवे चउप्पएसिए खंधे आया य नो आयाओ य अवत्तव्वं आयाति य नो आयाति य १७ देसा आइट्ठा सब्भावपज्जवा देसे आइट्ठे असब्भावप० देसे आइट्ठे तदुभयपज्जवे चउप्पएसिए खंधे आयाओ य नोआया य अवत्तव्वं आयाति य नो आयाति य १९ से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ चउप्पएसिए खंधे सिय आया सिय नो आया सिय अवत्तव्वं निक्खेवे ते चेव भंगा उच्चारेयव्वा जाव नो आयाति य ॥

[प्र०] हे भगवन्! शा हेतुथी एम कहेवाय छे के चतुःप्रदेशिक स्कन्ध कथंचित् आत्मा, नोआत्मा अने अवक्तव्य छे-इत्यादि पूर्व प्रमाणे अर्थनो पुनरुच्चार करी प्रश्न करवो. [उ०] हे गौतम! १ पोताना आदेशथी स्वरूपनी विवक्षाथी आत्मा छे, २ परना आदेशथी पररूपनी विवक्षाथी नोआत्मा छे, ३ तदुभयना आदेशथी आत्मा अने नोआत्मा ए उभयरूपे अवक्तव्य छे, ४ देशना आदेशथी सद्भावपर्यायनी अपेक्षाए अने देशना आदेशथी असद्भावपर्यायनी अपेक्षाए [एकवचन अने बहुवचनना] चार भांगा थाय छे, सद्भावपर्याय अने तदुभयनी अपेक्षाए चार भांगा थाय छे. तथा असद्भाव अने तदुभयनी अपेक्षाए पण चार भांगा थाय छे, तथा १६ देशना आदेशथी सद्भावपर्यायनी अपेक्षाए देशना आदेशथी असद्भावपर्यायनी अपेक्षाए अने देशना आदेशथी तदुभयपर्यायनी अपेक्षाए चतुष्प्रदेशिक स्कंध आत्मा, नोआत्मा अने आत्मा तथा नोआत्मा-ए उभयरूपे अवक्तव्य छे, १७ देशना

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





आदेशथी सद्भावपर्यायनी अपेक्षाए, देशना आदेशथी असद्भावपर्यायनी अपेक्षाए अने देशोना आदेशथी तदुभयपर्यायनी अपेक्षाए चतुष्प्रदेशिक स्कंध आत्मा, नोआत्मा अने आत्माओ तथा नोआत्माओरूपे अवक्तव्य छे, १८ देशना आदेशथी सद्भावपर्यायनी अपेक्षाए, देशोना आदेशथी असद्भावपर्यायनी अपेक्षाए अने देशोना आदेशथी तदुभयपर्यायनी अपेक्षाए चतुष्प्रदेशिक स्कंध आत्मा, नोआत्माओ अने आत्मा तथा नोआत्मा-उभयरूपे अव्यक्तव्य छे,१९ देशोना आदेशथी सद्भावपर्यायनी अपेक्षाए, देशना आदेशथी असद्भावपर्यायनी अपेक्षाए, अने देशना आदेशथी तदुभयपर्यायनी अपेक्षाए चतुष्प्रदेशिक स्कंध आत्माओ, नोत्मा अने आत्मा तथा नोआत्मारूपे अवक्तव्य छे. माटे हे गौतम! ते हेतुथी एम कहेवाय छे के, चतुष्प्रदेशिक स्कंध कथंचिद् आत्मा छे, कथंचिद् नोआत्मा छे अने कथंचित् अवक्तव्य छे, ए निक्षेपमां पूर्वोक्त भांगाओ यावद् "नो आत्मा छे" त्यांसुधी कहेवा.

आया भंते! पंचपएसिए खंधे अन्ने पंचपएसिए खंधे?, गोयमा! पंचपएसिए खंधे सिय आया १ सिय नो आया २ सिय अवत्तव्वं आयाति य नो आयाति य ३ सिय आया य नो आया य सिय अवत्तव्वं ४ नो आया य अवत्तव्वेण य ४ तियगसंजोगे एक्को ण पडइ, से केणट्ठेणं भंते! तं चेव पडिउच्चारेयव्वं?, गोयमा! अप्पणो आदिट्ठे आया १ परस्स आदिट्ठे नो आया २ तदुभयस्स आदिट्ठे अवत्तव्वं ३ देसे आदिट्ठे सब्भावपज्जवे देसे आदिट्ठे असब्भावपज्जवे एवं दुयगसंजोगे सव्वे पडंति, तियगसंजोगे एक्को ण पडइ। छप्पएसिए सव्वे पडंति, जहा छप्पएसिए एवं जाव अणंतपएसिए। सेवं भंते! सेवं भंतेत्ति जाव विहरति ॥(सूत्रं ४६९)॥ दसमो उद्देसो संमत्तो ॥ बारसमं सयं संमत्तं ॥ १२-१० ॥

[प्र०] हे भगवन्! पंचप्रदेशिक स्कंध आत्मा छे के तेथी अन्य पंचप्रदेशिक स्कंध छे? [उ०] हे गौतम! पंचप्रदेशिक स्कंध १ कथंचित् आत्मा छे, २ कथंचित् नोआत्मा छे, अने ३ आत्मा तथा नोआत्मारूपे कथंचित् अवक्तव्य छे, ४ कथंचित् आत्मा, नोआत्मा अने आत्मा अने अनात्मा उभयरूपे कथंचित् अवक्तव्य छे. नोआत्मा अने अवक्तव्यवडे ए प्रमाणे चार भांगा करवा. त्रिक संयोगमां (आठ भांगा थाय छे)एक आठमो भांगो उतरतो नथी, एटले सात भांगाओ थाय छे. (कुल मळीने बावीश भांगाओ थाय छे.) [प्र०] हे भगवन्! शा हेतुथी (पंचप्रदेशिक स्कन्ध आत्मा छे) इत्यादि पाठनो पुनः उच्चार करवो [उ०] हे गौतम! १ (पंचप्रदेशिक स्कन्ध) पोताना आदेशथी आत्मा छे, २ परना आदेशथी नोआत्मा छे, ३ तदुभयना आदेशथी अवक्तव्य छे, ४ देशना आदेशथी सद्भावपर्यायनी अपेक्षाए अने देशना आदेशथी असद्भावपर्यायनी अपेक्षाए कथंचित् आत्मा छे अने आत्मा नथी. ए प्रमाणे द्विकसंयोगमां सर्वे भांगा उपजे छे, मात्र त्रिकसंयोगमां (आठमो) एक भांगो उतरतो नथी. षट्प्रदेशिक स्कन्धने विषे सर्वे भांगाओ लागु पडे छे, जेम षट्प्रदेशिक स्कन्धने विषे कह्युं, तेम यावत् अनन्तप्रदेशिक स्कन्ध संबंधे जाणवुं, 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे' एम कही भगवान् गौतम यावद् विहरे छे. ॥ ४६९ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १२ मा शतकमां दशमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

॥ इति श्रीद्वादशशतक समाप्तः ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## शतक १३. ( उद्देशक १. )



पुढवी १ देव २ मणंतर ३ पुढवी ४ आहारमेव ५ उववाए ६ । भासा ७ कम्म ८ अणगारे केयाघडि या९ समुग्घाए १० ॥ ७३ ॥

[ उद्देशक संग्रह- ] १ नरक पृथ्वी विषे प्रथम उद्देशक, २ देवनी प्ररूपणा संबन्धे बीजो उद्देशक, ३ अनन्तराहार-उपपात क्षेत्रनी प्राप्ति समये तुरतज आहार करनारा-नारक संबन्धे त्रीजो उद्देशक, ४ पृथिवी-नारकपृथिवीनी वक्तव्यता प्रतिपादन करवा माटे चोथो उद्देशक, ५ आहार-नारकादिना आहारनी प्ररूपणा करवा माटे पांचमो उद्देशक, ६ उपपात-नारकादिना उपपात संबन्धे छट्ठो उद्देशक, ७ भाषा संबन्धे सातमो उद्देशक, ८ कर्मनी प्ररूपणा करवा माटे आठमो उद्देशक, ९ अनगार-भावितात्मा अनगार वैक्रिय लब्धिना सामर्थ्यथी केयाघडिया-हाथमां दोरडाथी बांधेली घटीका लइने [ एवारूपे ] आकाशमां गमन करी शके-इत्यादिक अर्थनुं प्रतिपादन करवा माटे नवमो उद्देशक, १० अने समुद्घातनुं प्रतिपादन करवा माटे दशमो उद्देशक-ए प्रमाणे तेरमा शतकने विषे दश उद्देशको कहेवामां आवशे.

रायगिहे जाव एवं वयासी—कति णं भंते ! पुढवीओ पन्नत्ताओ ?, गोयमा ! सत्त पुढवीओ पन्नत्ताओ, तंजहा-रयणप्पभा जाव अहेसत्तमा । इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए केवतिया निरयावाससयसहस्सा पण्णत्ता ?, गोयमा ! तीसं निरयावाससयसहस्सा पन्नत्ता, ते णं भंते ! किं संखेज्जवित्थडा असंखेज्जवित्थडा?,

For Private And Personal

गोयमा ! संखेज्जवित्थडावि असंखेज्जवित्थडावि, इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु एगसमएणं केवतिया नेरइया उववज्जंति १ ? केवतिया काउलेस्सा उववज्जंति २ ? केवइया कण्हपक्खिया उववज्जंति ३ ? केवतिया सुक्कपक्खिया उववज्जंति ४ ? केवतिया सन्नी उववज्जंति ५ ? केवतिया असन्नी उववज्जंति ६ ? केवतिया भवसिद्धीया उव० ७ ? केवतिया अभवसिद्धीया उवव० ८ ? केवतिया आभिणिबोहियनाणी उव० ९ ? केवइया सुयनाणी उव० १० ? केवइया ओहिनाणी उववज्जंति ११ ? केवइया मइअन्नाणी उवव० १२ ? केवइया सुयअन्नाणी उव० १३ ? केवइया विब्भंगनाणी उवव० १४ ? केवइया चक्खुदंसणी उव० १५ ?

[प्र०] राजगृह नगरमां [भगवान् गौतम] यावत्-ए प्रमाणे बोल्या के-हे भगवन् ! केटली नरक पृथिवीओ कहेली छे ? [उ०] हे गौतम ! सात नरकपृथिवीओ कहेली छे, ते आ प्रमाणे-१ रत्नप्रभा, यावत् ७ अधः सप्तमनरकपृथिवी. [प्र०] हे भगवन् ! आ रत्नप्रभा नरकपृथिवीने विषे केटला लाख नरकावासो कहेला छे ? [उ०] हे गौतम ! त्रीश लाख नरकावासो कहेला छे. [प्र०] हे भगवन् ! ते नरकावासो संख्याता योजन विस्तारवाळा छे के असंख्याता योजन विस्तारवाळा छे ? [उ०] हे गौतम ! संख्याता योजन विस्तारवाळा पण छे अने असंख्याता योजन विस्तारवाळा पण छे. [प्र०] हे भगवन् ! आ रत्नप्रभापृथिवीना त्रीश लाख नरकावासोमांना संख्यातायोजनविस्तारवाळा नरकावासोने विषे एक समये १ केटला नारक जीवो उत्पन्न थाय, २ केटला कापोतलेश्यावाळा उत्पन्न थाय, ३ केटला कृष्णपाक्षिकजीवो उत्पन्न थाय, ४ केटला शुक्लपाक्षिक जीवो उत्पन्न थाय, ५ केटला संज्ञी जीवो उत्पन्न थाय, ६ केटला असंज्ञी जीवो उत्पन्न थाय, ७ केटला भवसिद्धिक जीवो उत्पन्न थाय, ८ केटला अभवसिद्धिक जीवो

उत्पन्न थाय, ९ केटला आभिनिबोधिकज्ञानी-मतिज्ञानी उत्पन्न थाय, १० केटला श्रुतज्ञानी उत्पन्न थाय, ११ केटला अवधिज्ञानी उत्पन्न थाय, १२ केटला मतिअज्ञानी उत्पन्न थाय, १३ केटला श्रुतअज्ञानी उत्पन्न थाय, १४ केटला विभंगज्ञानी उत्पन्न थाय, १५ केटला चक्षुदर्शनी उत्पन्न थाय,



केवइया अचक्खुदंसणी उवव० १६? केवइया ओहिंदसणी उवव० १७? केवइया आहारसन्नोवउत्ता उवव० १८? केवइया भयसन्नोवउत्ता उव० १९? केवइया मेहुणसन्नोवउत्ता उवव २०? केवइया परिग्गहसन्नोव-उत्ता उवव० २१? केवइया इत्थिवेयगा उवव० २२? केवइया पुरिसवेदगा उवव० २३? केवइया नपुंसगवेदगा उवव० २४? केवइया कोहकसाई उवव० २५? जाव केवइया लोभकसायी उवव० २८? केवइया सोइंदियउवउत्ता उव० २९? जाव केवइया फासिंदियोवउत्ता उव० ३३? केवइया नोइंदियोवउत्ता उव० ३४? केवतिया मणजोगी उवव० ३५? केवतिया वइजोगी उवव० ३६? केवतिया कायजोगी उवव० ३७? केवतिया सागारोवउत्ता उव-व० ३८? केवतिया अणागारोवउत्ता उवव० ३९?,

१६ केटला अचक्षुदर्शनी उत्पन्न थाय, १७ केटला अवधिदर्शनी उत्पन्न थाय, १८ केटला आहारसंज्ञाना उपयोगवाळा जीव उत्पन्न थाय, १९ केटला भयसंज्ञाना उपयोगवाळा उत्पन्न थाय, २० केटला मैथुनसंज्ञाना उपयोगवाळा उत्पन्न थाय, २१ केटला परिग्रह संज्ञाना उपयोगवाळा उत्पन्न थाय, २२ केटला स्त्रीवेदी जीव उत्पन्न थाय, २३ केटला पुरुषवेदी उत्पन्न थाय, २४ केटला नपुंसकवेदी उत्पन्न थाय, २५ केटल क्रोधकषायवाळा जीव उत्पन्न थाय, यावत्-२८ केटला लोभकषायवाळा उत्पन्न थाय, २९

केटला श्रोत्रेन्द्रियना उपयोगवाळा उत्पन्न थाय, यावत् ३३ केटला स्पर्शनेन्द्रियना उपयोगवाळा उत्पन्न थाय, ३४ केटला नोइन्द्रिय (मन)ना उपयोगवाळा उत्पन्न थाय, ३५ केटला मनयोगी उत्पन्न थाय, ३६ केटला वचनयोगी उत्पन्न थाय, ३७ केटला काययोगी उत्पन्न थाय, ३८ केटला साकारोपयोगवाळा उत्पन्न थाय, अने ३९ केटला अनाकारोपयोगवाळा उत्पन्न थाय ?

गोयमा! इमीसे णं रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा नेरइया उ०, जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्को० संखेज्जा काउलेस्सा उव०, जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा कण्हपक्खिया उव०, एवं सुक्कपक्खियावि, एवं सन्नी एवं असन्नीवि एवं भवसिद्धीया एवं अभवसिद्धिया आभिणिबोहियना० सुयना० ओहिना० मइअन्नाणी सुयअन्नाणी विभंगना०, चक्खुदंसणी ण उवव०, जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसे० संखे० अचक्खुदंसणी उवव०, एवं ओहिदंसणीवि आहारसन्नोवउत्तावि जाव परिग्गहसन्नोवउ०, इत्थीवेयगा न उव० पुरिसवेयगावि न उव०, जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा नपुंसगवेदगा उवव० एवं कोहकसाई जाव लोभ०, सोइंदियउवउत्ता न उवव० एवं जाव फासिंदिओवउत्ता न उवव०, जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा नोइंदिओवउत्ता उववज्जंति, मणजोगी ण उववज्जंति एवं वइजोगीवि, जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा कायजोगी उववज्जंति, एवं सागारोवउत्तावि, एवं अणागारोवउत्तावि ॥

[उ०] हे गौतम! आ रत्नप्रभापृथिवीना त्रीश लाख नरकावासोमांना संख्याता योजनना विस्तारवाळा नरकावासोने विषे १

जघन्यथकी एक, बे के त्रण अने उत्कृष्टथी संख्याता नारको उत्पन्न थाय छे, २ जघन्यथी एक बे के त्रण, अने उत्कृष्टथी संख्याता कापोतलेश्यावाळा उत्पन्न थाय छे, कारणके प्रथम नरकपृथिवीमां कापोतलेश्या होय छे. ३ जघन्यथी एक, बे के त्रण अने उत्कृष्टथी संख्याता कृष्णपाक्षिक जीवो उत्पन्न थाय छे, ए प्रमाणे शुक्लपाक्षिक संबंधे पण जाणवुं, ए रीते संज्ञी अने असंज्ञीने पण कहेवुं, ए प्रमाणे भवसिद्धिक अने अभवसिद्धिक जीवो पण जाणवा. मतिज्ञानी, श्रुतज्ञानी, अवधिज्ञानी, मतिअज्ञानी, श्रुतअज्ञानी, विभंगज्ञानी ए सर्व ए प्रमाणेज उत्पन्न थाय छे. चक्षुदर्शनवाळा जीवो उत्पन्न थता नथी. जघन्यथी एक, बे अथवा त्रण अने उत्कृष्टथी संख्याता अचक्षुदर्शनवाळा जीवो उत्पन्न थाय छे. (कारणके उत्पत्ति समये सामान्य उपयोगरूप अचक्षुदर्शन छे.) एम अवधिदर्शनवाळा पण जाणवा. ए रीते आहार संज्ञाना उपयोगवाळा अने यावत् परिग्रह संज्ञाना उपयोगवाळा पण ए प्रमाणे उत्पन्न थाय छे. स्त्रीवेदवाळा अने पुरुषवेदवाळा जीवो ( भवप्रत्यय नपुंसकवेद होवाथी ) उत्पन्न थता नथी. जघन्यथकी एक, बे के त्रण अने उत्कृष्टथी संख्याता नपुंसकवेदी उत्पन्न थाय छे. ए प्रमाणे क्रोधकषायी, अने यावत् लोभकषायी जाणवा. श्रोत्रेन्द्रियना उपयोगवाळा उत्पन्न थता नथी, अने यावत् स्पर्शनेन्द्रियना उपयोगवाळा पण उत्पन्न थता नथी. जघन्यथी एक, बे के त्रण अने उत्कृष्टथी संख्याता नोइंद्रियना उपयोगवाळा उत्पन्न थाय छे. मनयोगी अने वचनयोगी उत्पन्न थता नथी. जघन्यथी एक, बे अने त्रण तथा उत्कृष्टथी संख्याता काययोगवाळा उत्पन्न थाय छे. ए प्रमाणे साकारोपयोगवाळा अने ए रीते अनाकारोपयोगवाळा पण उत्पन्न थाय छे.

इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु एगसमएणं

केवइया नेरइया उववट्टंति ? केवतिया काउलेस्सा उववट्टंति ? जाव केवतिया अणागारोवउत्ता उव्वट्टंति ?, गोयमा ! इमीसे णं रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु एगसमएणं जहन्नेणं एको वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा नेरइया उववट्टंति, एवं जाव सन्नी, असन्नी ण उव्वट्टंति, जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा भवसिद्धीया उव्वट्टंति एवं जाव सुयअन्नाणी, विभंगनाणी ण उववट्टंति, चक्खुदंसणी ण उववट्टंति, जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा अचक्खुदंसणी उव्वट्टंति, एवं जाव लोभकसायी, सोइंदियउवउत्ता ण उव्वट्टंति एवं जाव फासिंदियोवउत्ता न उव्वट्टंति, जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा नोइंदियोवउत्ता उव्वट्टंति, मणजोगी न उव्वट्टंति एवं वइजोगीवि, जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा कायजोगी उव्वट्टंति एवं सागारोवउत्ता अणागारोवउत्ता ॥

[प्र०] हे भगवन् ! आ रत्नप्रभापृथिवीना त्रीश लाख नरकावासोमांना संख्यातायोजन विस्तारवाळा नरकावासोने विषे एक समयमां केटला नारक जीवो उद्वर्ते-मरण पामे, केटला कापोतलेश्यावाळा उद्वर्ते, यावत्-केटला अनाकारोपयोगवाळा उद्वर्ते ? [उ०] हे गौतम ! आ रत्नप्रभा पृथिवीना त्रीश लाख नरकावासोमांना संख्याता योजन विस्तारवाळा नरकावासोमां एक समये जघन्यथी एक, बे के त्रण अने उत्कृष्टथी संख्याता नारको उद्वर्ते, जघन्यथी एक, बे के त्रण अने उत्कृष्टथी संख्याता कापोतलेश्यावाळा उद्वर्ते, ए प्रमाणे यावत्-संज्ञी जीवो सुधी उद्वर्तना जाणवी. असंज्ञी जीवो उद्वर्तता नथी. भवसिद्धिक जीवो जघन्यथी एक, बे के त्रण अने उत्कृष्टथी संख्याता उद्वर्ते छे. ए प्रमाणे-यावत् श्रुतअज्ञानी सुधी जाणवुं. विभंगज्ञानी अने चक्षुदर्शनी उद-

वर्तता नथी. जघन्यथी एक, बे के त्रण अने उत्कृष्टथी संख्याता अचक्षुदर्शनी उद्वर्ते छे. ए प्रमाणे यावत् लोभकषायी जीवो सुधी जाणवुं. श्रोत्रेन्द्रियना उपयोगवाळा उद्वर्तता नथी. ए प्रमाणे यावत्-स्पर्शनेन्द्रियना उपयोगवाळा पण उद्वर्तता नथी. जघन्यथी एक, बे के त्रण अने उत्कृष्टथकी संख्याता नोइन्द्रियना उपयोगवाळा उद्वर्ते छे. मनयोगी उद्वर्तता नथी. ए प्रमाणे वचनयोगी पण उद्वर्तता नथी. काययोगी जघन्यथी एक, बे के त्रण अने उत्कृष्टथी संख्याता उद्वर्ते छे. ए प्रमाणे साकारोपयोगवाळा अने अनाकारोपयोगवाळा पण जाणवा. (ए प्रमाणे नारक जीवोने विषे उद्वर्तनानुं परिमाण कह्युं.)

इमीसे णं भंते! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु केवइया नेरइया पन्नत्ता? केवइया काउलेस्सा जाव केवतिया अणागारोवउत्ता पन्नत्ता? केवतिया अणंतरोववन्नगा पन्नत्ता १? केवइया परंपरोववन्नगा पन्नत्ता २? केवइया अणंतरोगाढा पन्नत्ता ३? केवइया परंपरोगाढा प० ४? केवइया अणंतराहारा पं० ५? केवतिया परंपराहारा पं० ६? केवतिया अणंतरपज्जत्ता प० ७? केवतिया परंपरपज्जत्ता पन्नत्ता ८? केवतिया चरिमा प० ९? केवतिया अचरिमा पं० १०?, गोयमा! इमीसे रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु संखेज्जा नेरतिया प० संखेज्जा काउलेसा प० एवं जाव संखेज्जा सन्नी प०, असन्नी सिय अत्थि सिय नत्थि, जइ अत्थि जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा प०, संखेज्जा भवसिद्धीया प० एवं जाव संखेज्जा परिग्गहसन्नोवउत्ता प० इत्थिवेदगा नत्थि, पुरिसवेदगा नत्थि, संखेज्जा नपुंसगवेदगा प०, एवं कोहकसायीवि माणकसाई जहा असन्नी, एवं जाव लोभक०, संखेज्जा सोइं-

दियोवउत्ता प० एवं जाव फासिंदियोवउत्ता, नोइंदियोवउत्ता जहा असन्नी, संखेज्जा मणजोगी प० एवं जाव अणागारोवउत्ता, अणंतरोववन्नगा सिय अत्थि सिय नत्थि, जइ अत्थि जहा असन्नी, संखेज्जा परंपरोववन्न० प०, एवं जहा अणंतरोववन्नगा तहा अणंतरोगाढगा अणंतराहारगा अणंतरपज्जत्तगा, परंपरोगाढगा जाव अचरिमा जहा परंपरोववन्नगा ॥

[प्र०] हे भगवन्! आ रत्नप्रभापृथिवीना त्रीश लाख नरकावासोमांना संख्याता योजन विस्तारवाळा नरकावासोने विषे १ केटला नारक जीवो कहेला छे? २ केटला कापोतलेश्यावाळा, यावत्-३९ केटला अनाकारोपयोगवाळा कहेला छे. १ केटला अनन्तरोपपन्न-प्रथम समये उत्पन्न थयेला होय छे, अने केटला परंपरोपन्न-उत्पत्ति समयनी अपेक्षाए बे इत्यादि समयोने विषे उत्पन्न थयेला होय छे. केटला अनंतरावगाढ-विवक्षित क्षेत्रने विषे प्रथम समयमां रहेला छे, केटला परंपरावगाढ-विवक्षित क्षेत्रमां द्वितीयादि समयने विषे रहेला छे, केटला अनंतराहार-प्रथम समये आहार करवावाळा छे, केटला परंपराहार-द्वितीयादि समये आहार करवावाळा छे, केटला अनन्तरपर्याप्ता-प्रथम समये पर्याप्ता होय छे, अने केटला परंपरपर्याप्ता-द्वितीयादि समये पर्याप्ता होय छे, केटला चरम-जेने छेल्लो तेज नारकभव बाकी छे एवा होय छे, अथवा केटला नारकभवना चरम छेल्ले समये वर्ते छे, १० अने केटला अचरम-चरमथको विपरीत होय छे? [उ०] हे गौतम! आ रत्नप्रभापृथिवीना त्रीश लाख नरकावासोमांना संख्याता योजन विस्तारवाळा नरकावासोने विषे १ संख्याता नारक जीवो कहेला छे, २ संख्याता कापोतलेश्यावाळा कहेला छे, ए प्रमाणे यावत्-संख्याता संज्ञी जीवो कहेला छे. असंज्ञी जीवो कदाचित् होय छे अने कदाचित् होता नथी. जो होय छे तो जघन्यथी एक, बे के

त्रण अने उत्कृष्टथी संख्याता होय छे, संख्याता भवसिद्धिक जीवो कहेला छे, ए प्रमाणे यावत् संख्याता परिग्रहसंज्ञाना उपयोगवाळा कहेला छे; स्त्रीवेदी नथी अने पुरुषवेदी पण नथी, नपुंसकवेदी संख्याता होय छे. ए प्रमाणे क्रोधकषायी पण संख्याता होय होय छे. मानकषायी असंज्ञीनी पेठे (कदाचिद् होय छे अने कदाचिद् होता नथी.) ए प्रमाणे यावत्-(मायाकषायी अने) लोभकषायी जाणवा. संख्याता श्रोत्रेन्द्रियना उपयोगवाळा कह्या छे, ए प्रमाणे यावत्-स्पर्शनेन्द्रियना उपयोगवाळा कह्या छे, नोइंद्रियना उपयोगवाळा असंज्ञीनी पेठे जाणवा, संख्याता मनोयोगी कहेला छे, अने ए प्रमाणे यावत् ( संख्याता ) ३९ अनाकारोपयोगी जाणवा. अनंतरोपपन्न-प्रथम समये उत्पन्न थवावाळा नारको कदाचित् होय छे अने कदाचित् होता नथी. जो होय तो ते असंज्ञीनी पेठे जाणवा. संख्याता परंपरोपपन्न-द्वितीयादि समये उत्पन्न थयेला जाणवा. ए प्रमाणे जेम अनंतरोपपन्न कह्या तेम अनंतरावगाढ अनंतराहारक, अनन्तरापर्याप्तक अने चरम-जेने छेल्लोज नारक भव बाकी छे ते अथवा नारकभवने छेल्ले समये वर्तता-जाणवा. परंपरावगाढ, यावत्-अचरम सुधी जेम परंपरोपपन्न कह्या तेम कहेवा. ( ए प्रमाणे संख्याता योजन विस्तारवाळा नरकावासनी वक्तव्यता कही. )

इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु असंखेज्जवित्थडेसु एगसमएणं केवतिया नेरइया उववज्जंति जाव केवतिया अणागारोवउत्ता उववज्जंति ?, गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु असंखेज्जवित्थडेसु नरएसु एगसमएणं जह० एक्को वा दो वा तिन्नि वा उक्को० असंखेज्जा नेरइया उवव०, एवं जहेव संखेज्जवित्थडेसु तिन्नि गमगा तहा असंखेज्जवित्थडेसुवि तिन्नि गमगा, नवरं

असंखेज्जा भा०, सेसं तं चेव जाव असंखेज्जा अचरिमा प०, नाणत्तं लेस्सासु, लेसाओ जहा पढमसए नवरं संखेज्जवित्थडेसुवि असंखेज्जवित्थडेसुवि ओहिनाणी ओहिदंसणी य संखेज्जा उव्वट्टावेयव्वा, सेसं तं चेव ॥



[प्र०] हे भगवन्! आ रत्नप्रभापृथिवीना त्रीशलाख नरकावासोमांना असंख्यात योजन विस्तारवाळा नरकावासोने विषे एक समये केटला नारको उत्पन्न थाय, यावत्–केटला अनाकारोपयोगवाळा उत्पन्न थाय? [उ०] हे गोतम! आ रत्नप्रभापृथ्वीना त्रीशलाख नरकावासोमांना असंख्यातयोजन विस्तारवाळा नरकावासोने विषे एक समये जघन्यथी एक, बे के त्रण अने उत्कृष्टथी असंख्याता नारको उत्पन्न थाय छे, ए प्रमाणे जेम संख्याता विस्तारवाळा नरकने विषे (उत्पाद, च्यवन अने सत्ता) ए त्रण आलापक कह्या तेम असंख्यातयोजन विस्तारवाळा नरकावासोने विषे पण त्रण आलापक कहेवा, परन्तु अहिं 'असंख्याता' एवो पाठ कहेवो. बाकी बधुं पूर्व पेठे जाणवुं, यावत् 'असंख्याता अचरम नारको कहेला छे'–त्यांसुधी कहेवुं. लेश्याने विषे विशेषता छे. अने ते लेश्याओ प्रथम शतकमां कह्या प्रमाणे जाणवी. परन्तु एटलो विशेष छे के संख्यात योजन विस्तारवाळा अने असंख्यात योजन विस्तारवाळा नरकावासोने विषे अवधिज्ञानी अने अवधिदर्शनी संख्याताज च्यवे छे,–एम कहेवुं, बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं.

सक्करप्पभाए णं भंते! पुढवीए केवतिया निरयावास० पुच्छा, गोयमा! पणवीसं निरयावाससयसहस्सा पण्णत्ता, ते णं भंते! किं संखेज्जवित्थडा असंखेज्जवित्थडा एवं जहा रयणप्पभाए तहा सक्करप्पभाएवि, नवरं असन्नी तिसुवि गमएसु न भन्नति, सेसं तं चेव। वालुयप्पभाए णं पुच्छा, गोयमा! पन्नरस निरयावाससयसहस्सा प० सेसं जहा सक्करप्पभाए, णाणत्तं लेसासु, लेसाओ जहा पढमसए॥ पंकप्पभाए पुच्छा, गोयमा! दस

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





निरयावास०, एवं जहा सक्करप्पभाए, नवरं ओहिनाणी ओहिदंसणी य न उव्वट्टंति, सेसं तं चेव ॥ धूमप्पभाए णं पुच्छा, गोयमा ! तिन्नि निरयावाससयसहस्सा एवं जहा पंकप्पभाए ॥ तमाए णं भंते ! पुढवीए केवतिया निरयावास० पुच्छा, गोयमा ! एगे पंचूणे निरयावाससयसहस्से पण्णत्ते, सेसं जहा पंकप्पभाए ॥

[प्र०] हे भगवन् ! शर्कराप्रभा नरक पृथिवीने विषे केटला नरकावासो होय छे-ते संबन्धे प्रश्न. [उ०] हे गौतम ! पचीश लाख नरकावासो होय छे. [प्र०] हे भगवन् ! ते नरकावासो शुं संख्यातयोजनविस्तारवाळा होय के असंख्यातयोजनविस्तारवाळा होय ? [उ०] ए प्रमाणे जेम रत्नप्रभा संबन्धे कह्युं तेम शर्कराप्रभा संबन्धे जाणवुं, परन्तु ( उत्पाद, उद्वर्तना अने सत्ता ) ए त्रणे आलापकने विषे असंज्ञी न कहेवा ( कारण के असंज्ञी प्रथम नरकपृथिवीने विषेज उपजे छे. ) बाकी बधुं पूर्व पेठे जाणवुं. [प्र०] वालुकाप्रभा संबन्धे प्रश्न. [उ०] हे गौतम ! पंदरलाख नरकावासो कह्या छे, बाकी बधुं शर्कराप्रभानी पेठे जाणवुं. पण लेश्याने विषे विशेषता छे, अने ते प्रथम शतकमां कह्या प्रमाणे जाणवी. [प्र०] हे भगवन् ! पंकप्रभा नरकने विषे केटला नरकावासो कह्या छे ? इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! दश लाख नरकावासो कह्या छे. ए प्रमाणे जेम शर्कराप्रभा संबन्धे कह्युं. तेम अहिं पण जाणवुं. परन्तु अहिंथी अवधिज्ञानी अने अवधिदर्शनी च्यवता नथी, बाकी बधुं पूर्वनी पेठे जाणवुं. [प्र०] हे भगवन् ! धूमप्रभा संबन्धे प्रश्न. [उ०] हे गौतम ! त्रण लाख नरकावासो कह्या छे, ए प्रमाणे जेम पंकप्रभा संबन्धे कह्युं छे तेम अहिं जाणवुं. [प्र०] हे भगवन् ! तमा नरकपृथिवीने विषे केटला नरकावासो कह्या छे ?-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! पांच न्यून एक लाख नरकावासो कह्या छे. बाकी बधुं पंकप्रभा पेठे जाणवुं.

For Private And Personal

अहेसत्तमाए णं भंते! पुढवीए कति अणुत्तरा महतिमहालया महानिरया पन्नत्ता ?, गोयमा! पंच अणुत्तरा जाव अपइट्ठाणे, ते णं भंते! किं संखेज्जवित्थडा असंखेज्जवित्थडा ?, गोयमा! संखेज्जवित्थडे य असंखेज्जवित्थडा य, अहेसत्तमाए णं भंते! पुढवीए पंचसु अणुत्तरेसु महतिमहालय जाव महानिरएसु संखेज्जवित्थडे नरए एगसमएणं केवतिया उ०?, एवं जहा पंकप्पभाए, नवरं तिसु नाणेसु न उवव० न उव्वट्टं०, पन्नत्ता एसु तहेव अत्थि, एवं असंखेज्जवित्थडेसुवि नवरं असंखेज्जा भाणियव्वा ॥ ( सूत्रं ४७० ) ॥

[प्र०] हे भगवन्! अधःसप्तम नरकपृथिवीने विषे अनुत्तर अने अत्यंत मोटा एवा केटला महानरकावासो कह्या छे? [उ०] हे गौतम! अनुत्तर अने मोटा पांच नरकावासो कह्या छे. यावत्-(१काल, २महाकाल, ३रोर, ४महारोर, अने) ५अप्रतिष्ठान. [प्र०] हे भगवन्! ते नरकावासो शुं संख्यातयोजनना विस्तारवाळा छे के असंख्यातयोजनना विस्तारवाळा छे? [उ०] हे गौतम! वचेनो अप्रतिष्ठान नरकावास संख्यातयोजनना विस्तारवाळो छे अने बीजा असंख्यातयोजनना विस्तारवाळा छे. [प्र०] हे भगवन्! अधःसप्तम नरकपृथिवीना पांच अनुत्तर अने अत्यंत मोटा यावत्-महानरकावासोमांना संख्यात योजन विस्तारवाळा नरकावासने विषे एक समये केटला नारको उत्पन्न थाय-इत्यादि प्रश्न. [उ०] जेम पंकप्रभाने विषे कह्युं तेम अहिं जाणवुं; परंतु एटलुं विशेष छे के अहिं त्रण ज्ञानसहित उत्पन्न थता नथी, (केमके सम्यक्त्वभ्रष्टज अहिं उपजे छे.) तेम च्यवता पण नथी. तो पण ए पांच नरकावासोमां ए प्रमाणे-प्रथमादि नरकपृथिवीनी जेम त्रण ज्ञानवाळा होय छे. ए प्रमाणे असंख्यातयोजनविस्तारवाळा नरकावासोने विषे पण जाणवुं, परन्तु त्यां 'असंख्याता' एवो पाठ कहेवो. ॥ ४७० ॥

इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवि० नरएसु किं सम्मद्दिट्ठी नेरतिया उवव० मिच्छादिट्ठी ने० उव० सम्मामिच्छादिट्ठी नेर० उ० ?, गोयमा ! सम्मद्दिट्ठीवि नेरइया उव० मिच्छादिट्ठीवि नेरइया उव० नो सम्मामिच्छादिट्ठी उव० । इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु नरएसु किं सम्मदिट्ठी नेर० उव्वट्टंति ?, एवं चेव । इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु संखेज्जवित्थडा नरगा किं सम्मद्दिट्ठीहिं नेरइएहिं अविरहिया मिच्छादिट्ठीहिं नेरइएहिं अविरहिया सम्मामिच्छादिट्ठीहिं नेरइएहिं अविरहिया वा ?, गोयमा ! सम्मद्दिट्ठीहिवि नेरइएहिं अविरहिया मिच्छादिट्ठीहिवि० अविरहिया, सम्मामिच्छादिट्ठीहिं० अविरहिया विरहिया वा, एवं असंखेज्जवित्थडेसुवि तिन्नि गमगा भाणियव्वा, एवं सक्करप्पभाएवि, एवं जाव तमाएवि। अहेसत्तमाए णं भंते ! पुढवीए पंचसु अणुत्तरेसु जाव संखेज्जवित्थडे नरए किं सम्मद्दिट्ठी नेरइया पुच्छा, गोयमा ! सम्मद्दिट्ठी नेरइया न उवव० मिच्छादिट्ठी नेरइया उवव० सम्मामिच्छादिट्ठी नेरइया न उवव०, एवं उव्वट्टंतिवि, अविरहिए जहेव रयणप्पभाए, एवं असंखेज्जवित्थडेसुवि तिन्नि गमगा ॥ ( सूत्रं ४७१ )

[प्र०] हे भगवन् ! आ रत्नप्रभापृथिवीना त्रीशलाख नरकावासोमांना संख्याता योजनविस्तारवाळा नरकावासोने विषे शुं सम्यग्दृष्टि नारको उत्पन्न थाय, मिथ्यादृष्टि नारको उत्पन्न थाय के सम्यग्मिथ्यादृष्टि नारको उत्पन्न थाय ? [उ०] हे गौतम ! सम्यग्दृष्टि पण नारको उपजे, मिथ्यादृष्टि पण नारको उपजे, परन्तु सम्यग्मिथ्यादृष्टि नारको उत्पन्न थता नथी. [प्र०] हे भगवन् !

आ रत्नप्रभापृथ्वीना त्रीश लाख नरकावासोमांना संख्यातयोजनविस्तारवाळा नरकावासोने विषे शुं सम्यग्दृष्टि नारको च्यवे ?–इत्यादि प्रश्न. [उ०] पूर्व प्रमाणे जाणवुं. [प्र०] हे भगवन् ! रत्नप्रभापृथ्वीना त्रीश लाख नरकावासोमांना संख्याता योजनविस्तारवाळा नरकावासो शुं सम्यग्दृष्टि नारकोवडे अविरहित–सहित छे, मिथ्यादृष्टि नारकोवडे अविरहित छे के सम्यग्मिथ्यादृष्टि नारकोवडे अविरहित छे ? [उ०] हे गौतम ! सम्यग्दृष्टि नारकोवडे अविरहित छे, अने मिथ्यादृष्टि नारकोवडे अविरहित छे, परन्तु सम्यग्मिथ्यादृष्टि नारकोवडे कदाचित् अविरहित होय छे अने कदाचित् विरहित होय छे. ए प्रमाणे असंख्याता योजनविस्तारवाळा नारकोने विषे पण ( उत्पाद, उद्वर्तना अने सत्ता संबन्धे ) त्रण आलापक कहेवा. ए प्रमाणे शर्कराप्रभाने विषे अने यावत्–तमापृथिवी सुधी कहेवुं. [प्र०] हे भगवन् ! अधःसप्तमपृथ्वीना पांच अनुत्तर नरकावासोमांना यावत्–संख्याता नरकावासनें विषे शुं सम्यग्दृष्टि नारको उत्पन्न थाय ?–इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! सम्यग्दृष्टि नारको उत्पन्न थता नथी, पण मिथ्यादृष्टि नारको उत्पन्न थाय छे. सम्यग्मिथ्यादृष्टि नारको उत्पन्न थता नथी. ( सम्यग्मिथ्यादृष्टि काल न करे माटे न उपजे. ) ए प्रमाणे उद्वर्तना पण कहेवी. जेम रत्नप्रभाने विषे सत्ता संबन्धे नारको मिथ्यादृष्ट्यादिवडे अविरहित–सहित कह्या छे तेम अहिं कहेवुं. ए प्रमाणे असंख्याता योजन विस्तारवाळा नरकावासोने विषे पण त्रण आलापको कहेवा. ॥ ४७१ ॥

से नूणं भंते ! कण्हलेस्से नीललेस्से जाव सुक्कलेस्से भवित्ता कण्हलेस्सेसु नेरइएसु उवव० ?, हंता गोयमा ! कण्हलेस्से जाव उववज्जंति, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ कण्हलेस्से जाव उववज्जंति ?, गोयमा ! लेस्सट्ठाणेसु संकिलिस्समाणेसु संकि० २ कण्हलेसं परिणमइ कण्ह० २ कण्हलेसेसु नेरइएसु उववज्जंति, से तेणट्ठेणं जाव

उववज्जंति । से नूणं भंते! कण्हलेस्से जाव सुक्कलेसे भवित्ता नीललेस्सेसु नेरइएसु उववज्जंति?, हंता गोयमा! जाव उववज्जंति, से केणट्ठेणं जाव उववज्जंति?, गोयमा! लेस्सट्ठाणेसु संकिलिस्समाणेसु वा विसुज्झमाणेसु वा नीललेस्सं परिणमंति नील० २ नीललेस्सेसु नेरइएसु उवव०, से तेणट्ठेणं गोयमा! जाव उवव०, से नूणं भंते! कण्हलेस्से नील जाव भवित्ता काउलेस्सेसु नेरइएसु उवव० एवं जहा नीललेस्साए तहा काउलेस्साचि भाणियव्वा जाव से तेणट्ठेणं जाव उववज्जंति । सेवं भंते! सेवं भंते! ( सूत्रं ४७२ ) ॥ तेरसमे पढमो १३-१ ॥

[प्र०] हे भगवन्! खरेखर कृष्णलेश्यावाळो, नीललेश्यावाळो, यावत्-शुक्लेश्यावाळो थईने कृष्णलेश्यावाळा नारकोने विषे उत्पन्न थाय? [उ०] हा, गौतम! कृष्णलेश्यावाळो थईने यावत्-उत्पन्न थाय. [प्र०] हे भगवन्! शा हेतुथी आप एम कहो छो के 'कृष्णलेश्यावाळो थईने यावत्-उत्पन्न थाय?' [उ०] हे गौतम! लेश्याना स्थानको संक्लेशने पामतां पामतां कृष्णलेश्यारूपे परिणाम थया बाद ते कृष्णलेश्यावाळा नारकोने विषे उत्पन्न थाय छे, ते कारणथी यावत्-'उत्पन्न थाय छे.' [प्र०] हे भगवन्! शुं खरेखर कृष्णलेश्यावाळो, यावत्-शुक्लेश्यावाळो थईने नीललेश्यावाळा नारकोने विषे उत्पन्न थाय? [उ०] हा गौतम! यावत् उत्पन्न थाय. [प्र०] हे भगवन्! शा हेतुथी यावत्-उत्पन्न थाय? [उ०] हे गौतम! लेश्याना स्थानको संक्लेशने पामतां अने विशुद्धि पामतां, नीललेश्यारूपे परिणमे छे, नीललेश्यारूपे परिणाम थया बाद नीललेश्यावाळा नारकोमां ते उत्पन्न थाय छे, ते हेतुथी हे गौतम! यावत् उत्पन्न थाय छे. [प्र०] हे भगवन्! खरेखर कृष्णलेश्यावाळो, नीललेश्यावाळो, अने यावत्-(शुक्लेश्यावाळो थईने) कापोतलेश्यावाळा नारकोने विषे उत्पन्न थाय? [उ०] हे जेम नीललेश्य संबन्धे कह्युं, तेम कापोतलेश्या संबन्धे पण यावत्-'ते

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



हेतुथी यावद्–उत्पन्न थाय छे.' त्यांसुधी कहेवुं. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.' ॥ ४७२ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १३ मा शतकमां प्रथम उद्देशानो मूलार्थ संपूर्ण थयो.



## उद्देशक २.

कइविहा णं भंते! देवा पण्णत्ता?, गोयमा! चउव्विहा देवा पन्नत्ता, तंजहा-भवणवासी वाणमंतरा जो० वेमा०। भवणवासी णं भंते! देवा कतिविहा पण्णत्ता?, गोयमा! दसविहा पण्णत्ता, तंजहा–असुरकुमारा एवं भेओ जहा बितियसए देवुद्देसए जाव अपराजिया सव्वट्ठसिद्धगा। केवइया णं भंते! असुरकुमारावाससयसहस्सा पण्णत्ता?, गोयमा! चोसट्ठिं असुरकुमारावाससयसहस्सा पण्णत्ता, ते णं भंते! किं संखेज्जवित्थडा असंखेज्जवि०?, गोयमा! संखेज्जवित्थडावि असंखेज्जवि०. चोसट्ठी णं भंते! असुरकुमारावाससयसहस्सेसु संखेज्जवित्थडेसु असुरकुमारावासेसु एगसमएणं केवतिया असुरकुमारा उवव० जाव केवतिया तेउलेसा उवव० केवतिया कण्हपक्खिया उववज्जंति एवं जहा रयणप्पभाए तहेव पुच्छा तहेव वागरणं नवरं दोहिं वेदेहिं उववज्जंति, नपुंसगवेयगा न उवव०, सेसं तं०, उव्वट्टंतगावि तहेव नवरं असन्नी उव्वट्टंति, ओहिनाणी ओहिदंसणी य ण उव्वट्टंति, सेसं तं चेव, पन्नत्तएसु तहेव नवरं संखेज्जगा इत्थिवेदगा पण्णत्ता एवं पुरिसवेदगावि, नपुंसगवेदगा नत्थि, कोहकसाई सिय अत्थि सिय नत्थि, जइ अत्थि जह० एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा पण्णत्ता

For Private And Personal

एवं माण० माया० संखेज्जा लोभकसाई पण्णत्ता सेसं तं चेव तिसुवि गमएसु संखेज्जेसु चत्तारि लेस्साओ भाणियव्वाओ, एवं असंखेज्जवित्थडेसुवि नवरं तिसुवि गमएसु असंखेज्जा भाणियव्वा जाव असंखेज्जा अचरिमा पण्णत्ता।

[प्र०] हे भगवन्! केटला प्रकारना देवो कहेला छे? [उ०] हे गौतम! चार प्रकारना देवो कहेला छे, ते आ प्रमाणे-१ भवनवासी, २ वानव्यंतर, ३ ज्योतिषिक अने ४ वैमानिक. [प्र०] हे भगवन्! भवनवासी देवो केटला प्रकारना कहेला छे? [उ०] हे गौतम! दश प्रकारना कहेला छे, ते आ प्रमाणे-' असुरकुमार-इत्यादि भेदो बीजा शतकना देवोद्देशकमां कह्या प्रमाणे यावत् 'अपराजित अने सर्वार्थसिद्ध पर्यन्त कहेवा. [प्र०] हे भगवन्! असुरकुमारना केटला लाख आवासो कह्या छे? [उ०] हे गौतम! चोसठ लाख असुरकुमारना आवासो कहेला छे. [प्र०] हे भगवन्! ते असुरकुमारना आवासो संख्याता योजनविस्तारवाळा छे के असंख्यातायोजनविस्तारवाळा छे? [उ०] हे गौतम! संख्याता योजनविस्तारवाळा पण छे अने असंख्यातयोजनविस्तारवाळा पण छे. [प्र०] हे भगवन्! चोसठ लाख असुरकुमारना आवासोमांना संख्यातायोजनविस्तारवाळा असुरकुमारोना आवासोमां एक समये केटला असुरकुमारो उपजे, यावत्-केटला तेजोलेश्यावाळा उत्पन्न थाय, केटला कृष्णपाक्षिक जीवो उत्पन्न थाय? ए प्रमाणे जेम रत्नप्रभा संबंधे [उ० १ प्र०] प्रश्न कर्यो हतो, तेम अहिं प्रश्न करवो. अने ते प्रकारे उत्तर पण आपवो, परन्तु एटलो विशेष छे के अहीं बे वेदो सहित उपजे, नपुंसकवेदवाळा न उपजे, बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं. उद्वर्तना संबंधे पण तेज प्रमाणे जाणवुं, परन्तु एटलो विशेष छे के असंज्ञी उद्वर्ते छे-च्यवे छे, [कारण के ईशानदेवलोकसुधीना देवो पृथिवीकायादि असंज्ञीमां उपजे छे.] अवधिज्ञानी अने अवधिदर्शनी त्यांथी उद्वर्तता-नीकळतां नथी, [कारण के असुरकुमारादिथी नीकळेला तीर्थंकरादि न थाय अने

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





नैरयिकनुं आयुष न बांधे, यावत्-देवायुष पण न बांधे. ए प्रमाणे यावत् वैमानिको सुधी जाणवुं. परन्तु एटलो विशेष छे के परंपरोपपन्न पंचेन्द्रियतिर्यंचयोनिको अने मनुष्यो चारे प्रकारना आयुष बांधे छे. बाकी बधुं पूर्व प्रमाणे कहेवुं. [प्र०] हे भगवन्! शुं नैरयिको अन्तरनिर्गत (नरकादिथी नीकळी भवान्तर प्राप्त थयेला जेओने प्रथम समय वर्ते छे, समयादिना अन्तरनो अभाव छे) परंपरनिर्गत (नरकादिथी नीकळी भवान्तरने प्राप्त थयेला जेओने बे-त्रण-इत्यादि समयोनुं अन्तर छे) अने अनन्तर-परम्परानिर्गत (जेओ नरकथी नीकळी विग्रहगतिमां वर्तता होय छे, अने ज्यांसुधी उत्पत्ति क्षेत्रने प्राप्त न थाय त्यांसुधी ते अनन्तरभावे अने परंपरभावे अनिर्गत एवा ) छे? [उ०] हे गौतम! नारको अन्तरनिर्गत पण होय छे, यावत्-अनन्तरपरम्परानिर्गत पण होय छे. [प्र०] हे भगवन्! ए प्रमाणे शा हेतुथी कहो छो के यावत्—'नारको अनन्तरपरम्परानिर्गत छे'? [उ०] हे गौतम! जे नैरयिको नरकथी प्रथम समये नीकळेला छे तेओ अनन्तरनिर्गत, जेओ प्रथमसमय व्यतिरिक्त द्वितीयादि समयथी नीकळेला छे तेओ परंपरनिर्गत, अने जेओ विग्रहगतिने प्राप्त थयेला छे तेओ अनन्तरपरंपरानिर्गत छे. माटे ते हेतुथी हे गौतम! एम कहेवाय छे के नैरयिको यावत्-अनन्तरपरम्परानिर्गत छे. ए प्रमाणे यावत्-वैमानिको सुधी (ए त्रण त्रण आलापको) कहेवा.

अणंतरनिग्गया णं भंते! नेरइया किं नेरइयाउयं पकरेंति जाव देवाउयं पकरेंति?, गोयमा! नो नेरइयाउयं पकरेंति जाव नो देवाउयं पकरेंति। परंपरनिग्गया णं भंते! नेरइया किं नेरइयाउयं० पुच्छा, गोयमा! नेरइयाउयंपि पकरेंति जाव देवाउयंपि पकरेंति। अणंतरपरंपरअणिग्गया णं भंते! नेरइया पुच्छा, गोयमा! नो नेरइयाउयं पकरेंति जाव नो देवाउयं पकरेंति, एवं निरवसेसं जाव वेमाणिया ४॥ नेरइया णं भंते! किं अणंतरं

खेदोववन्नगा परंपरं खेदोववन्नगा अणंतरपरंपरखेदाणुववन्नगा?, गोयमा! नेरइया० एवं एएणं अभिलावेणं ते चेव चत्तारि दंडगा भाणियव्वा। सेवं भंते! सेवं भंतेत्ति जाव विहरइ (सूत्रं ५०२)॥ चोद्दसमसयस्स पढमो १४-१॥

[प्र०] हे भगवन्! अनन्तरनिर्गत नारको शुं नरकायुष बांधे, के यावद्-देवायुष बांधे, [उ०] हे गौतम! तेओ नरकायुष न बांधे, यावत्-देवायुष न बांधे. [प्र०] हे भगवन्! परंपरनिर्गत नारको शुं नरकायुष बांधे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम! तेओ नरकायुष पण बांधे, यावत्-देवायुष पण बांधे. [प्र०] हे भगवन्! अनन्तरपरंपरानिर्गत नारको शुं नारकायुष बांधे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम! तेओ नरकायुष न बांधे, यावद् देवायुष पण न बांधे. (कारणके अनन्तरपरंपरानिर्गत नारको विग्रहगतिने विषे होय छे अने त्यां आयुषनो बन्ध थतो नथी.) ए प्रमाणे समग्र यावद्-वैमानिको सुधी जाणवुं. [प्र०] हे भगवन्! नैरयिको शुं अनन्तरखेदोपपन्न (समयादिना अन्तररहित प्रथम समये जेओनो दुःखयुक्त उत्पाद छे एवा छे, परंपरखेदोपपन्न (जेओना खेदयुक्त उत्पादमां बे-त्रण इत्यादि समयो थयेला छे एवा) छे के अनन्तरपरंपरखेदानुपपन्न (जेओनी उत्पत्ति अनन्तर-तुरतज अने परम्पर खेदवडे नथी तेवा) छे? [उ०] हे गौतम! ए नैरयिको अनन्तरखेदोपपन्न-इत्यादि त्रणे प्रकारना छे. ए प्रमाणे ए अभिलापथी पूर्व प्रमाणे चार दंडको कहेवा हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे. एम कही भगवान् गौतम यावत्-विहरे छे.॥५०२॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १४ मा शतकमां प्रथम उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





## उद्देशक २.

कतिविहे णं भंते! उम्मादे पण्णत्ते?, गोयमा! दुविहे उम्मादे पण्णत्ते, तंजहा-जक्खावेसे य मोहणिज्जस्स य कम्मस्स उदएणं, तत्थ णं जे से जक्खाएसे से णं सुहवेयणतराए चेव सुहविमोयणतराए चेव, तत्थ णं जे से मोहणिज्जस्स कम्मस्स उदएणं से णं दुहवेयणतराए चेव दुहविमोयणतराए चेव ॥ नेरइयाणं भंते! कतिविहे उम्मादे पण्णत्ते?, गोयमा! दुविहे उम्मादे पण्णत्ते, तंजहा-जक्खावेसे य मोहणिज्जस्स य कम्मस्स उदएणं, से केणट्ठेणं भंते! एवं वुच्चइ० नेरइयाणं दुविहे उम्मादे पण्णत्ते, तंजहा-जक्खावेसे य मोहणिज्जस्स जाव उदएणं?, गोयमा! देवे वा से असुभे पोग्गले पक्खिवेज्जा, से णं तेसिं असुभाणं पोग्गलाणं पक्खेवणयाए जक्खाएसं उम्मादं पाउणेज्जा, मोहणिज्जस्स वा कम्मस्स उदएणं मोहणिज्जं उम्मायं पाउणेज्जा, से तेणट्ठेणं जाव उम्माए। असुरकुमाराणं भंते! कतिविहे उम्मादे पण्णत्ते?, एवं जहेव नेरइयाणं नवरं देवे वा से महिड्ढीयतराए असुभे पोग्गले पक्खिवेज्जा, से णं तेसिं असुभाणं पोग्गलाणं पक्खेवणयाए जक्खाएसं उम्मादं पाउणेज्जा, मोहणिज्जस्स वा सेसं तं चेव, से तेणट्ठेणं जाव उदएणं एवं जाव थणियकुमाराणं, पुढविकाइयाणं जाव मणुस्साणं, एएसिं जहा नेरइयाणं, वाणमंतरजोइसवेमाणियाणं जहा असुरकुमाराणं ( सूत्रं ५०३ ) ॥

[प्र०] हे भगवन्! केटला प्रकारनो उन्माद कह्यो छे? [उ०] हे गौतम! बे प्रकारनो उन्माद कह्यो छे, ते आ प्रमाणे—१

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





यक्षना आवेशरूप अने मोहनीयकर्मना उदयथी थयेलो. तेमां जे यक्षावेशरूप उन्माद छे ते सुखपूर्वक वेदी शकाय अने सुखपूर्वक मूकी शकाय तेवो छे, अने तेमां जे मोहनीयकर्मना उदयथी थयेलो उन्माद छे ते दुःखपूर्वक वेदवा लायक अने दुःखपूर्वक मूकी शकाय तेवो छे. [प्र०] हे भगवन्! नैरयिकोने केटला प्रकारनो उन्माद कह्यो छे? [उ०] हे गौतम! तेओने बे प्रकारनो उन्माद होय छे, ते आ प्रमाणे-१ यक्षावेशरूप उन्माद अने २ मोहनीयकर्मना उदयथी थयेलो उन्माद. [प्र०] हे भगवन्! आप एम शा हेतुथी कहो छो के, नैरयिकोने एक यक्षावेशरूप अने बीजो मोहनीयकर्मजन्य एम बे प्रकारनो उन्माद होय छे? [उ०] हे गौतम! देव ते नैरयिकना उपर अशुभ पुद्गलोनो प्रक्षेप करे अने ते अशुभ पुद्गलोना प्रक्षेपथी ते नारक यक्षावेशरूप उन्मादने प्राप्त थाय; अने मोहनीय कर्मना उदयथी मोहनीयजन्य उन्मादने पामे; माटे हे गौतम! ते हेतुथी यावत्—'मोहनीयजन्य उन्माद कह्यो छे.' [प्र०] हे भगवन्! असुरकुमारोने केटला प्रकारनो उन्माद कह्यो छे? [उ०] हे गौतम! नैरयिकनी पेठे यावत् बे प्रकारनो उन्माद कह्यो छे. परन्तु विशेष ए छे के तेनाथी महर्द्धिक-महासामर्थ्यवाळो देव ते (असुरकुमारो उपर) अशुभ पुद्गलोनो प्रक्षेप करे, अने ते अशुभ पुद्गलोना प्रक्षेप करवाथी ते यक्षावेशरूप उन्मादने प्राप्त थाय. अथवा मोहनीयकर्मना उदयथी मोहनीयजन्य उन्मादने प्राप्त थाय. बाकी बधुं पूर्व प्रमाणे 'ते हेतुथी यावत्-मोहनीयजन्य उन्माद कह्यो छे' त्यांसुधी जाणवुं. ए प्रमाणे यावत्-स्तनितकुमार सुधी जाणवुं. पृथिवीकायिकथी आरंभी यावत् मनुष्योने नैरयिकनी पेठे जाणवुं. जेम असुरकुमारोने कह्युं तेम वानव्यंतर, ज्योतिषिक अने वैमानिक संबन्धे पण कहेवुं. ॥ ५०३ ॥

अत्थि णं भंते! पज्जन्ने कालवासी वुट्ठिकायं पकरेंति ?, हंता अत्थि ॥ जाहे णं भंते! सक्के देविंदे देवराया

For Private And Personal

वुट्ठिकायं काउकामे भवति से कहमियाणिं पकरेति ?, गोयमा ! ताहे चेव णं से सक्के देविंदे देवराया अब्भितरपरिसए देवे सद्दावेति, तए णं ते अब्भितरपरिसगा देवा सद्दाविया समाणा मज्झिमपरिसए देवे सद्दावेंति, तए णं ते मज्झिमपरिसगा देवा सद्दाविया समाणा बाहिरपरिसए देवे सद्दावेंति, तए णं ते बाहिरपरिसगा देवा सद्दाविया समाणा बाहिरं बाहिरगे देवे सद्दावेंति, तए णं ते बाहिरगा देवा सद्दाविया समाणा आभिओगिए देवे सद्दावेंति, तए णं ते जाव सद्दाविया समाणा वुट्ठिकाए देवे सद्दावेंति, तए णं ते वुट्ठिकाइया देवा सद्दाविया समाणा वुट्ठिकायं पकरेंति, एवं खलु गोयमा ! सक्के देविंदे देवराया वुट्ठिकायं पकरेंति ॥ अत्थि णं भंते ! असुरकुमारावि देवा वुट्ठिकायं पकरेंति?, हंता अत्थि, किं पत्तियन्नं भंते ! असुरकुमारा देवा वुट्ठिकायं पकरेंति?, गोयमा ! जे इमे अरहंता भगवंता एएसि णं जम्मणमहिमासु वा निक्खमणमहिमासु वा णाणुप्पायमहिमासु वा परिनिव्वाणमहिमासु वा एवं खलु गोयमा ! असुरकुमारावि देवा वुट्ठिकायं पकरेंति, एवं नागकुमारावि एवं जाव थणियकुमारा वाणमंतरजोइसियवे० एवं चेव ॥ (सू० ५०४) ॥

[प्र०] हे भगवन् ! शुं एम छे के काले वरसनार पर्जन्य (मेघ) वृष्टिकाय (जलसमूह) ने वरसावे? (अथवा जिन जन्ममहोत्सवादिकाले वृष्टि करनार पर्जन्य-इन्द्र वृष्टि करे ? [उ०] हा, गौतम वृष्टि करे. [प्र०] हे भगवन् ! ज्यारे देवेन्द्र अने देवनो राजा शक्र वृष्टि करवानी इच्छावाळो होय त्यारे ते वृष्टि केवी रीते करे ? [उ०] हे गौतम ! (ज्यारे ते वृष्टि करवानी इच्छावाळो होय) त्यारे देवेन्द्र अने देवनो राजा शक्र अभ्यन्तर परिषदना देवोने बोलावे छे, अने बोलावेला ते अभ्यन्तर परिषदना देवो मध्यम

परिषदना देवोने बोलावे छे, मध्यम परिषद्ना बोलावेला ते देवो बहारनी परिषद्ना देवोने बोलावे छे, त्यारपछी बहारनी परिषदना बोलावेला ते देवो बहारबहारना देवोने बोलावे छे, अने बोलावेला ते बहार बहारना देवो आभियोगिक देवोने बोलावे छे, अने बोलावेला ते आभियोगिक देवो वृष्टिकायिक ( वृष्टि करनारा ) देवोने बोलावे छे, पछी ते बोलावेला वृष्टिकायिक देवो वृष्टि करे छे. ए प्रमाणे हे गौतम! देवेन्द्र देवनो राजा शक्र वृष्टिकाय करे छे. [प्र०] हे भगवन्! असुरकुमार देवो पण शुं वृष्टि करे छे? [उ०] हे गौतम! हा, करे छे. [प्र०] हे भगवन्! असुरकुमार देवो शा हेतुथी वृष्टि करे छे? [उ०] हे गौतम! जे आ अरिहंत भगवंतो छे, एओना जन्मोत्सवनिमित्ते, दीक्षोत्सवनिमित्ते, ज्ञानोत्पत्तिनिमित्ते अने निर्वाणना उत्सवनिमित्ते ए प्रमाणे असुरकुमार देवो वृष्टि करे छे. ए प्रमाणे नागकुमारो अने यावत्-स्तनितकुमारो सुधी जाणवुं. वानव्यंतर ज्योतिषिक अने वैमानिक संबन्धे पण ए प्रमाणे जाणवुं. ॥ ५०४ ॥

जाहे णं भंते! ईसाणे देविंदे देवराया तमुक्कायं काउकामे भवति से कहमियाणिं पकरेति?, गोयमा! ताहे चेव णं से ईसाणे देविंदे देवराया अब्भिंतरपरिसए देवे सद्दावेन्ति, तए णं ते अब्भिंतरपरिसगा देवा सद्दाविया समाणा एवं जहेव सक्कस्स जाव तए णं ते आभिओगियदेवा सद्दाविया समाणा तमुक्काइए देवे सद्दावेंति, तए णं ते तमुक्काइया देवा सद्दाविया समाणा तमुक्कायं पकरेंति, एवं खलु गोयमा! ईसाणे देविंदे देवराया तमुक्कायं पकरेति॥ अत्थि णं भंते! असुरकुमारावि देवा तमुक्कायं पकरेंति?, हंता अत्थि। किं पत्तियन्नं भंते! असुरकुमारा देवा तमुक्कायं पकरेंति?, गोयमा! किड्डारतिपत्तियं वा पडिणीयविमोहणट्ठयाए वा गुत्तीसंरक्खणहेउं वा

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





अप्पणो वा सरीरपच्छायणट्ठयाए, एवं खलु गोयमा! असुरकुमारावि देवा तमुक्कायं पकरेंति एवं जाव वेमाणिया। सेवं भंते २ त्ति जाव विहरइ ( सूत्रं ५०५ ) ॥ १४-२ ॥

[प्र०] हे भगवन् ! देवेन्द्र अने देवना राजा ईशान ज्यारे तमस्कायने करवाने इच्छे त्यारे ते तेने केवी रीते करे ? [उ०] हे गौतम! त्यारे देवेन्द्र अने देवना राज ईशान अभ्यन्तर परिषदना देवोने बोलावे छे, त्यारबाद बोलावेला ते अभ्यन्तर परिषदना देवो- इत्यादि पूर्वोक्त बधुं शक्रनी पेठे यावत्–बोलावेला ते आभियोगिक देवो तमस्कायिक ( तमस्काय करनार ) देवोने बोलावे छे, अने त्यारपछी बोलावेला ते तमस्कायिक देवो तमस्काय करे छे. हे गौतम ! ए प्रमाणे देवेंद्र अने देवना राजा ईशान तमस्काय करे छे. [प्र०] हे भगवन् ! शुं एम छे के असुरकुमार देवो पण तमस्कायने करे ? [उ०] हे गौतम ! हा, करे छे. [प्र०] हे भगवन् ! असुरकुमार देवो शा हेतुथी तमस्काय करे छे ? [उ०] हे गौतम ! क्रीडा के रतिनिमित्ते, शत्रुने मोह पमाडवा निमित्ते, छुपावेला द्रव्यने साचववा निमित्ते अथवा पोताना शरीरने ढांकी देवा निमित्ते हे गौतम ! ते असुरकुमार देवो पण तमस्काय करे छे. ए प्रमाणे यावत्–वैमानिको सुधी जाणवुं. हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे. एम कही भगवान् गौतम विहरे छे. ॥५०५॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १४ मा शतकमां बीजा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

For Private And Personal

## उद्देशक ३.

देवे णं भंते ! महाकाए महासरीरे अणगारस्स भावियप्पणो मज्झंमज्झेणं वीइवएज्जा ?, गोयमा ! अत्थेगइए वीइवएज्जा अत्थेगतिए नो वीइवएज्जा, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ अत्थेगतिए वीइवएज्जा अत्थेगतिए नो वीइवएज्जा ?, गोयमा ! दुविहा देवा पण्णत्ता, तंजहा-मायी मिच्छादिट्ठीउववन्नगा य अमायी सम्मदिट्ठीउववन्नगा य, तत्थ णं जे से मायी मिच्छदिट्ठीउववन्नए देवे से णं अणगारं भावियप्पाणं पासइ २ नो वंदति नो नमंसति नो सक्कारेति नो कल्लाणं मंगलं देवयं चेइयं जाव पज्जुवासति, से णं अणगारस्स भावियप्पणो मज्झंमज्झेणं वीइवएज्जा, तत्थ णं जे से अमायी सम्मद्दिट्ठिउववन्नए देवे से णं अणगारं भावियप्पाणं पासइ पासित्ता वंदति नमंसति जाव पज्जुवासति, से णं अणगारस्स भावियप्पणो मज्झंमज्झेणं नो वीयीवएज्जा, से तेण० गोयमा ! एवं वुच्चइ जाव नो वीइवएज्जा । असुरकुमारे णं भंते ! महाकाये महासरीरे एवं चेव एवं देवदंडओ भाणियव्वो जाव वेमाणिए ॥ ( सूत्र ५०६ ) ॥

[प्र०] हे भगवन् ! महाकाय-मोटा परिवारवाळो अने मोटा शरीरवाळो देव भावितात्मा अनगारनी वच्चे थईने जाय ? [उ०] हे गौतम ! केटलाएक देव जाय, अने केटला एक देव न जाय. [प्र०] हे भगवन् ! आप एम शा हेतुथी कहो छो के, 'केटलाएक देव जाय अने केटलाएक न जाय' ? [उ०] हे गौतम ! देवो बे प्रकारना कह्या छे ते आ प्रमाणे-१ मायीमिथ्यादृष्टिउपपन्न अने २

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





अमायीसम्यग्दृष्टिउपपन्न; तेमां जे मायीमिथ्यादृष्टिउपपन्न देवो छे ते भावितात्मा अनगारने जुए छे अने जोइने वांदतो नथी, नमतो नथी, सत्कार करतो नथी, सन्मान करतो नथी, अने कल्याणरूप अने मंगलभूत देवचैत्यनी पेठे यावत्—तेनी पर्युपासना करतो नथी, तेथी ते देव भावितात्मा अनगारनी वच्चे थईने जाय. तेमां जे अमायीसम्यग्दृष्टिउपपन्न देवो छे, ते भावितात्मा अनगारने जुए छे, जोइने वांदे छे, नमे छे, यावत्-तेनी पर्युपासना करे छे, तेथी ते भावितात्मा अनगारनी वच्चे थईने न जाय, माटे ते हेतुथी हे गौतम! एम कह्युं छे के. 'कोइ जाय अने कोइ न जाय.' [प्र०] हे भगवन्! घणा परिवारवाळा अने महाशरीरवाळा असुरकुमारो [भावितात्मा अनगारनी वच्चे थइने जाय?] इत्यादि प्रश्न. [उ०] पूर्ववत् जाणवुं. ए प्रमाणे देवदंडक यावत्-वैमानिको सुधी कहेवो.

अत्थि णं भंते! नेरइयाणं सक्कारेति वा सम्माणेति वा किइकम्मेइ वा अब्भुट्ठाणेइ वा अंजलिपग्गहेति वा आसणाभिग्गहेति वा आसणाणुप्पदाणेति वा इंतस्स पच्चुग्गच्छणया ठियस्स पज्जुवासणया गच्छंतस्स पडिसंसाहणया?, नो तिणट्ठे समट्ठे। अत्थि णं भंते! असुरकुमाराणं सक्कारेति वा सम्माणेति वा जाव पडिसंसाहणया वा?, हंता अत्थि, एवं जाव थणियकुमाराणं, पुढविकाइयाणं जाव चउरिंदियाणं, एएसिं जहा नेरइयाणं, अत्थि णं भंते! पंचिंदियतिरिक्खजोणियाणं सक्कारेइ वा जाव पडिसंसाहणया?, हंता अत्थि, नो चेव णं आसणाभिग्गहेइ वा आसणाणुप्पयाणेइ वा, मणुस्साणं जाव वेमाणियाणं जहा असुरकुमाराणं ॥ (सूत्रं ५०७) ॥

[प्र०] हे भगवन्! नारकोमां सत्कार (विनय करवाने योग्य व्यक्तिनो आदर करवो), सन्मान (तथाविध सेवा करवी) कृतिकर्म (वंदन), अभ्युथान (गौरव करवाने लायक व्यक्तिने जोता आसननो त्याग करी उभा थवुं), अञ्जलिकरण (बंने हाथ जोडवा),

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





आसनाभिग्रह (आसन आपवुं), आसनानुप्रदान–गौरवने योग्य व्यक्तिमाटे आसनने एक स्थानथी बीजे स्थाने लाववुं, गौरव योग्य मनुष्यनी सामा जवुं, बेठेलानी सेवा करवी, अने जाय त्यारे तेनी पाछळ जवुं—इत्यादि विनय छे? [उ०] हे गौतम! ए अर्थ समर्थ–युक्त नथी. अर्थात्-नैरयिकोने सत्कारादि विनय नथी. [प्र०] हे भगवन्! असुरकुमारोमां सत्कार, सन्मान यावत्–जनारनी पाछळ जवुं–वगेरे विनय छे? [उ०] हे गौतम! हा छे. ए प्रमाणे यावत्—स्तनितकुमारो सुधी जाणवुं. जेम नैरयिकोने कह्युं तेम पृथिवीकायिकथी आरंभी यावत्—चतुरिन्द्रिय जीवो संबन्धे पण जाणवुं. [प्र०] हे भगवन्! पंचेन्द्रियतिर्यंचयोनिकोमां सत्कार, यावत्–जनारनी पाछळ वळावा जवुं–इत्यादि विनय होय छे? [उ०] हे गौतम! हा, होय छे. परन्तु आसनाभिग्रह–आसन आपवुं, आसनानुप्रदान—आसनने एक स्थानथी बीजे स्थानके लाववुं—इत्यादि विनय होतो नथी. मनुष्यो अने यावत्—वैमानिकोने जेम असुरकुमारने कह्युं तेम कहेवु. ॥ ५०७ ॥

अप्पड्ढीए णं भंते! देवे महड्ढियस्स देवस्स मज्झंमज्झेणं वीइवएज्जा?, नो तिणट्ठे समट्ठे, समिड्ढीए णं भंते! देवे समिड्ढियस्स देवस्स मज्झंमज्झेणं वीइवएज्जा, णो इणमट्ठे समट्ठे, पमत्तं पुण वीइवएज्जा, से णं भंते! किं सत्थेणं अवक्कमित्ता पभू अणक्कमित्ता पभू?, गोयमा! अवक्कमित्ता पभू नो अणक्कमित्ता पभू, से णं भंते! किं पुव्विं सत्थेणं अवक्कमित्ता पच्छा वीयीवएज्जा पुव्विं वीईव० पच्छा सत्थेणं अवक्कमेज्जा?, एवं एएणं अभिलावेणं जहा दसमसए आइड्ढीउद्देसए तहेव निरवसेसं चत्तारि दंडगा भाणियव्वा जाव महड्ढिया वेमाणिणी अप्पड्ढियाए वेमाणिणीए ॥ (सूत्रं ५०८) ॥

For Private And Personal

[प्र०] हे भगवन्! अल्पऋद्धिवाळो देव महाऋद्धिवाळा देवनी वच्चे थइने जाय? [उ०] हे गौतम! ए अर्थ समर्थ-यथार्थ नथी. [प्र०] हे भगवन्! समानऋद्धिवाळो देव समानऋद्धिवाळा देवनी वच्चे थईने जाय? [उ०] हे गौतम! ए अर्थ यथार्थ नथी. पण जो ते (समाऋद्धिवाळो देव) प्रमत्त होय तो तेनी वच्चे थईने जाय. [प्र०] हे भगन्! (वच्चे थईने जनार ते देव) शुं शस्त्रथी प्रहार करीने जवा समर्थ थाय के प्रहार कर्या शिवाय जवा समर्थ थाय? [उ०] हे गौतम! शस्त्रप्रहार करीने जवा समर्थ थाय, पण प्रहार कर्या शिवाय जवा समर्थ न थाय. [प्र०] हे भगवन्! शुं ते (देव) प्रथम शस्त्रप्रहार करे अने पछी जाय के पहेलां जाय अने पछी शस्त्रप्रहार करे? [उ०] इत्यादि आ प्रकारना अभिलापथी दशम शतकना आइड्ढिअनामे (आत्मर्द्धिक) उद्देशकमां कह्या प्रमाणे समग्रपणे चार दंडको (त्रण आलापकसहित) कहेवा, यावद् 'मोटी ऋद्धिवाळी वैमानिक देवी अल्प ऋद्धिवाळी वैमानिक देवीनी वच्चे थईने जाय.' ॥ ५०८ ॥

रयणप्पभापुढविनेरइया णं भंते! केरिसियं पोग्गलपरिणामं पच्चणुब्भवमाणा विहरंति?, गोयमा! अणिट्ठं जाव अमणामं, एवं जाव अहेसत्तमापुढविनेरइया, एवं वेदणापरिणामं, एवं जहा जीवाभिगमे बितिए नेरइयउद्देसए जाव अहेसत्तमापुढविनेरइया णं भंते! केरिसयं परिग्गहसन्नापरिणामं पच्चणुब्भवमाणा विहरंति?, गोयमा! अणिट्ठं जाव अमणामं। सेवं भंते! २ त्ति (सूत्रं ५०९) ॥ १४-३ ॥

[प्र०] हे भगवन्! रत्नप्रभापृथिवीना नारको केवा प्रकारना पुद्गलपरिणामने अनुभवता विहरे छे? [उ०] हे गौतम! तेओ अनिष्ट, यावत्-मनने नहि गमता पुद्गलपरिणामने अनुभवता विहरे छे. ए प्रमाणे यावत्-सातमी नरकपृथ्वीना नारको सुधी

जाणवुं. ए रीते यावत्-वेदनापरिणामने पण अनुभवे छे-इत्यादि जेम जीवाभिगमसूत्रना बीजा नैरयिक उद्देशकमां कह्युं छे ते प्रमाणे अहिं कहेवुं. यावत्-[प्र०] हे भगवन्! सातमी नरकपृथिवीना नैरयिको केवा प्रकारना परिग्रहसंज्ञापरिणामने अनुभवे छे? [उ०] हे गौतम! तेओ अनिष्ट, यावत्-मनने नहि गमतापरिग्रहसंज्ञापरिणामनो अनुभव करता विहरे छे. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'-एम कही (भगवन् गौतम) यावद् विहरे छे. ॥ ५०९ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १४ मा शतकमां त्रीजा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## उद्देशक ४.

एस णं भंते! पोग्गले तीतमणंतं सासयं समयं लुक्खी समयं अलुक्खी समयं लुक्खी वा अलुक्खी वा? पुव्विं च णं करणेणं अणेगवन्नं अणेगरूवं परिणामं परिणमति?, अह से परिणामे निज्जिन्ने भवति तओ पच्छा एगवन्ने एगरूवे सिया?, हंता गोयमा! एस णं पोग्गले तीते तं चेव जाव एगरूवे सिया ॥ एस णं भंते! पोग्गले पडुप्पन्नं सासयं समयं?, एवं चेव, एवं अणागयमणंतंपि ॥ एस णं भंते! खंधे तीतमणंतं?, एवं चेव खंधेवि जहा पोग्गले ॥ ( सूत्रं ५१० ) ॥

[प्र०] हे भगवन्! आ पुद्गल (परमाणु के स्कन्ध) अनन्त-अपरिमित अने शाश्वत अतीतकाळने विषे एक समय सुधी रुक्ष-स्पर्शवाळो, एक समय सुधी अरुक्ष-स्निग्धस्पर्शवाळो, तथा एक समय सुधी रुक्ष अने स्निग्ध-बन्ने प्रकारना स्पर्शवाळो हतो? अने

पूर्वे करण-प्रयोगकरण अने विस्रसाकरणथी अनेक वर्णवाळा अने (अनेक गन्ध, रस, स्पर्श अने संस्थानना भेदथी) अनेकरूपवाळा परिणामरूपे परिणत थयो हतो? (परमाणुनो भिन्न भिन्न समये अनेक वर्णादिरूपे परिणाम थाय छे, अने स्कन्धनो एकसमये अनेक वर्णादिरूपे परिणाम थाय छे.) हवे ते अनेकवर्णादिपरिणाम क्षीण थाय त्यार पछी ते पुद्गल एकवर्णवाळो अने एकरूपवाळो हतो? [उ०] हा गौतम! आ पुद्गल अतीतकालने विषे-इत्यादि यावत्-'एकरूपवाळो हतो'-त्यां सुधी समग्र पाठ कहेवो. [प्र०] हे भगवन्! आ पुद्गल (परमाणु के स्कन्ध) शाश्वत वर्तमान काळने विषे (एक समय सुधी रूक्षस्पर्शवाळो, स्निग्धस्पर्शवाळो, तथा स्निग्ध अने रूक्ष-बन्ने स्पर्शवाळो होय? अने प्रयोग अने विस्रसाथी अनेक वर्णादिरूपे परिणत थाय? ते परिणामना क्षीण थया बाद एकवर्णवाळो अने एकरूपवाळो होय?) [उ०] पूर्वप्रमाणे उत्तर जाणवो. ए प्रमाणे अनागतकाल संबन्धे पण जाणवुं. [प्र०] हे भगवन्! अनन्त-अपरिमित अने शाश्वत अतीतकालने विषे पुद्गलस्कन्ध (एक समय सुधी रूक्षस्पर्शवाळो, स्निग्धस्पर्शवाळो तथा स्निग्ध अने रूक्ष-ए बन्ने स्पर्शवाळो हतो? अने अनेकवर्ण अने अनेकरूपवाळा परिणामरूपे परिणत थयो हतो? पछी ते परिणामना क्षीण थवाथी तेनो एकवर्णवाळो अने एकरूपवाळो परिणाम थयो हतो?) [उ०] ए प्रमाणे जेम पुद्गलसंबन्धे कर्युं तेम स्कन्धसंबन्धे पण जाणवुं. ॥ ५१० ॥

एस णं भंते! जीवे तीतमणंतं सासयं समयं दुक्खी समयं अदुक्खी समयं दुक्खी वा अदुक्खी वा? पुव्विं च करणेणं अणेगभूयं परिणामं परिणमइ अह से वेयणिज्जे निज्जिण्णे भवति तओ पच्छा एगभावे एगभूए सिया?, हंता गोयमा! एस णं जीवे जाव एगभूए सिया, एवं पडुप्पन्नं सासयं समयं, एवं अणागयमणंतं सासयं समयं ॥

[प्र०] हे भगवन्! आ जीव अनन्त-अपरिमित अने शाश्वत अतीतकाळने विषे एक समय (दुःखना हेतुथी) दुःखी, एक समय (सुखना हेतुथी) अदुःखी-सुखी, तथा एक समय (सुख अने दुःखना हेतुथी) दुःखी के सुखी हतो? अने पूर्वे कारणथी-काल-स्वभावादि कारणवडे शुभाशुभकर्मबंधना हेतुभूत क्रियाथी-अनेक प्रकारना सुखिपणुं अने दुःखिपणुं-इत्यादि भाववाळा, अने अनेक-रूपवाळा परिणामरूपे परिणत थयो हतो? त्यारपछी वेदवा लायक ज्ञानावरणादि कर्मनी निर्जरा थया बाद जीव एकभाववाळो अने एकरूपवाळो हतो? [उ०] हा, गौतम! आ जीव यावत्-एक रूपवाळो हतो. ए प्रमाणे शाश्वत एवा वर्तमानसमयसंबन्धे तथा अनन्त अने शाश्वत भविष्यकाळ संबन्धे पण जाणवुं. ॥ ५११ ॥

परमाणुपोग्गले णं भंते! किं सासए असासए?, गोयमा! सिय सासए सिय असासए, से केणट्ठेणं भंते! एवं वुच्चइ सिय सासए सिय असासए?, गोयमा! दव्वट्ठयाए सासए वन्नपज्जवेहिं जाव फासपज्जवेहिं असासए से तेणट्ठेणं जाव सिय सासए सिय असासए ( सूत्रं ५१२ ) ॥

[प्र०] हे भगवन्! परमाणुपुद्गल शाश्वत छे के अशाश्वत छे? [उ०] हे गौतम! ते कथंचित् शाश्वत छे अने कथंचित् अ-शाश्वत छे. [प्र०] हे भगवन्! आप एम शा हेतुथी कहो छो के 'कथंचित् शाश्वत छे अने कथंचित् अशाश्वत छे' [उ०] हे गौतम! द्रव्यार्थरूपे ते परमाणुपुद्गल शाश्वत छे, अने वर्णपर्यायवडे यावत्-स्पर्शपर्यायवडे अशाश्वत छे, माटे ते हेतुथी हे गौतम! एम कह्युं छे के 'परमाणुपुद्गल कथंचित् शाश्वत छे अने कथंचित् छे.' ॥ ५१२ ॥

परमाणुपोग्गले णं भंते! किं चरमे अचरमे?, गोयमा! दव्वादेसेणं नो चरिमे अचरिमे, खेत्तादेसेणं सिय चरिमे

सिय अचरिमे, कालादेसेणं सिय चरिमे सिय अचरिमे, भावादेसेणं सिय चरिमे सिय अचरिमे (सूत्रं ५१३) ॥

[प्र०] हे भगवन्! शुं परमाणुपुद्गल चरम छे के अचरम छे? [उ०] हे गौतम! (परमाणुपुद्गल) द्रव्यनी अपेक्षाए चरम नथी, पण अचरम छे. क्षेत्रादेशथी कदाचित् चरम छे अने कदाचित् अचरम छे. कालादेशथी कदाचित् चरम छे अने कदाचित् अचरम छे. भावादेशथी कथंचित् चरम अने कथंचित् अचरम छे. ॥ ५१३ ॥

कइविहे णं भंते! परिणामे पण्णत्ते?, गोयमा! दुविहे परिणामे पण्णत्ते, तंजहा-जीवपरिणामे य अजीवपरिणामे य, एवं परिणामपयं निरवसेसं भाणियव्वं। सेवं भंते! २ जाव विहरति (सूत्रं ५१४) ॥ १४-४ ॥

[प्र०] हे भगवन्! परिणाम केटला प्रकारनो कह्यो छे? [उ०] हे गौतम! परिणाम बे प्रकारनो कह्यो छे, ते आ प्रमाणे— जीवपरिणाम अने अजीवपरिणाम. ए प्रमाणे अहिं (प्रज्ञापना सूत्रनुं) परिणामपद संपूर्ण कहेवुं. हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'-एम कही (भगवान गौतम) यावत् विहरे छे. ॥ ५१४ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १४ मा शतकमां चोथा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## उद्देशक ५.

नेरइए णं भंते! अगणिकायस्स मज्झंमज्झेणं वीइवएज्जा?, गोयमा! अत्थेगतिए वीइवएज्जा अत्थेगतिए नो वीइवएज्जा, से केणट्ठेणं भंते! एवं वुच्चइ अत्थेगइए वीइवएज्जा अत्थेगतिए नो वीइवएज्जा?, गोयमा! नेरइया

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



दुविहा पण्णत्ता, तंजहा-विग्गहगतिसमावन्नगा य अविग्गहगतिसमावन्नगा य, तत्थ णं जे से विग्गहगतिसमावन्नए नेरतिए से णं अगणिकायस्स मज्झंमज्झेणं वीइवएज्जा से णं तत्थ झियाएज्जा ?, णो तिणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमइ, तत्थ णं जे से अविग्गहगइसमावन्नए नेरइए से णं अगणिकायस्स मज्झंमज्झेणं णो वीइवएज्जा, से तेणट्ठेणं जाव नो वीइवएज्जा ॥ असुरकुमारे णं भंते ! अगणिकायस्स पुच्छा, गोयमा ! अत्थेगतिए वीइवएज्जा अत्थेगतिए नो वीइवएज्जा, से केणट्ठेणं जाव नो वीइवएज्जा ?, गोयमा ! असुरकुमारा दुविहा पण्णत्ता, तंजहा-विग्गहगइसमावन्नगा य अविग्गहगइसमावन्नगा य, तत्थ णं जे से विग्गहगइसमावन्नए असुरकुमारे से णं एवं जहेव नेरतिए जाव कमति, तत्थ णं जे से अविग्गहगइसमावन्नए असुरकुमारे से णं अत्थेगतिए अगणिकायस्स मज्झंमज्झेणं वीतीवएज्जा अत्थेगतिए नो वीइव०, जे णं वितीवएज्जा से णं तत्थ झियाएज्जा ?, नो तिणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमति, से तेणट्ठेणं एवं जाव थणियकुमारे, एगिंदिया जहा नेरइया । बेइंदिया णं भंते ! अगणिकायस्स मज्झंमज्झेणं जहा असुरकुमारे तहा बेइंदिएवि, नवरं जे णं वीइवएज्जा से णं तत्थ झियाएज्जा ?, हंता झियाएज्जा, से णं तं चेव एवं जाव चउरिंदिए ॥

[प्र०] हे भगवन् ! नारक अग्निकायना मध्यभागमां थईने जाय ? [उ०] हे गौतम ! कोइ एक नारक जाय अने कोइ एक नारक न जाय. [प्र०] ए प्रमाणे आप शा हेतुथी कहो छो के, 'कोइ एक नारक जाय अने कोइ एक नरक न जय' ? [उ०] हे गौतम ! नैरयिको बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे- विग्रहगतिने प्राप्त थयेला, अने अविग्रहगतिसमापन्न-उत्पत्तिक्षेत्रने प्राप्त थयेला.



For Private And Personal

तेमां जे विग्रहगतिने प्राप्त थयेल नारक छे ते अग्निकायना मध्यमां थईने जाय. [प्र०] ते त्यां बळे? [उ०] आ अर्थ यथार्थ नथी, केमके तेने अग्निरूप शस्त्र असर करतुं नथी. तेमां जे अविग्रहगतिने प्राप्त थयेल नारक छे ते अग्निकायनी मध्यमां थईने न जाय. माटे हे गौतम! ते हेतुथी एम कह्युं के, 'कोइ एक नारक जाय अने कोइ एक न जाय.' [प्र०] हे भगवन्! असुरकुमारो अग्निकायनी वच्चे थईने जाय?-ए प्रश्न. [उ०] हे गौतम! कोइ एक (असुरकुमार) जाय अने कोइ एक न जाय. [प्र०] हे भगवन्! एम आप शा हेतुथी कहो छो के, 'कोइ एक जाय अने कोइ एक न जाय'? [उ०] हे गौतम! असुरकुमरो बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे-विग्रहगतिने प्राप्त थएला अने अविग्रहगतिने प्राप्त थयेला. तेमां जे विग्रहगतिने प्राप्त असुरकुमारो छे-इत्यादि बधुं नारकनी पेठे जाणवुं. यावत्-'तेने (अग्नि वगेरे) शस्त्र असर करतुं नथी.' तेमां जे अविग्रहगति प्राप्त असुरकुमारो छे तेमांना कोइ एक अग्निनी वच्चे थईने जाय अने कोइ एक न जाय. [प्र०] जे अग्नि वच्चे थईने जाय ते त्यां बळे? [उ०] ए अर्थ यथार्थ नथी. केमके तेने अग्नि वगेरे शस्त्र असर करतुं नथी. ते हेतुथी हे गौतम! एम कह्युं छे के 'कोइ एक (असुरकुमार) जाय अने कोइ एक न जाय.' ए प्रमाणे यावत्-स्तनितकुमारो सुधी जाणवुं. एकेन्द्रियो संबन्धे नैरयिकनी पेठे जाणवुं. [प्र०] हे भगवन्! बेइन्द्रिय जीवो अग्निकायनी मध्यमां थईने जाय? [उ०] जेम असुरकुमारो संबन्धे कह्युं तेम बेइन्द्रिय संबन्धे कहेवुं. परन्तु विशेष ए छे के, [प्र०] 'जे बेइन्द्रिय अग्नि वच्चे थईने जाय, ते त्यां बळे? [उ०] हा, ते त्यां बळे'-एम कहेवुं. अने बाकी बधुं पूर्वे कह्या प्रमाणे यावत्-चउरिन्द्रिय सुधी जाणवुं.

पंचिंदियतिरिक्खजोणिए णं भंते! अगणिकायस्स पुच्छा, गोयमा! अत्थेगतिए वीइवएज्जा अत्थेगतिए नो वीइवएज्जा, से केणट्ठेणं०?, गोयमा! पंचिंदियतिरिक्खजोणिया दुविहा पण्णत्ता, तंजहा-विग्गहगतिसमावन्नगा

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





य अविग्गहगइसमावन्नगा य, विग्गहगइसमावन्नए जहेव नेरइए जाव नो खलु तत्थ सत्थं कमइ, अविग्गहगइ-समावन्नगा पंचिंदियतिरिक्खजोणिया दुविहा पन्नत्ता, तंजहा—इड्डिप्पत्ता य अणिड्डिप्पत्ता य, तत्थ णं जे से इड्डिप्पत्ते पंचिंदियतिरिक्खजोणिए से णं अत्थेगइए अगणिकायस्स मज्झंमज्झेणं वीयीवएज्जा अत्थेगइए नो वीयीवएज्जा, जे णं वीयीवएज्जा से णं तत्थ झियाएज्जा?, नो तिणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमइ, तत्थ णं जे से अणिड्डिप्पत्ते पंचिंदियतिरिक्खजोणिए से णं अत्थेगतिए अगणिकायस्स मज्झंमज्झेणं वीयीवएज्जा अत्थेगतिए नो वीइवएज्जा, जे णं वीयीवएज्जा से णं तत्थ झियाएज्जा?, हंता झियाएज्जा, से तेणट्ठेणं जाव नो वीयीवएज्जा, एवं मणुस्सेवि, वाणमंतरजोइसियवेमाणिए जहा असुरकुमारे ॥ ( सूत्रं ५१५ ) ॥

[प्र०] हे भगवन् ! पंचेन्द्रिय तिर्यग्योनिक जीव अग्निनी वचे थईने जाय ?—ए प्रश्न. [उ०] हे गौतम ! कोइ एक जाय अने कोइ एक न जाय. [प्र०] हे भगवन् ! ए प्रमाणे आप शा हेतुथी कहो छो के 'कोइ एक जाय अने कोइ एक न जाय' ? [उ०] हे गौतम ! पंचेन्द्रियतिर्यंचयोनिको बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे-विग्रहगतिने प्राप्त थयेला अने अविग्रहगतिने प्राप्त थयेला. तेमां जे विग्रहगतिने प्राप्त थयेला पंचेन्द्रियतिर्यंचयोनिको छे ते नैरयिकनी पेठे जाणवा, यावत्-'तेने शस्त्र असर करतुं नथी.' जे पंचेन्द्रियतिर्यंचो अविग्रहगतिने प्राप्त थयेला छे ते बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे—ऋद्धिप्राप्त ( वैक्रियलब्धियुक्त ) अने ऋद्धिने अप्राप्त ( वैक्रियलब्धिरहित ). तेमां जे पंचेन्द्रियतिर्यंचो ऋद्धिने प्राप्त थयेला छे, तेमांथी कोइ एक अग्निनी वचे थइने जाय अने कोइ एक अग्निनी वचे थईने न जाय. [प्र०] जे अग्निनी वचे थईने जाय छे ते त्यां बळे ? [उ०] ए अर्थ समर्थ—यथार्थ नथी,

For Private And Personal

केमके तेने शस्त्र असर करतुं नथी. तेमां जे पंचेन्द्रिय तिर्यंचो ऋद्धिने प्राप्त थयेला नथी तेमांथी कोइ एक अग्निनी वचे थईने' जाय अने कोइ एक न जाय. [प्र०] जे जाय ते बळे ? [उ०] हा, बळे; माटे हे गौतम ! ते हेतुथी एम कह्युं छे के, यावत्–'कोइ एक अग्निनी वचे थइने जाय अने कोइ एक न जाय' ए प्रमाणे मनुष्य संबन्धे पण जाणवुं. जेम असुरकुमारो संबन्धे कह्युं, तेम वानव्यतर, ज्योतिषिक अने वैमानिक संबन्धे पण कहेवुं. ॥ ५१५ ॥

नेरतिया दस ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तंजहा–अणिट्ठा सद्दा अणिट्ठा रूवा अणिट्ठा गंधा अणिट्ठा रसा अणिट्ठा फासा अणिट्ठा गती अणिट्ठा ठिती अणिट्ठे लावन्ने अणिट्ठे जसोकित्ती अणिट्ठे उट्ठाणकम्मबलवीरियपुरिसक्कारपरक्कमे । असुरकुमारा दस ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तंजहा–इट्ठा सद्दा इट्ठा रूवा जाव इट्ठे उट्ठाणकम्मबलवीरियपुरिसक्कारपरक्कमे, एवं जाव थणियकुमारा। पुढविक्काइया छट्ठाणाइं पच्चणुब्भवमाणा वि०, तं०–इट्ठाणिट्ठा फासा इट्ठाणिट्ठा गती एवं जाव परक्कमे, एवं जाव वणस्सइकाइया । बेइंदिया सत्तट्ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तंजहा–इट्ठाणिट्ठा रसा सेसं जहा एगिंदियाणं, तेंदिया णं अट्ठट्ठाणाइं पच्चणुब्भवमाणा वि०, तं–इट्ठाणिट्ठा गंधा सेसं जहा बेंदियाणं, चउरिंदिया नवट्ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तं०–इट्ठाणिट्ठा रूवा सेसं जहा तेंदियाणं, पंचिंदियतिरिक्खजोणिया दस ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तंजहा–इट्ठाणिट्ठा सद्दा जाव परक्कमे, एवं मणुस्सावि, वाणमंतरजोइसियवेमाणिया जहा असुरकुमारा (सूत्रं ५१६) ॥

नारको दश स्थानोने अनुभवता विहरे छे, ते आ प्रमाणे–१ अनिष्ट शब्द, २ अनिष्ट रूप, ३ अनिष्ट गंध, ४ अनिष्ट रस, ५

अनिष्ट स्पर्श; ६ अनिष्ट गति, ७ अनिष्ट स्थिति, ८ अनिष्ट लावण्य, ९ अनिष्ट यशः कीर्ति अने १० अनिष्ट उत्थान, कर्म, बल, वीर्य तथा पुरुषकारपराक्रम. असुरकुमारो दश स्थानोने अनुभवता विहरे छे, ते आ प्रमाणे-१ इष्ट शब्द, २ इष्ट रूप, यावत्-१० इष्ट उत्थान, कर्म, बल, वीर्य अने पुरुषकार पराक्रम-ए प्रमाणे यावत्-स्तनितकुमारो सुधी जाणवुं. पृथिविकायिको छ स्थानोने अनुभवता विहरे छे, ते आ प्रमाणे-१ इष्टानिष्ट स्पर्श, २ इष्टानिष्ट गति, यावत्-६ 'इष्टानिष्ट पुरुषकार-पराक्रम'-ए प्रमाणे यावत्-वनस्पतिकायिक सुधी जाणवुं. बेइन्द्रिय जीवो सात स्थानोने अनुभवता विहरे छे, ते आ प्रमाणे-१ इष्टानिष्ट रस-इत्यादि समग्र एकेन्द्रियोनी पेठे अहिं कहेवुं. तेइन्द्रिय जीवो आठ स्थानोने अनुभवता विहरे छे, ते आ प्रमाणे-१ इष्टानिष्ट गन्ध-इत्यादि बाकी बधुं बेइन्द्रियोनी पेठे कहेवुं. चउरिन्द्रिय जीवो नव स्थानोने अनुभवता विहरे छे, ते आ प्रमाणे-१ इष्टानिष्ट रूप-इत्यादि बाकी बधुं तेइन्द्रिय जीवोनी पेठे जाणवुं. पंचेन्द्रियतिर्यंचयोनिको दश स्थानकोने अनुभवता विहरे छे, ते आ प्रमाणे-१ इष्टानिष्ट शब्द—इत्यादि यावत्-पराक्रम सुधी कहेवुं. ए प्रमाणे मनुष्यो पण जाणवा. जेम असुरकुमार संबन्धे कह्युं तेम वानव्यंतर, ज्योतिषिक अने वैमानिक संबन्धे कहेवुं. ॥ ५१६ ॥

देवे णं भंते! महिड्ढीए जाव महेसक्खे बाहिरए पोग्गले अपरियाइत्ता पभू तिरियपव्वयं वा तिरियभित्तिं वा उल्लंघेत्तए वा पलंघेत्तए वा ?, गोयमा! णो तिणट्ठे समट्ठे। देवे णं भंते! महिड्ढिए जाव महेसक्खे बाहिरए पोग्गले परियाइत्ता पभू तिरिय जाव पलंघेत्तए वा ?, हंता पभू। सेवं भंते! सेवं भंतेत्ति (सूत्रं ५१७) ॥१४-५॥

[प्र०] हे भगवन्! मोटी ऋद्धिवाळो यावत्-मोटा सुखवाळो देव बहारना-भवधारणीय शरीर व्यतिरिक्त पुद्गलोने ग्रहण कर्या

शिवाय तिर्छा पर्वतने के तिर्छी (प्रकारनी) भींतने उल्लंघवा के वारंवार उल्लंघवा समर्थ थाय? [उ०] हे गौतम! ए अर्थ यथार्थ नथी, (अर्थात् भवधारणीय शरीर व्यतिरिक्त बीजा बहारना पुद्गलोने ग्रहण कर्या शिवाय पर्वतादिने उल्लंघवानुं सामर्थ्य प्रवर्ततुं नथी.) [प्र०] हे भगवन्! मोटी ऋद्धिवाळो यावत्-मोटा सुखवाळो देव बहारना पुद्गलोने ग्रहण करी तिर्छा (पर्वतने के तिर्छी प्राकारनी भींतने उल्लंघवा समर्थ छे? [उ०] हा गौतम! समर्थ छे. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'-एम कही (भगवान् गौतम यावद् विहरे छे.) ॥ ५१७ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १४मां शतकमां पांचमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## उद्देशक ६.

रायगिहे जाव एवं वयासी-नेरइया णं भंते! किमाहारा किंपरिणामा किंजोणीया किंठितीया पण्णत्ता?, गोयमा! नेरइया णं पोग्गलाहारा पोग्गलपरिणामा पोग्गलजोणिया पोग्गलट्ठितीया कम्मोवगा कम्मनियाणा कम्मट्ठितीया कम्मुणामेव विप्परियासमेंति, एवं जाव वेमाणिया ( सूत्रं ५१८ ) ॥

[प्र०] राजगृहमां (भगवन् गौतम) आ प्रमाणे बोल्या के हे भगवन्! नारको शो आहार करे, अने ते (आहारनो) शो परिणाम थाय, तेनी योनि (उत्पत्तिस्थानक) केवी होय, अने तेनी स्थिति-अवस्थानुं कारण शुं छे? [उ०] हे गौतम! नारको पुद्गलनो आहार करे, अने तेनो पुद्गलरूपे परिणाम थाय, (शीत अने उष्ण स्पर्शवाळा) पुद्गलो एज तेनी योनि-उत्पत्तिस्थानक छे, (आयुषक-

मेना) पुद्गलो ए तेनी नरकमां स्थितिनुं कारण छे. तथा ते (बन्धद्वारा) कर्मने प्राप्त थयेला छे, ते नारकपणानुं निमित्तभूतकर्मवाळा छे, कर्मपुद्गलथी तेओनी स्थिति छे, अने कर्मने लीधे अन्य पर्यायने प्राप्त थाय छे. ए प्रमाणे यावद्-वैमानिको सुधी जाणवुं. ॥५१८॥

नेरइया णं भंते ! किं वीचीदव्वाइं आहारेंति अवीचिदव्वाइं आहारेंति ?, गोयमा ! नेरतिया वीचिदव्वाइंपि आहारेंति अवीचिदव्वाइंपि आहारेंति, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ नेरतिया वीचि० तं चेव जाव आहारेंति ?, गोयमा ! जे णं नेरइया एगपएसूणाइंपि दव्वाइं आहारेंति ते णं नेरतिया वीचिदव्वाइं आहारेंति, जे णं नेरतिया पडिपुन्नाइं दव्वाइं आहारेंति, ते णं नेरइया अवीचिदव्वाइं आहारेंति, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ जाव आहारेंति, एवं जाव वेमाणिया आहारेंति ॥ ( सूत्रं ५१९ ) ॥

[प्र०] हे भगवन् ! नारको वीचिद्रव्योनो आहार करे छे के अवीचि द्रव्योनो आहार करे छे ? [उ०] हे गौतम नारको वीचिद्रव्योनो पण आहार करे छे अने अवीचिद्रव्योनो पण आहार करे छे. [प्र०] हे भगवन् ! ए प्रमाणे आप शा हेतुथी कहो छो के, 'नारको वीचिद्रव्यो अने अवीचिद्रव्योनो पण आहार करे छे' ? [उ० हे गौतम ! जे नारको एक प्रदेश पण न्यून द्रव्योनो आहार करे छे तेओ वीचिद्रव्योनो आहार करे छे, अने जे नैरयिको परिपूर्ण द्रव्योनो आहार करे छे तेओ अवीचि द्रव्योनो आहार करे छे, ते हेतुथी हे गौतम ! एम कह्युं छे के, 'नारको वीचि तथा अवीचि ए बन्ने प्रकारना द्रव्योनो आहार करे छे.' ए प्रमाणे यावद्-'वैमानिको आहार करे छे' त्यां सुधी जाणवुं. ॥ ५१९ ॥

जाहे णं भंते ! सक्के देविंदे देवराया दिव्वाइं भोगभोगाइं भुंजिउंकामे भवति से कहमियाणिं पकरेति ?,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





गोयमा! ताहे चेव णं [ग्रंथाग्रम् ९०००] से सक्के देविंदे देवराया एगं महं नेमिपडिरूवगं विउव्वति एगं जोयणसयसहस्सं आयामविक्खंभेणं तिन्नि जोयणसयसहस्सं जाव अद्धंगुलं च किंचिविसेसाहियं परिक्खेवेणं, तस्स णं नेमिपडिरूवस्स उवरिं बहुसमरमणिज्जे भूमिभागे पन्नत्ते जाव मणीणं फासे, तस्स णं नेमिपडिरूवगस्स बहुमज्झदेसभागे तत्थ णं महं एगं पासायवडेंसगं विउव्वति पंच जोयणसयाइं उड्ढं उच्चत्तेणं अड्ढाइज्जाइं जोयणसयाइं विक्खंभेणं अब्भुग्गयमूसियवन्नओ जाव पडिरूवं, तस्स णं पासायवडिंसगस्स उल्लोए पउमलयभत्तिचित्ते जाव पडिरूवे, तस्स णं पासायवडेंसगस्स अंतो बहुसमरमणिज्जे भूमिभागे जाव मणीणं फासो, मणिपेढिया अट्ठजोयणिया जहा वेमाणियाणं, तीसे णं मणिपेढियाए उवरिं महं एगं देवसयणिज्जं विउव्वइ, सयणिज्जवन्नओ जाव पडिरूवे, तत्थ णं से सक्के देविंदे देवराया अट्ठहिं अग्गमहिसीहिं सपरिवाराहिं दोहि य अणीएहिं नट्टाणीएण य गंधव्वाणीएण य सद्धिं महयाहयनट्टजाव दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरइ ॥

[प्र०] हे भगवन्! देवोनो इन्द्र अने देवोनो राजा शक्र ज्यारे भोगववा योग्य दिव्य (मनोज्ञ स्पर्शादिक) भोगोने भोगववाने इच्छे त्यारे ते तेने ते वखते केवी रीते भोगवे? [उ०] हे गौतम! त्यारे ते देवोनो इन्द्र अने देवोनो राजा शक्र एक मोटुं चक्रना जेवुं (वृत्ताकार) स्थान विकुर्वे छे, तेनी लंबाइ अने पहोळाइ एक लाख योजननी अने तेनी परिधि त्रण लाख (सोळ हजार बसो सत्यावीश योजन त्रण कोश, एकसो अठ्यावीश धनुष अने कंइक अधिक साडातेर) आंगुल छे. ते चक्रना आकारवाळा स्थाननी उपर बरोबर सम अने रमणीय भूमिभाग कहेलो छे. (तेनुं वर्णन) यावत्–'मनोज्ञ स्पर्श होय छे' त्यां सुधी जाणवुं. ते चक्राकारवाळा ते

For Private And Personal

स्थाननी बरोबर मध्यभागे एक मोटो प्रासादावतंसक-भूषणरूप सुन्दर प्रासाद विकुर्वे छे. ते उंचाइमां पांचसे योजन उंचो अने तेनो विष्कंभ-विस्तार अढीसो योजननो छे, ते प्रासाद अभ्युद्गत-अत्यन्त उंचो (अने प्रभाना पुंजवडे व्याप्त होवाथी जाणे हसतो होयनी!) इत्यादि प्रासादवर्णन जाणवुं, यावत्-ते प्रतिरूप-सुंदर अने दर्शनीय छे. तथा ते प्रासादावतंसकनो उल्लोच-उपरनो भाग पद्म अने लताओना चित्रामणथी विचित्र अने यावद्-दर्शनीय छे. वळी ते प्रासादावतंसकनो अंदरनो भाग बराबर सम अने रमणीय छे, यावत् 'त्यां मणिओनो स्पर्श होय छे' त्यांसुधी वर्णन जाणवुं. वळी त्यां आठ योजन उंची एक मणिपीठिका छे, अने ते वैमानिकोनी मणिपीठिका जेवी जाणवी. ते मणिपीठिकानी उपर एक मोटी देवशय्या विकुर्वे छे, ते देवशय्यानुं वर्णन यावत्—'प्रतिरूप' छे त्यांसुधी कहेवुं. त्यां देवनो इन्द्र अने देवनो राजा शक्र पोतपोताना परिवारयुक्त आठ पट्टराणीओ साथे गन्धर्वानीक अने नाट्यानीक ए बे प्रकारना अनीकनी साथे मोटेथी आहत-वगाडेला नाट्य, गीत अने वादित्रना शब्दवडे यावत्-भोगववा योग्य दिव्य भोगोने भोगवतो विहरे छे.

जाहे ईसाणे देविंदे देवराया दिव्वाइं जहा सक्के तहा ईसाणेवि निरवसेसं, एवं सणंकुमारेवि नवरं, पासायवडेंसओ छ जोयणसयाइं उड्ढं उच्चत्तेणं तिन्नि जोयणसयाइं विक्खंभेणं, मणिपेढिया तहेव अट्ठजोयणिया, तीसे णं मणिपेढियाए उवरिं एत्थ णं महेगं सीहासणं विउव्वइ सपरिवारं भाणियव्वं, तत्थ णं सणंकुमारे देविंदे देवराया बावत्तरीए सामाणियसाहस्सीहिं जाव चउहिं बावत्तरीहिं आयरक्खदेवसाहस्सीहि य बहूहिंसणं कुमारकप्पवासीहिं वेमाणिएहिं देवेहि य देवीहि य सद्धिं संपरिवुडे महया जाव विहरइ। एवं जहा सणंकुमारे तहा

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





जाव पाणओ अच्चुओ नवरं जो जस्स परिवारो सो तस्स भाणियव्वो, पासायउच्चत्तं जं सएसु २ कप्पेसु विमाणाणं उच्चत्तं अद्धद्धं वित्थारो जाव अच्चुयस्स नवजोयणसयाइं उड्ढं उच्चत्तेणं अद्धपंचमाइं जोयणसयाइं विक्खंभेण, तत्थ णं गोयमा! अच्चुए देविंदे देवराया दसहिं सामाणियसाहस्सीहिं जाव विहरइ, सेसं तं चेव, सेवं भंते! २ त्ति ( सूत्रं ५२० ) ॥ १४-६ ॥

[प्र०] हे भगवन्! देवेन्द्र अने देवनो राजा ईशान दिव्य भोगोने भोगववा इच्छे त्यारे ते केवी रीते भोगवे? [उ०] जेम शक्र संबन्धे कह्युं तेम ईशान संबन्धे पण समग्र कहेवुं. ए प्रमाणे सनत्कुमारने विषे पण जाणवुं, परन्तु विशेष ए छे के, ए प्रासादावतंसक उंचाईमां छसो योजन अने पहोळाइमां त्रणसो योजन छे. तथा ते मणिपीठिकानी उपर एक मोटुं सिंहासन सपरिवार-पोताना परिवारने योग्य आसनो सहित विकुर्वे छे-इत्यादि कहेवुं. तेमां देवेन्द्र अने देवनो राजा सनत्कुमार बहोंतेर हजार सामानिक देवो साथे, यावत्-बे लाख अठ्यासी हजार आत्मरक्षक देवो साथे, अने सनत्कुमार कल्पमां रहेनारा घणा वैमानिक देवो अने देवीओ साथे परिवृत थइ (मोटा गीत अने वादित्रना) शब्दोवडे यावत्-विहरे छे. ए प्रमाणे जेम सनत्कुमार संबन्धे कह्युं, तेम यावत्-प्राणत तथा अच्युत देवलोक सुधी जाणवुं. परन्तु विशेष ए छे के, जेनो जेटलो परिवार होय तेनो तेटलो अहिं कहेवो. पोतपोताना कल्पना विमानोनी उंचाइना जेटली प्रासादनी उंचाइ जाणवी, अने उंचाइना अडधा भाग जेटलो तेनो विस्तार जाणवो, यावत्-अच्युत देवलोकनो प्रासादावतंसक नवसो योजन उंचो छे, अने साडाचारसो योजन पहोळो छे. तेमां हे गौतम! देवेन्द्र देवराज अच्युत दश हजार सामानिक देवो साथे यावत्—विहरे छे. बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





एम कही यावद्—( भगवान् गौतम ) विहरे छे. || ५२० ||

भगवत सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १४ मा शतकमां छठ्ठा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## उद्देशक ७.

रायगिहे जाव एवं वयासी, परिसा पडिगया, गोयमादी! समणे भगवं महावीरे भगवं गोयमं आमंतेत्ता एवं वयासी-चिरसंसिट्ठोऽसि मे गोयमा! चिरसंथुओऽसि मे गोयमा! चिरपरिचिओऽसि मे गोयमा! चिरजुसिओऽसि मे गोयमा! चिराणुगओऽसि मे गोयमा! चिराणुवत्तीसि मे गोयमा! अणंतरं देवलोए अणंतरं माणुस्सए भवे, किं परं!, मरणा कायस्स भेदा इओ चुता दोवि तुल्ला एगट्ठा अविसेसमणाणत्ता भविस्सामो ( सूत्रं ५२१ ) ||

राजगृहमां यावत्—परिषद् वांदीने पाछी गई. (भगवान् श्रीमहावीरस्वामी केवलज्ञाननी अप्राप्तिथी खिन्न थयेला गौतमस्वामीने आश्वासन आपवा माटे पोतानो तेमनी साथेनो लांबा कालनो परिचय बतावी भविष्यमां पोतानी साथे तेमनी तुल्यता बतावे छे-) श्रमण भगवंत महावीरे 'हे गौतम!' एम भगवान् गौतमने बोलावी आ प्रमाणे कह्युं-"हे गौतम! तुं मारी साथे घणां काळ सुधी स्नेहथी बंधायेल छे, हे गौतम! तें घणा लांबा काळथी ( स्नेहने लीधे ) मारी प्रशंसा करी छे, हे गौतम! तारो मारी साथे घणा लांबा काळथी परिचय छे, हे गौतम! तें घणा लांबा काळथी मारी सेवा करी छे, हे गौतम! तुं घणा लांबा काळथी मने अनुसर्यो छे, हे गौतम! तुं घणा लांबा काळथी मारी साथे अनुकूलपणे वर्त्यो छे, हे गौतम! अनन्तर ( तुरतना ) देवभवमां अने तुरतना

For Private And Personal

मनुष्यभवमां ( ए प्रमाणे तारी साथे संबन्ध छे, ) वधारे शुं ? पण मरण पछी शरीरनो नाश थया बाद अहींथी च्यवी आपणे बन्ने सरखा, एकार्थ-एकप्रयोजनवाळा, (अथवा एक सिद्धिक्षेत्रमां रहेवावाळा) विशेषता अने भेदरहित थईशुं. ॥ ५२१ ॥

जहा णं भंते ! वयं एयमट्ठं जाणामो पासामो तहा णं अणुत्तरोववाइयावि देवा एयमट्ठं जा० पा० ?, हंता गोयमा ! जहा णं वयं एयमट्ठं जाणामो पासामो तहा अणुत्तरोववाइयावि देवा एयमट्ठं जा० पा०, से केणट्ठेणं जाव पासंति ?, गोयमा ! अणुत्तरोववाइया णं अणंताओ मणोदव्ववग्गणाओ लद्धाओ पत्ताओ अभिसमन्नागयाओ भवंति, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ जाव पासंति (सूत्रं ५२२) ॥

[प्र०] हे भगवन् ! जेम आपणे बन्ने आ (पूर्वोक्त) अर्थने जाणीए छीए अने जोइए छीए, तेम अनुत्तरौपपातिक देवो पण ए वातने जाणे छे अने जुए छे ? [उ०] हा, गौतम ! जेम आपणे बन्ने पूर्वोक्त वातने जाणीए छीए अने जोइए छीए तेम अनुत्तरौपपातिक देवो पण ए वातने जाणे छे अने जुए छे. [प्र०] हे भगवन् ! ए प्रमाणे आप शा हेतुथी कहो छो के 'जेम आपणे जाणीए छीए तेम अनुत्तरौपपातिक देवो पण जाणे छे अने जुए छे'? [उ०] हे गौतम ! अनुत्तरौपपातिक देवोए मनोद्रव्यनी अनंत वर्गणाओ (अवधिज्ञाननी लब्धिथी (ज्ञेयरूपे) मेळवी छे, प्राप्त करी छे, अने ( गुण-पर्यायना ज्ञानथी ) व्याप्त करी छे, माटे हे गौतम ! एम कहेवाय छे के ते (अनुत्तरौपपातिक देवो) जाणे छे अने जुए छे. ॥ ५२२ ॥

कइविहे णं भंते ! तुल्लए पण्णत्ते ?, गोयमा ! छव्विहे तुल्लए पण्णत्ते, तंजहा-दव्वतुल्लए खेत्ततुल्लए कालतुल्लए भवतुल्लए भावतुल्लए संठाणतुल्लए, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ दव्वतुल्लए २?, गोयमा ! परमाणुपोग्गले परमाणु-

पोग्गलस्स दव्वओ तुल्ले, परमाणुपोग्गले परमाणुपोग्गलवइरित्तस्स दव्वओ णो तुल्ले, दुपएसिए खंधे दुपएसियस्स खंधस्स दव्वओ तुल्ले, दुपएसिए खंधे दुपएसियवइरित्तस्स खंधस्स दव्वओ णो तुल्ले, एवं जाव दसपएसिए, तुल्लसंखेज्जपएसिए खंधे तुल्लसंखेज्जपएसियस्स खंधस्स दव्वओ तुल्ले, तुल्लसंखेज्जपएसिए खंधे तुल्लसंखेज्जपएसियवइरित्तस्स खंधस्स दव्वओ णो तुल्ले, एवं तुल्लअसंखेज्जपएसिएवि एवं तुल्लअणंतपएसिएवि, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ दव्वओ तुल्लए। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-खेत्ततुल्लए २?, गोयमा! एगपएसोगाढे पोग्गले एगपएसोगाढस्स पोग्गलस्स खेत्तओ तुल्ले, एगपएसोगाढे पोग्गले एगपएसोगाढवइरित्तस्स पोग्गलस्स खेत्तओ णो तुल्ले, एवं जाव दसपएसोगाढे, तुल्लसंखेज्जपएसोगाढे० तुल्लसंखेज्ज०, एवं तुल्लअसंखेज्जपएसोगाढेवि, से तेण० जाव खेत्ततुल्लए।

[प्र०] हे भगवन्! केटला प्रकारे तुल्य कहेल छे? [उ०] हे गौतम! तुल्य छ प्रकारे कहेलुं छे, ते आ प्रमाणे-१ द्रव्यतुल्य, २ क्षेत्रतुल्य, ३ कालतुल्य, ४ भवतुल्य, ५ भावतुल्य अने ६ संस्थानतुल्य. [प्र०] हे भगवन्! द्रव्यतुल्य ए 'द्रव्यतुल्य' एम केम कहेवाय? [उ०] हे गौतम! एक परमाणुपुद्गल बीजा परमाणुपुद्गलनी साथे द्रव्यथी तुल्य छे, पण परमाणुपुद्गल परमाणुपुद्गल शिवायना बीजा पदार्थ साथे द्रव्यथी तुल्य नथी; ए प्रमाणे द्विप्रदेशिक स्कन्ध (बीजा) द्विप्रदेशिक स्कन्धनी साथे द्रव्यथी तुल्य छे, पण द्विप्रदेशिक स्कन्ध द्विप्रदेशिक स्कन्ध सिवायना बीजा पदार्थ साथे द्रव्यथी तुल्य नथी. ए प्रमाणे यावत्-दशप्रदेशिक स्कन्ध सुधी कहेवुं. तुल्यसंख्यातप्रदेशिक स्कन्ध (तेना) तुल्यसंख्यातप्रदेशिक स्कन्धनी साथे द्रव्यथी तुल्य छे, पण तुल्यसंख्यातप्रदेशिक स्कन्ध तुल्यसंख्यातप्रदेशिक स्कन्ध सिवायना बीजा पदार्थ साथे द्रव्यथी तुल्य नथी, ए प्रमाणे तुल्यअसंख्यात प्रदेशिक स्कन्ध

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





तथा तुल्यअनन्तप्रदेशिक स्कन्ध संबन्धे पण जाणवुं. माटे हे गौतम! ते कारणथी द्रव्यतुल्य ए 'द्रव्यतुल्य' कहेवाय छे. [प्र०] हे भगवन्! क्षेत्रतुल्य ए 'क्षेत्रतुल्य' शा कारणथी कहेवाय छे? [उ०] हे गौतम! आकाशना एक प्रदेशावगाढ–एक प्रदेशमां रहेल पुद्गल द्रव्य एक प्रदेशमां रहेल पुद्गलद्रव्यनी साथे क्षेत्रथी तुल्य कहेवाय छे; पण एक प्रदेशमां रहेल पुद्गलद्रव्य सिवायना द्रव्य साथे क्षेत्रथी तुल्य नथी. ए प्रमाणे यावत्–दशप्रदेशावगाढ–दश प्रदेशमां रहेल पुद्गल द्रव्य संबन्धे पण जाणवुं. तथा तुल्यसंख्यातप्रदेशावगाढ स्कन्धनी साथे तुल्यसंख्यातप्रदेशावगाढ स्कन्ध तुल्य होय, ए प्रमाणे तुल्यअसंख्यातप्रदेशावगाढ स्कन्ध संबन्धे पण जाणवुं. माटे हे गौतम! ते हेतुथी क्षेत्रतुल्य ए 'क्षेत्रतुल्य' कहेवाय छे.

से केणट्ठेणं भंते! एवं वुच्चइ कालतुल्लए२ ?, गोयमा! एगसमयठितीए पोग्गले एग० २ कालओ तुल्ले एगसमयठितीए पोग्गले एगसमयठितीवइरित्तस्स पोग्गलस्स कालओ णो तुल्ले, एवं जाव दससमयट्ठितीए, तुल्लसंखेज्जसमयठितीए एवं चेव, एवं तुल्लअसंखेज्जसमयट्ठितीएवि, से तेणट्ठेणं जाव कालतुल्लए। से केणट्ठेणं भंते! एवं वुच्चइ–भवतुल्लए २?, गोयमा! नेरइए नेरइयस्स भवट्ठयाए तुल्ले नेरइयवइरित्तस्स भवट्ठयाए नो तुल्ले, तिरिक्खजोणिए एवं चेव, एवं मणुस्से एवं, देवेवि, से तेणट्ठेणं जाव भवतुल्लए। से केणट्ठेणं भंते! एवं वुच्चइ–भावतुल्लए भावतुल्लए?, गोयमा! एगगुणकालए पोग्गले एगगुणकालगस्स पोग्गलस्स भावओ तुल्ले एगगुणकालए पोग्गले एगगुणकालगवइरित्तस्स पोग्गलस्स भावओ णो तुल्ले, एवं जाव दसगुणकालए, एवं तुल्लसंखेज्जगुणकालए पोग्गले, एवं तुल्लअसंखेज्जगुणकालएवि, एवं तुल्लअणंतगुणकालएवि, जहा कालए एवं नीलए लोहियए हालिद्दे सुक्किल्लए, एवं

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





सुब्भिगंधे एवं दुब्भिगंधे, एवं तित्ते जाव महुरे, एवं कक्खडे जाव लुक्खे, उदइए भावे उदइयस्स भावस्स भावओ तुल्ले, उदइए भावे उदइयभावघइरित्तस्स भावस्स भावओ नो तुल्ले, एवं उवसमिए० खइए० खओवसमिए० पारिणामिए० संनिवाइए भावे संनिवाइयस्स भावस्स० से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ–भावतुल्लए २।

[प्र०] हे भगवन्! कालतुल्य ए 'कालतुल्य' शा हेतुथी कहेवाय छे? [उ०] हे गौतम! एक समयनी स्थितिवाळुं पुद्गलद्रव्य एक समयनी स्थितिवाळा पुद्गलनी साथे कालथी तुल्य छे. एक समयनी स्थितिवाळुं पुद्गलद्रव्य एक समयनी स्थिति सिवायना पुद्गलद्रव्यनी साथे कालथी तुल्य नथी. ए प्रमाणे यावत्–दशसमयनी स्थितिवाळा पुद्गलद्रव्य संबन्धे जाणवुं. तुल्यसंख्यातासमयनी स्थितिवाळा अने तुल्यअसंख्यात समयनी स्थितिवाळा पुद्गलद्रव्य संबन्धे पण ए प्रमाणे जाणवुं. ते हेतुथी ए प्रमाणे कालतुल्य ए 'कालतुल्य' कहेवाय छे. [प्र०] हे भगवन्! शा हेतुथी एम कहेवाय छे के–भवतुल्य ए 'भवतुल्य' छे? [उ०] हे गौतम! नारक जीव नारकनी साथे भवरूपे तुल्य छे, नारक नारक सिवायना बीजा जीव साथे भवरूपे तुल्य नथी. ए प्रमाणे तिर्यंचयोनिक, मनुष्य अने देवसंबन्धे पण जाणवु. माटे हे गौतम! ते हेतुथी यावत्–'भवतुल्य' कहेवाय छे. [प्र०] हे भगवन्! शा हेतुथी एम कहेवाय छे के–भावतुल्य ए 'भावतुल्य' छे? [उ०] हे गौतम! एकगुण काळावर्णवाळुं पुद्गलद्रव्य एकगुण काळावर्णवाळा पुद्गलद्रव्यनी साथे भावथी तुल्य छे, परन्तु एकगुण काळावर्णवाळुं पुद्गलद्रव्य एकगुणकाळा वर्ण शिवायना बीजा पुद्गलद्रव्य साथे भावतुल्य नथी. ए प्रमाणे यावत् दशगुण काळावर्णवाळा पुद्गल संबन्धे जाणवुं. तुल्यसंख्यातगुणकाळा, तुल्यअसंख्यातगुणकाळा अने तुल्यअनंतगुणकाळा पुद्गलद्रव्य संबन्धे पण ए प्रमाणे जाणवुं. जेम काळावर्णवाळा पुद्गलद्रव्य संबन्धे कह्युं, तेम नील (लीला)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





राता, पीळा अने शुक्ल पुद्गलद्रव्य संबन्धे पण जाणवुं. ए प्रमाणे सुगंधी, दुर्गंधी, कटुक यावत् मधुर द्रव्य संबन्धे तथा कर्कश (बरसठ) यावत्–रुक्ष पुद्गलद्रव्य संबन्धे जाणवुं. औदयिक भाव औदयिक भावनी साथे भावथी तुल्य छे. औदयिक भाव सिवायना बीजा भाव साथे भावथी तुल्य नथी. ए प्रमाणे औपशमिक, क्षायिक, क्षायोपशमिक तथा पारिणामिक भावसंबन्धे जाणवुं. सांनिपातिक (अनेक भावना मळवावडे थयेला) भाव सांनिपातिक भावनी साथे भावथी तुल्य छे ते हेतुथी हे गौतम! एम कहेवाय छे के भावतुल्य ए 'भावतुल्य' छे.

से केणट्ठेणं भंते! एवं वुच्चइ–संठाणतुल्लए २१, गोयमा! परिमंडले संठाणे परिमंडलस्स संठाणस्स संठाणओ तुल्ले, परिमंडलसंठाणवइरित्तस्स संठाणओ नो तुल्ले, एवं वट्टे तंसे चउरंसे आयए, समचउरंससंठाणे समचउरंसस्स संठाणस्स संठाणओ तुल्ले, समचउरंसे संठाणे समचउरंससंठाणवइरित्तस्स संठाणस्स संठाणओ नो तुल्ले, एवं परिमंडले, एवं जाव हुंडे, से तेण० जाव संठाणतुल्लए सं० २ (सूत्रं ५२३) ॥

[प्र०] हे भगवन्! शा हेतुथी एम कहेवाय छे के–संस्थानतुल्य ए 'संस्थानतुल्य' छे? [उ०] हे गौतम! (१) परिमंडल-संस्थान परिमंडलसंस्थानमी साथे संस्थानवडे तुल्य छे, परिमंडलसंस्थान ते शिवायना बीजा संस्थाननी साथे संस्थानवडे तुल्य नथी. ए प्रमाणे (२) वृत्त (गोळ) संस्थान, (३) त्र्यस्र (त्रिकोण) संस्थान, (४) चतुरस्र–चोरससंस्थान अने (५) आयत लांबुं संस्थान पण जाणवुं. तथा समचतुरस्र संस्थान समचतुरस्र संस्थाननी साथे संस्थानथी तुल्य छे, पण समचतुरस्र सिवायना बीजा संस्थाननी संस्थानथी तुल्य नथी. ए प्रमाणे न्यग्रोधपरिमंडल, अने यावत्–हुंड संस्थान सुधी जाणवुं. माटे हे गौतम! ते हेतुथी यावत्–संस्थानतुल्य ए 'संस्थानतुल्य' कहेवाय छे. ॥ ५२३ ॥

For Private And Personal

भत्तपच्चक्खायए णं भंते! अणगारे मुच्छिए जाव अज्झोववन्ने आहारमाहारेति अहे णं वीससाए कालं करेति तओ पच्छा अमुच्छिए अगिद्धे जाव अणज्झोववन्ने आहारमाहारेति ?, हंता गोयमा! भत्तपच्चक्खायए णं अणगारे तं चेव, से केणट्ठेणं भन्ते! एवं वु०-भत्तपच्चक्खायए णं तं चेव ?, गोयमा! भत्तपच्चक्खायए णं अणगारे मुच्छिए जाव अज्झोववन्ने आहारए भवइ अहे णं वीससाए कालं करेइ तओ पच्छा अमुच्छिए जाव आहारे भवइ से तेणट्ठेणं गोयमा! जाव आहारमाहारेति (सूत्रं ५२४) ॥

[प्र०] हे भगवन्! भक्तप्रत्याख्यान करनार (आहारनो त्यागी) अनगार मूर्छित, यावत्-अत्यन्त आसक्त थईने आहार करे, अने पछी स्वभावथी काल-मारणांतिक समुद्घात करे, त्यार पछी अमूर्छित-मूर्छा विना, अगृद्ध-लालच विना यावत्-अनासक्त थई आहार करे ? [उ०] हा, गौतम! भक्तप्रत्याख्यान करनार अनगार-इत्यादि पूर्व प्रमाणे आहार करे. [प्र०] हे भगवान्! शा हेतुथी एम कहेवाय छे के भक्तप्रत्याख्यान करनार अनगार-इत्यादि [पूर्व प्रमाणे] आहार करे ? [उ०] हे गौतम! भक्तप्रत्याख्यान करनार अनगार [प्रथम] मूर्छित, यावत्-आहारने विषे आसक्त होय छे, त्यार पछी स्वभावथी ते काल-मारणांतिक समुद्घात करे छे अने त्यार बाद यावद् आहारने विषे अमूर्छित-रागरहित थई आहार करे छे. माटे हे गौतम! ते हेतुथी भक्तप्रत्याख्यान करनार अनगार पूर्व प्रमाणे यावत्-'आहार करे छे.' ॥ ५२४ ॥

अत्थि णं भंते! लवसत्तमा देवा ल० २ ?, हंता अत्थि, से केणट्ठेणं भन्ते! एवं वुच्चइ-लवसत्तमा देवा ल० २ ?, गोयमा! से जहानामए-केइ पुरिसे तरुणे जाव निउणसिप्पोवगए सालीण वा वीहीण वा गोधूमाण वा ज-

वाण वा जवजवाण वा पक्काणं परियालाणं हरियाणं हरियकंडाणं तिक्खेणं णवपज्जणएणं असिअएणं पडिसाहरिया प०२ पडिसंखिविया २ जाव इणामेव २ त्तिकट्टु सत्त लवए लुएज्जा, जति णं गोयमा ! तेसिं देवाणं एवतियं कालं आउए पहुप्पते तो णं ते देवा तेणं चेव भवग्गहणेणं सिज्झंता जाव अंतं करेंता, से तेणट्ठेणं जाव लवसत्तमा देवा लवसत्तमा देवा (सूत्रं ५२५) ॥

[प्र०] हे भगवान् ! शुं लवसत्तम देवो ए लवसत्तम देवो छे ? [उ०] हा, गौतम ! छे. [प्र०] हे भगवान् ! लवसत्तम देवो ए 'लवसत्तम देवो' एम शा हेतुथी कहेवाय छे ? [उ०] हे गौतम ! जेम कोई जुवान पुरुष यावत्–निपुण शिल्पनो ज्ञाता होय, अने ते पाकेला, लणवाने योग्य थयेला, पीळा थयेला अने पीळीनाळवाळा शालि, व्रीहि, गहुं जव अने जवजव (धान्यविशेष) ने (हाथथी) एकठा करी मुठिवडे ग्रहण करी, आ काप्या' ए प्रमाणे शीघ्रतापूर्वक नवीन पाणी चडावेल तीक्ष्ण दातरडावडे सात लव (कोळी) जेटला समयमां कापी नाखे, हे गौतम ! जो ते देवोनुं एटलुं (सात लव जेटलुं) आयुष्य वधारे होत तो देवो तेज भवमां सिद्ध थात, यावत् सर्व दुःखोनो अन्त करत. माटे ते हेतुथी हे गौतम ! ते लवसत्तम देवो ए 'लवसत्तम' एम कहेवाय छे. ॥ ५२५ ॥

अत्थि णं भंते ! अणुत्तरोववाइया देवा अ०२ ?, हंता अत्थि, से केणट्ठेणं भंते ! एवं वुचइ अ०२ ?, गोयमा ! अणुत्तरोववाइयाणं देवाणं अणुत्तरा सद्दा जाव अणुत्तरा फासा, से तेणट्ठेणं गोयमा ! एवं वुचइ जाव अणुत्तरोववाइया देवा अ० २। अणुत्तरोववाइया णं भंते ! देवा णं केवतिएणं कम्मावसेसेणं अणुत्तरोववाइयदेवत्ताए उववन्ना ?, गोयमा ! जावतियं छट्ठभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतिएणं कम्मावसेसेणं अणुत्तरोववाइया

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





देवा देवत्ताए उववन्ना। सेवं भंते! २ त्ति (सूत्रं ५२६) ॥ १४-७ ॥

[प्र०] हे भगवन्! अनुत्तरौपपाति देवो २ छे? [उ०] हा गौतम! छे. [प्र०] हे भगवन्! शा हेतुथी अनुत्तरौपपातिक देवो 'अनुत्तरौपपातिक' एम कहेवाय छे? [उ०] हे गौतम! अनुत्तरौपपातिक देवोनी पासे अनुत्तर शब्दो, यावत्-अनुत्तर स्पर्शो होय छे, माटे हे गौत्तम! ते हेतुथी यावद् तेओने अनुत्तरौपपातिक देवो कहेवामां आवे छे. [प्र०] हे भगवन्! केटलुं कर्म बाकी रहेवाथी अनुत्तरौपपातिक देवो अनुत्तरौपपातिकदेवपणे उत्पन्न थाय? [उ०] हे गौतम! श्रमण निर्ग्रन्थ छट्ठ भक्तवडे जेटला कर्मनी निर्जरा करे तेटलुं कर्म बाकी रहेवाथी अनुत्तरौपपातीक देवो अनुत्तरौपपातिकदेवपणे उत्पन्न थाय छे. 'हे भगवान्! ते एमज छे हे भगवान्! ते एमज छे' एम कही [ भगवान् गौतम ] यावद् विहरे छे. ॥ ५२६ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतासूत्रना १४ मा शतकमां सातमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## उद्देशक ८.

इमीसे णं भंते! रयणप्पभाए पुढवीए सक्करप्पभाए य पुढवीए केवतियं अबाहाए अंतरे पण्णत्ते?, गोयमा! असंखेज्जाइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते, सक्करप्पभाए णं भंते! पुढवीए वालुयप्पभाए य पुढवीए केवतियं एवं चेव, एवं जाव तमाए अहेसत्तमाए य, अहेसत्तमाए णं भंते! पुढवीए अलोगस्स य केवतियं आबाहाए अंतरे पण्णत्ते?, गोयमा! असंखेज्जाइं जोयणसहस्साइं आबाहाए अंतरे पण्णत्ते। इमीसे णं भंते! रयण-

For Private And Personal

प्पभाए पुढवीए जोतिसस्स य केवतियं पुच्छा, गोयमा! सत्तनउए जोयणसए आबाहाए अंतरे पण्णत्ते, जोतिसस्स णं भंते! सोहम्मीसाणाण य कप्पाणं केवतियं पुच्छा, गोयमा! असंखेज्जाइं जोयण जाव अंतरे पण्णत्ते, सोहम्मीसाणाणं भंते! सणंकुमारमाहिंदाण य केवतियं एवं चेव, सणंकुमारमाहिंदाणं भंते! बंभलोगस्स कप्पस्स य केवतियं एवं चेव, बंभलोगस्स णं भंते! लंतगस्स य कप्पस्स केवतियं एवं चेव, लंतयस्स णं भंते! महासुकस्स य कप्पस्स केवतियं एवं चेव, एवं महासुक्कस्स कप्पस्स सहस्सारस्स य, एवं सहस्सारस्स आणयपाणयकप्पाणं, एवं आणयपाणयाण य कप्पाणं आरणच्चुयाण य कप्पाणं, एवं आरणच्चुयाणं गेविज्जविमाणाण य, एवं गेविज्जविमाणाणं अणुत्तरविमाणाण य। अणुत्तरविमाणाणं भंते! ईसिंपब्भाराए य पुढवीए केवतिए पुच्छा, गोयमा! दुवालसजोयणे अबाहाए अंतरे पण्णत्ते, ईसिंपब्भाराए णं भंते! पुढवीए अलोगस्स य केवतिए अबाहाए पुच्छा, गोयमा! देसूणं जोयणं अबाहाए अंतरे पण्णत्ते (सूत्रं ५२७)॥

[प्र०] हे भगवन्! आ रत्नप्रभा पृथ्वी अने शर्कराप्रभा पृथ्वीनुं अबाधावडे-व्यवधानवडे केटलुं अन्तर कहेलुं छे? [उ०] हे गोतम! असंख्यलाख योजन [अबाधाए] अंतर कहेलुं छे. [प्र०] हे भगवन्! शर्कराप्रभा अने वालुकाप्रभा पृथिवीनुं केटलुं अबाधावडे अंतर कह्युं छे? [उ०] हे गौतम! पूर्ववत् जाणवुं. ए प्रमाणे यावत्-तमा-छट्ठी नरकपृथिवी अने अधःसप्तम-सातमी नरक पृथिवी सुधी जाणवुं. [प्र०] हे भगवन्! सातमी नरक पृथिवी अने अलोकनुं केटलुं अबाधावडे अंतर कह्युं छे? [उ०] हे गौतम! असंख्य लाख योजन अबाधाए अंतर कह्युं छे. [प्र०] हे भगवन्! आ रत्नप्रभा पृथिवी अने ज्योतिषिकनुं (सूर्य-चन्द्रादिनुं)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





अप्पेगतिए पमारेहिइ अप्पेगतियाणं उद्दवेहिति अप्पेगतियाणं वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं आच्छिंदिहिति विच्छिंदिहिति भिंदिहिति अवहरिहिति अप्पेगतियाणं भत्तपाणं वोच्छिंदिहिति अप्पेगतिए णिन्नगरे करेहिति अप्पेगतिए निव्विसए करेहिति, तए णं सयदुवारे नगरे बहवे राईसरजाव वदिहिंति—एवं खलु देवाणु० विमलवाहणे राया समणेहिं निग्गंथेहिं मिच्छं विप्पडिवन्ने अप्पेगतिए आउस्सति जाव निव्विसए करेति, तं नो खलु देवाणुप्पिया! एयं अम्हं सेयं नो खलु एयं विमलवाहणस्स रन्नो सेयं नो खलु एयं रज्जस्स वा रट्ठस्स वा बलस्स वा वाहणस्स वा पुरस्स वा अंतेउरस्स वा जणवयस्स वा सेयं जण्णं विमलवाहणे राया समणेहिं निग्गंथेहिं मिच्छं विप्पडिवन्ने, तं सेयं खलु देवाणुप्पिया! अम्हं विमलवाहणं रायं एयमट्ठं विन्नवित्तएत्तिकट्टु अन्नमन्नस्स अंतियं एयमट्ठं पडिसुणेंति अ० २ जेणेव विमलवाहणे राया तेणेव उ० २ करयलपरिग्गहा विमलवाहणं रायं जएणं विजएणं वद्धावेंति ज० २ एवं व०—एवं खलु देवाणु० समणेहिं निग्गंथेहिं मिच्छं विप्पडिवन्ना अप्पेगतिए आउस्संति जाव अप्पेगतिए निव्विसए करेंति, तं नो खलु एयं देवाणुप्पियाणं सेयं नो खलु एयं अम्हं सेयं नो खलु एयं रज्जस्स वा जाव जणवयस्स वा सेयं जं णं देवाणुप्पिया! समणेहिं निग्गंथेहिं मिच्छं विप्पडिवन्ना, तं विरमंतु णं देवाणुप्पिया! एअस्स अट्ठस्स अकरणयाए,

त्यारबाद ते देवसेन राजाने अन्य कोई दिवसे श्वेत, निर्मल शंखना तळीयासमान अने चार दन्तवाळुं हस्तिरत्न उत्पन्न थशे, त्यारे ते देवसेन राजा श्वेत, निर्मल शंखना तळसमान अने चार दन्तवाळा हस्तिरत्न उपर चढीने शतद्वार नगरना मध्यभागमां थईने

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





वारंवार जशे अने नीकळशे. ते वखते शतद्वार नगरने विषे घणा मांडलिक राजाओ, युवराजा यावत्–सार्थवाह प्रमुख एक बीजाने बोलावशे, बोलावीने कहेशे के 'हे देवानुप्रियो! जेथी अमारा देवसेन राजाने श्वेत, निर्मल शंखतळना जेवो अने चार दांतवाळो उत्तम हस्ती उत्पन्न थयो छे, ते माटे हे देवानुप्रियो! अमारा देवसेन राजानुं त्रीजुं नाम 'विमलवाहन' हो. त्यारे ते देवसेन राजानुं 'विमलवाहन' एवुं त्रीजुं नाम पडशे. त्यारबाद ते विमलवाहन राजा अन्य कोइ दिवसे श्रमण निर्ग्रन्थोनी साथे मिथ्यात्व–अनार्यपणुं आचरशे, केटलाएक श्रमण निर्ग्रन्थोनो आक्रोश करशे, केटलाकनी हांसी करशे. केटलाएकने जूदा पाडशे, केटलाएकनी निर्भर्त्सना करशे, केटलाएकने बांधशे, केटलाएकने रोकशे, केटलाएकना अवयवोनो छेद करशे, केटलाएकने मारशे, केटलाएकने उपद्रव करशे, केटलाएकना वस्त्र, पात्र, कांबल अने पादपुंच्छन छेदशे, विशेष छेदशे, भेदशे, अपहरण करशे; केटलाएकना भात–पाणीनो विच्छेद करशे, केटलाएकने नगरथी बहार काढशे अने केटलाएकने देशथी बहार काढशे. ते समये शतद्वार नगरने विषे घणा मांडलिक राजाओ अने युवराजाओ यावत् परस्पर–कहेशे के 'हे देवानुप्रियो! ए प्रमाणे स्वरेखर विमलवाहन राजाए श्रमण निर्ग्रन्थोनी साथे मिथ्या–अनार्यपणुं स्वीकार्युं छे, यावत्–केटलाएकने देशथी बहार काढे छे, ते माटे हे देवानुप्रियो! ए आपणने श्रेयरूप नथी, आ विमलवाहन राजाने श्रेयरूप नथी, तेमज आ राज्यने, आ राष्ट्रने, बलने, वाहनने, पुरने, अन्तःपुरने के देशने श्रेयरूप नथी के जे विमलवाहन राजाए श्रमण निर्ग्रन्थोनी साथे मिथ्या-अनार्यपणुं स्वीकार्युं छे. ते माटे हे देवानुप्रियो! आपणे विमलवाहन राजाने आ वात जणाववी योग्य छे.' एम विचारी एकबीजानी पासे आ वातनो स्वीकार करे छे, स्वीकार करीने ज्यां विमलवाहन राजा छे त्यां आवे छे, त्यां आवीने करतल परिगृहीत करीने–हाथ जोडीने विमलवाहन राजाने जय अने विजयथी

For Private And Personal

वधावे छे. वधावीने एम कहेशे के—'हे देवानुप्रिय! आप श्रमण निर्ग्रन्थोनी साथे मिथ्या-अनार्यपणाने आचरता केटलाएकनो आक्रोश करो छो, यावत्-केटलाएकने देशथी बहार काढो छो, ते देवानुप्रिय एवा आपने श्रेयरूप नथी, ए अमने पण श्रेयरूप नथी, तेमज आ राज्यने, यावत्-देशने श्रेयरूप नथी के जे देवानुप्रिय एवा आप श्रमण निर्ग्रन्थोनी साथे मिथ्यात्व-अनार्यपणुं आचरो छो, ते माटे हे देवानुप्रिय! आप नहि करवावडे आ कार्यथी बन्ध पडो.'

तए णं से विमलवाहणे राया तेहिं बहूहिं राईसरजाव सत्थवाहप्पभिईहिं एयमट्ठे विन्नत्ते समाणे नो धम्मोत्ति नो तवोत्ति मिच्छाविणएणं एयमट्ठं पडिसुणेहिति, तस्स णं सयदुवारस्स नगरस्स बहिया उत्तरपुरच्छिमे दिसीभागे एत्थ णं सुभूमिभागे नामं उज्जाणे भविस्सइ सव्वोउय० वन्नओ। तेणं कालेणं तेणं समएणं विमलस्स अरहओ पउप्पए सुमंगले नामं अणगारे जाइसंपन्ने जहा धम्मघोसस्स वन्नओ जाव संखित्तविउलतेयलेस्से तिनाणोवगए सुभूमिभागस्स उज्जाणस्स अदूरसामंते छट्ठंछट्ठेणं अणि० जाव आयावेमाणे विहरिस्सति। तए णं से विमलवाहणे राया अन्नया कदायि रहचरियं काउं निज्जाहिति, तए णं से विमलवाहणे राया सुभूमिभागस्स उज्जाणस्स अदूरसामंते रहचरियं करेमाणे सुमंगलं अणगारं छट्ठंछट्ठेणं जाव आयावेमाणं पासिहिति पा० २ आसुरुत्ते जाव मिसिमिसेमाणे सुमंगलं अणगारं रहसिरेणं [ग्रन्थाग्रम् १००००] णोल्लावेहिति, तए णं से सुमंगले अणगारे विमलवाहणेणं रन्ना रहसिरेणं नोल्लाविए समाणे सणियं २ उट्ठेहिति उ० २ दोच्चंपि उड्ढं बाहाओ पगिज्झिय जाव आयावेमाणे विहरिहिति, तए णं से विमलवाहणे राया सुमंगलं अणगारं दोच्चंपि रहसिरेणं

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





णोल्लावेहिति, तए णं से सुमंगले अणगारे विमलवाहणेणं रन्ना दोच्चंपि रहसिरेणं णोल्लाविए समाणे सणियं २ उट्ठेहिति उ० २ ओहिं पउंजेहिति २ त्ता विमलवाहणस्स रण्णो तीतद्धं ओहिणा आभोएहिति २ त्ता विमलवाहणं रायं एवं वइहिति—नो खलु तुमं विमलवाहणे राया नो खलु तुमं देवसेणे राया नो खलु तुमं महापउमे राया, तुमण्णं इओ तच्चे भवग्गहणे गोसाले नामं मंखलिपुत्ते होत्था समणघायए जाव छउमत्थे चेव कालगए, तं जति ते तदा सव्वाणुभूतिणा अणगारेणं पभुणावि होऊणं सम्मं सहियं खमियं तितिक्खियं अहियासियं, जइ ते तदा सुनक्खत्तेणं अण० जाव अहियासियं, जइ ते तदा समणेणं भगवया महावीरेणं पभुणावि जाव अहियासियं, तं नो खलु ते अहं तहा सम्मं सहिस्सं जाव अहियासिस्सं, अहं ते नवरं सहयं सरहं ससारहियं तवेणं तेएणं एगाहच्चं कूडाहच्चं भासरासिं करेज्जामि,

ज्यारे ते घणा मांडलिक राजाओ, युवराजाओ यावत्–सार्थवाहप्रमुख आ बाबत विनंति करशे त्यारे ते विमलवाहन राजा 'धर्म नथी, तप नथी'–एवी बुद्धिथी मिथ्या विनयवडे आ वात कबूल करशे. हवे ते शतद्वार नगरनी बहार उत्तर–पूर्व दिशाए अहिं सुभूमिभाग नामे उद्यान हशे. ते सर्व ऋतुना पुष्पादिकयुक्त–इत्यादि वर्णन जाणवुं. ते काले ते समये विमलनामे तीर्थंकरना प्रपौत्र शिष्य परंपरामां थयेला सुमंगल नामे अनगार हशे. ते जातिसंपन्न–इत्यादि धर्मघोष अनगारना वर्णन प्रमाणे वर्णन करवुं. यावत्–संक्षिप्त अने विपुल तेजोलेश्यावाळा, त्रण ज्ञानवडे सहित ते सुमंगल नामे अनगार सुभूमिभाग नामे उद्यानथी थोडे दूर निरन्तर छट्ठनो तप करवावडे यावत्–आतापना लेता विहरशे. हवे ते विमलवाहन राजा अन्य कोई दिवसे रथचर्या करवा निकळशे त्यारे

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





सुभूमिभाग नामे उद्यानथी थोडे दूर रथचर्या करतो ते विमलवाहन राजा निरंतर छठ्ठनो तप करता यावत् आतापना लेता सुमंगल अनगारने जोशे. जोइने कोपाविष्ट थयेलो यावत्—क्रोधथी अत्यन्त बळतो एवो ते राजा रथना अग्रभागवडे सुमंगल अनगारने अभिघात [illegible] पाडी नांखशे. ज्यारे विमलवाहन राजा रथना अग्रभागवडे ते सुमंगल अनगारने पाडी नाखशे त्यारे ते सुमंगल अनगार धीमे धीमे उठशे, उठीने बीजीवार ऊंचा हाथ करी करीने आतापना लेता विहरशे; त्यारे ते विमलवाहन राजा सुमंगल अनगारने बीजीवार रथना अग्रभागवडे अभिघात करी पाडी नांखशे. ज्यारे विमलवाहन राजा सुमंगल अनगारने बीजीवार रथना अग्रभागवडे अभिघात करी पाडी नांखशे त्यारे ते सुमंगल अनगार धीमे धीमे उठशे, उठीने अवधिज्ञान प्रयुंजशे, अवधिज्ञान प्रयुंजीने विमलवाहन राजाने अतीतकाळे अवधिज्ञान वडे जोशे, जोईने विमलवाहन राजाने एम कहेशे—"तुं खरेखर विमलवाहन राजा नथी, तुं खरेखर देवसेन राजा नथी, तुं खरेखर महापद्म राजा नथी, तुं आ भवथी त्रीजा भवमां मंखलिपुत्र गोशालकनामे हतो, अने श्रमणनो घात करनार तुं छद्मस्थावस्थामां काळधर्म पाम्यो हतो, जो ते वखते सर्वानुभूति अनगारे समर्थ छतां पण तारो अपराध सम्यक् प्रकारे सहन कर्यो, तेनी क्षमा करी, तितिक्षा करी अने तेने अध्यासित कर्यो; जो के ते वखते सुनक्षत्र अनगारे पण यावत्—अध्यासित-सहन कर्यो, जो के ते समये श्रमण भगवान् महावीरे समर्थ छतां पण यावत्—सहन कर्यो, परन्तु खरेखर हुं ते प्रमाणे सम्यक् सहन नहिं करुं, यावत्—अध्यासिश नहि, हुं घोडा, रथ अने सारथिसहित तने मारा तपना तेजथी एकघाए कूटाघात—पाषाणमय यंत्रना आघातनी जेम भस्मराशिरूप करीश."

तए णं से विमलवाहणे राया सुमंगलेणं अणगारेणं एवं वुत्ते समाणे आसुरुत्ते जाव मिसिमिसेमाणे

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





सुमंगलं अणागारं तच्चंपि रहसिरेणं णोल्लावेहिति, तए णं से सुमंगले अणगारे विमलवाहणेणं रण्णा तच्चंपि रहसिरेणं नोल्लाविए समाणे आसुरुत्ते जाव मिसिमिसेमाणे आयावणभूमीओ पच्चोरुभइ आ० २ तेया-समुग्घाएणं समोहंनिहिति तेया० २ सत्तट्ठ पयाइं पच्चोसक्किहिति सत्तट्ठ० २ विमलवाहणं रायं सहयं सरहं ससारहियं तवेणं तेएणं जाव भासरासिं करेहिति। सुमंगले णं भंते! अणगारे विमलवाहणं रायं सहयं जाव भासरासिं करेत्ता कहिं गच्छिहिति कहिं उववज्जिहिति ?, गोयमा! सुमंगले अणगारे णं विमलवाहणं रायं सहयं जाव भासरासिं करेत्ता बहूहिं चउत्थछट्ठट्ठमदसमदुवालसजावविचित्तेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे बहूइं वासाइं सामण्णपरियागं पाउणेहिति २ त्ता मासियाए संलेहणाए सट्ठिं भत्ताइं अणसणाए जाव छेदेत्ता आलोइयपडिक्कंते समाहिपत्ते उड्ढं चंदिमजाव गेविज्जविमाणावाससयं वीयीवइत्ता सव्वट्ठसिद्धे महाविमाणे देवत्ताए उववज्जिहिति, तत्थ णं देवाणं अजहन्नमणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिती प०, तत्थ णं सुमंगलस्सवि देवस्स अजहन्नमणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिती पन्नत्ता। से णं भंते! सुमंगले देवे ताओ देवलोगाओ जाव महाविदेहे वासे सिज्झिहिति जाव अंतं करेति ( सूत्रं ५५९ ) ॥

ज्यारे ते सुमंगल अनगारे ए प्रमाणे कह्युं त्यारे अत्यन्त गुस्से थयेलो अने यावत्-अत्यन्त क्रोधथी बळतो ते विमलवाहन राजा सुमंगल अनगारने त्रीजी वार पण रथना अग्रभाग वडे अभिघात करी पाडी नांखशे; ज्यारे विमलवाहन राजा रथना अग्रभागवडे त्रीजीवार ते सुमंगल अनगारने अभिघात करी पाडी नांखशे. त्यारे अत्यंत गुस्से थयेला अने यावत्-क्रोधथी बळता एवा

For Private And Personal

ते सुमंगल अनगार आतापना भूमिथी उतरी तैजस समुद्घात करशे, तैजस समुद्घात करीने, सात आठ पगलां पाछा जइ घोडा, रथ अने सारथिसहित विमलवाहन राजाने भस्मराशिरूप करशे. [प्र०] हे भगवन्! सुमंगल अनगार घोडासहित, यावत्-विमलवाहन राजाने भस्मराशिरूप करीने [काळ करी] क्यां जशे, क्यां उत्पन्न थशे? [उ०] हे गौतम! सुमंगल अनगार विमलवाहन राजाने घोडासहित यावत्-भस्मराशिरूप करीने घणा प्रकारना छट्ठ, अट्ठम, दशम [चार उपवास], द्वादश भक्त [पांच उपवास] यावत्-विचित्र तपकर्म वडे आत्माने भावित करता घणा वरस सुधी श्रमणपणाना पर्यायने पाळशे. पाळीने मासिक संलेखना वडे साठ भक्त अनशनपणे वीतावीने आलोचना अने प्रतिक्रमण करी समाधिने प्राप्त थई ऊर्ध्व लोकमां चन्द्र अने सूर्य, यावत्-सो ग्रैवेयक विमानावासने ओळंगी सर्वार्थसिद्ध महाविमानमां देवपणे उपजशे. त्यां देवोनी जघन्य अने उत्कृष्टरहित एवी तेत्रीश सागरोपमनी स्थिति कही छे. त्यां सुमंगल देवनी पण जघन्य अने उत्कृष्टरहित एवी तेत्रीश सागरोपमनी स्थिति हशे. ते सुमंगल देव ते देवलोकथी यावत्-भवना क्षय थवाथी महाविदेह क्षेत्रमां सिद्ध थशे, यावत् सर्व दुःखोनो अन्त करशे. ॥ ५५९ ॥

विमलवाहणे णं भंते! राया सुमंगलेणं अणगारेणं सहए जाव भासरासीकए समाणे कहिं गच्छिहिति कहिं उववज्जिहिति?, गोयमा! विमलवाहणे णं राया सुमंगलेणं अणगारेणं सहये जाव भासरासीकए समाणे अहेसत्तमाए पुढवीए उक्कोसकालट्ठिइयंसि नरयंसि नेरइयत्ताए उववज्जिहिति, से णं ततो अणंतरं उव्वट्टित्ता मच्छेसु उववज्जिहिति, से णं तत्थ सत्थवज्झे दाहवक्कंतीए कालमासे कालं किच्चा दोच्चंपि अहे सत्तमाए पुढवीए उक्कोसकालट्ठितीयंसि नरगंसि नेरइयत्ताए उववज्जिहिति, से णं तओऽणंतरं उव्वट्टित्ता दोच्चंपि मच्छेसु उववज्जिहिति,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





तत्थवि णं सत्थवज्झे जाव किच्चा छट्ठीए तमाए पुढवीए उक्कोसकालट्ठिइयंसि नरगंसि नेरइयत्ताए उववज्जिहिति, से णं तओहिंतो जाव उव्वट्टित्ता इत्थियासु उववज्जिहिति, तत्थवि णं सत्थवज्झे दाह जाव दोच्चंपि छट्ठीए तमाए पुढवीए उक्कोसकालजाव उव्वट्टित्ता दोच्चंपि इत्थियासु उवव०, तत्थवि णं सत्थवज्झे जाव किच्चा पंचमाए धूमप्पभाए पुढवीए उक्कोसकालजाव उव्वट्टित्ता उरएसु उववज्जिहिति, तत्थवि णं सत्थवज्झे जाव किच्चा दोच्चंपि पंचमाए जाव उव्वट्टित्ता दोच्चंपि उरएसु उववज्जिहिति, जाव किच्चा चउत्थीए पंकप्पभाए पुढवीए उक्कोसकाल-ट्ठितीयंसि जाव उव्वट्टित्ता सीहेसु उववज्जिहिति, तत्थवि णं सत्थवज्झे तहेव जाव किच्चा दोच्चंपि चउत्थीए पंकजाव उव्वट्टित्ता दोच्चंपि सीहेसु उवव० जाव किच्चा तच्चाए वालुयप्पभाए उक्कोसकालजाव उव्वट्टित्ता पक्खीसु उवव० तत्थवि णं सत्थवज्झे जाव किच्चा दोच्चंपि तच्चाए वालुयजाव उव्वट्टित्ता दोच्चंपि पक्खीसु उवव० जाव किच्चा दोच्चाए सक्करप्पभाए जाव उव्वट्टित्ता सिरीसवेसु उवव० तत्थवि णं सत्थ० जाव किच्चा दोच्चंपि दोच्चाए सक्करप्पभाए जाव उव्वट्टित्ता दोच्चंपि सिरीसवेसु उवव० जाव किच्चा इमीसे रयणप्पभाए पुढवीए उक्कोसकाल-ट्ठितीयंसि नरगंसि नेरइयत्ताए उववज्जिहिति, जाव उव्वट्टित्ता सण्णीसु उवव०, तत्थवि णं सत्थवज्झे जाव किच्चा असण्णीसु उववज्जिहिति, तत्थवि णं सत्थवज्झे जाव किच्चा दोच्चंपि इमीसे रयणप्पभाए पुढवीए पलिओवमस्स असंखेज्जइभागट्ठितीयंसि णरगंसि नेरइयत्ताए उववज्जिहिति, से णं तओ जाव उव्वट्टित्ता जाइं इमाइं खहयर-विहाणाइं भवंति, तं०—चम्मपक्खीणं लोमपक्खीणं समुग्गपक्खीणं विययपक्खीणं तेसु अणेगसयसहस्सखुत्तो

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





उद्दाइत्ता २ तत्थेव २ भुज्जो २ पच्चायाहिति, सव्वत्थवि णं सत्थवज्झे दाहवक्कंतीए कालमासे कालं किच्चा जाइं इमाइं भुयपरिसप्पविहाणाइं भवंति, तंजहा-गोहाणं नउलाणं जहा पन्नवणापए जाव जाहगाणं, तेसु अणेगसयसहस्सखुत्तो सेसं जहा खहचराणं जाव किच्चा जाइं इमाइं उरपरिसप्पविहाणाइं भवंति, तं०-अहीणं अयगराणं आसालियाणं महोरगाणं, तेसु अणेगसयसह० जाव किच्चा जाइं इमाइं चउप्पदविहाणाइं भवंति, तं०—एगखुराणं दुखुराणं गंडीपदाणं सणहपदाणं, तेसु अणेगसयसहस्स जाव किच्चा जाइं इमाइं जलयरविहाणाइं भवंति तं०-मच्छाणं कच्छभाणं जाव सुसुमाराणं, तेसु अणेगसयसह० जाव किच्चा जाइं इमाइं चउरिंदियविहाणाइं भवंति, तं-अंधियाणं पोत्तियाणं जहा पन्नवणापदे जाव गोमयकीडाणं, तेसु अणेगसयसह जाव किच्चा जाइं इमाइं तेइंदियविहाणाइं भवंति, तं०—उवचियाणं जाव हत्थिसोंडाणं तेसु अणेगजाव किच्चा जाइं इमाइं बेइंदियविहाणाइं भवंति तं०-पुलाकिमियाणं जाव समुद्दलिक्खाणं तेसु अणेगसयजाव किच्चा जाइं इमाइं वणस्सइविहाणाइं भवंति, तं०-रुक्खाणं गुच्छाणं जाव कुहणाणं, तेसु अणेगसय जाव पच्चायाइस्सइ, उस्सन्नं च णं कडुयरुक्खेसु कडुयवल्लीसु सव्वत्थवि णं सत्थवज्झे जाव किच्चा जाइं इमाइं वाउक्काइयविहाणाइं भवंति, तंजहा-पाईणवायाणं जाव सुद्धवायाणं तेसु अणेगसयसहस्सजाव किच्चा जाइं इमाइं तेउक्काइयविहाणाइं भवंति, तं०-इंगालाणं जाव सूरकंतमणिनिस्सियाणं, तेसु अणेगसयसह० जाव किच्चा जाइं इमाइं आउक्काइयविहाणाइं भवंति, तं०—उस्साणं जाव खातोदगाणं, तेसु अणेगसयसहजाव पच्चायातिस्सइ, उस्सण्णं च णं खारोदएसु

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





खातोदएसु, सव्वत्थवि णं सत्थवज्झे जाव किच्चा जाइं इमाइं पुढविकाइयविहाणाइं भवंति, तं०-पुढवीणं सक्कराणं जाव सूरकंताणं, तेसु अणेगसयजाव पच्चायाहिति, उस्सण्णं च णं खरबायरपुढविक्काइएसु, सव्वत्थवि णं सत्थवज्झे जाव किच्चा रायगिहे नगरे बाहिंखरियत्ताए उववज्जिहिइ, तत्थवि णं सत्थवज्झे जाव किच्चा दुच्चंपि रायगिहे नगरे अंतोखरियत्ताए उववज्जिहिति, (सूत्रं ५६०) ॥

[प्र०] हे भगवन् ! ज्यारे सुमंगल अनगार घोडासहित विमलवाहन राजाने यावत्—भस्मराशिरूप करशे त्यारबाद ते क्यां जशे, क्यां उत्पन्न थशे ? [उ०] हे गौतम ! सुमंगल अनगारे घोडासहित यावत्–भस्मराशिरूप कर्या पछी ते विमलवाहन राजा अधःसप्तम पृथिवीमां उत्कृष्ट काळनी स्थितिवाळा नरकने विषे नारकपणे उत्पन्न थशे. त्यांथी च्यवीने तुरत मत्स्योने विषे उत्पन्न थशे. त्यां पण शस्त्रवडे वध थवाथी दाहनी पीडावडे मरणसमये काळ करीने बीजीवार पण अधःसप्तम नरकपृथिवीमां उत्कृष्टस्थितिवाळा नरकावासने विषे नारकपणे उत्पन्न थशे. त्यांथी अन्तररहितपणे च्यवी बीजीवार पण मत्स्योमां उत्पन्न थशे. त्यां पण शस्त्रवडे वध थवाथी यावत्—काळ करीने छट्ठी तमा नामे नरकपृथिवीमां उत्कृष्ट काळनी स्थितिवाळा नरकमां नैरयिकपणे उत्पन्न थशे. त्यांथी नीकळी तुरतज स्त्रीने विषे उत्पन्न थशे. त्यां पण शस्त्रद्वारा वध थतां दाहनी पीडाथी यावत्—बीजीवार छट्ठी तमा पृथिवीमां उत्कृष्ट काळनी स्थितिवाळा नरकमां नारकपणे उत्पन्न थशे. यावत् त्यांथी नीकळीने बीजीवार पण स्त्रीओमां उत्पन्न थशे. त्यां पण शस्त्रवडे वध थवाथी यावत् काळ करीने पांचमी धूमप्रभाने विषे उत्कृष्ट काळनी स्थितिवाळा नरकवासमां यावत् उत्पन्न थशे. त्यांथी नीकळीने उरःपरिसर्पमां उत्पन्न थशे. त्यां पण शस्त्रवडे वध थवाथी काळ करीने बीजीवार पांचमी नरकपृथि-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





वीमां उत्पन्न थइ, त्यांथी नीकळी यावत् बीजीवार उरःपरिसर्पोमां उत्पन्न थशे. त्यांथी यावत् काळ करीने चोथी पंकप्रभा पृथिवीमां उत्कृष्ट काळनी स्थितिवाळा नरकने विषे नारकपणे उत्पन्न थइ, यावत् त्यांथी नीकळी सिंहोमां उत्पन्न थशे, त्यां पण शस्त्र वडे वध थवाथी ते प्रमाणेज यावत् काळ करीने बीजीवार चोथी पंकप्रभामां उत्पन्न थई, यावत् त्यांथी नीकळी बीजीवार सिंहोमां उत्पन्न थशे, त्यांथी यावत्-काळ करीने त्रीजी वालुकाप्रभामां उत्कृष्टकाळनी स्थितिवाळा नरकवासमां उत्पन्न थई, त्यांथी नीकळी पक्षीओमां उत्पन्न थशे. त्यां पण शस्त्रवडे वध थवाथी यावत् काळ-करी बीजीवार त्रीजी वालुकाप्रभामां उत्पन्न थई, यावत्-त्यांथी नीकळी बीजीवार पक्षीओमां उत्पन्न थशे. यावत्-काळ करी त्यांथी बीजी शर्कराप्रभामां उत्पन्न थई, यावत्—त्यांथी नीकळी सरीसृप (शीकारी पशुओ) ने विषे उपजशे. त्यां शस्त्रवडे वध थवाथी यावत्-काळ करी बीजीवार शर्कराप्रभाने विषे यावत्-उत्पन्न थशे. अने त्यांथी नीकळी बीजीवार सरीसृपमां उत्पन्न थशे, यावत् काळकरीने आ रत्नप्रभापृथिवीने विषे उत्कृष्ट काळनी स्थितिवाळा नरकावासमां नैरयिकपणे उत्पन्न थशे. यावत्-त्यांथी नीकळीने संज्ञीने विषे उपजशे. त्यां पण शस्त्रवडे वध थवाथी यावत्-काळ करीने असंज्ञीमां उत्पन्न थशे. त्यांपण शस्त्रवडे वध थतां यावत्-काळ करीने बीजीवार पण आ रत्नप्रभापृथिवीमां पल्योपमना असंख्यातमा भागनी स्थितिवाळा नरकावासमां नारकपणे उत्पन्न थशे. हवे त्यांथी यावत् नीकळीने जे खेचरना भेदो छे, ते आ प्रमाणे-चर्मपक्षीओ (चामडानी पांखवाळा), लोमपक्षीओ (पिंछानी पांखवाळा), समुद्गकपक्षीओ [जेनी सर्वदा उडतां पण पांखो बीडायेल होय ते] अने वितत पक्षीओमां [ जेनी हमेशां विस्तारेली पांख होय तेमां ] अनेक लाख वार मरण पामी पामीने त्यां वारंवार उत्पन्न थशे. सर्वत्र शस्त्रवध थवाथी दाहनी उत्पत्तिवडे मरणसमये काळ करी जे आ भुजपरिसर्पना भेदो छे, ते आ प्रमाणे-घो, नोळीआ

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



इत्यादि प्रज्ञापना सूत्रना प्रथम प्रज्ञापना पदने विषे कह्युं छे ते प्रमाणे जाणवुं, यावत्-जाहक अने चउप्पाइअ जीवोमां अनेक लाखवार मरण पामी पुनः त्यां वारंवार उत्पन्न थशे. बाकी बधुं खेचरनी पेठे जाणवुं. यावत्—काळ करी जे आ उरःपरिसर्पना भेदो होय छे, ते आ प्रमाणे— साप, अजगर, आशालिका अने मनोरग; तेमां अनेक लाखवार मरण पामी यावत्-काळ करी जे आ चतुष्पदना भेदो होय छे. ते आ प्रमाणे-१ एक खरीवाळा, २ बे खरीवाळा, ३ गंडीपद अने ४ नखसहित पगवाळा, तेमां अनेक लाखवार उत्पन्न थशे, त्यांथी यावत् काळ करी जे आ जलचरना भेदो होय छे, ते आ प्रमाणे—कच्छप [काचबा] यावत् सुसुमार तेओमां अनेक लाखवार उपजशे, यावत्-काळ करी जे आ चउरिन्द्रिय जीवोना भेदो छे, ते आ प्रमाणे-अंधिक, पौत्रिक इत्यादि जेम प्रज्ञापनासूत्रना प्रथम प्रज्ञापनापदमां कह्या प्रमाणे यावत् गोमयकीडाओमां अनेक लाखवार उपजशे. त्यां उत्पन्न थई काळ करी जे आ तेइन्द्रिय जीवोना भेदो छे, ते आ प्रमाणे-उपचित, यावत् हस्तिशौंड, तेओमां उत्पन्न थइ यावत् काळ करी जे आ बेइन्द्रियोना भेदो छे, ते आ प्रमाणे—पुलाकृमि यावत् समुद्रलिक्षा, तेओमां अनेक लाखवार उपजशे. उपजी यावत् काळ करी जे आ वनस्पतिना भेदो छे, ते आ प्रमाणे-वृक्षो, गुच्छक, यावत् कुहुना; तेओमां अनेक लाखवार मरण पामी उत्पन्न थशे, विशेषे करीने कडुक वृक्षोमां अने कडुक वेलीमां उपजशे, अने सर्व स्थळे शस्त्रवडे वध थवाथी यावत् काळ करीने जे आ वायुकायिकना भेदो छे, ते आ प्रमाणे—पूर्वनो वायु, यावत् शुद्ध वायु; तेमां अनेक लाखवार उत्पन्न थशे. यावत् काळ करी जे आ तेउकायिकना भेदो छे, ते आ प्रमाणे—अंगारा, यावत् सूर्यकान्तमणि निश्रित अग्नि, तेमां अनेक लाखवार उत्पन्न थशे. उत्पन्न थई जे आ अप्कायिकना भेदो छे, ते आ प्रमाणे-अवश्याय-झाकळनुं पाणी, यावत् खाईनुं पाणी; तेमां अनेक लक्षवार यावत् उत्पन्न थशे. बहुधा खारा



For Private And Personal

पाणीमां अने खाईना पाणीमां उत्पन्न थशे; अने सर्व स्थळे शस्त्रवडे वध थवाथी यावत्-काळ करीने जे आ पृथिवीकायिकना भेदो छे, ते आ प्रमाणे-पृथिवी, शर्करा-कांकरा, यावत्-सूर्यकान्तमणि; तेओमां अनेक लाखवार उत्पन्न थशे. विशेषतः खरबादरपृथिवीकायिकने विषे, सर्वत्र शस्त्रवडे वध थवाने लीधे यावत्-काळ करीने राजगृह नगरनी बाहेर वेश्यापणे उत्पन्न थशे. त्यां पण शस्त्रवडे वध थतां यावत्—काळ करी बीजीवार राजगृह नगरनी अंदर वेश्यापणे उत्पन्न थशे. ॥ ५६० ॥

तत्थवि णं सत्थवज्झे जाव किच्चा इहेव जंबुद्दीवे दीवे भारहे वासे विंझगिरिपायमूले वेभेले सन्निवेसे माहणकुलंसि दारियत्ताए पच्चायाहिति । तए णं तं दारियं अम्मापियरो उम्मुक्कबालभावं जोव्वणगमणुप्पत्तं पडिरूवएणं सुंकेणं पडिरूवएणं विणएणं पडिरूवयस्स भत्तारस्स भारियत्ताए दलइस्सति, सा णं तस्स भारिया भविस्सति इट्ठा कंता जाव अणुमया भंडकरंडगसमाणा तेल्लकेला इव सुसंगोविया चेलपेडा इव सुसंपरिग्गहिया रयणकरंडओविव सुसारक्खिया सुसंगोविया मा णं सीयं मा णं उण्हं जाव परिसहोवसग्गा फुसंतु । तए णं सा दारिया अन्नदा कदायि गुव्विणी ससुरकुलाओ कुलघरं निज्जमाणी अंतरा दवग्गिजालाभिहया कालमासे कालं किच्चा दाहिणिल्लेसु अग्गिकुमारेसु देवेसु देवत्ताए उववज्जिहिति,

त्यां पण शस्त्रवडे वध थवाथी यावत्-काळ करीने आज जंबूद्वीपमां भारत वर्षने विषे विन्ध्याचलपर्वतनी पासे बिभेल नामे गाममां ब्राह्मणकुलने विषे पुत्रीपणे उत्पन्न थशे. ते पुत्री ज्यारे बाल्यभावनो त्याग करी यौवनने प्राप्त थशे त्यारे तेना मातापिता उचित द्रव्य अने उचित विनयवडे योग्य भर्तारने भार्यापणे आपशे. ते पुत्री तेनी स्त्री थशे. ते इष्ट, कान्त, यावत्-अनुमत, घरेणाना करं-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





डीया जेवी, तेलनी कुल्लीनी पेठे अत्यंत सुरक्षित, वस्त्रनी पेटीनी पेठे सारी रीते (निरुपद्रव स्थाने) राखेली अने रत्नना करंडीयानी पेठे सारी रीते रक्षण करायेली हशे. ते शीत, उष्ण, यावत्—परिषह अने उपद्रवो न स्पर्शे माटे अत्यंत संगोपित-रक्षण करायेली हशे. हवे अन्य कोई दिवसे ते ब्राह्मणपुत्री गर्भिणी थशे, अने श्वसुरगृहथी पीयेर जतां रस्तामां दवाग्निनी ज्वाला वडे बळी मरणसमये काळ करी दक्षिणदिशाना अग्निकुमार देवोमां देवपणे उत्पन्न थशे.

से णं ततोहिंतो अणंतरं उव्वट्टित्ता माणुस्सं विग्गहं लभिहिति माणुस्सं २ केवलं बोहिं बुज्झिहिति के० २ मुंडे भवित्ता आगाराओ अणगारियं पव्वइहिति, तत्थवि य णं विराहियसामन्ने कालमासे कालं किच्चा दाहिणिल्लेसु असुरकुमारेसु देवेसु देवत्ताए उववज्जिहिति, से णं तओहिंतो जाव उव्वट्टित्ता माणुसं विग्गहं तं चेव जाव तत्थवि णं विराहियसामन्ने कालमासे जाव किच्चा दाहिणिल्लेसु नागकुमारेसु देवेसु देवत्ताए उववज्जिहिति, से णं तओहिंतो अणंतरं एवं एएणं अभिलावेणं दाहिणिल्लेसु सुवन्नकुमारेसु एवं दाहिणिल्लेसु विज्जुकुमारेसु एवं अग्गिकुमारवज्जं जाव दाहिणिल्लेसु थणियकुमारेसु, से णं तओ जाव उव्वट्टित्ता माणुस्सं विग्गहं लभिहिति जाव विराहियसामन्ने जोइसिएसु देवेसु उववज्जिहिति, से णं तओ अणंतरं चयं चइत्ता माणुस्सं विग्गहं लभिहिति जाव अविराहियसामन्ने कालमासे कालं किच्चा सोहम्मे कप्पे देवत्ताए उववज्जिहिति, से णं तओहिंतो अणंतरं चयं चइत्ता माणुस्सं विग्गहं लभिहिति केवलं बोहिं बुज्झिहिति, तत्थवि णं अविराहियसामन्ने कालमासे कालं [ किच्चा ईसाणे कप्पे देवत्ताए उववज्जिहिति, से णं तओ चइत्ता माणुस्सं विग्गहं लभिहिति, तत्थवि णं

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





अविराहियसामन्ने कालमासे कालं ] किच्चा सणंकुमारे कप्पे देवत्ताए उववज्जिहिति, से णं तओहिंतो एवं जहा सणंकुमारे तहा बंभलोए महासुक्के आणए आरणे, से णं तओ जाव अविराहियसामन्ने कालमासे कालं किच्चा सव्वट्ठसिद्धे महाविमाणे देवत्ताए उववज्जिहिति, से णं तओहिंतो अणंतरं चयं चइत्ता महाविदेहे वासे जाइं इमाइं कुलाइं भवंति तं०–अड्ढाइं जाव अपरिभूयाइं, तहप्पगारेसु कुलेसु पुत्तत्ताए पच्चायाहिति, एवं जहा उववाइए दढप्पइन्नवत्तव्वया सच्चेव वत्तव्वया निरवसेसा भाणियव्वा जाव केवलवरनाणदंसणे समुप्पज्जिहिति ।

त्यांथी अन्तररहितपणे च्यवीने मनुष्यना देहने धारण करी मात्र बोधि—सम्यग्दर्शन पामशे. केवळ सम्यग्दर्शन पामी मुंड थई गृहवासनो त्याग करी अनगारिता–दीक्षा ग्रहण करशे. त्यां पण श्रामण्य दीक्षाने विराधी दक्षिण दिशाना असुरकुमार देवोमां देवपणे उत्पन्न थशे. त्यारपछी ते त्यांथी यावत्–नीकळी मनुष्य शरीर प्राप्त करी–इत्यादि पूर्वोक्त कहेवुं यावत्–त्यां पण श्रमणपणुं विराधी मरणसमये काळ करी दक्षिण निकायना नागकुमार देवोमां देवपणे उत्पन्न थशे हवे ते त्यां अन्तररहितपणे च्यवी—इत्यादि ए पाठ वडे दक्षिण निकायना सुवर्णकुमारने विषे, ए प्रमाणे विद्युत्कुमारने विषे, एम यावत्—अग्निकुमार सिवाय दक्षिण निकायना स्तनितकुमारने विषे उत्पन्न थशे. यावत्–ते त्यांथी निकळी मनुष्य शरीर प्राप्त करशे, यावत्—श्रमणपणुं विराधी ज्योतिषिक देवमां उत्पन्न थशे. हवे ते त्यांथी अन्तररहितपणे च्यवीने पुनः मनुष्यशरीर प्राप्त करशे, यावत्–श्रमणपणुं विराध्या सिवाय मरणसमये काळ करी सौधर्मदेवलोकने विषे देवपणे उत्पन्न थशे. ते त्यांथी अन्तररहित च्यवीने मनुष्यशरीर प्राप्त करशे, अने केवळ सम्यग्दर्शननो अनुभव करशे. त्यां पण श्रमणपणुं विराध्या सिवाय मरणसमये काळ करी ईशानदेवलोकमां देवपणे उत्पन्न थशे. त्यांथी

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





च्यवी मनुष्यशरीर प्राप्त करशे, त्यां पण श्रमणपणुं विराध्या सिवाय मरणसमये काळ करी सनत्कुमार देवलोकमां देवपणे उत्पन्न थशे. त्यांथी च्यवी जेम सनत्कुमारने विषे कह्युं तेम ब्रह्मदेवलोक, महाशुक्र, आनंत अने आरण देवलोकने विषे जाणवुं. हवे ते त्यांथी च्यवी यावत्–श्रमणपणाने विराध्या सिवाय मरणसमये काळ करीने सर्वार्थसिद्ध महाविमानने विषे देवपणे उत्पन्न थशे. त्यांथी अन्तररहित च्यवी महाविदेहक्षेत्रने विषे जे आ आवा प्रकारना धनिक, यावत्—कोइथी पराभव नहि पामे तेवां कुलो छे, तेवा कुलोमां पुत्ररूपे उत्पन्न थशे. ए प्रमाणे जेम औपपातिकसूत्रने विषे दृढप्रतिज्ञनी वक्तव्यता कही छे ते सघळी वक्तव्यता अहिं कहेवी, यावत्–तेने उत्तम केवलज्ञान अने केवलदर्शन उत्पन्न थशे.

तए णं से दढप्पइन्ने केवली अप्पणो तीअद्धं आभोएहिइ अप्प० २ समणे निग्गंथे सद्दावेहिति सम० २ एवं वदिही—एवं खलु अहं अज्जो! इओ चिरातीयाए अद्धाए गोसाले नामं मंखलिपुत्ते होत्था समणघायए जाव छउमत्थे चेव कालगए तम्मूलगं च णं अहं अज्जो! अणादीयं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं अणुपरियट्टिए, तं मा णं अज्जो! तुज्झंपि केयि भवतु आयरियपडिणीए उवज्झायपडिणीए आयरियउवज्झायाणं अयसकारए अवन्नकारए अकित्तिकारए, मा णं सेऽवि एवं चेव अणादीयं अणवदग्गं जाव संसारकंतारं अणुपरियट्टिहिति जहा णं अहं। तए णं ते समणा निग्गंथा दढप्पइन्नस्स केवलिस्स अंतियं एयमट्ठं सोचा निसम्म भीया तत्था तसिया संसारभउव्विग्गा दढप्पइन्नं केवलिं वंदिहिंति वं० २ तस्स ठाणस्स आलोइएहिंति निंदिहिंति जाव पडिवज्जिहिंति, तए णं से दढप्पइन्ने केवली बहूइं वासाइं केवलपरियागं पाउणिहिति बहूहिं २ अप्पणो आउ-

For Private And Personal

सेसं जाणेत्ता भत्तं पच्चक्खाहिति एवं जहा उववाइए जाव सव्वदुक्खाणमंतं काहिति । सेवं भंते ! २ त्ति जाव विहरइ ( सूत्रं ५६१ ) ॥ तेयनिसग्गो समत्तो ॥ समत्तं च पन्नरसमं सयं एक्कसरयं ॥ १५-१ ॥

त्यारबाद ते दृढप्रतिज्ञ केवली पोतानो अतीत काळ जोशे, जोईने श्रमण निर्ग्रन्थोने बोलावशे, बोलावीने ए प्रमाणे कहेशे— 'हे आर्यो ! ए प्रमाणे खरेखर आजथी घणां काळ पहेलां हुं मंखलिपुत्र गोशालक नामे हतो; अने हुं श्रमणोनो घात करी यावत् छद्मस्थावस्थामां काळधर्म पाम्यो. हे आर्यो ! ते निमित्ते हुं अनादि, अनन्त अने दीर्घमार्गवाळा चारगतिरूप संसाराटवीमां भम्यो. ते माटे तमे कोई आचार्यना प्रत्यनीक=द्वेषी न थशो, उपाध्यायना प्रत्यनीक न थशो, आचार्य अने उपाध्यायना अयश करनारा, अवर्णवाद करनारा अने अकीर्ति करनारा न थशो, अने ए प्रमाणे मारी पेठे अनादि, अनन्त यावत् संसाराटवीमां न भमशो. त्यारपछी ते श्रमण निर्ग्रन्थो दृढप्रतिज्ञ केवलीनी पासे ए वात सांभळी, अवधारी भय पामी, त्रस्त थई, त्रास पामी अने संसारना भयथी उद्विग्न थई दृढप्रतिज्ञ केवलीने वंदन करशे, नमस्कार करशे, वंदन=नमस्कार करी ते पापस्थानकनी आलोचना अने निन्दा करशे, यावत् चारित्रनो स्वीकार करशे. त्यारपछी दृढप्रतिज्ञ केवली घणा वर्ष पर्यन्त केवलपर्यायने पाळी पोतानुं आयुष थोडुं बाकी जाणीने भक्तप्रत्याख्यान करशे, ए प्रमाणे औपपातिकसूत्रमां कह्या प्रमाणे यावत् सर्व दुःखोनो अन्त करशे. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे' एम कही [भगवान् गौतम] यावत् विहरे छे. ॥ ५६१ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १५ मा शतकमां प्रथम उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## शतक १६. (उद्देशक १)



अहिगरणी जरा कम्मे आवतियं गंगदत्त ५ सुमिणे य। उवओग लोग बलि ओही १० दीव उदही दिसा थणिया १४ ॥ ७६ ॥

[उद्देशकार्थसंग्रह—] १ अधिकरणी-एरण प्रमुख संबन्धे पहेलो उद्देशक, २ जरादि अर्थ संबन्धे बीजो उद्देशक, ३ कर्म वगेरे संबन्धे त्रीजो उद्देशक, ४ उद्देशकना प्रारंभमां 'जावतिय' यावतिक शब्द होवाथी यावतिक नामे चोथो उद्देशक, ५ गंगदत्त देव संबन्धे पांचमो उद्देशक, ६ स्वप्न विषे छट्ठो उद्देशक, ७ उपयोग संबन्धे सातमो उद्देशक, ८ लोकस्वरूप संबन्धे आठमो उद्देशक, ९ बलीन्द्र संबन्धे नवमो उद्देशक, १० अवधिज्ञान संबन्धे दशमो उद्देशक, ११ द्वीपकुमार संबन्धे अगीयारमो उद्देशक, तथा १२ उदधिकुमार, १३ दिक्कुमार अने १४ स्तनितकुमार संबन्धे बारमाथी चौदमा सुधी त्रण उद्देशको—ए प्रमाणे सोळमा शतकमां चौद उद्देशको कहेवाना छे.

तेणं कालेणं तेणं समएणं रायगिहे जाव पज्जुवासमाणे एवं वयासी—अत्थि णं भंते! अधिकरणिंसि वाउयाए वक्कमति ?, हंता अत्थि, से भंते! किं पुट्ठे उद्दाइ अपुट्ठे उद्दाइ ?, गोयमा! पुट्ठे उद्दाइ नो अपुट्ठे उद्दाइ, से भंते! किं ससरीरी निक्खमइ असरीरी निक्खमइ एवं जहा खंदए जाव नो असरीरी निक्खमइ (सूत्रं ५६२)।

[प्र०] ते काळे ते समये राजगृह नगरमां यावत् पर्युपासना करता ( भगवान् गौतम ) आ प्रमाणे बोल्या केः—हे भगवन्!

For Private And Personal

अधिकरणी ( एरण ) उपर ( हथोडो मारती वखते ) वायुकाय उत्पन्न थाय ? [उ०] हे गौतम ! हा, थाय. [प्र०] हे भगवन् ! ते वायुकायनो बीजा कोइ पदार्थ साथे स्पर्श थाय तोज ते मरे के स्पर्श थया सिवाय पण मरे ? [उ०] हे गौतम ! तेनो बीजा पदार्थ साथे स्पर्श थाय तोज मरे, पण स्पर्श थया सिवाय न मरे. [प्र०] हे भगवन् ! (ज्यारे ते वायुकाय मरण पामे त्यारे) ते शरीरसहित भवान्तरे जाय के शरीररहित जाय ? [उ०] हे गौतम ! आ बाबतमां जेम स्कंदकना उद्देशकमां कह्युं छे, ते प्रमाणे यावत् 'शरीररहित थईने जतो नथी' त्यांसुधी अहिं जाणवुं. ॥ ५६२ ॥

इंगालकारियाए णं भंते ! अगणिकाए केवतियं कालं संचिट्ठति ?, गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं तिन्नि राइंदियाइं, अन्नेवि तत्थ वाउयाए वक्कमति, न विणा वाउयाएणं अगणिकाए उज्जलति (सूत्रं ५६३) ॥

[प्र०] हे भगवन् ! सगडीमां अग्निकाय केटला काळ सुधी (सचेतन) रहे ? [उ०] हे गौतम ! जघन्यथी अंतर्मुहूर्त सुधी अने उत्कृष्टथी त्रण रात्रिदिवस सुधी रहे. वळी त्यां अन्य वायुकायिक जीवो पण उत्पन्न थाय छे, कारणके वायुकाय विना अग्निकाय प्रज्वलित थतो नथी. ॥ ५६३ ॥

पुरिसे णं भंते ! अयं अयकोट्ठंसि अयोमएणं संडासएणं उव्विहमाणे वा पव्विहमाणे वा कतिकिरिए ?, गोयमा ! जावं च णं से पुरिसे अयं अयकोट्ठंसि अयोमएणं संडासएणं उव्विहिति वा पव्विहिति वा तावं च णं से पुरिसे कातियाए जाव पाणाइवायकिरियाए पंचहिं किरियाहिं पुट्ठे, जेसिंपिय णं जीवाणं सरीरेहिंतो अए निव्वत्तिए अयकोट्ठे निव्वत्तिए संडासए निव्वत्तिए इंगाला निव्वत्तिया इंगालकड्ढिणी निव्वत्तिया भत्था

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





निव्वत्तिया तेवि य णं जीवा काइयाए जाव पंचहिं किरियाहिं पुट्ठा। पुरिसे णं भंते! अयं अयकोट्ठाओ अयोमएणं संडासएणं गहाय अहिकरणिंसि उक्खिवमाणे वा निक्खिवमाणे वा कतिकिरिए?, गोयमा! जावं च णं से पुरिसे अयं अयकोट्ठाओ जाव निक्खिवइ वा० तावं च णं से पुरिसे काइयाए जाव पाणाइवायकिरियाए पंचहिं किरियाहिं पुट्ठे, जेसिंपि णं जीवाणं सरीरेहिंतो अयो निव्वत्तिए संडासए निव्वत्तिए चम्मेट्ठे निव्वत्तिए मुट्ठिए निव्वत्तिए अधिकरणि० अधिकरणिखोडी णि० उदगदोणी णि० अधिकरणसाला निव्वत्तिया तेवि य णं जीवा काइयाए जाव पंचहिं किरियाहिं पुट्ठा (सूत्रं ५६४)॥

[प्र०] हे भगवन्! लोढाने तपाववानी भट्ठीमां लोढाना सांडसावडे लोढाने ऊंचुं के नीचुं करनार पुरुषने केटली क्रियाओ लागे? [उ०] हे गौतम! ज्यांसुधी ते पुरुष लोढाने तपाववानी भट्ठीमां लोढाना सांडसावडे लोढाने उंचुं के नीचुं करे छे त्यांसुधी ते पुरुषने कायिकीथी मांडीने प्राणातिपात क्रिया सुधीनी पांच क्रियाओ लागे छे. वळी जे जीवोना शरीरथी लोढुं बन्युं छे, लोढानी भट्ठी बनी छे, सांडसो बन्यो छे, अंगारा बन्या छे, अंगाराकर्षणी (अंगारा काढवानो सळीयो) बनी छे अने धमण बनी छे ते बधा जीवोने पण कायिकी यावत्-पांच क्रियाओ लागे छे. [प्र०] हे भगवन्! लोढानी भट्ठीमांथी लोढाना सांडसावडे लोढाने लई तेने एरण उपर लेता अने मूकता पुरुषने केटली क्रियाओ लागे? [उ०] हे गौतम! ते पुरुष ज्यांसुधी लोढानी भट्ठीमांथी लोढाने लई यावत् एरण उपर मूके छे, त्यांसुधी ते पुरुषने कायिकी यावत् प्राणातिपात सुधीनी पांच क्रियाओ लागे छे. वळी जे जीवोना शरीरथी लोढुं बन्युं छे, सांडसो बन्यो छे, चर्मेष्टक घण बन्यो छे, नानो हथोडो बन्यो छे, एरण बनी छे, एरण खोडवानुं लाकडुं

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





बन्युं छे, गरम लोढाने ठारवानी पाणीनी द्रोणी (कुंडी) बनी छे अने अधिकरणशाला (लोहारनी कोढ) बनी छे ते जीवोने पण कायिकी यावत् पांच क्रियाओ लागे छे. || ५६४ ||

जीवे णं भंते ! किं अधिकरणी अधिकरणं ?, गोयमा ! जीवे अधिकरणीवि अधिकरणंपि, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जीवे अधिकरणीवि अधिकरणंपि ?, गोयमा ! अविरतिं पडुच्च से तेणट्ठेणं जाव अहिकरणंपि ॥ नेरइए णं भंते ! किं अधिकरणी अधिकरणं ?, गोयमा ! अधिकरणीवि अधिकरणंपि, एवं जहेव जीवे तहेव नेरइएवि, एवं निरंतरं जाव वेमाणिए ॥ जीवे णं भंते ! किं साहिकरणी निरहिकरणी ?, गोयमा ! साहिकरणी नो निरहिकरणी, से केणट्ठेणं पुच्छा, गोयमा ! अविरतिं पडुच्च, से तेणट्ठेणं जीवे नो निरहिकरणी एवं जाव वेमाणिए ॥ जीवे णं भंते ! किं आयाहिकरणी पराहिकरणी तदुभयाहिकरणी ?, गोयमा ! आयाहिकरणीवि पराहिकरणीवि तदुभयाहिकरणीवि, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जाव तदुभयाहिकरणीवि ?, गोयमा ! अविरतिं पडुच्च, से तेणट्ठेणं जाव तदुभयाहिकरणीवि, एवं जाव वेमाणिए । जीवाणं भंते ! अधिकरणे किं आयप्पओगनिव्वत्तिए परप्पयोगनिव्वत्तिए तदुभयप्पयोगनिव्वत्तिए ?, गोयमा ! आयप्पयोगनिव्वत्तिएवि परप्पयोगनिव्वत्तिएवि तदुभयप्पयोगनिव्वत्तिएवि, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?, गोयमा ! अविरतिं पडुच्च, से तेणट्ठेणं जाव तदुभयप्पयोगनिव्वत्तिएवि, एवं जाव वेमाणियाणं (सूत्रं ५६५) ॥

[प्र०] हे भगवन् ! जीव अधिकरणी अधिकरणवाळो छे के अधिकरण छे ? [उ०] हे गौतम ! जीव अधिकरणी पण छे अने

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





अधिकरण पण छे. [प्र०] हे भगवन्! ए प्रमाणे शा हेतुथी कहो छो के 'जीव अधिकरणी पण छे अने अधिकरण पण छे'? [उ०] हे गौतम! अविरतिने आश्रयी, अर्थात् अविरतिरूप हेतुथी जीव अधिकरणी पण छे अने अधिकरण पण छे. [प्र०] हे भगवन्! नैरयिक अधिकरणी छे के अधिकरण छे? [उ०] हे गौतम! नैरयिक अधिकरणी पण छे अने अधिकरण पण छे, जेम जीव संबंधे कह्युं तेम नैरयिक संबंधे पण जाणवुं, अने ए प्रमाणे यावत् निरंतर वैमानिक सुधीना जीव संबन्धे पण जाणवुं. [प्र०] हे भगवन्! शुं जीव साधिकरणी छे के निरधिकरणी छे? [उ०] हे गौतम! जीव साधिकरणी छे, पण निरधिकरणी नथी. [प्र०] हे भगवन्! ए प्रमाणे शा हेतुथी कहो छो के 'जीव साधिकरणी छे अने निरधिकरणी नथी'? [उ०] हे गौतम! अविरतिने आश्रयी, अर्थात् अवरतिरूप हेतुथी जीवो साधिकरणी छे, पण निरधिकरणी नथी. ए प्रमाणे यावत् वैमानिको सुधी जाणवुं. [प्र०] हे भगवन्! शुं जीव आत्माधिकरणी छे, पराधिकरणी छे के तदुभयाधिकरणी छे? [उ०] हे गौतम! जीव आत्माधिकरणी छे, पराधिकरणी छे अने तदुभयाधिकरणी छे. [प्र०] हे भगवन्! ए प्रमाणे शा हेतुथी कहो छो के 'जीव आत्माधिकरणी, पराधिकरणी अने तदुभयाधिकरणी पण छे'? [उ ] हे गौतम! अविरतिने आश्रयी, अर्थात् अविरतिरूप हेतुथी जीव यावत्-निरधिकरणी नथी. ए प्रमाणे यावत् वैमानिको सुधी जाणवुं. [प्र०] हे भगवन्! शुं जीवोनुं 'अधिकरण आत्मप्रयोगथी थाय छे, परप्रयोगथी थाय छे के तदुभयप्रयोगथी थाय छे? [उ०] हे गौतम! जीवोनुं अधिकरण आत्मप्रयोगथी, परप्रयोगथी अने तदुभयप्रयोगथी पण थाय छे. [प्र०] हे भगवन्! ते ए प्रमाणे आप शा हेतुथी कहो छो के जीवोनुं अधिकरण आत्मप्रयोगथी, परप्रयोगथी अने तदुभयप्रयोगथी थाय छे? [उ०] हे गौतम! अविरतिने आश्रयी, अर्थात् जीवोनुं अधिकरण अविरतिरूप हेतुथी यावत् तदुभयप्रयोगथी थाय छे. ए

For Private And Personal

प्रमाणे यावत् वैमानिको सुधी जाणवुं. ॥ ५६५ ॥

कइ णं भंते ! सरीरगा पण्णत्ता ?, गोयमा ! पंच सरीरगा पण्णत्ता, तंजहा—ओरालिए जाव कम्मए, कति णं भंते ! इंदिया पण्णत्ता ?, गोयमा ! पंच इंदिया पण्णत्ता, तंजहा—सोइंदिए जाव फासिंदिए, कतिविहे णं भंते ! जोए पण्णत्ते ?, गोयमा ! तिविहे जोए पण्णत्ते, तंजहा—मणजोए वइजोए कायजोए ॥ जीवे णं भंते ! ओरालियसरीरं निव्वत्तेमाणे किं अधिकरणी अधिकरणं ?, गोयमा ! अधिकरणीवि अधिकरणंपि, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-अधिकरणीवि अधिकरणंपि ?, गोयमा ! अविरतिं पडुच्च, से तेणट्ठेणं जावअधिकरणंपि, पुढविकाइए णं भंते ! ओरालियसरीरं निव्वत्तेमाणे किं अधिकरणी अधिकरणं ?, एवं चेव, एवं जाव माणुस्से । एवं वेउव्वियसरीरंपि, नवरं जस्स अत्थि, जीवे णं भंते ! आहारगसरीरं निव्वत्तेमाणे किं अधिकरणी० ?, पुच्छा गोयमा ! अधिकरणीवि अधिकरणंपि, से केणट्ठेणं जाव अधिकरणंपि ?, गोयमा ! पमायं पडुच्च, से तेणट्ठेणं जाव अधिकरणंपि, एवं मणुस्सेवि, तेयासरीरं जहा ओरालियं, नवरं सव्वजीवाणं भाणियव्वं, एवं कम्मगसरीरंपि । जीवे णं भंते ! सोइंदियं निव्वत्तेमाणे किं अधिकरणी अधिकरणं ?, एवं जहेव ओरालियसरीरं तहेव सोइंदियंपि भाणियव्वं, नवरं जस्स अत्थि सोइंदियं, एवं चक्खिंदियघाणिंदियजिब्भिंदियफासिंदियाणवि, नवरं जाणियव्वं जस्स जं अत्थि । जीवे णं भंते ! मणजोगं निव्वत्तेमाणे किं अधिकरणी अधिकरणं, एवं जहेव सोइंदियं तहेव निरवसेसं वइजोगो एवं चेव, नवरं एगिंदियवज्जाणं, एवं कायजोगोवि, नवरं सव्वजीवाणं जाव वेमाणिए ।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





सेवं भंते ! सेवं भंते ! त्ति (सूत्रं ५६६) ॥ १६-१ ॥

[प्र०] हे भगवन् ! शरीरो केटलां कह्यां छे ! [उ०] हे गौतम ! शरीरो पांच कह्यां छे, ते आ प्रमाणे—१ औदारिक, यावत् ५ कार्मण. [प्र०] हे भगवन् ! इंद्रियो केटली कही छे ? [उ०] हे गौतम ! इंद्रियो पांच कही छे, ते आ प्रमाणे—१ श्रोत्रेंद्रिय, यावत् ५ स्पर्शेन्द्रिय. [प्र०] हे भगवन् ! योगना केटला प्रकार कह्या छे ? [उ०] हे गौतम ! योगना त्रण प्रकार कह्या छे, ते आ प्रमाणे–१ मनयोग, २ वचनयोग अने ३ काययोग. [प्र०] हे भगवन् ! औदारिक शरीरने बांधतो जीव अधिकरणी छे ? [उ०] हे गौतम ! ते अधिकरणी पण छे अने अधिकरण पण छे. [प्र०] हे भगवन् ! ए प्रमाणे शा हेतुथी कहो छो के 'औदारिक' शरीरने बांधतो जीव अधिकरणी छे अने अधिकरण पण छे' ? [उ०] हे गौतम ! अविरतिने आश्रयी. अर्थात् अविरतिरूप हेतुथी पूर्व प्रमाणे यावत्–अधिकरण पण छे. [प्र०] हे भगवन् ! औदारिक शरीरने बांधतो पृथ्वीकायिक जीव अधिकरणी छे के अधिकरण छे ? [उ०] हे गौतम ! पूर्व प्रमाणे जाणवुं. अने ए प्रमाणे यावत् मनुष्यो सुधी जाणवुं. ए प्रमाणे वैक्रिय शरीर संबंधे पण समजवुं, पण तेमां ए विशेष छे के जे जीवोने जे शरीर होय तेमना विषे ते शरीर संबन्धे कहेवुं. [प्र०] हे भगवन् ! आहारक शरीरने बांधतो जीव अधिकरणी छे–इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! ते अधिकरणी पण छे अने अधिकरण पण छे. [प्र०] हे भगवन् ! ते ए प्रमाणे शा हेतुथी कहो छो के ते यावत्–'अधिकरण पण छे' ? [उ०] हे गौतम ! प्रमादने आश्रयी, अर्थात् प्रमादरूप कारणने लइने ते यावत्–'अधिकरण पण छे.' ए प्रमाणे मनुष्य संबंधे पण जाणवुं. औदारिक शरीरनी पेठे तैजस शरीर संबंधे पण कहेवुं, पण तेमां विशेष ए छे के, [तैजस शरीर सर्व जीवोने होवाथी] सर्व जीवोने विषे ए प्रमाणे समजवुं. एज प्रमाणे कार्मण शरीर विषे पण जाणवुं.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





[प्र०] हे भगवन् ! श्रोत्रेन्द्रियने बांधतो जीव अधिकरणी छे के अधिकरण छे ? [उ०] हे गौतम ! जेम औदारिक शरीरने विषे कहेलुं छे तेम श्रोत्रेंद्रियने विषे पण कहेवुं. विशेष ए छे के जे जीवोने श्रोत्रेंद्रिय होय तेमना विषे ते कहेवुं. ए प्रमाणे चक्षुरिंद्रिय, घ्राणेंद्रिय, जिह्वेंद्रिय, अने स्पर्शेंद्रिय संबंधे पण जाणवुं. विशेष ए के जे जीवोने जे इन्द्रिय होय तेमना विषे ते इन्द्रिय संबन्धे कहेवुं. [प्र०] हे भगवन् ! मनोयोगने बांधतो जीव अधिकरणी छे के अधिकरण छे? [उ०] हे गौतम ! जेम श्रोत्रेंद्रियना विषयमां कह्युं छे तेम आ विषयमां पण बधुं कहेवुं. ए प्रमाणे वचनयोग संबन्धे पण समजवुं. विशेष ए के वचनयोगमां एकेंद्रिय जीवो न लेवा. ए प्रमाणे काययोग संबन्धे जाणवुं. अने तेमां विशेष ए के काययोग सर्वे जीवोने होवाथी सर्वना विषे ते समजवुं. ए प्रमाणे यावत्–वैमानिको सुधी जाणवुं. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे. ॥ ५६६ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना सोळमा शतकमां प्रथमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

---

## शतक १६. (उद्देशक २)

रायगिहे जाव एवं वयासी–जीवाणं भंते ! किं जरा सोगे ?, गोयमा ! जीवाणं जरावि सोगेवि, से केणट्ठेणं भंते ! एवं वु० जाव सोगेवि ?, गोयमा ! जे णं जीवा सारीरं वेदणं वेदेंति तेसि णं जीवाणं जरा, जे णं जीवा माणसं वेदणं वेदेंति तेसि णं जीवाणं सोगे, से तेणट्ठेणं जाव सोगेवि, एवं नेरइयाणवि, एवं जाव थणियकुमाराणं, पुढविकाइयाणं भंते ! किं जरा सोगे ?, गोयमा ! पुढविकाइयाणं जरा, नो सोगे, से केणट्ठेणं जाव नो सोगे ?,

For Private And Personal

गोयमा! पुढविकाइया णं सारीरं वेदणं वेदेंति नो माणसं वेदणं वेदेंति से तेणट्ठेणं जाव नो सोगे, एवं जाव चउरिंदियाणं, सेसाणं जहा जीवाणं जाव वेमाणियाणं, सेवं भंते! २ त्ति जाव पज्जुवासति ( सूत्रं ५६७ ) ॥

[प्र०] राजगृहमां भगवान् गौतम यावत् आ प्रमाणे बोल्या के, हे भगवन्! शुं जीवोने जरा-वृद्धावस्था अने शोक होय छे? [उ०] हे गौतम! जीवोने जरा पण होय छे अने शोक पण होय छे. [प्र०] हे भगवन्! ते ए प्रमाणे शा हेतुथी कहो छो के, जीवोने जरा अने शोक होय छे? [उ०] हे गौतम! जे जीवोने शारीरिक वेदना होय छे ते जीवोने जरा होय छे, अने जे जीवोने मानसिक वेदना होय छे ते जीवोने शोक होय छे माटे ते हेतुथी एम कह्युं छे के जीवोने जरा अने शोक होय छे, ए प्रमाणे नैरयिको संबंधे तथा यावत् स्तनितकुमारो सुधी जाणवुं. [प्र०] हे भगवन्! पृथिवीकायिकोने जरा अने शोक होय छे? [उ०] हे गौतम! पृथिवीकायिकने जरा होय छे, पण शोक नथी होतो. [प्र०] हे भगवन्! तेनुं शुं कारण के पृथिवीकायिकोने जरा होय अने शोक न होय? [उ०] हे गौतम! पृथिवीकायिको शारीरिक वेदनाने अनुभवे छे, पण मानसिक वेदनाने अनुभवता नथी माटे तेओने जरा होय छे, पण शोक नथी होतो. ए प्रमाणे यावत् चतुरिंद्रिय जीवो सुधी जाणवुं. बाकीना जीवो माटे सामान्य जीवोनी पेठे समजवुं. अने ए प्रमाणे यावत् वैमानिको सुधी कहेवुं. 'हे भगवन्! ते एमज छे २' एम कही यावत् पर्युपासना करे छे. ॥ ५६७ ॥

तेणं कालेणं २ सक्के देविंदे देवराया वज्जपाणी पुरंदरे जाव भुंजमाणे विहरइ, इमं च णं केवलकप्पं जंबुद्दीवं २ विपुलेणं ओहिणा आभोएमाणे २ पासति समणं भगवं महावीरं जंबुद्दीवे २ एवं जहा ईसाणे तइयसए तहेव सक्कोवि नवरं आभिओगे ण सद्दावेति हरी पायत्ताणियाहिवई सुघोसा घंटा पालओ विमाणकारी पालगं विमाणं

उत्तरिल्ले निज्ञाणमग्गे दाहिणपुरच्छिमिल्ले रतिकरपव्वए सेसं तं चेव जाव नामगं सावेत्ता पज्जुवासति धम्मकहा जाव परिसा पडिगया, तए णं से सक्के देविंदे देवराया समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मं सोच्चा निसम्म हट्ठतुट्ठ० समणं भगवं महावीरं वंदति नमंसति २ एवं वयासी—कतिविहे णं भंते! उग्गहे पन्नत्ते!, सक्का! पंचविहे उग्गहे पण्णत्ते, तंजहा-देविंदोग्गहे रायोग्गहे गाहावइउग्गहे सागारियउग्गहे साहम्मियउग्गहे॥ जे इमे भंते! अज्जत्ताए समणा निग्गंथा विहरंति एएसि णं अहं उग्गहं अणुजाणामीतिकट्टु समणं भगवं महावीरं वंदति नमंसति २ तमेव दिव्वं जाणविमाणं दुरूहति २ जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए। भंतेत्ति भगवं गोयमे समणं भगवं महा० वंदति नम० २ एवं वयासी—जं णं भंते! सक्के देविंदे देवराया तुज्झे णं एवं वदइ सच्चे णं एसमट्ठे?, हंता सच्चे (सूत्रं ५६८)॥

ते काळे ते समये शक्र, देवेंद्र, देवराज, वज्रपाणि, पुरंदर यावत्–सुखने भोगवतो विहरे छे, अने पोताना विशाल अवधिज्ञान वडे आ समस्त जंबूद्वीपने अवलोकतो अवलोकतो जंबूद्वीपमां श्रमण भगवंत महावीरने जुए छे. अहीं तृतीय शतकमां कहेल ईशानेन्द्रनी वक्तव्यता प्रमाणे शक्रनी बधी वक्तव्यता कहेवी. विशेष ए छे के आ शक्र आभियोगिक देवोने बोलावतो नथी. एनो सेनाधिपति हरिनैगमेषी देव छे, घंटा सुघोषा छे, पालक नामे देव विमाननो बनावनार छे, विमाननुं नाम पालक छे, एनो निकळवानो मार्ग उत्तर दिशाए छे, दक्षिण पूर्वमां—अग्निकोणमां रतिकर पर्वत छे. बाकी बधुं तेज प्रमाणे जाणवुं. यावत्–शक्र पोतानुं नाम संभळावी भगवंतनी पर्युपासना करे छे. श्रमण भगवंत महावीरे धर्मकथा कही. यावत्–सभा पाछी गई,. त्यारबाद ते शक्र, देवेन्द्र,

देवराज श्रमण भगवंत महावीर पासेथी धर्मने सांभळी, अवधारी हर्षवाळो अने संतोषवाळो थई श्रमण भगवंत महावीरने वांदी, नमी आ प्रमाणे बोल्यो—[प्र०] हे भगवन् ! अवग्रह केटला प्रकारनो कह्यो छे ? [उ०] हे शक्र ! अवग्रह पांच प्रकारनो कह्यो छे. ते आ प्रमाणे-१ देवेन्द्रावग्रह, २ राजावग्रह, ३ गृहपतिअवग्रह, ४ सागारिकावग्रह अने ५ साधर्मिकावग्रह. जे आ श्रमण निर्ग्रन्थो आजकाल विचरे छे तेओने हुं अवग्रहनी अनुज्ञा आपुं छुं. एम कही ते शक्र श्रमण भगवंत महावीरने वांदी नमी तेज दिव्य विमान उपर बेसी ज्यांथी आव्यो हतो त्यां चाल्यो गयो. [प्र०] 'भगवन्' ! एम कही भगवंत गौतम श्रमण भगवंत महावीरने वांदी, नमी आ प्रमाणे बोल्या के-हे भगवन् ! शक्र देवेन्द्र देवराजे जे अपने पूर्व प्रमाणे [ अवग्रह संबंधी ] कह्यु ते अर्थ सत्य छे ? [उ०] हा गौतम ! ए अर्थ सत्य छे. ॥ ५६८ ॥

सक्के णं भंते ! देविंदे देवराया किं सम्मावादी मिच्छावादी ?, गोयमा ! सम्मावादी नो मिच्छावादी ॥ सक्के णं भंते ! देविंदे देवराया किं सच्चं भासं भासति मोसं भासं भासति सच्चामोसं भासं भासति असच्चामोसं भासं भासति ?, गोयमा ! सच्चंपि भासं भासति जाव असच्चामोसंपि भासं भासति ॥ सक्के णं भंते ! देविंदे देवराया किं सावज्जं भासं भासति ?, अणवज्जं भासं भासति ?, गोयमा ! सावज्जंपि भासं भासति अणवज्जंपि भासं भासति, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ—सावज्जंपि जाव अणवज्जंपि भासं भासति ?, गोयमा ! जाहे णं सक्के देविंदे देवराया सुहुमकायं अणिजूहित्ताणं भासं भासति ताहे णं सक्के देविंदे देवराया सावज्जं भासं भासति, जाहे णं सक्के देविंदे देवराया सुहुमकायं निजूहित्ताणं भासं भासति ताहे णं सक्के देविंदे देवराया अणवज्जं भासं

भासति, से तेणट्ठेणं जाव भासति. सक्के णं भंते! देविंदे देवराया किं भवसिद्धीए अभवसि० सम्मदिट्ठीए एवं जहा मोउद्देसए सणंकुमारो जाव नो अचरिमे ॥ ( सूत्रं ५६९ ) ॥

[प्र०] हे भगवन्! शक्र देवेन्द्र देवराज शुं सत्यवादी छे के मिथ्यावादी छे? [उ०] हे गौतम! ते सत्यवादी छे पण मिथ्यावादी नथी. [प्र०] हे भगवन्! शक्र देवेन्द्र देवराज सत्यभाषा बोले छे, मृषा भाषा बोले छे, सत्यमृषा भाषा बोले छे के असत्यामृषा भाषा बोले छे? [उ०] हे गौतम! ते सत्य भाषा बोले छे, यावत्–असत्यामृषा भाषा पण बोले छे. [प्र०] हे भगवन्! शक्र देवेन्द्र देवराज सावद्य (पापयुक्त) भाषा बोले के निरवद्य (पापरहित) भाषा बोले? [उ०] हे गौतम! ते सावद्य अने निरवद्य बन्ने भाषा बोले. [प्र०] हे भगवन्! तेनुं शुं कारण के शक्र सावद्य अने निरवद्य ए बन्ने भाषा बोले? [उ०] हे गौतम! शक्र देवेंद्र देवराज ज्यारे सूक्ष्म काय–हस्त अथवा वस्त्र वडे मुख ढांक्या विना बोले त्यारे ते सावद्य भाषा बोले छे अने मुख ढांकीने बोले त्यारे ते निरवद्य भाषा बोले छे, माटे ते हेतुथी ते शक्र सावद्य अने निरवद्य बन्ने भाषा बोले छे. [प्र०] हे भगवन्! ते शक्र देवेन्द्र देवराज भवसिद्धिक छे, अभवसिद्धिक छे, सम्यग्दृष्टि छे, [के मिथ्यादृष्टि छे?] [उ०] जेम त्रीजा शतकना प्रथम उद्देशकमां सनत्कुमार माटे कह्यु छे तेम अहिं पण जाणवुं. अने ते यावत्,–'अचरम नथी' ए पाठ सुधी कहेवुं. ॥ ५६९ ॥

जीवा णं भंते! किं चेयकडा कम्मा कज्जंति अचेयकडा कम्मा कज्जंति?, गोयमा! जीवाणं चेयकडा कम्मा कज्जंति नो अचेयकडा कम्मा कज्जंति, से केण० भंते! एवं वुच्चइ जाव कज्जंति?, गोयमा! जीवाणं आहारोवचिया पोग्गला बोंदिचिया पोग्गला कलेवरचिया पोग्गला, तहा २ णं ते पोग्गला परिणमंति नत्थि अचेयकडा

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



कम्मा समणाउसो!, दुट्ठाणेसु दुसेज्जासु दुन्निसीहियासु तहा २ णं ते पोग्गला परिणमंति नत्थि अचेयकडा कम्मा समणाउसो!, आयंके से वहाए होंति, संकप्पे से वहाए होंति, मरणंते से वहाए होंति, तहा २ णं ते पोग्गला परिणमंति, नत्थि अचेयकडा कम्मा समणाउसो!, से तेणट्ठेणं जाव कम्मा कज्जंति, एवं नेरतियाणवि एवं जाव वेमाणियाणं। सेवं भंते! सेवं भंते! जाव विहरति ॥ (सूत्रं ५७०) ॥ १६-२ ॥

[प्र०] हे भगवन्! जीवोना कर्मो चैतन्यकृत होय छे के अचैतन्यकृत होय छे? [उ०] हे गौतम! जीवोना कर्मो चैतन्यकृत होय छे पण अचैतन्यकृत नथी होता. [प्र०] हे भगवन्! तेनुं शुं कारण छे के 'जीवोना कर्मो चैतन्य कृत होय छे पण अचैतन्यकृत नथी होता'? [उ०] हे गौतम! जीवोए ज आहाररूपे, शरीररूपे अने कलेवररूपे उपचित (संचित) करेला पुद्गलो ते ते रूपे परिणमे छे, माटे हे आयुष्मन् श्रमण! अचैतन्यकृत कर्मो नथी. तथा दुःस्थानरूपे, दुःशय्यारूपे, अने दुर्निषद्यारूपे ते ते पुद्गलो परिणमे छे माटे हे आयुष्मन् श्रमण! अचैतन्यकृत कर्मपुद्गलो नथी. तथा ते आतंकरूपे परिणमी जीवना वध माटे थाय छे, संकल्परूपे परिणमी जीवना वध माटे थाय छे अने मरणांतरूपे परिणमी जीवना वध माटे थाय छे माटे हे आयुष्मन् श्रमण! कर्मपुद्गलो अचैतन्यकृत नथी. ते कारणथी यावत्-जीवोना कर्मो अचैतन्यकृत नथी. ए प्रमाणे नैरयिको संबंधे अने यावत् वैमानिको संबंधे पण जाणवुं. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे' एम कही यावद् विहरे छे. ॥ ५७० ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना सोळमा शतकमां बीजा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# शतक १६. (उद्देशक ३)



रायगिहे जाव एवं वयासी—कति णं भंते! कम्मपयडीओ पण्णत्ताओ?, गोयमा! अट्ठ कम्मपयडीओ पण्णत्ताओ, तंजहा-नाणावरणिज्जं जाव अंतराइयं, एवं जाव वेमा० । जीवे णं भंते! नाणावरणिज्जं कम्मं वेदेमाणे कति कम्मपगडीओ वेदेति ?, गोयमा! अट्ठ कम्मप्पगडीओ, एवं जहा पन्नवणाए वेदावेउद्देसओ सो चेव निरवसेसो भाणियव्वो, वेदाबंधोवि तहेव, बंधावेदोवि तहेव, बंधाबंधोवि तहेव भाणियव्वो जाव वेमाणियाणंति । सेवं भंते! २ जाव विहरति (सूत्रं ५७१) ॥

[प्र०] राजगृहमां (भगवान् गौतम) यावत् आ प्रमाणे बोल्या केः—हे भगवन्! केटली कर्मप्रकृतिओ कही छे? [उ०] हे गौतम! आठ कर्मप्रकृतिओ कही छे. ते आ प्रमाणे-१ ज्ञानावरणीय, यावत् ८ अंतराय. ए प्रमाणे यावत् वैमानिको सुधी जाणवुं. [प्र०] हे भगवन्! ज्ञानावरणीय कर्मने वेदतो जीव बीजी केटली कर्मप्रकृतिओ वेदे छे? [उ०] हे गौतम! आठे कर्मप्रकृतिओने वेदे छे. ए प्रमाणे अहीं प्रज्ञापनासूत्रमां कहेल 'वेदावेद' नामनो समग्र उद्देशक कहेवो. तथा तेज प्रकारे 'वेदाबंध' नामनो उद्देशक पण कहेवो. तेवीज रीते 'बंधावेद' नामनो तथा 'बंधाबंध' नामनो उद्देशक पण कहेवो. ए प्रमाणे यावत्-वैमानिको सुधी जाणवुं. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे' एम कही यावत्-विहरे छे. ॥ ५७१ ॥

तए णं समणे भगवं महावीरे अन्नदा कदायि रायगिहाओ नगराओ गुणसिलाओ चेइयाओ पडिनिक्खमति

For Private And Personal

२ बहिया जणवयविहारं विहरति, तेणं कालेणं तेणं समएणं उल्लुयतीरे नामं नगरे होत्था, वन्नओ, तस्स णं उल्लुयतीरस्स नगरस्स बहिया उत्तरपुरच्छिमे दिसिभाए एत्थ णं एगजंबूए नामं चेइए होत्था, वन्नओ, तए णं समणे भगवं महावीरे अन्नदा कदायि पुव्वाणुपुव्विं चरमाणे जाव एगजंबूए समोसढे जाव परिसा पडिगया, भंतेत्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासी–अणगारस्स णं भंते! भावियप्पणो छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं जाव आयावेमाणस्स जाव तस्स णं पुरच्छिमेणं अवड्ढं दिवसं नो कप्पति हत्थं वा पादं वा बाहं वा ऊरुं वा आउट्टावेत्तए वा पसारेत्तए वा, पच्चच्छिमेणं से अवड्ढं दिवसं कप्पति हत्थं वा पादं वा जाव ऊरुं वा आउंटावेत्तए वा पसारेत्तए वा, तस्स णं अंसियाओ लंबंति तं च वेज्जे अदक्खु ईसिं पाडेति ईसिं २ अंसियाओ छिंदेज्जा से नूणं भंते! जे छिंदति तस्स किरिया कज्जति जस्स छिज्जति नो तस्स किरिया कज्जइ णण्णत्थेगेणं धम्मंतराइएणं?, हंता गोयमा! जे छिंदति जाव धम्मंतराएणं। सेवं भंते! सेवं भंतेत्ति ॥ (सूत्रं ५७२) ॥ १६-३ ॥

त्यारबाद श्रमण भगवंत महावीरे अन्य कोई दिवसे राजगृह नगरना गुणसिलक चैत्यथी नीकळी बहारना बीजा देशोमां विहार कर्यो. ते काळे ते समये उल्लुकतीर नामनुं नगर हतुं. वर्णक ते उल्लुकतीर नामना नगरनी बहार ईशान कोणमां एकजंबुक नामनुं चैत्य हतुं. वर्णक. त्यार पछी अनुक्रमे विचरता श्रमण भगवंत महावीर अन्य कोई दिवसे एकजंबूनामक चैत्यमां समोसर्या, यावत्–सभा पाछी गई. त्यार पछी 'भगवन्'! एम कही भगवंत गौतम श्रमण भगवंत महावीरने वांदी नमी आ प्रमाणे बोल्या—

[प्र०] हे भगवन् ! छट्ठ छट्ठना तपपूर्वक यावत्-निरंतर आतापना लेता भावितात्मा एवा अनगारने दिवसना पूर्वार्ध भागमां पोताना हाथ, पग, यावत्-उरु-साथळने संकोचवा के पहोळा करवा कल्पता नथी, अने दिवसना पश्चिमार्ध भागमां पोताना हाथ, पग, यावत् उरुने संकोचवा अने पोहळा करवा कल्पे छे. हवे (कायोत्सर्गमां रहेला) एवा ते अनगारने (नासिकामां) अर्शोने लटकता होय अने ते अर्शोने कोई वैद्य जुए, जोईने ते अर्शोने कापवाने ते ऋषिने भूमि उपर सूवाडीने तेना अर्शो कापे तो हे भगवन् ! ते कापनार वैद्यने क्रिया लागे के जेना अर्शो कपाय छे तेने धर्मांतराय रूप क्रिया सिवाय बीजी पण क्रिया लागे ? [उ०] हे गौतम ! हा, जे कापे छे तेने शुभ क्रिया लागे छे, अने जेना अर्शो कपाय छे तेने धर्मांतराय सिवाय बीजी क्रिया नथी लागती. हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे. ॥ ५७२ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना सोळमा शतकमां त्रीजा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

---

## शतक १६. (उद्देशक ४)

रायगिहे जाव एवं वयासी—जावतियन्नं भंते ! अन्नइलायए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु किं नेरतियाणं वासेण वा वासेहिं वा वाससएहिं वा खवति ?, णो तिणट्ठे समट्ठे, जावतियण्णं भंते ! चउत्थभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु किं नेरइया वाससएणं वा वाससएहिं वा वाससहस्सेहिं वा वाससयसहस्सेहिं (ण) वा खवयंति ?, णो तिणट्ठे समट्ठे, जावतियन्नं भंते ! छट्ठभत्तिए समणे

निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु नेरइया वाससहस्सेण वा वाससहस्सेहिं वा वाससयसहस्सेण(हिं) वा खवयंति ?, णो तिणट्ठे समट्ठे, जावतियन्नं भंते ! अट्ठमभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु नेरतिया वाससयसहस्सेण वा वाससयसहस्सेहिं वा वासकोडीए(हिं) वा खवयंति ?, नो तिणट्ठे समट्ठे,

[प्र०] राजगृहमां यावत् आ प्रमाणे बोल्या केः—हे भगवन् ! अन्नग्लायक ( अन्न विना ग्लान थएलो–नित्यभोजी ) श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिक जीवो नरकमां एक वरसे, अनेक वरसे के सो वरसे खपावे ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ–यथार्थ नथी. [प्र०] हे भगवन् ! चतुर्थभक्त (एक उपवास) करनार श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिक जीवो नरकमां सो वरसे, अनेक सो वरसे के हजार वरसे खपावे ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी [प्र०] हे भगवन् ! छट्ठभक्त (बे उपवास) करी श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिको नरकमां एक हजार वरसे, अनेक हजार वरसे के एक लाख वरसे खपावे ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी. [प्र०] हे भगवन् ! अष्टम भक्त ( त्रण उपवास ) करी श्रमण-निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिको नरकमां एक लाख वरसे, अनेक लाख वरसे के एक क्रोड वरसे खपावे ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी.

जावतियन्नं भंते ! दसमभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु नेरतिया वासकोडीए वा वासकोडीहिं वा वासकोडाकोडीए वा खवयंति ?, नो तिणट्ठे समट्ठे, से केणट्ठेण भंते ! एवं वुच्चइ जावतियं अन्नइ-लातए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु नेरतिया वासेण वा वासेहिं वा वाससएण वा(जाव)

[प्र०] हे भगवन् ! श्रोत्रेन्द्रियने बांधतो जीव अधिकरणी छे के अधिकरण छे? [उ०] हे गौतम ! जेम औदारिक शरीरने विषे कहेलुं छे तेम श्रोत्रेंद्रियने विषे पण कहेवुं. विशेष ए छे के जे जीवोने श्रोत्रेंद्रिय होय तेमना विषे ते कहेवुं. ए प्रमाणे चक्षुरिंद्रिय, घ्राणेंद्रिय, जिह्वेंद्रिय, अने स्पर्शेंद्रिय संबंधे पण जाणवुं. विशेष ए के जे जीवोने जे इन्द्रिय होय तेमना विषे ते इन्द्रिय संबन्धे कहेवुं. [प्र०] हे भगवन् ! मनोयोगने बांधतो जीव अधिकरणी छे के अधिकरण छे? [उ०] हे गौतम ! जेम श्रोत्रेंद्रियना विषयमां कह्युं छे तेम आ विषयमां पण बधुं कहेवुं. ए प्रमाणे वचनयोग संबन्धे पण समजवुं. विशेष ए के वचनयोगमां एकेंद्रिय जीवो न लेवा. ए प्रमाणे काययोग संबन्धे जाणवुं. अने तेमां विशेष ए के काययोग सर्व जीवोने होवाथी सर्वना विषे ते समजवुं. ए प्रमाणे यावत्-वैमानिको सुधी जाणवुं. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे. ॥ ५६६ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना सोळमा शतकमां प्रथमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

---

## शतक १६. (उद्देशक २)

रायगिहे जाव एवं वयासी-जीवाणं भंते ! किं जरा सोगे ?, गोयमा ! जीवाणं जरावि सोगेवि, से केणट्ठेणं भंते ! एवं वु० जाव सोगेवि ?, गोयमा ! जे णं जीवा सारीरं वेदणं वेदेंति तेसि णं जीवाणं जरा, जे णं जीवा माणसं वेदणं वेदेंति तेसि णं जीवाणं सोगे, से तेणट्ठेणं जाव सोगेवि, एवं नेरइयाणवि, एवं जाव थणियकुमाराणं, पुढविकाइयाणं भंते ! किं जरा सोगे ?, गोयमा ! पुढविकाइयाणं जरा, नो सोगे, से केणट्ठेणं जाव नो सोगे ?,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



गोयमा! पुढविकाइया णं सारीरं वेदणं वेदेंति नो माणसं वेदणं वेदेंति से तेणट्ठेणं जाव नो सोगे, एवं जाव चउरिंदियाणं, सेसाणं जहा जीवाणं जाव वेमाणियाणं, सेवं भंते! २ त्ति जाव पज्जुवासति ( सूत्रं ५६७ ) ॥



[प्र०] राजगृहमां भगवान् गौतम यावत् आ प्रमाणे बोल्या के, हे भगवन्! शुं जीवोने जरा-वृद्धावस्था अने शोक होय छे? [उ०] हे गौतम! जीवोने जरा पण होय छे अने शोक पण होय छे. [प्र०] हे भगवन्! ते ए प्रमाणे शा हेतुथी कहो छो के, जीवोने जरा अने शोक होय छे? [उ०] हे गौतम! जे जीवोने शारीरिक वेदना होय छे ते जीवोने जरा होय छे, अने जे जीवोने मानसिक वेदना होय छे ते जीवोने शोक होय छे माटे ते हेतुथी एम कह्युं छे के जीवोने जरा अने शोक होय छे, ए प्रमाणे नैरयिको संबंधे तथा यावत् स्तनितकुमारो सुधी जाणवुं. [प्र०] हे भगवन्! पृथिवीकायिकोने जरा अने शोक होय छे? [उ०] हे गौतम! पृथिवीकायिकने जरा होय छे, पण शोक नथी होतो. [प्र०] हे भगवन्! तेनुं शुं कारण के पृथिवीकायिकोने जरा होय अने शोक न होय? [उ०] हे गौतम! पृथिवीकायिको शारीरिक वेदनाने अनुभवे छे, पण मानसिक वेदनाने अनुभवता नथी माटे तेओने जरा होय छे, पण शोक नथी होतो. ए प्रमाणे यावत् चतुरिंद्रिय जीवो सुधी जाणवुं. बाकीना जीवो माटे सामान्य जीवोनी पेठे समजवुं. अने ए प्रमाणे यावत् वैमानिको सुधी कहेवुं. 'हे भगवन्! ते एमज छे २' एम कही यावत् पर्युपासना करे छे. ॥ ५६७ ॥

तेणं कालेणं २ सक्के देविंदे देवराया वज्जपाणी पुरंदरे जाव भुंजमाणे विहरइ, इमं च णं केवलकप्पं जंबुद्दीवं २ विपुलेणं ओहिणा आभोएमाणे २ पासति समणं भगवं महावीरं जंबुद्दीवे २ एवं जहा ईसाणे तइयसए तहेव सक्कोवि नवरं आभिओगे ण सद्दावेति हरी पायत्ताणियाहिवई सुघोसा घंटा पालओ विमाणकारी पालगं विमाणं

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





उत्तरिल्ले निज्जाणमग्गे दाहिणपुरच्छिमिल्ले रतिकरपव्वए सेसं तं चेव जाव नामगं सावेत्ता पज्जुवासति धम्मकहा जाव परिसा पडिगया, तए णं से सक्के देविंदे देवराया समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मं सोच्चा निसम्म हट्ठतुट्ठ० समणं भगवं महावीरं वंदति नमंसति २ एवं वयासी—कतिविहे णं भंते! उग्गहे पन्नत्ते!, सक्का! पंचविहे उग्गहे पण्णत्ते, तंजहा-देविंदोग्गहे रायोग्गहे गाहावइउग्गहे सागारियउग्गहे साहम्मियउग्गहे ॥ जे इमे भंते! अज्जत्ताए समणा निग्गंथा विहरंति एएसि णं अहं उग्गहं अणुजाणामीतिकट्टु समणं भगवं महावीरं वंदति नमंसति २ तमेव दिव्वं जाणविमाणं दुरूहति २ जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए। भंतेत्ति भगवं गोयमे समणं भगवं महा० वंदति नम० २ एवं वयासी—जं णं भंते! सक्के देविंदे देवराया तुज्झे णं एवं वदइ सच्चे णं एसमट्ठे?, हंता सच्चे (सूत्रं ५६८) ॥

ते काळे ते समये शक्र, देवेंद्र, देवराज, वज्रपाणि, पुरंदर यावत्-सुखने भोगवतो विहरे छे, अने पोताना विशाल अवधिज्ञान वडे आ समस्त जंबूद्वीपने अवलोकतो अवलोकतो जंबूद्वीपमां श्रमण भगवंत महावीरने जुए छे. अहीं तृतीय शतकमां कहेल ईशानेन्द्रनी वक्तव्यता प्रमाणे शक्रनी बधी वक्तव्यता कहेवी. विशेष ए छे के आ शक्र आभियोगिक देवोने बोलावतो नथी. एनो सेनाधिपति हरिनैगमेषी देव छे, घंटा सुघोषा छे, पालक नामे देव विमाननो बनावनार छे, विमाननुं नाम पालक छे, एनो निकळवानो मार्ग उत्तर दिशाए छे, दक्षिण पूर्वमां—अग्निकोणमां रतिकर पर्वत छे. बाकी बधुं तेज प्रमाणे जाणवुं. यावत्—शक्र पोतानुं नाम संभळावी भगवंतनी पर्युपासना करे छे. श्रमण भगवंत महावीरे धर्मकथा कही. यावत्—सभा पाछी गई,. त्यारबाद ते शक्र, देवेन्द्र,

For Private And Personal

देवराज श्रमण भगवंत महावीर पासेथी धर्मने सांभळी, अवधारी हर्षवाळो अने संतोषवाळो थई श्रमण भगवंत महावीरने वांदी, नमी आ प्रमाणे बोल्यो—[प्र०] हे भगवन् ! अवग्रह केटला प्रकारनो कह्यो छे ? [उ०] हे शक्र ! अवग्रह पांच प्रकारनो कह्यो छे. ते आ प्रमाणे-१ देवेन्द्रावग्रह, २ राजावग्रह, ३ गृहपतिअवग्रह, ४ सागारिकावग्रह अने ५ साधर्मिकावग्रह. जे आ श्रमण निर्ग्रन्थो आजकाल विचरे छे तेओने हुं अवग्रहनी अनुज्ञा आपुं छुं. एम कही ते शक्र श्रमण भगवंत महावीरने वांदी नमी तेज दिव्य विमान उपर बेसी ज्यांथी आव्यो हतो त्यां चाल्यो गयो. [प्र०] 'भगवन्' ! एम कही भगवंत गौतम श्रमण भगवंत महावीरने वांदी, नमी आ प्रमाणे बोल्या के-हे भगवन् ! शक्र देवेन्द्र देवराजे जे आपने पूर्व प्रमाणे [अवग्रह संबंधी] कह्युं ते अर्थ सत्य छे ? [उ०] हा गौतम ! ए अर्थ सत्य छे. ॥ ५६८ ॥

सक्के णं भंते ! देविंदे देवराया किं सम्मावादी मिच्छावादी ?, गोयमा ! सम्मावादी नो मिच्छावादी ॥ सक्के णं भंते ! देविंदे देवराया किं सच्चं भासं भासति मोसं भासं भासति सच्चामोसं भासं भासति असच्चामोसं भासं भासति ?, गोयमा ! सच्चंपि भासं भासति जाव असच्चामोसंपि भासं भासति ॥ सक्के णं भंते ! देविंदे देवराया किं सावज्जं भासं भासति ?, अणवज्जं भासं भासति ?, गोयमा ! सावज्जंपि भासं भासति अणवज्जंपि भासं भासति, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ—सावज्जंपि जाव अणवज्जंपि भासं भासति ?, गोयमा ! जाहे णं सक्के देविंदे देवराया सुहुमकायं अणिजूहित्ताणं भासं भासति ताहे णं सक्के देविंदे देवराया सावज्जं भासं भासति, जाहे णं सक्के देविंदे देवराया सुहुमकायं निजूहित्ताणं भासं भासति ताहे णं सक्के देविंदे देवराया अणवज्जं भासं

भासति, से तेणट्ठेणं जाव भासति, सक्के णं भंते! देविंदे देवराया किं भवसिद्धीए अभवसि० सम्मदिट्ठीए एवं जहा मोउद्देसए सणंकुमारो जाव नो अचरिमे ॥ (सूत्रं ५६९) ॥

[प्र०] हे भगवन्! शक्र देवेन्द्र देवराज शुं सत्यवादी छे के मिथ्यावादी छे? [उ०] हे गौतम! ते सत्यवादी छे पण मिथ्यावादी नथी. [प्र०] हे भगवन्! शक्र देवेन्द्र देवराज सत्यभाषा बोले छे, मृषा भाषा बोले छे, सत्यमृषा भाषा बोले छे के असत्यामृषा भाषा बोले छे? [उ०] हे गौतम! ते सत्य भाषा बोले छे, यावत्-असत्यामृषा भाषा पण बोले छे. [प्र०] हे भगवन्! शक्र देवेन्द्र देवराज सावद्य (पापयुक्त) भाषा बोले के निरवद्य (पापरहित) भाषा बोले? [उ०] हे गौतम! ते सावद्य अने निरवद्य बन्ने भाषा बोले. [प्र०] हे भगवन्! तेनुं शुं कारण के शक्र सावद्य अने निरवद्य ए बन्ने भाषा बोले? [उ०] हे गौतम! शक्र देवेंद्र देवराज ज्यारे सूक्ष्म काय-हस्त अथवा वस्त्र वडे मुख ढांक्या विना बोले त्यारे ते सावद्य भाषा बोले छे अने मुख ढांकीने बोले त्यारे ते निरवद्य भाषा बोले छे, माटे ते हेतुथी ते शक्र सावद्य अने निरवद्य बन्ने भाषा बोले छे. [प्र०] हे भगवन्! ते शक्र देवेन्द्र देवराज भवसिद्धिक छे, अभवसिद्धिक छे, सम्यग्दृष्टि छे, [के मिथ्यादृष्टि छे?] [उ०] जेम त्रीजा शतकना प्रथम उद्देशकमां सनत्कुमार माटे कह्युं छे तेम अहिं पण जाणवुं. अने ते यावत्,-'अचरम नथी' ए पाठ सुधी कहेवुं. ॥ ५६९ ॥

जीवा णं भंते! किं चेयकडा कम्मा कज्जंति अचेयकडा कम्मा कज्जंति?, गोयमा! जीवाणं चेयकडा कम्मा कज्जंति नो अचेयकडा कम्मा कज्जंति, से केण० भंते! एवं वुच्चइ जाव कज्जंति?, गोयमा! जीवाणं आहारोवचिया पोग्गला बोंदिचिया पोग्गला कलेवरचिया पोग्गला, तहा २ णं ते पोग्गला परिणमंति नत्थि अचेयकडा

कम्मा समणाउसो!, दुट्ठाणेसु दुसेज्जासु दुन्निसीहियासु तहा २ णं ते पोग्गला परिणमंति नत्थि अचेयकडा कम्मा समणाउसो!, आयंके से वहाए होंति, संकप्पे से वहाए होंति, मरणंते से वहाए होंति, तहा २ णं ते पोग्गला परिणमंति, नत्थि अचेयकडा कम्मा समणाउसो!, से तेणट्ठेणं जाव कम्मा कज्जंति, एवं नेरतियाणवि एवं जाव वेमाणियाणं । सेवं भंते! सेवं भंते! जाव विहरति ॥ (सूत्रं ५७०) ॥ १६-२ ॥

[प्र०] हे भगवन्! जीवोना कर्मो चैतन्यकृत होय छे के अचैतन्यकृत होय छे? [उ०] हे गौतम! जीवोना कर्मो चैतन्यकृत होय छे पण अचैतन्यकृत नथी होता. [प्र०] हे भगवन्! तेनुं शुं कारण छे के 'जीवोना कर्मो चैतन्य कृत होय छे पण अचैतन्यकृत नथी होता'? [उ०] हे गौतम! जीवोए ज आहाररूपे, शरीररूपे अने कलेवररूपे उपचित (संचित) करेला पुद्गलो ते ते रूपे परिणमे छे, माटे हे आयुष्मन् श्रमण! अचैतन्यकृत कर्मो नथी. तथा दुःस्थानरूपे, दुःशय्यारूपे, अने दुर्निषद्यारूपे ते ते पुद्गलो परिणमे छे माटे हे आयुष्मन् श्रमण! अचैतन्यकृत कर्मपुद्गलो नथी. तथा ते आतंकरूपे परिणमी जीवना वध माटे थाय छे, संकल्परूपे परिणमी जीवना वध माटे थाय छे अने मरणांतरूपे परिणमी जीवना वध माटे थाय छे माटे हे आयुष्मन् श्रमण! कर्मपुद्गलो अचैतन्यकृत नथी. ते कारणथी यावत्-जीवोना कर्मो अचैतन्यकृत नथी. ए प्रमाणे नैरयिको संबंधे अने यावत् वैमानिको संबंधे पण जाणवुं. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे' एम कही यावद् विहरे छे. ॥ ५७० ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना सोळमा शतकमां बीजा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## शतक १६. (उद्देशक ३)



रायगिहे जाव एवं वयासी—कति णं भंते! कम्मपयडीओ पण्णत्ताओ?, गोयमा! अट्ठ कम्मपयडीओ पण्णत्ताओ, तंजहा-नाणावरणिज्जं जाव अंतराइयं, एवं जाव वेमा० । जीवे णं भंते! नाणावरणिज्जं कम्मं वेदेमाणे कति कम्मपगडीओ वेदेति?, गोयमा! अट्ठ कम्मप्पगडीओ, एवं जहा पन्नवणाए वेदावेउद्देसओ सो चेव निरवसेसो भाणियव्वो, वेदाबंधोवि तहेव, बंधावेदोवि तहेव, बंधाबंधोवि तहेव भाणियव्वो जाव वेमाणियाणंति । सेवं भंते! २ जाव विहरति (सूत्रं ५७१) ॥

[प्र०] राजगृहमां (भगवान् गौतम) यावत् आ प्रमाणे बोल्या केः—हे भगवन्! केटली कर्मप्रकृतिओ कही छे? [उ०] हे गौतम! आठ कर्मप्रकृतिओ कही छे. ते आ प्रमाणे-१ ज्ञानावरणीय, यावत् ८ अंतराय. ए प्रमाणे यावत् वैमानिको सुधी जाणवुं. [प्र०] हे भगवन्! ज्ञानावरणीय कर्मने वेदतो जीव बीजी केटली कर्मप्रकृतिओ वेदे छे? [उ०] हे गौतम! आठे कर्मप्रकृतिओने वेदे छे. ए प्रमाणे अहीं प्रज्ञापनासूत्रमां कहेल 'वेदावेद' नामनो समग्र उद्देशक कहेवो. तथा तेज प्रकारे 'वेदाबंध' नामनो उद्देशक पण कहेवो. तेवीज रीते 'बंधावेद' नामनो तथा 'बंधाबंध' नामनो उद्देशक पण कहेवो. ए प्रमाणे यावत्-वैमानिको सुधी जाणवुं. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे' एम कही यावत्-विहरे छे. ॥ ५७१ ॥

तए णं समणे भगवं महावीरे अन्नदा कदायि रायगिहाओ नगराओ गुणसिलाओ चेइयाओ पडिनिक्खमति

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





२ बहिया जणवयविहारं विहरति, तेणं कालेणं तेणं समएणं उल्लुयतीरे नामं नगरे होत्था, वन्नओ, तस्स णं उल्लुयतीरस्स नगरस्स बहिया उत्तरपुरच्छिमे दिसिभाए एत्थ णं एगजंबूए नामं चेइए होत्था, वन्नओ, तए णं समणे भगवं महावीरे अन्नदा कदायि पुव्वाणुपुव्विं चरमाणे जाव एगजंबूए समोसढे जाव परिसा पडिगया, भंतेत्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासी-अणगारस्स णं भंते! भावियप्पणो छट्ठंछट्ठेण अणिक्खित्तणं जाव आयावेमाणस्स जाव तस्स णं पुरच्छिमेणं अवड्ढं दिवसं नो कप्पति हत्थं वा पादं वा बाहं वा ऊरुं वा आउट्टावेत्तए वा पसारेत्तए वा, पच्चच्छिमेणं से अवड्ढं दिवसं कप्पति हत्थं वा पादं वा जाव ऊरुं वा आउंटावेत्तए वा पसारेत्तए वा, तस्स णं अंसियाओ लंबंति तं च वेज्जे अदक्खु ईसिं पाडेति ईसिं २ अंसियाओ छिंदेज्जा से नूणं भंते! जे छिंदति तस्स किरिया कज्जति जस्स छिज्जति नो तस्स किरिया कज्जइ णण्णत्थेगेणं धम्मंतराइएणं?, हंता गोयमा! जे छिंदति जाव धम्मंतराएणं। सेवं भंते! सेवं भंतेत्ति ॥ (सूत्रं ५७२) ॥ १६-३ ॥

त्यारबाद श्रमण भगवंत महावीरे अन्य कोई दिवसे राजगृह नगरना गुणसिलक चैत्यथी नीकळी बहारना बीजा देशोमां विहार कर्यो. ते काळे ते समये उल्लुकतीर नामनुं नगर हतुं. वर्णक ते उल्लुकतीर नामना नगरनी बहार ईशान कोणमां एकजंबूक नामनुं चैत्य हतुं. वर्णक. त्यार पछी अनुक्रमे विचरता श्रमण भगवंत महावीर अन्य कोई दिवसे एकजंबूनामक चैत्यमां समोसर्या, यावत्-सभा पाछी गई. त्यार पछी 'भगवन्'! एम कही भगवंत गौतम श्रमण भगवंत महावीरने वांदी नमी आ प्रमाणे बोल्या—

For Private And Personal

[प्र०] हे भगवन् ! छठ्ठ छठ्ठना तपपूर्वक यावत्-निरंतर आतापना लेता भावितात्मा एवा अनगारने दिवसना पूर्वार्ध भागमां पोताना हाथ, पग, यावत्-उरु-साथळने संकोचवा के पहोळा करवा कल्पता नथी, अने दिवसना पश्चिमार्ध भागमां पोताना हाथ, पग, यावत् उरुने संकोचवा अने पोहळा करवा कल्पे छे. हवे (कायोत्सर्गमां रहेला) एवा ते अनगारने (नासिकामां) अर्शोने लटकता होय अने ते अर्शोने कोई वैद्य जुए, जोईने ते अर्शोने कापवाने ते ऋषिने भूमि उपर सुवाडीने तेना अर्शो कापे तो हे भगवन् ! ते कापनार वैद्यने क्रिया लागे के जेना अर्शो कपाय छे तेने धर्मांतराय रूप क्रिया सिवाय बीजी पण क्रिया लागे ? [उ०] हे गौतम ! हा, जे कापे छे तेने शुभ क्रिया लागे छे, अने जेना अर्शो कपाय छे तेने धर्मांतराय सिवाय बीजी क्रिया नथी लागती. हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे. ॥ ५७२ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना सोळमा शतकमां त्रीजा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## शतक १६. (उद्देशक ४)

रायगिहे जाव एवं वयासी—जावतियन्नं भंते ! अन्नइलायए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु किं नेरतियाणं वासेण वा वासेहिं वा वाससएहिं वा खवति ?, णो तिणट्ठे समट्ठे, जावतियण्णं भंते ! चउत्थभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु किं नेरइया वाससएणं वा वाससएहिं वा वाससहस्सेहिं वा वाससयसहस्सेहिं (ण) वा खवयंति ?, णो तिणट्ठे समट्ठे, जावतियन्नं भंते ! छट्ठभत्तिए समणे

निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु नेरइया वाससहस्सेण वा वाससहस्सेहिं वा वाससयसहस्सेण(हिं) वा खवयंति ?, णो तिणट्ठे समट्ठे, जावतियन्नं भंते ! अट्ठमभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु नेरतिया वाससयसहस्सेण वा वाससयसहस्सेहिं वा वासकोडीए(हिं) वा खवयंति ?, नो तिणट्ठे समट्ठे,

[प्र०] राजगृहमां यावत् आ प्रमाणे बोल्या केः—हे भगवन् ! अन्नग्लायक ( अन्न विना ग्लान थएलो–नित्यभोजी ) श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिक जीवो नरकमां एक वरसे, अनेक वरसे के सो वरसे खपावे ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ–यथार्थ नथी. [प्र०] हे भगवन् ! चतुर्थभक्त (एक उपवास) करनार श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिक जीवो नरकमां सो वरसे, अनेक सो वरसे के हजार वरसे खपावे ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी [प्र०] हे भगवन् ! छट्ठभक्त (बे उपवास) करी श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिको नरकमां एक हजार वरसे, अनेक हजार वरसे के एक लाख वरसे खपावे ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी. [प्र०] हे भगवन् ! अष्टम भक्त ( त्रण उपवास ) करी श्रमण-निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिको नरकमां एक लाख वरसे, अनेक लाख वरसे के एक क्रोड वरसे खपावे ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी.

जावतियन्नं भंते ! दसमभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु नेरतिया वासकोडीए वा वासकोडीहिं वा वासकोडाकोडीए वा खवयंति ?, नो तिणट्ठे समट्ठे, से केणट्ठेण भंते ! एवं वुच्चइ जावतियं अन्नइ-लातए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु नेरतिया वासेण वा वासेहिं वा वाससएण वा(जाव)

वास(सय)सहस्सेण वा नो खवयंति जावतियं चउत्थभत्तिए, एवं तं चेव पुव्वभणियं उच्चारेयव्वं जाव वासकोडाकोडीए वा नो खवयंति ?, गोयमा ! से जहानामए—केइ पुरिसे जुण्णे जराजज्जरियदेहे सिढिलतयावलितरंगसंपिणद्धगत्ते पविरलपरिसडियदंतसेढी उण्हाभिहए तण्हाभिहए आउरे झुंझिए पिवासिए दुब्बले किलंते एगं महं कोसंबगंडियं सुक्कं जडिलं गंठिल्लं चिक्कणं वाइद्धं अपत्तियं मुंडेण परसुणा अवक्कमेज्जा, तए णं से पुरिसे महंताइं २ सद्दाइं करेइ नो महंताइं २ दलाइं अवद्दालेइ, एवामेव गोयमा ! नेरइयाणं पावाइं कम्माइं गाढीकयाइं चिक्कणीकयाइं एवं जहा छट्ठसए जाव नो महापज्जवसाणा भवंति, से जहानामए—केई पुरिसे अहिकरणिं आउडेमाणे महया जाव नो महापज्जवसाणा भवंति, से जहानामए—केई पुरिसे तरुणे बलवं जाव मेहावी निउणसिप्पोवगए एगं महं सामलिगंडियं उल्लं अजडिलं अगंठिल्लं अचिक्कणं अवाइद्धं सपत्तियं तिक्खेण परसुणा अक्कमेज्जा, तए णं से पुरिसे नो महंताइं २ सद्दाइं करेति महंताइं २ दलाइं अवद्दालेति, एवामेव गोयमा ! समणाणं निग्गंथाणं अहाबादराइं कम्माइं सिढिलीकयाइं णिट्ठियाइं कयाइं जाव खिप्पामेव परिविद्धत्थाइं भवंति जावतियं तावतियं जाव महापज्जवसाणा भवंति, से जहा वा केइ पुरिसे सुक्कतणहत्थगं जायतेयंसि पक्खिवेज्जा एवं जहा छट्ठसए तहा अयोकवल्लेवि जाव महाप० भवंति, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ जावतियं अन्नइलायए समणे निग्गंथे कम्मं निज्जरेति तं चेव जाव वासकोडाकोडीए वा नो खवयंति ॥ 'सेवं भंते ! सेवं भंते !'त्ति जाव विहरइ ( सूत्रं ५७३ ) ॥ १६-४ ॥

[प्र०] हे भगवन्! दशम भक्त (चार उपवास) करनारो श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिक जीवो नरकमां एक क्रोड वरसे, अनेक क्रोड वरसे के कोटाकोटी वरसे खपावे? [उ०] हे गौतम! ए अर्थ समर्थ नथी. [प्र०] हे भगवन् ए प्रमाणे आप शा हेतुथी कहो छो के 'अन्नग्लायक श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिक जीवो नरकमां एक वरसे, अनेक वरसे के एक सो वरसे पण खपावे, अने चतुर्थभक्त करनार श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिको नरकमां सो वरसे, अनेक सो वरसे के लाख वरसे न खपावे-इत्यादि बधुं पूर्व सूत्रनी पेठे कहेवुं, यावत्—कोटाकोटी वरसे न खपावे?' [उ०] हे गौतम! जेम कोई एक घरडो, घडपणथी जर्जरित शरीरवाळो, ढीला पडी गएला अने चामडीना वळीयावडे व्याप्त थयेला गात्रवाळो, थोडा अने पडी गएला दांतवाळो, गरमीथी व्याकुल थयेलो, तरसथी पीडाएल, दुःखी, भूख्यो तरस्यो, दुर्बल अने मानसिक क्लेशवाळो पुरुष होय अने ते एक मोटा कोशंब नामना वृक्षनी सूकी, वांकी चुंकी गांठोवाळी, चिकणी, वांकी अने निराधार रहेली गंडिका-गंडेरी उपर एक मुंड (बुट्ठा) परशुवडे प्रहार करे, तो ते पुरुष मोटा मोटा शब्दो (हुंकार) करे पण मोटा मोटा ककडा न करी शके. एज प्रमाणे हे गौतम! नैरयिकोए पोताना पापकर्मो गाढ कर्यां छे, चिकणा कर्यां छे-इत्यादि बधुं छट्ठा शतकमां कह्या प्रमाणे कहेवुं. यावत्—तेथी ते नैरयिको (अत्यंत वेदनाने वेदतां छतां पण महानिर्जरावाळा अने) निर्वाणरूप फळवाळा थता नथी. वळी जेम कोई एक पुरुष एरण उपर घण मारतो मोटा शब्द करे (परन्तु ते एरणना स्थूल पुद्गलोने तोडवाने समर्थ थतो नथी, ए प्रमाणे नैरयिको गाढ कर्मवाळा होय छे, तेथी तेओ) यावत्—महापर्यवसानवाळा नथी. तथा जेम कोई एक तरुण बलवान्, यावत्—मेधावी अने निपुण कारीगर पुरुष एक मोटा शिमळाना वृक्षनी लीली, जटा विनानी, गांठो विनानी, चिकाश

For Private And Personal

विनानी, सीधी अने आधारवाळी गंडिका उपर तीक्ष्ण कुहाडावडे प्रहार करे तो ते पुरुष मोटा मोटा शब्दो करतो नथी पण मोटा मोटा दळने फाडे छे, एज प्रमाणे हे गौतम ! जे श्रमण निर्ग्रंथोए पोताना कर्मोने यथास्थूल, शिथिल यावत्–निष्ठित करेलां छे, यावत्–ते कर्मो शीघ्रज नाश पामे छे अने यावत्–तेओ (श्रमणो) महापर्यवसानवाळा थाय छे. वळी जेम कोइ एक पुरुष सूका घासना पूळाने यावत्–अग्निमां फेंके (अने ते शीघ्र बळी जाय ए प्रमाणे श्रमण निर्ग्रन्थोना यथा बादर कर्मो शीघ्र नाश पामे छे.) तथा पाणीना टीपाने तपावेल लोढाना कडायामां नाखे तो ते जलदी नाश पामे ए प्रमाणे श्रमण निर्ग्रन्थना कर्म शीघ्र विध्वस्त थाय छे– इत्यादि बधुं छठ्ठा शतकनी पेठे कहेवुं, यावत्–तेओ महापर्यवसानवाळा थाय छे. माटे हे गौतम ! ते हेतुथी एम कह्युं छे के 'अन्नग्लायक श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे'–इत्यादि बधुं पूर्व प्रमाणेज कहेवुं–यावत् तेटलुं कर्म कोटाकोटी वरसे पण नैरयिक जीव न खपावे. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे–' एम कही यावत्–विहरे छे. ॥ ५७३ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना सोळमा शतकमां चोथा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## शतक १६. (उद्देशक ५)

तेणं कालेणं तेणं समएणं उल्लुयतीरे नामं नगरे होत्था वन्नओ, एगजंबूए चेइए वन्नओ, तेणं कालेणं तेणं समएणं सामी समोसढे जाव परिसा पज्जुवासति, तेणं कालेणं २ सक्के देविंदे देवराया वज्जपाणी एवं जहेव बितियउद्देसए तहेव दिव्वेणं जाणविमाणेणं आगओ जाव जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ २

जाव नमंसित्ता एवं वयासी—देवे णं भंते! महड्डिए जाव महेसक्खे बाहिरए पोग्गले अपरियाइत्ता पभू आगमित्तए १, नो तिणट्ठे समट्ठे, देवे णं भंते! महड्डिए जाव महेसक्खे बाहिरए पोग्गले परियाइत्ता पभू आगमित्तए ?, हंता पभू, देवे णं भंते! महड्डिए एवं एएणं अभिलावेणं गमित्तए २ एवं भासित्तए वा वागरित्तए वा ३ उम्मिसावेत्तए वा निमिसावेत्तए वा ४ आउट्टावेत्तए वा पसारेत्तए वा ५ ठाणं वा सेज्जं वा निसीहियं वा चेइत्तए वा ६ एवं विउव्वित्तए वा ७ एवं परियारावेत्तए वा ८ जाव हंता पभू, इमाइं अट्ठ उक्खित्तपसिणवागरणाइं पुच्छइ, इमाइं २ त्ता संभंतियवंदणएणं वंदति संभंतिय० २ त्ता तमेव दिव्वं जाणविमाणं दुरूहति २ जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए (सूत्र ५७४)॥

ते काळे, ते समये उल्लुकतीर नामनुं नगर हतुं. वर्णक. एकजंबूक नामनुं चैत्य हतुं. वर्णक. ते काळे ते समये स्वामी समोसर्या. यावत्-सभा पर्युपासना करे छे. ते काळे ते समये शक्र देवेन्द्र देवराज वज्रपाणि-इत्यादि जेम बीजा उद्देशकमां कहेवामां आव्युं छे तेम दिव्य विमान वडे अहीं आव्यो, अने यावत्-जे तरफ श्रमण भगवंत महावीर हता ते तरफ जइ यावत्-नमी आ प्रमाणे बोल्यो [प्र०] हे भगवन्! मोटी ऋद्धिवाळो यावत्-मोटा सुखवाळो देव बहारना पुद्गलोने ग्रहण कर्या सिवाय अहीं आववा समर्थ छे? [उ०] हे शक्र! ना, ए अर्थ समर्थ नथी. [प्र०] हे भगवन्! मोटी ऋद्धिवाळो यावत्-मोटा सुखवाळो देव बहारना पुद्गलोने ग्रहण करीने अहीं आववा समर्थ छे? [उ०] हे शक्र! हा समर्थ छे. हे भगवन्! मोटी ऋद्धिवाळो देव यावत्-एज प्रमाणे बहारना पुद्गलोने ग्रहण करीने १ जवाने, २ बोलवाने, ३ उत्तर देवाने, ४ आंख उघाडवाने के आंख मींचवाने, ५ शरीरना अवयवोने

संकोचवाने के पहोळां करवाने, ६ स्थान शय्या के निषद्या-स्वाध्यायभूमिने भोगववाने, ७ विकुर्ववाने अने ८ परिचारणा-विषयोपभोग करवाने समर्थ छे ? [उ०] हा यावत्-समर्थ छे. ते देवेन्द्र देवराज पूर्वोक्त संक्षिप्त आठ प्रश्नो पूछी अने उत्सुकता-उतावळ पूर्वक भगवंत महावीरने वांदी तेज दिव्य विमान उपर चढी ज्यांथी आव्यो हतो त्यां ते पाछो चाल्यो गयो. ॥ ५७४ ॥

भंतेत्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदति नमंसति २ एवं वयासी—अन्नदा णं भंते ! सक्के देविंदे देवराया देवाणुप्पियं वंदति नमंसति सक्कारेति जाव पज्जुवासति, किण्हं भंते ! अज्ज सक्के देविंदे देवराया देवाणुप्पियं अट्ठ उक्खित्तपसिणवागरणाइं पुच्छइ २ संभंतियवंदणएणं वंदति णमंसति २ जाव पडिगए ?, गोयमादि समणे भ० भगवं गोयमं एवं वयासी-एवं खलु गोयमा ! तेणं कालेणं २ महासुक्के कप्पे महासामाणे विमाणे दो देवा महड्डिया जाव महेसक्खा एगविमाणंसि देवत्ताए उववन्ना, तं०—मायिमिच्छदिट्ठिउववन्नए य अमायिसम्मदिट्ठिउववन्नए य, तए णं से मायिमिच्छादिट्ठिउववन्नए देवे तं अमायिसम्मदिट्ठिउववन्नगं देवं एवं वयासी—परिणममाणा पोग्गला नो परिणया अपरिणया, परिणमंतीति पोग्गला नो परिणया अपरिणया, तए णं से अमायिसम्मदिट्ठीउववन्नए देवे तं मायिमिच्छदिट्ठीउववन्नगं देवं एवं वयासी—परिणममाणा पोग्गला परिणया नो अपरिणया, परिणमंतीति पोग्गला परिणया नो अपरिणया, तं मायिमिच्छदिट्ठीउववन्नगं एवं पडिहणइ २ ओहिं पउंजइ ओहिं २ ममं ओहिणा आभोएइ ममं २ अयमेयारूवे जाव समुप्पज्जित्था-एवं खलु समणे भगवं महावीरे जंबुद्दीवे २ जेणेव भारहे वासे जेणेव उल्लुयतीरे नगरे एगजंबूए चेइए अहापडिरूवं जाव विहरति, तं सेयं

खलु मे समणं भगवं महावीरं वंदित्ता जाव पज्जुवासित्ता इमं एयारूवं वागरणं पुच्छित्तएत्तिकट्टु एवं संपेहेइ एवं, संपेहित्ता चउहिवि सामाणियसाहस्सीहिं परिवारो जहा सूरियाभस्स जाव निग्घोसनाइयरवेणं जेणेव जंबुद्दीवे २ जेणेव भारहे वासे जेणेव उल्लुयातीरे नगरे जेणेव एगजंबूए चेइए जेणेव ममं अंतियं तेणेव पहारेत्थ गमणाए, तए णं से सक्के देविंदे देवराया तस्स देवस्स तं दिव्वं देविड्ढिं दिव्वं देवजुतिं दिव्वं देवाणुभागं दिव्वं तेयलेस्सं असहमाणे ममं अट्ठ उक्खित्तपसिणवागरणाइं पुच्छइ संभंतिय जाव पडिगए (सूत्रं ५७५) ॥

[प्र०] 'भगवन्' ! एम कही पूज्य गौतम श्रमण भगवंत महावीरने वांदी, नमी आ प्रमाणे बोल्या के-हे भगवन् ! अन्य दिवसे देवेन्द्र देवराज शक्र देवानुप्रिय आपने वंदन, नमन, सत्कार यावत्-पर्युपासना करे छे, पण हे भगवन् ! आजे तो ते शक्र देवेन्द्र देवराज देवानुप्रिय एवा आपने संक्षिप्त आठ प्रश्नो पूछी अने उत्सुकतापूर्वक वांदी नमी यावत्-केम चाल्यो गयो ? [उ०] 'हे गौतम' ! एम कही, श्रमण भगवंत महावीरे भगवंत गौतमने आ प्रमाणे कह्युं-हे गौतम ! ए प्रमाणे खरेखर ते काळे ते समये महाशुक्र कल्पना महासामान्य नामना विमानमां मोटी ऋद्धिवाळा, यावत्-मोटा सुखवाळा बे देवो एकज विमानमां देवपणे उत्पन्न थया, तेमां एक मायी मिथ्यादृष्टि रूपे उत्पन्न थयो अने एक अमायी सम्यग्दृष्टिरूपे उत्पन्न थयो. त्यारपछी उत्पन्न थयेला ते मायिमिथ्यादृष्टि देवे उत्पन्न थयेला अमायिसम्यग्दृष्टि देवने आ प्रमाणे कह्युं के-परिणाम पामता पुद्गलो 'परिणत' न कहेवाय, पण 'अपरिणत' कहेवाय. कारण के (हजी) ते परिणमे छे माटे ते परिणत नथी, पण 'अपरिणत' छे. त्यारबाद उत्पन्न थयेला ते अमायी सम्यग्दृष्टि देवे उत्पन्न थयेला ते मायी मिथ्यादृष्टि देवने कह्युं के, परिणाम पामता पुद्गलो 'परिणत' कहेवाय, पण 'अपरिणत' न

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





कहेवाय, कारण के ते परिणमे छे माटे ते परिणत कहेवाय, पण 'अपरिणत' न कहेवाय. ए प्रमाणे कही उत्पन्न थयेला ते अमायिसम्यग्दृष्टि देवे उत्पन्न थयेला मायिमिथ्यादृष्टि देवनो पराभव कर्यो. त्यारपछी तेणे (सम्यग्दृष्टि देवे) अवधिज्ञाननो उपयोग कर्यो, अने अवधिद्वारा मने जोईने ते सम्यग्दृष्टि देवने आ प्रकारनो संकल्प उत्पन्न थयो के जंबूद्वीपमां भारतवर्षमां ज्यां उल्लुकतीर नामनुं नगर छे, अने ते नगरमां ज्यां एकजंबूक नामनुं चैत्य छे, त्यां श्रमण भगवंत महावीर यथायोग्य अवग्रह लेइने विहरे छे, तो त्यां जई ते श्रमण भगवंत महावीरने वांदी यावत्–पर्युपासी आ प्रकारनो प्रश्न पूछवो ए मारे माटे श्रेयरूप छे, एम विचारी चार हजार सामानिक देवोना परिवार साथे–जेम सूर्याभ देवनो परिवार कह्यो छे तेम अहिं पण समजवुं–यावत्–निर्घोष नादित रवपूर्वक जे तरफ जंबूद्वीप छे, जे तरफ भारतवर्ष छे, जे तरफ उल्लुकतीर नामनुं नगर छे, अने जे तरफ एकजंबूक नामनुं चैत्य छे तथा ज्यां आगळ हुं विद्यमान छुं ते तरफ आववाने तेणे (सम्यग्दृष्टि देवे) विचार कर्यो. त्यारबाद ते देवेन्द्र देवराज शक्र मारी तरफ आवता ते देवनी तेवा प्रकारनी दिव्य देवर्धि, दिव्य देवद्युति, दिव्य देवप्रभाव अने दिव्य तेजोराशिने न सहन करतो आठ संक्षिप्त प्रश्नो पूछी अने उत्सुकतापूर्वक वांदी यावत्–चाल्यो गयो. ॥ ५७५ ॥

जावं च णं समणे भगवं महावीरे भगवओ गोयमस्स एयमट्ठं परिकहेति तावं च णं से देवे तं देसं हव्वमागए, तए णं से देवे समणं भगवं महावीरं तिक्खुत्तो वंदति नमंसति २ एवं वयासी––एवं खलु भंते! महासुक्के कप्पे महासामाणे विमाणे एगे मायिमिच्छदिट्ठिउववन्नए देवे ममं एवं वयासी–परिणममाणा पोग्गला नो परिणया अपरिणया परिणमंतीति पोग्गला नो परिणया अपरिणया, तए णं अहं तं मायिमिच्छदिट्ठिउववन्नगं देवं

For Private And Personal

एवं वयासी-परिणममाणा पोग्गला परिणया नो अपरिणया परिणमंतीति पोग्गला परिणया णो अपरिणया, से कहमेयं भंते! एवं?, गंगदत्तादि! समणे भगवं महावीरे गंगदत्तं एवं वयासी-अहंपि णं गंगदत्ता! एवमाइक्खामि परिणममाणा पोग्गला जाव नो अपरिणया सचेणमेसे अट्ठे, तए णं से गंगदत्ते देवे समणस्स भगवओ महावीरस्स अंतियं एयमट्ठं सोचा निसम्म हट्ठतुट्ठे समणं भगवं महावीरं वंदति नमं० २ नच्चासन्ने जाव पज्जुवासति, तए णं समणे भ० महावीरे गंगदत्तस्स देवस्स तीसे य जाव धम्मं परिकहेइ जाव आराहए भवति, तए णं से गंगदत्ते देवे समणस्स भगवओ० अंतिए धम्मं सोचा निसम्म हट्ठतुट्ठ उट्ठाए उट्ठेति उ० २ समणं भगवं महावीरं वंदति नमंसति २ एवं वयासी-अहं णं भंते! गंगदत्ते देवे किं भवसिद्धिए अभव सिद्धिए?, एवं जहा सूरियाभो जाव बत्तीसतिविहं नट्टविहं उवदंसेति उव० २ जाव तामेव दिसं पडिगए (सूत्रं ५७६) ॥

जे वखते श्रमण भगवंत महावीर पूर्व प्रमाणेनी वात पूज्य गौतमने कही रह्या छे तेज वखते ते (सम्यग्दृष्टि देव) त्यां शीघ्र आव्यो अने पछी ते देवे श्रमण भगवंत महावीरने त्रण वार प्रदक्षिणा करी वांदी नमी आ प्रमाणे कह्युं के-[प्र०] हे भगवन्! महाशुक्र कल्पमां महासामान्य नामना विमानमां उत्पन्न थएला मायी मिथ्यादृष्टि देवे मने आ प्रमाणे कह्युं के परिणाम पामतां पुद्गलो 'परिणत' न कहेवाय, पण 'अपरिणत' कहेवाय. कारण के ते पुद्गलो हजी परिणमे छे माटे ते 'परिणत' न कहेवाय, पण 'अपरिणत' कहेवाय. पछी में ते मायी मिथ्यादृष्टि देवेने आ प्रमाणे कह्युं के-परिणाम पामता पुद्गलो 'परीणत' कहेवाय, पण 'अपरिणत' न कहेवाय. कारण के ते पुद्गलो परिणमे छे, माटे ते 'अपरिणत' न कहेवाय, पण 'परिणत' कहेवाय. तो हे भगवन्! ए मारुं

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





कथन केवुं छे? [उ०] 'गंगदत्त'! एम कही श्रमण भगवंत महावीरे ते गंगदत्त देवने आ प्रमाणे कह्युं के-हे गंगदत्त! हुं पण ए प्रमाणे कहुं छुं ४, के परिणाम पामता पुद्गलो यावत्-'अपरिणत' नथी पण 'परिणत' छे, अने ते अर्थ सत्य छे. त्यार पछी श्रमण भगवंत महावीर पासेथी ए वातने सांभळी अवधारी ते गंगदत्त देव हर्षवाळो अने संतोषवाळो थई श्रमण भगवंत महावीरने वांदी नमी बहु दूर नहि अने बहु नजीक नहीं एवी रीते पासे बेसी तेओनी पर्युपासना करे छे. पछी श्रमण भगवंत! महावीरे ते गंगदत्त देवने अने ते मोटामां मोटी सभाने धर्मकथा कही, यावत्-ते आराधक थयो. पछी ते गंगदत्त देव श्रमण भगवंत महावीर पासेथी धर्मने सांभळी अवधारी हर्ष अने संतोषयुक्त थई उभो थयो, उभो थईने श्रमण भगवंत महावीरने वांदी, नमी आ प्रमाणे बोल्यो के-[प्र०] हे भगवंत! हुं गंगदत्त देव भवसिद्धिक छुं के अभवसिद्धिक छुं? [उ०] जेम सूर्याभ देव संबन्धे कह्युं तेनी पेठे बधुं जाणवुं; यावत् ते गंगदत्त देव बत्रीस प्रकारना नाटक देखाडी ज्यांथी आव्यो हतो त्यां पाछो चाल्यो गयो. ॥ ५७६ ॥

भंतेत्ति भगवं गोयमे समणं भगवं महावीरं जाव एवं वयासी—गंगदत्तस्स णं भंते! देवस्स सा दिव्वा देवड्डी दिव्वा देवजुत्ती जाव अणुपविट्ठा?, गोयमा! सरीरं गया सरीरं अणुप्पविट्ठा कूडागारसालादिट्ठंतो जाव सरीरं अणुप्पविट्ठा। अहो णं भंते! गंगदत्ते देवे महड्डिए जाव महेसक्खे?, गंगदत्तेणं भंते! देवेणं सा दिव्वा देवड्डी दिव्वा देवजुत्ती किण्णा लद्धा जाव गंगदत्तेणं देवेणं सा दिव्वा देवड्डी जाव अभिसमन्नागया?, गोयमादी! समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी—एवं खलु गोयमा! तेणं कालेणं २ इहेव जंबुद्दीवे २ भारहे वासे हत्थिणापुरे नामं नगरे होत्था वण्णओ, सहसंबवणे उज्जाणे वण्णओ, तत्थ णं हत्थिणापुरे नगरे गंगदत्ते नामं

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



गाहावती परिवसति अड्ढे जाव अपरिभूए, तेणं कालेणं २ मुणिसुव्वए अरहा आदिगरे जाव सव्वन्नू सव्वदरिसी आगासगएणं चक्केणं जाव पकड्ढिज्जमाणेणं प० सीसगणसंपरिवुडे पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे जाव जेणेव सहसंबवणे उज्जाणे जाव विहरति परिसा निग्गया जाव पज्जुवासति, तए णं से गंगदत्ते गाहावती इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठतुट्ठ जाव कयबलिजाय सरीरे साओ गिहाओ पडिनिक्खमति २ पायविहारचारेणं हत्थिणागपुरं नगरं मज्झंमज्झेणं निग्गच्छति २ जेणेव सहसंबवणे उज्जाणे जेणेव मुणिसुव्वए अरहा तेणेव उवागच्छइ २ मुणिसुव्वयं अरहं तिक्खुत्तो आ० २ जाव तिविहाए पज्जुवासणाए पज्जुवासति,

[प्र०] 'हे भगवन्! एम कही पूज्य गौतमे श्रमण भगवंत महावीरने आ प्रमाणे कह्युं के-हे भगवन्! ए गंगदत्त देवनी ते दिव्य देवर्द्धि, दिव्य देवद्युति यावत्-क्यां गई ? [उ०] हे गौतम! ते दिव्य देवर्द्धि ते गंगदत्त देवना शरीरमां गइ, अने शरीरमां अनुप्रविष्ट थई. आ स्थळे पूर्वोक्त कूटागार शालानो दृष्टांत जाणवो. अने ते यावत्-'शरीरमां अनुप्रविष्ट थई'. हे भगवन्! ए गंगदत्त देव तो मोटी ऋद्धिवाळो यावत्-मोटा सुखवाळो छे. [प्र०] हे भगवन्! गंगदत्त देवे ते दिव्य देवर्द्धि अने दिव्य देवद्युति शाथी मेळवी, यावत्-दिव्य देवर्द्धि तेने शाथी अभिसमन्वागत-प्राप्त थई ? [उ०] 'भो गौतम! एम कही श्रमण भगवंत महावीरे पूज्य गौतमने आ प्रमाणे कह्युं के-हे गौतम! ते काळे ते समये आज जंबूद्वीपमां, भारतवर्षमां हस्तिनापुर नामनुं नगर हतुं. वर्णन. त्यां सहस्रम्रवण नामनुं उद्यान हतुं. वर्णन. ते हस्तिनापुर नगरमां आढ्य, यावत्-अपरिभूत एवो गंगदत्त नामनो गृहपति रहेतो हतो. ते काळे, ते समये आदिकर, यावत्-सर्वज्ञ, सर्वदर्शी, आकाशगत चक्रसहित, यावत्-देवोवडे खेंचाता धर्मध्वजयुक्त, शिष्यगणथी



For Private And Personal

संपरिवृत्त थई पूर्वानुपूर्वी विचरता अने ग्रामानुग्राम विहरता यावत्–श्रीमुनिसुव्रत नामे अरहंत यावत्–जे तरफ सहस्राम्रवण नामनुं उद्यान हतुं त्यां आव्या अने यावत् विहरवा लाग्या. सभा वांदवा नीकळी अने यावत्–पर्युपासना करवा लागी. त्यारबाद ते गंगदत्त नामे गृहपति आवी रीते श्रीमुनिसुव्रत स्वामी आव्यानी वात सांभळी हर्षवाळो अने संतोषवाळो थई यावत्–बलिकर्म करी शरीरने शणगारी पोतानाघरथी नीकळ्यो, नीकळी पगे चालीने हस्तिनापुर नगरनी वच्चोवच्च थई जे तरफ सहस्राम्रवण नामनुं उद्यान हतुं अने ज्यां श्रीमुनिसुव्रत अरहंत हता त्यां आवी मुनिसुव्रत अरहंतने त्रण वार प्रदक्षिणा करी, यावत्–त्रण प्रकारनी पर्युपासना वडे पर्युपासना करवा लाग्यो.

तए णं मुणिसुव्वए अरहा गंगदत्तस्स गाहावतिस्स तीसे य महतिजाव परिसा पडिगया, तए णं से गंगदत्ते गाहावती मुणिसुव्वयस्स अरहओ अंतियं धम्मं सोचा निसम्म हट्ठतुट्ठ० उट्ठाए उट्ठेति २ मुणिसुव्वयं अरहं वंदति नमंसति वंदित्ता नमंसित्ता एवं वयासी–सद्दहामि णं भंते! निग्गंथं पावयणं जाव से जहेयं तुज्झे वदह, जं नवरं देवाणुप्पिया! जेट्ठपुत्तं कुडुंबे ठावेमि तए णं अहं देवाणुप्पियाणं अंतियं मुंडे जाव पव्वयामि, अहासुहं देवाणुप्पिया! मा पडिबंधं करेह,

त्यार पछी ते श्रीमुनिसुव्रत स्वामीए ते गंगदत्त गृहपतिने तथा ते मोटी महासभाने धर्मकथा कही; यावत्–सभा पाछी गई. त्यार बाद ते गंगदत्त नामे गृहपति श्रीमुनिसुव्रत अरिहंत पासेथी धर्मने सांभळी, अवधारी हर्ष तथा संतोषयुक्त थई उभो थयो, उठीने श्रीमुनिसुव्रत स्वामीने वांदी, नमी आ प्रमाणे बोल्यो के हे भगवन्! हुं निर्ग्रंथना प्रवचनमां श्रद्धा करुं छुं, यावत्–आप जे

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





प्रमाणे कहो छो ते तेमज मानुं छुं. विशेष ए के हे देवानुप्रिय ! मारा मोटा पुत्रने कुटुंबनो मुख्यभूत स्थापीने आप देवानुप्रियनी पासे मुंड थई यावत्-प्रव्रज्या लेवा इच्छुं छुं. (श्रीमुनिसुव्रत स्वामीए कह्युं के) हे देवानुप्रिय ! जेम सुख थाय तेम कर, विलंब न कर.

तए णं से गंगदत्ते गाहावई मुणिसुव्वएणं अरहया एवं वुत्ते समाणे हट्ठतुट्ठ० मुणिसुव्वयं अरिहं वंदति नमंसति, वंदित्ता न० मुणिसुव्वयस्स अरहओ अंतियाओ सहसंबवणाओ उज्जाणाओ पडिनिक्खमति प०२ जेणेव हत्थिणापुरे नगरे जेणेव सए गिहे तेणेव उवा० २ विउलं असणं पाणं जाव उवक्खडावेति उ० २ मित्तणातिणियगजाव आमंतेति आमंतेत्ता तओ पच्छा ण्हाए जहा पूरणे जाव जेट्ठपुत्तं कुडुंबे ठावेति तं मित्तणाति जाव जेट्ठपुत्तं च आपुच्छति आ० २ पुरिससहस्सवाहणिगं सीयं दुरूहति पुरिससह० २ मित्तणातिनियगजाव परिजणेणं जेट्ठपुत्तेण य समणुगम्ममाणमग्गे सव्विड्ढीए जावणादितरवेणं हत्थिणागपुरं मज्झंमज्झेणं निग्गच्छइ नि० २ जेणेव सहसंबवणे उज्जाणे तेणेव उवा० २ छत्तादिते नित्थगरातिसए पासति एवं जहा उदायणो जाव सयमेव आभरणं मुयइ स० २ सयमेव पंचमुट्ठियं लोयं करेति स २ जेणेव मुणिसुव्वए अरहा एवं जहेव उदायणो तहेव पव्वइए, तहेव एक्कारस अंगाइं अहिज्जइ जाव मासियाए संलेहणाए सट्ठिं भत्ताइं अणसणाए जाव छेदेति सट्ठिं भत्ताइं० २ आलोइयपडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा महासुक्के कप्पे महासामाणे विमाणे उववायसभाए देवसयणिज्जंसि जाव गंगदत्तदेवत्ताए उववन्ने, तए णं से गंगदत्ते देवे अहुणोववन्नमेत्तए समाणे पंचविहाए पज्जत्तीए पज्जत्तिभावं गच्छति, तंजहा-आहारपज्जत्तीए जाव भासामणपज्जत्तीए, एवं खलु गोयमा ! गंगद-

For Private And Personal

त्तेणं देवेणं सा दिव्वा देवड्ढी जाव अभिसम० । गंगदत्तस्स णं भंते! देवस्स केवतियं कालं ठिती पन्नत्ता?, गोयमा! सत्तरससागरोवमाइं ठिती, गंगदत्ते णं भंते! देवे ताओ देवलोगाओ आउक्खएणं जाव महाविदेहे वासे सिज्झिहिति जाव अंतं काहिति॥ 'सेवं भंते! सेवं भंते!'त्ति॥ (सूत्रं ५७७) ॥ १६-५ ॥

ज्यारे ते मुनिसुव्रत स्वामीए ते गंगदत्त नामे गृहपतिने ए प्रमाणे कह्युं त्यारे ते हर्षयुक्त अने संतोषयुक्त थई मुनिसुव्रत स्वामीने वांदी, नमी मुनिसुव्रत स्वामी पासेथी सहस्राम्रवण नामना उद्यानथी नीकळी जे तरफ हस्तिनापुर नगर छे अने ज्यां पोतानुं घर छे त्यां आव्यो. आवीने विपुल अशन, पान-यावत्-तैयार करावी पोताना मित्र, ज्ञाति स्वजन वगेरेने नोतर्या. पछी स्नान करी पूरण शेठनी पेठे यावत्-पोताना मोटा पुत्रने कुटुंबमां मुख्य तरीके स्थापी पोताना मित्र, ज्ञाति स्वजन वगेरेने तथा मोटा पुत्रने पूछी हजार पुरुषवडे उपाडी शकाय तेवी शिबिकामां बेसी, पोताना, मित्र, ज्ञाति, स्वजन यावत् परिवारवडे तथा मोटा पुत्रवडे अनुसरातो सर्व ऋद्धिसहित यावत्-वादित्रना थता घोषपूर्वक हस्तिनापुरनी वचोवच्च निकळी जे तरफ सहस्राम्रवण नामे उद्यान छे, ते तरफ आवी तीर्थंकरना छत्रादि अतिशय जोई यावत्-उदायन राजानी पेठे यावत्-पोतानी मेळेज पोताना घरेणा उतार्या अने पोतानी मेळेज पंचमुष्टिक लोच कर्यो. त्यार बाद श्रीमुनिसुव्रतस्वामीनी पासे जई उदायन राजानी पेठे दीक्षा लीधी. यावत्-तेज प्रमाणे ते गंगदत्त अणगार अगीयार अंगो भण्यो, यावत्-एक मासनी संलेखना वडे साठ भक्त-त्रीश दिवस अनशनपणे वीतावी आलोचन-प्रतिक्रमण करी समाधिपूर्वक मरणसमये मृत्यु प्राप्त करी ते महाशुक्र कल्पमां महासामान्य नामना विमानमां उपपात सभाना देवशयनीयमां यवात्-गंगदत्त देवपणे उत्पन्न थयो. पछी ते तुरतज उत्पन्न थयलो गंगदत्त देव पांच प्रकारनी पर्याप्तिवडे

पर्याप्तपणाने पाम्यो. ते पर्याप्तिना पांच प्रकार आ प्रमाणे छे-आहारपर्याप्ति, यावत्-भाषामनःपर्याप्ति. ए प्रमाणे हे गौतम! ते गंगदत्त देवे ते दिव्य देवर्धि पूर्वोक्त कारणथी यावत्-प्राप्त करी छे. [प्र०] हे भगवन्! ते गंगदत्त देवनी स्थिति केटला काळनी कही छे? [उ०] हे गौतम! तेनी स्थिति सत्तर सागरोपमनी कही छे. [प्र०] हे भगवन्! ते गंगदत्त देव तेना आयुषनो क्षय थया पछी ते देवलोकथी निकळी क्यां जशे? [उ०] हे गौतम! ते महाविदेह क्षेत्रमां सिद्ध थशे, यावत्-सर्व दुःखोनो नाश करशे. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.' ॥ ५७७ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना सोळमा शतकमां पांचमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## शतक १६. उद्देशक ६.

कतिविहे णं भंते! सुविणदंसणे पण्णत्ते?, गोयमा! पंचविहे सुविणदंसणे पण्णत्ते, तंजहा-अहातच्चे पयाणे चिंतासुविणे तव्विवरीए अवत्तदंसणे॥ सुत्ते णं भंते! सुविणं पासति जागरे सुविणं पासति सुत्तजागरे सुविणं पासति?, गोयमा! नो सुत्ते सुविणं पासइ नो जागरे सुविणं पासइ सुत्तजागरे सुविणं पासइ॥ जीवा णं भंते! किं सुत्ता जागरा सुत्तजागरा?, गोयमा! जीवा सुत्तावि जागरावि सुत्तजागरावि, नेरइया णं भंते! किं सुत्ता० ? पुच्छा, गोयमा! नेरइया सुत्ता नो जागरा नो सुत्तजागरा, एवं जाव चउरिंदिया, पंचिंदियतिरिक्खजोणिया णं भंते! किं सुत्ता० पुच्छा, गोयमा! सुत्ता नो जागरा सुत्तजागरावि, मणुस्सा जहा जीवा, वाणमंतरजोइसियवेमाणिया जहा नेरइया॥ ( सूत्रं ५७८ ) ॥

[प्र०] हे भगवन् ! स्वप्नदर्शन केटला प्रकारनुं कह्युं छे ? [उ०] हे गौतम ! पांच प्रकारनुं स्वप्नदर्शन कह्युं छे. ते आ प्रमाणे- १ यथातथ्य स्वप्नदर्शन, २ प्रतान स्वप्नदर्शन, ३ चिंता स्वप्नदर्शन, ४ तद्विपरित स्वप्नदर्शन, अने ५ अव्यक्त स्वप्नदर्शन. [प्र०] हे भगवन् ! सूतेलो प्राणी स्वप्न जुए, जागतो प्राणी स्वप्न जुए के सूतो जागतो प्राणी स्वप्न जुए ? [उ०] हे गौतम ! सूतेलो प्राणी स्वप्न न जुए, जागतो प्राणी स्वप्न न जुए पण सूतो जागतो प्राणी स्वप्नने जुए. [प्र०] हे भगवन् ! जीवो सूतेला छे, जागृत छे के सूता-जागता छे ? [उ०] हे गौतम ! जीवो सूतेला पण छे, जागृत पण छे अने सूता-जागता पण छे. [प्र०] हे भगवन् ! नैरयिको सूतेला छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! नैरयिको सूतला छे, पण जागता के सूता-जागता नथी. ए प्रमाणे यावत्-चउरिन्द्रिय संबन्धे पण जाणवुं. [प्र०] हे भगवन् ! पंचेंद्रिय तिर्यंचयोनिको सुतेला छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! तेओ सूतेला छे अने सूता जागता पण छे. पण (तद्दन) जागता नथी. मनुष्यना प्रश्नमां सामान्य जीवोनी पेठे जाणवुं. वानव्यंतर, ज्योतिषिक अने वैमनिक देवोना प्रश्नमां नैरयिकोनी पेठे समजवुं. ॥ ५७८ ॥

**संवुडे णं भंते ! सुविणं पासइ असंवुडे सुविणं पासइ संवुडासंवुडे सुविणं पासइ ?, गोयमा ! संवुडेवि सुविणं पासइ, असंवुडेवि सुविणं पासइ, संवुडासंवुडेवि सुविणं पासइ, संवुडे सुविणं पासति अहातचं पासति, असंवुडे सुविणं पासति तहावि तं होज्जा अन्नहा वा तं होज्जा, संवुडासंवुडे सुविणं पासति एवं चेव ॥ जीवा णं भंते ! किं संवुडा असंवुडा संवुडासंवुडा ?, गोयमा ! जीवा संवुडावि असंवुडावि संवुडासंवुडावि, एवं जहेव सुत्ताणं दंडओ तहेव भाणियव्वो ॥ कति णं भंते ! सुविणा पण्णत्ता ?, गोयमा ! बायालीसं सुविणा पन्नत्ता,**

कइ णं भंते! महासुविणा पण्णत्ता?, गोयमा! तीसं महासुविणा पण्णत्ता, कति णं भंते! सव्वसुविणा पण्णत्ता?, गोयमा! बावत्तरिं सव्वसुविणा पण्णत्ता। तित्थयरमायरो णं भंते! तित्थगरंसि गब्भं वक्कममाणंसि कति महासुविणे पासित्ताणं पडिबुज्झंति?, गोयमा! तित्थयरमायरो णं तित्थयरंसि गब्भं वक्कममाणंसि एएसिं तीसाए महासुविणाणं इमे चोद्दस महासुविणे पासित्ताणं पडिबुज्झंति, तं०-गयउसभसीहअभिसेयजाव सिहिं च। चक्कवट्टिमायरो णं भंते! चक्कवट्टिंसि गब्भं वक्कममाणंसि कति महासुमिणे पासित्ताणं पडिबुज्झंति?, गोयमा! चक्कवट्टिमायरो चक्कवट्टिंसि जाव वक्कममाणंसि एएसिं तीसाए महासु० एवं जहा तित्थगरमायरो जाव सिहिं च। वासुदेवमायरो णं पुच्छा, गोयमा! वासुदेवमायरो जाव वक्कममाणंसि एएसिं चोद्दसण्हं महासुविणाणं अन्नयरे सत्त महासुविणे पासित्ताणं पडिबु०। बलदेवमायरो वा णं पुच्छा, गोयमा! बलदेवमायरो जाव एएसिं चोद्दसण्हं महासुविणाणं अन्नयरे चत्तारि महासुविणे पासित्ताणं पडि०। मंडलियमायरो णं भंते! पुच्छा, गोयमा! मंडलियमायरो जाव एएसिं चोद्दसण्हं महासु० अन्नयरं एगं महं सुविणं जाव पडिबु० (सूत्रं ५७९)॥

[प्र०] हे भगवन्! संवृत्त जीव स्वप्न जुए, असंवृत जीव स्वप्न जुए के संवृतासंवृत जीव स्वप्न जुए? [उ०] हे गौतम! संवृत, असंवृत अने संवृतासंवृत ए त्रणे जीवो स्वप्न जुए, पण संवृत जीव सत्य स्वप्न जुए, असंवृत जीव जे स्वप्न जुए ते सत्य पण होय असत्य पण होय; तथा असंवृतनी पेठे संवृतासंवृत जीव पण स्वप्न जुए. [प्र०] हे भगवन्! जीवो संवृत छे, असंवृत छे के संवृतासंवृत छे? [उ०] हे गौतम! जीवो संवृत, असंवृत अने संवृतासंवृत ए त्रणे प्रकारना छे. जेम सुप्त जीवोनुं वर्णन करेलुं छे तेम अहीं पण

समजवुं. [प्र०] हे भगवन् ! स्वप्न केटला प्रकारना कह्यां छे? [उ०] हे गौतम ! स्वप्नो बेंतालीश प्रकारना कह्यां छे. [प्र०] हे भगवन् ! महास्वप्न केटला प्रकारना कह्यां छे? [उ०] हे गौतम ! महास्वप्न त्रीश प्रकारना कह्यां छे. [प्र०] हे भगवन् ! बधा मळीने केटलां स्वप्नो कह्यां छे? [उ०] हे गौतम ! बधा मळीने बहोंतेर स्वप्नो कह्यां छे. [प्र०] हे भगवन् ! ज्यारे तीर्थंकरनो जीव गर्भमां होय त्यारे तीर्थंकरनी माताओ केटला महास्वप्न जोईने जागे? [उ०] हे गौतम ! ज्यारे तीर्थंकरनो जीव गर्भमां अवतरे त्यारे तीर्थंकरनी माताओ त्रीस महास्वप्नोमांथी चौद महास्वप्नो जोईने जागे छे. ते आ प्रमाणे १ हाथी, २ बलद, ३ सिंह, यावत् १४ अग्नि. [प्र०] हे भगवन् ! ज्यारे चक्रवर्तीनो जीव गर्भमां अवतरे त्यारे चक्रवर्तीनी माताओ केटला महास्वप्न जोईने जागे? [उ०] हे गौतम ! ज्यारे चक्रवर्तीनो जीव गर्भमां अवतरे त्यारे चक्रवर्तीनी माताओ ए त्रीस महास्वप्नोमांथी चौद महास्वप्नो तीर्थंकरनी माताओनी पेठेज जुए छे अने पछी जागे छे, ते चौद स्वप्न पूर्व प्रमाणे जाणवा, यावत्–अग्नि. [प्र०] एज प्रमाणे वासुदेवनी मातानी स्वप्नसंबन्धे पृच्छा। [उ०] हे गौतम ! ज्यारे वासुदेवनो जीव गर्भमां अवतरे त्यारे वासुदेवनी माताओ ए चौद महास्वप्नोमांथी कोइ पण सात महास्वप्नो जोईने जागे छे. [प्र०] ए प्रमाणे बलदेवनी माताओ संबन्धे स्वप्ननो प्रश्न. [उ०] हे गौतम ! बलदेवनी माताओ ए चौद महास्वप्नोमांथी कोई पण चार महास्वप्नो जोईने जागे छे. [प्र०] मांडलिक राजानी माताना स्वप्ननी एज प्रमाणे पृच्छा करवी. [उ०] हे गौतम ! मांडलिक राजाओनी माताओ ए चौद स्वप्नोमांथी कोई पण एक महास्वप्नने जोईने जागे छे. ॥५७९॥

[प्र०] हे भगवन् ! संयत, प्राणातिपातादिथी विरतिवाळो अने जेणे पापकर्मनो प्रतिघात अने प्रत्याख्यान कर्युं छे एवो जीव चारित्र धर्ममां स्थित होय, असंयत, अविरत अने जेणे पापकर्मनो प्रतिघात अने प्रत्याख्यान कर्युं नथी एवो जीव अधर्ममां स्थित होय, तथा संयतासंयत जीव धर्माधर्ममां स्थित होय ? [उ०] हे गौतम ! हा, संयत अने विरत जीव धर्ममां स्थित होय, संयतासंयत जीव यावत्-धर्माधर्ममां स्थित होय. [प्र०] हे भगवन् ! ए धर्ममां, अधर्ममां अने धर्माधर्ममां कोइ जीव बेसवाने यावत्—आळोटवाने समर्थ छे ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी (अर्थात्–ते जीवनो स्वभाव होवाथी धर्ममां, अधर्ममां के धर्माधर्ममां कोइ जीव बेसी शकतो नथी.) [प्र०] हे भगवन् ! शा कारणथी आप एम कहो छो के—'यावत्–धर्माधर्ममां स्थित होय' ? [उ०] हे गौतम ! संयत, विरत अने जेणे पापकर्मनुं प्रत्याख्यान कर्युं छे एवो जीव धर्ममां स्थित होय एटले धर्मनो आश्रय करी–स्वीकार करीने विहरे. ए प्रमाणे असंयत, अविरत अने जेणे पापकर्मनुं प्रत्याख्यान कर्युं नथी एवो जीव अधर्ममां स्थित होय–एटले अधर्मनो आश्रय करी विहरे, तथा संयतासंयत जीव धर्माधर्ममां स्थित होय–एटले जीव धर्माधर्मनो–देशविरतिनो आश्रय करी विहरे. ते माटे हे गौतम ! यावत्-'स्थित होय'. [प्र०] हे भगवन् ! शुं जीवो धर्ममां स्थित होय, अधर्ममां स्थित होय के धर्माधर्ममां स्थित होय ? [उ०] हे गौतम ! जीवो धर्ममां पण स्थित होय, अधर्ममां पण स्थित होय अने धर्माधर्ममां पण स्थित होय. [प्र०] हे भगवन् ! ए प्रमाणे नैरयिक संबन्धे पृच्छा करवी. [उ०] हे गौतम ! नैरयिको धर्ममां स्थित न होय, तेम धर्माधर्ममां स्थित न होय, पण अधर्ममां स्थित होय. ए प्रमाणे यावत्–चउरिन्द्रिय जीवो सुधी जाणवुं. [प्र०] पंचेन्द्रिय तिर्यंच जीवो संबन्धे पृच्छा.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





[उ०] हे गौतम ! पंचेन्द्रिय तिर्यंच जीवो धर्ममां स्थित नथी, पण तेओ अधर्ममां अने धर्माधर्ममां स्थित छे. मनुष्योने विषे सामान्य जीवोनी पेठे वक्तव्यता कहेवी. वानव्यंतरो, ज्योतिषिको अने वैमानिको विषेनी वक्तव्यता नैरयिकोनी पेठे कहेवी. ॥ ५९५ ॥

अन्नउत्थिया णं भंते ! एवमाइक्खंति जाव परूवेंति-एवं खलु समणा पंडिया समणोवासया बालपंडिया जस्स णं एगपाणाएवि दंडे अणिक्खित्ते से णं एगंतबालेत्ति वत्तव्वं सिया, से कहमेयं भंते ! एवं ?, गोयमा ! जण्णं ते अन्नउत्थिया एवमाइक्खंति जाव वत्तव्वं सिया, जे ते एवमाहंसु मिच्छं ते एवमा०, अहं पुण गोयमा ! एवमाइक्खामि जाव परूवेमि एवं खलु समणा पंडिया समणोवासगा बालपंडिया जस्स णं एगपाणाएवि दंडे निक्खित्ते से णं नो एगंतबालेत्ति वत्तव्वं सिया ॥ जीवा णं भंते ! किं बाला पंडिया बालपंडिया ?, गोयमा ! जीवा बालावि पंडियावि बालपंडियावि, नेरइयाणं पुच्छा, गोयमा ! नेरइया बाला नो पंडिया नो बालपंडिया, एवं जाव चउरिंदियाणं, पंचिंदियतिरिक्ख० पुच्छा, गोयमा ! पंचिंदियतिरिक्खजोणिया बाला नो पंडिया बालपंडियावि, मणुस्सा जहा जीवा, वाणमंतरजोइसियवेमाणिया जहा नेरइया (सूत्रं ५९६) ॥

[प्र०] हे भगवन् ! अन्यतीर्थिको एम कहे छे, यावत् एम प्ररूपे छे के 'श्रमणो' पंडित कहेवाय छे अने श्रमणोपासको बालपंडित कहेवाय छे, पण जे जीवने एक पण जीवना वधनी अविरति छे ते जीव 'एकांत बाल' कहेवाय, तो हे भगवन् ! आ (अन्यतीर्थिकोनुं कथन) सत्य केम होय ? [उ०] हे गौतम ! जे अन्यतीर्थिको आ प्रमाणे कहे छे के यावत्-एकान्त बाल' कहेवाय, परन्तु जेओए एम कह्युं छे तेओए मिथ्या-असत्य कह्युं छे, हे गौतम ! हुं तो आ प्रमाणे कहुं छुं-यावत् प्ररूपुं छुं के-ए प्रमाणे खरेखर

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





श्रमणो पंडित छे अने श्रमणोपासको बालपंडित छे, पण जे जीवे एक पण प्राणिना वधनी विरति करी छे ते जीव 'एकांतबल' न कहेवाय. (परन्तु 'बालपंडित' कहेवाय) [प्र०] हे भगवन्! शुं जीवो बाल–विरतिरहित छे, पंडित–सर्वविरतिवाळा छे के बालपंडित–देशविरति युक्त छे? [उ०] हे गौतम! जीवो बाल पण छे, पंडित पण छे अने बालपंडित पण छे [प्र०] नैरयिको संबन्धे ए प्रमाणे प्रश्न करवो. [उ०] हे गौतम! नैरयिको बाल छे, पण पंडित नथी, तेम बालपंडित पण नथी. ए प्रमाणे दंडकना क्रमथी यावत्–चउरिंद्रियो सुधी जाणवुं. [प्र०] पंचेन्द्रिय तिर्यंचो संबंधे प्रश्न. [उ०] हे गौतम! पंचेन्द्रिय तिर्यंचो बाल अने बालपंडित होय छे, पण पंडित होता नथी. मनुष्यो संबंधे सामान्य जीवोनी वक्तव्यता कहेवी. तथा वानव्यंतर, ज्योतिषिक अने वैमानिक संबंधे नैरयिकनी वक्तव्यता (सू० ७) कहेवी. ॥ ५९६ ॥

अन्नउत्थिया णं भंते! एवमाइक्खंति जाव परूवेंति—एवं खलु पाणातिवाए मुसावाए जाव मिच्छादंसणसल्ले वट्टमाणस्स अन्ने जीवे अन्ने जीवाया पाणाइवायवेरमणे जाव परिग्गहवेरमणे कोहविवेगे जाव मिच्छादंसणसल्लविवेगे वट्टमाणस्स अन्ने जीवे अन्ने जीवाया, उप्पत्तियाए जाव परिणामियाए वट्टमाणस्स अन्ने जीवे अन्ने जीवाया, उप्पत्तियाए उग्गहे ईहा अवाए धारणाए वट्टमाणस्स जाव जीवाया, उट्ठाणे जाव परक्कमे वट्टमाणस्स जाव जीवाया, नेरइयत्ते, तिरिक्खमणुस्सदेवत्ते वट्टमाणस्स जाव जीवाया, नाणावरणिज्जे जाव अंतराइए वट्टमाणस्स जाव जीवाया, एवं कण्हलेस्साए जाव सुक्कलेस्साए, सम्मदिट्ठीए ३ एवं चक्खुदंसणे ४ आभिणिबोहियनाणे ५ मतिअन्नाणे ३ आहारसन्नाए ४ एवं ओरालियसरीरे ५ एवं मणजोए ३ सागारोवओगे अणागारोवओगे

For Private And Personal

वट्टमाणस्स अण्णे जीवे अन्ने जीवाया, से कहमेयं भंते! एवं?, गोयमा! जण्णं ते अन्नउत्थिया एवमाइक्खंति जाव मिच्छं ते एवमाहंसु, अहं पुण गोयमा! एवमाइक्खामि जाव परूवेमि-एवं खलु पाणातिवाए जाव मिच्छादंसणसल्ले वट्टमाणस्स सच्चेव जीवे सच्चेव जीवाया जाव अणागारोवओगे वट्टमाणस्स सच्चेव जीवे सच्चेव जीवाया ॥ (सूत्रं ५९७) ॥



[प्र०] हे भगवन्! अन्यतीर्थिको आ प्रमाणे कहे छे, यावत् प्ररूपे छे के प्राणातिपातमां, मृषावादमां यावत्-मिथ्यादर्शनशल्यमां वर्तता प्राणीनो जीव अन्य छे अने जीवात्मा तेथी अन्य छे; प्राणातिपातविरमणमां, यावत्-परिग्रहविरमणमां, क्रोधना त्यागमां-यावत्-मिथ्यादर्शनशल्यना त्यागमां वर्तता प्राणीनो जीव अन्य छे अने तेथी तेनो जीवात्मा अन्य छे. औत्पत्तिकी बुद्धिमां, यावत्-पारिणामिकी बुद्धिमां वर्तमान प्राणीनो जीव अन्य छे अने तेथी जीवात्मा अन्य छे; अवग्रह, ईहा, अवाय अने धारणामां वर्तमान प्राणीनो जीव अन्य छे अने जीवात्मा तेथी अन्य छे; उत्थानमां, यावत्-पुरुषकार-पराक्रममां वर्तमान प्राणीनो जीव अन्य छे अने जीवात्मा तेथी अन्य छे; नैरयिकपणामां, पंचेंद्रियतिर्यंचपणामां, मनुष्यपणामां तथा देवपणामां वर्तमान जीव अन्य छे अने जीवात्मा अन्य छे; ज्ञानावरणीयमां यावत्-अंतरायमां वर्तमान प्राणीनो जीव अन्य छे अने तेथी जीवात्मा अन्य छे; कृष्णलेश्यामां, यावत्-शुक्ललेश्यामां, तथा सम्यग्दृष्टि मिथ्यादृष्टि अने सम्यग्मिथ्यादृष्टिमां, १ चक्षुदर्शन २ अचक्षुदर्शन, ३ अवधिदर्शन अने ४ केवल दर्शनमां, ५ आभिनिबोधिकज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान, मनःपर्यवज्ञान अने केवळज्ञानमां, मतिअज्ञान, श्रुतअज्ञान, अने विभंगज्ञानमां, आहारसंज्ञा, भयसंज्ञा, निद्रासंज्ञा अने मैथुनसंज्ञामां, अने एज प्रमाणे औदारिक शरीर, वैक्रिय शरीर, आहारक

शरीर, तैजस शरीर अने कार्मण शरीरमां, तथा मनोयोग, वचनयोग, अने काययोगमां, साकारोपयोग अने अनाकारोपयोगमां वर्तमान प्राणीनो जीव अन्य छे अने तेनो जीवात्मा अन्य छे. तो हे भगवन् ! ते केम सत्य होय ? [उ०] हे गौतम ! जे अन्यतीर्थिको ए प्रमाणे कहे छे, यावत्–तेओ मिथ्या कहे छे. हे गौतम ! हुं तो आ प्रमाणे कहुं छुं, यावत् प्ररूपुं छुं–" प्राणातिपात यावत्–मिथ्यादर्शनमां वर्तमान प्राणीनो तेज जीव छे अने तेज जीवात्मा छे यावत्–अनाकारोपयोगमां वर्तमान प्राणीनो तेज जीव छे अने तेज जीवात्मा छे. " ॥ ५९७ ॥

देवे णं भंते ! महड्ढीए जाव महेस० पुव्वामेव रूवी भवित्ता पभू अरूविं विउव्वित्ताणं चिट्ठित्तए ?, णो तिणट्ठे समट्ठे, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–देवे णं जाव नो पभू अरूविं विउव्वित्ताणं चिट्ठित्तए ?, गोयमा ! अहमेयं जाणामि अहमेयं पासामि अहमेयं बुज्झामि अहमेयं अभिसमन्नागच्छामि, मए एयं नायं मए एयं दिट्ठं मए एयं बुद्धं मए एयं अभिसमन्नागयं जण्णं तहागयस्स जीवस्स सरूविस्स सकम्मस्स सरागस्स सवेद[ण]स्स समोहस्स सलेसस्स ससरीरस्स ताओ सरीराओ अविप्पमुक्कस्स एवं पन्नायति, तंजहा—कालत्ते वा जाव सुक्किलत्ते वा सुब्भिगंधत्ते वा दुब्भिगंधत्ते वा तित्ते वा जाव महुर० कक्खडत्ते जाव लुक्खत्ते, से तेणट्ठेणं गोयमा ! जाव चिट्ठित्तए ॥ सच्चेव णं भंते ! से जीवे पुव्वामेव अरूवी भवित्ता पभू रूविं विउव्वित्ताणं चिट्ठित्तए ?, णो तिणट्ठे० जाव चि०, गो० ! अहमेयं जाणामि जाव जन्नं तहागयस्स जीवस्स अरूवस्स अकम्मस्स अरागस्स अवेदस्स अमोहस्स अलेसस्स असरीरस्स ताओ सरीराओ विप्पमुक्कस्स णो एवं पन्नायति, तं०–कालत्ते वा जाव

लुक्खत्ते वा, से तेणट्ठेणं जाव चिट्ठित्तए वा ॥ सेवं भंते ! त्ति ( सूत्रं ५९८ ) ॥ १७-२ ॥

[प्र०] हे भगवन् ! मोटी ऋद्धिवाळो, यावत्-मोटा सुखवाळो देव पहेलां रूपी होईने-मूर्त स्वरूप धारण करी पछी अरूपी रूप (अमूर्त रूप) विकुर्वीने रहेवा समर्थ छे ? [उ०] ते अर्थ समर्थ नथी. [प्र०] हे भगवन् ! आप ए प्रमाणे शा हेतुथी कहो छो के 'मोटी ऋद्धिवाळो देव यावत्-अरूपी रूप विकुर्वीने रहेवा समर्थ नथी' ? [उ०] गौतम ! हुं ए जाणुं छुं, हुं ए जोउं छुं, हुं ए निश्चित जाणुं छुं, हुं ए सर्वथा जाणुं छुं, में ए जाण्युं छे, में ए जोयुं छे, में निश्चित जाण्युं छे अने में ए सर्वथा जाण्युं छे के, तेवा प्रकारना रूपवाळा, कर्मवाळा, रागवाळा, वेदवाळा, मोहवाळा, लेश्यावाळा, शरीरवाळा अने ते शरीरथी नहि मूकायेला-जूदा नहीं थयेला जीवने विषे एम जणाय छे, ते आ प्रमाणे-ते शरीरयुक्त जीवमां-काळापणुं, यावत्-धोळापणुं, सुगंधिपणुं के दुर्गंधिपणुं, कडवापणुं के यावत्-मधुरपणुं, तथा कर्कशपणुं के यावत्-रूक्षपणुं होय छे, माटे हे गौतम ! ते हेतुथी ते देव पूर्व प्रमाणे यावत्-अरूपी रूप विकुर्ववा समर्थ नथी. [प्र०] हे भगवन् ! तेज देवरूप जीव पहेलां अरूपी थईने पछी रूपी आकार विकुर्ववा समर्थ छे ? [उ०] ए अर्थ समर्थ नथी-इत्यादि यावत्-'विकुर्ववा समर्थ नथी' त्यांसुधी जाणवुं. कारण के हे गौतम ! हुं ए जाणुं छुं के, यावत्-रूप विनाना, कर्म विनाना, राग विनाना, वेद विनाना, मोह विनाना, लेश्या विनाना, शरीर विनाना अने शरीरथी जूदा थयेला तेवा प्रकारना जीवने विषे एम जणातुं नथी के, ते जीवमां काळापणुं यावत्-लुखापणुं छे. माटे हे गौतम ! ते हेतुथी यावत्-ते देव पूर्व प्रमाणे विकुर्ववा समर्थ नथी. "हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे." ॥ ५९८ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १६ मा शतकमां बीजा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir







सेलेसिं पडिवन्नए णं भंते ! अणगारे सया समियं एयति वेयति जाव तं तं भावं परिणमति ?, णो तिणट्ठे समट्ठे, णण्णत्थेगेणं परप्पयोगेणं ॥ कतिविहा णं भंते ! एयणा पण्णत्ता ?, गोयमा ! पंचविहा एयणा पण्णत्ता, तंजहा-दव्वेयणा खेत्तेयणा कालेयणा भावेयणा भवेयणा, दव्वेयणा णं भंते ! कतिविहा प० ?, गोयमा ! चउव्विहा प०, तंजहा-नेरइयदव्वेयणा तिरिक्ख० मणुस्स० देवदव्वेयणा, से केण० एवं वुच्चइ-नेरइयदव्वेयणा २ ?, गोयमा ! जन्नं नेरइया नेरइयदव्वे वट्टिंसु वा वट्टंति वा वट्टिस्संति वा ते णं तत्थ नेरतिया नेरतियदव्वे वट्टमाणा नेरइयदव्वेयणं एइंसु वा एइस्संति वा, से तेणट्ठेणं जाव दव्वेयणा, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ तिरिक्खजोणियदव्वेयणा एवं चेव, नवरं तिरिक्खजोणियदव्वे भाणियव्वं, सेसं तं चेव, एवं जाव देवदव्वेयणा । खेत्तेयणा णं भंते ! कतिविहा पण्णत्ता ?, गोयमा ! चउव्विहा प०, तं०-नेरइयखेत्तेयणा जाव देवखेत्तेयणा, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ नेरइयखेत्तेयणा ने० २ ?, एवं चेव नवरं नेरइयखेत्तेयणा भाणियव्वा, एवं जाव देवखेत्तेयणा, एवं कालेयणावि, एवं भवेयणावि, भावेयणावि जाव देवभावेयणा ( सूत्रं ५९९ ) ॥

[प्र०] हे भगवन् ! शैलेशी अवस्थाने प्राप्त थयेल अनगार शुं सदा निरन्तर कंपे, विशेष कंपे, अने यावत्-ते ते भावे परिणमे ? [उ०] ए अर्थ समर्थ नथी, मात्र एक परप्रयोग विना (अर्थात्-शैलेशी अवस्थामां आत्मा अत्यन्त स्थिरताने प्राप्त थयेल होवाथी

For Private And Personal

परप्रयोग सिवाय न कंपे). [प्र०] हे भगवन्! एजना (कंपन) केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! एजना पांच प्रकारनी छे, ते आ प्रमाणे-१ द्रव्यएजना, २ क्षेत्रएजना, ३ कालएजना, ४ भावएजना अने ५ भवएजना. [प्र०] हे भगवन्! द्रव्यएजना केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! ते चार प्रकारनी कही छे, ते आ प्रमाणे-१ नैरयिकद्रव्यएजना, २ तिर्यंचयोनिकद्रव्यएजना, ३ मनुष्यद्रव्यएजना अने ४ देवद्रव्यएजना. [प्र०] हे भगवन्! शा कारणथी 'नैरयिकद्रव्यएजना' २ कहेवामां आवे छे? [उ०] हे गौतम! जे माटे नैरयिको नैरयिकद्रव्यमां वर्तता हता, वर्ते छे अने वर्तशे, ते नैरयिकोए नैरयिकद्रव्यमां वर्तता नैरयिकद्रव्यनी एजना करी हती, करे छे अने करशे, ते माटे यावत्-नैरयिकद्रव्यएजना कहेवामां आवे छे. [प्र०] हे भगवन्! तिर्यंचयोनिकद्रव्यएजना २ कहेवाय छे तेनुं शुं कारण? [उ०] पूर्व प्रमाणेज जाणवुं. विशेष ए के नैरयिकद्रव्यने बदले तिर्यंचयोनिकद्रव्य कहेवु. बाकी बधुं तेज प्रमाणे जाणवुं. तथा ए प्रमाणे मनुष्यद्रव्यएजना अने देवद्रव्यएजना पण जाणवी. [प्र०] हे भगवन्! क्षेत्रएजना केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! ते चार प्रकारनी कही छे. ते आ प्रमाणे-१ नैरयिकक्षेत्रएजना, यावत् ४ देवक्षेत्रएजना. [प्र०] हे भगवन्! नैरयिकक्षेत्रएजना २ कहेवानुं शुं कारण? [उ०] पूर्व प्रमाणे जाणवुं. विशेष ए के नैरयिकद्रव्यएजनाने बदले नैरयिकक्षेत्रएजना कहेवी. अने एम यावत्-देव क्षेत्रएजना सुधी जाणवुं. तथा कालएजना, भवएजना अने भावएजना विषे पण ए प्रमाणे जाणवुं. यावत्-देवभावएजना सुधी समजवुं. ॥ ५९९ ॥

कतिविहा णं भंते! चलणा पण्णत्ता?, गोयमा! तिविहा चलणा प०, तं०-सरीरचलणा इंदियचलणा जोगचलणा, सरीरचलणा णं भंते! कतिविहा प०?, गोयमा! पंचविहा प०, तं०-ओरालियसरीरचलणा जाव क-

म्मगसरीरचलणा, इंदियचलणा णं भंते ! कतिविहा प०?, गोयमा ! पंचविहा पण्णत्ता, तंजहा–सोइंदियचलणा जाव फासिंदियचलणा, जोगचलणा णं भंते ! कतिविहा प० ?, गो० ! तिविहा पं०, तं०–मणजोगचलणा वइजोगचलणा कायजोगचलणा, से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ओरालियसरीरचलणा ओ० २ ?, गोयमा ! जं णं जीवा ओरालियसरीरे वट्टमाणा ओरालियसरीरपायोगाइं दव्वाइं ओरालियसरीरत्ताए परिणामेमाणा ओरालियसरीरचलणं चलिंसु वा चलंति वा चलिस्संति वा से तेणट्ठेणं जाव ओरालियसरीरचलणा० ओ० २, से केणट्ठेणं भंते ! एवं वु० वेउव्वियसरीरचलणा वेउ०, एवं चेव नवरं वेउव्वियसरीरे वट्टमाणा एवं जाव कम्मगसरीरचलणा, से केणट्ठेणं भंते ! एवं वु० सोइंदियचलणा २ ?, गोयमा ! जन्नं जीवा सोइंदिए वट्टमाणा सोइंदियपाओगाइं दव्वाइं सोइंदियत्ताए परिणामेमाणा सोइंदियचलणं चलिंसु वा चलंति वा चलिस्संति वा से तेणट्ठेणं जाव सोतिंदियचलणा सो० २, एवं जाव फासिंदियचलणा, से केणट्ठेणं एवं वुच्चइ मणजोगचलणा २ ?, गोयमा ! जण्णं जीवा मणजोए वट्टमाणा मणजोगप्पाओगाइं दव्वाइं मणजोगत्ताए परिणामेमाणा मणजोगचलणं चलिंसु वा चलिंति वा चलिस्संति वा से तेणट्ठेणं जाव मणजोगचलणा मण० २, एवं वइजोगचलणावि, एवं कायजोगचलणावि ॥ (सू० ६००) ॥

[प्र०] हे भगवन् ! चलना केटला प्रकारनी कही छे ? [उ०] हे गौतम चलना त्रण प्रकारनी कही छे. ते आ प्रमाणे–शरीरचलना, इन्द्रियचलना अने योगचलना. [प्र०] हे भगवन् ! शरीरचलना केटला प्रकारनी कही छे ? [उ०] हे गौतम ! शरीरचलना

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





पांच प्रकारनी कही छे, ते आ प्रमाणे-१ औदारिकशरीरचलना, यावत्-५ कार्मणशरीरचलना. [प्र०] हे भगवन्! इन्द्रियचलना केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! पांच प्रकारनी कही छे, ते आ प्रमाणे-१ श्रोत्रेन्द्रियचलना, यावत्-५ स्पर्शेन्द्रियचलना. [प्र०] हे भगवन्! योगचलना केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! योगचलना त्रण प्रकारनी कही छे, ते आ प्रमाणे— मनोयोगचलना, वचनयोगचलना अने काययोगचलना. [प्र०] हे भगवन्! शा हेतुथी औदारिकशरीरचलना २ कहेवाय छे? [उ०] हे गौतम! जे माटे औदारिक शरीरमां वर्तता जीवोए औदारिकशरीरयोग्य द्रव्योने औदारिकशरीरपणे परिणमावता औदारिकशरीरनी चलना करी छे, करे छे अने करशे, ते कारणथी हे गौतम! औदारिकशरीरचलना २ कहेवामां आवे छे. [प्र०] हे भगवन्! शा कारणथी वैक्रियशरीरचलना २ कहेवामां आवे छे? [उ०] पूर्व प्रमाणे बधुं जाणवुं. विशेष ए के 'वैक्रियशरीरने विषे वर्तता' इत्यादि कहेवुं. (अर्थात्-औदारिकने बदले बधे वैक्रिय कहेवुं.) अने एज प्रमाणे यावत्-कार्मणशरीरचलना सुधी जाणवुं. [प्र०] हे भगवन्! शा कारणथी श्रोत्रेन्द्रियचलना २ कहेवामां आवे छे? [उ०] हे गौतम! श्रोत्रेन्द्रियने धारण करता जीवोए श्रोत्रेन्द्रिययोग्य द्रव्योने श्रोत्रेन्द्रियपणे परिणमावता श्रोत्रेन्द्रियनी चलना करी छे, करे छे अने करशे, ते कारणथी श्रोत्रेन्द्रियचलना २ कहेवामां आवे छे. ए प्रमाणे यावत्-स्पर्शेन्द्रियचलना सुधी जाणवुं. [प्र०] हे भगवन्! शा कारणथी मनोयोगचलना २ कहेवामां आवे छे? [उ०] हे गौतम! जे कारणथी मनयोगने धारण करता जीवोए मनयोग्य जीवोए मनयोग्य द्रव्योने मनयोगपणे परिणमावता मनोयोगनी चलना करी छे, करे छे अने करशे, ते कारणथी मनोयोगचलना २ कहेवामां आवे छे. ए प्रमाणे वचनयोगचलना तथा काययोगचलना पण जाणवी. ॥ ६०० ॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





अह भंते ! संवेगे निव्वेए गुरुसाहम्मियसुस्सूसणया आलोयणया निंदणया गरहणया खमावणया सुयसहायता विउसमणया भावे अप्पडिबद्धया विणिवट्टणया विवित्तसयणासणसेवणया सोइंदियसंवरे जाव फासिंदियसंवरे जोगपच्चक्खाणे सरीरपच्चक्खाणे कसायपच्चक्खाणे संभोगपच्चक्खाणे उवहिपच्चक्खाणे भत्तपच्चक्खाणे खमा विरागया भावसच्चे जोगसच्चे करणसच्चे मणसमण्णाहरणया वयसमन्नाहरणया कायसमन्नाहरणया कोहविवेगे जावमिच्छादंसणसल्लविवेगे णाणसंपन्नया दंसणस० चरित्तसं० वेदणअहियासणया मारणंतियअहियासणया एए णं भंते ! पया किंपज्जवसाणफला पण्णत्ता ? समणाउसो !, गोयमा ! संवेगे निव्वेगे जाव मारणंतियअहियास० एए णं सिद्धिपज्जवसाणफला पं० समणाउसो ! ॥ सेवं भंते ! २ जाव विहरति (सू०६०१) ॥ १७-३ ॥

[प्र०] हे भगवन् ! संवेग-मोक्षनो अभिलाष, निर्वेद-संसारथी विरक्तता, गुरुओनी तथा साधर्मिकोनी सेवा, पापोनी आलोचना-गुरु समक्ष कथन, निंदा-आत्मद्वारा दोषोनी निन्दा, गर्हा-परसमक्ष पोताना दोषो प्रगट करवा, क्षमापना, उपशांतता, श्रुतसहायता-श्रुताभ्यास, भावाप्रतिबद्धता-हास्यादि भावोने विषे अप्रतिबंध, पापस्थानोथी निवृत्त थवुं, विविक्तशयनासता-स्त्र्यादिरहित वसति अने आसननो उपयोग, श्रोत्रेन्द्रियसंवर, यावत्-स्पर्शेन्द्रियसंवर, योगप्रत्याख्यान, शरीरप्रत्याख्यान, कषायप्रत्याख्यान, संभोगप्रत्याख्यान, उपधिप्रत्याख्यान, भक्तप्रत्याख्यान, क्षमा, विरागता, भावसत्य, योगसत्य, करणसत्य-प्रतिलेखनादि क्रियानुं यथार्थ करवुं, मनःसमन्वाहरण-मननुं संगोपन, वचःसमन्वाहरण-वचनसंगोपन, कायसमन्वाहरण-कायसंगोपन, क्रोधनो त्याग, यावत्-मिथ्यादर्शनशल्यनो त्याग, ज्ञानसंपन्नता, दर्शनसंपन्नता, चारित्रसंपन्नता, क्षुधादि वेदनामां सहनशीलता अने मारणान्तिक

For Private And Personal

कष्टमां सहनशीलता-ए बधा पदोनुं हे आयुष्मान् श्रमण! अन्तिम फळ शुं कह्युं छे? [उ०] हे गौतम! संवेग, निर्वेद, यावत्-मारणांतिक कष्टमां सहनशीलता-ए बधा पदोनुं अंतिम फळ मोक्ष कह्युं छे. "हे भगवन्! ते एमज छे. हे भगवन्! ते एमज छे." ॥६०१॥



भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां त्रीजा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## शतक १७. (उद्देशक ४)

तेणं कालेणं २ रायगिहे नगरे जाव एवं वयासी—अत्थि णं भंते! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ?, हंता अत्थि, सा भंते! किं पुट्ठा कज्जइ अपुट्ठा कज्जइ?, गोयमा! पुट्ठा कज्जइ नो अपुट्ठा कज्जइ, एवं जहा पढमसए छट्ठुद्देसए जाव नो अणाणुपुव्विकडाति वत्तव्वं सिया, एवं जाव वेमाणियाणं, नवरं जीवाणं एगिंदियाण य निव्वाघाएणं छद्दिसिं वाघायं पडुच्च सिय तिदिसिं सिय चउदिसिं सिय पंचदिसिं सेसाणं नियमं छद्दिसिं। अत्थि णं भंते! जीवाणं मुसावाएणं किरिया कज्जइ?, हंता अत्थि, सा भंते! किं पुट्ठा० कज्जइ जहा पाणाइवाएणं दंडओ एवं मुसावाएणवि, एवं अदिन्नादाणेणवि मेहुणेणवि परिग्गहेणवि, एवं एए पंच दंडगा ५। जंसमयन्नं भंते! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ सा भंते! किं पुट्ठा कज्जइ अपुट्ठा कज्जइ, एवं तहेव जाव वत्तव्वं सिया जाव वेमाणियाणं, एवं जाव परिग्गहेणं, एवं एतेवि पंच दंडगा १०। जंदेसेणं भंते! जीवाणं पाणाइवा-

एणं किरिया कज्जति एवं चेव जाव परिग्गहेणं, एवं एतेवि पंच दंडगा १५। जंपएसन्नं भंते! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ सा भंते! किं पुट्ठा कज्जति एवं तहेव दण्डओ एवं जाव परिग्गहेणं २०, एवं एए वीसं दंडगा॥ (सूत्रं ६०२)॥



[प्र०] ते काळे ते समये राजगृह नगरमां (भगवान् गौतम) यावत्–आ प्रमाणे बोल्या के, हे भगवन्! जीवो वडे प्राणातिपातद्वारा क्रिया–कर्म कराय छे? [उ०] हा कराय छे. [प्र०] हे भगवन्! ते क्रिया (कर्म) स्पृष्ट–आत्माए स्पर्शेली कराय के अस्पृष्ट–आत्माना स्पर्श विना कराय? [उ०] हे गौतम! ते स्पृष्ट कराय, पण अस्पृष्ट न कराय–इत्यादि बधुं प्रथम शतकना छट्ठा उद्देशकमां कह्या प्रमाणे कहेवुं; यावत्–ते क्रिया (कर्म) अनुक्रमे कराय छे, पण अनुक्रम विना कराती नथी. ए प्रमाणे दंडकना क्रमथी यावत्–वैमानिको सुधी जाणवुं. परन्तु विशेष ए के जीवो अने एकेन्द्रियो व्याघात–प्रतिबंध सिवाय छ ए दिशामांथी आवेलां कर्म करे छे, अने जो व्याघात होय तो कदाच त्रण दिशामांथी, कदाच चार दिशामांथी अने कदाच पांच दिशामांथी, आवेलां कर्म करे छे. (जे एकेन्द्रियो लोकान्ते रहेला छे, तेने उपरनी अने आसपासनी दिशाथी कर्म आववानो संभव नथी, तेथी तेओ क्वचित् त्रण दिशामांथी कदाचित् चार दिशामांथी, अने कदाचित् पांच दिशामांथी आवेलुं कर्म करे छे अने बाकीना जीवो लोकना मध्य भागमां होवाथी व्याघातना अभावे छ ए दिशामांथी आवेलुं कर्म करे छे. ते सिवाय बाकीना जीवो तो अवश्य छ ए दिशामांथी आवेलां कर्म करे छे.) [प्र०] हे भगवन्! जीवो मृषावादद्वारा कर्म करे छे? [उ०] हा, करे छे. [प्र०] हे भगवन्! शुं ते क्रिया–कर्म स्पृष्ट कराय–इत्यादि प्रश्न. [उ०] जेम प्राणातिपात संबंधे दंडक कह्यो छे तेम मृषावाद संबन्धे पण दंडक कहेवो. एम

अदत्तादान, मैथुन अने परिग्रहसंबन्धे पांचे दंडको कहेवा. [प्र०] हे भगवन्! जे समये जीवो प्राणातिपातद्वारा (कर्म) करे छे ते समये हे भगवन्! ते स्पृष्ट कर्म करे छे के अस्पृष्ट कर्म करे छे? [उ०] पूर्व प्रमाणे जाणवुं. यावत्-ते 'अनानुपूर्वीकृत नथी' त्यां सुधी कहेवुं. ए प्रमाणे-यावत्-दंडकना क्रमथी वैमानिको सुधी यावत्-परिग्रह संबन्धे जाणवुं. बधा मळीने पूर्ववत् पांचे दंडको मृषावाद संबन्धे कहेवा. [प्र०] हे भगवन्! जे क्षेत्रमां जीवो प्राणातिपात द्वारा कर्म करे छे ते क्षेत्रमां स्पृष्ट के अस्पृष्ट करे छे— इत्यादि प्रश्न. [उ०] पूर्व प्रमाणे उत्तर कहेवो. यावत्-परिग्रह सुधी जाणवुं. एम पांचे दंडको कहेवा. [प्र०] हे भगवन्! जे प्रदेशमां जीवो प्राणातिपात द्वारा कर्म करे छे ते प्रदेशमां शुं स्पृष्ट कर्म करे छे के अस्पृष्ट कर्म करे छे-इत्यादि पूर्व प्रमाणे दंडक कहेवो. [उ०] ए प्रमाणे यावत्-परिग्रह सुधी जाणवुं. एम बधा मळीने वीश दंडको कहेवा. ॥ ६०२ ॥

जीवाणं भंते! किं अत्तकडे दुक्खे परकडे दुक्खे तदुभयकडे दुक्खे?, गोयमा! अत्तकडे दुक्खे नो परकडे दुक्खे नो तदुभयकडे दुक्खे, एवं जाव वेमाणियाणं, जीवा णं भंते! किं अत्तकडं दुक्खं वेदेंति परकडं दुक्खं वेदेंति तदुभयकडं दुक्खं वेदेंति?, गोयमा! अत्तकडं दुक्खं वेदेंति नो परकडं दुक्खं वेदेंति नो तदुभयकडं दुक्खं वेदेंति, एवं जाव वेमाणियाणं। जीवाणं भंते! किं अत्तकडा वेयणा परकडा वेयणा पुच्छा, गोयमा! अत्तकडा वेयणा णो परकडा वेयणा णो तदुभयकडा वेयणा एवं जाव वेमाणियाणं, जीवा णं भंते! किं अत्तकडं वेदणं वेदेंति परक० वे० वे० तदुभयक० वे वे०?, गोयमा! जीवा अत्तकडं वेय० वे० नो परक० नो तदुभय० एवं जाव वेमाणियाणं। सेवं भंते! सेवं भंतेत्ति॥ (सूत्र ६०३) ॥ १७-४ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





[प्र०] हे भगवन् ! जीवोने जे दुःख छे ते शुं आत्मकृत छे, परकृत छे के उभयकृत छे ? [उ०] हे गौतम ! जीवोने जे दुःख छे ते आत्मकृत छे, परकृत नथी, तेम उभयकृत पण नथी, ए प्रमाणे दंडकना क्रमथी यावत्-वैमानिको सुधी जाणवुं. [प्र०] हे भगवन् ! जीवो शुं आत्मकृत दुःख वेदे छे, परकृत दुःख वेदे छे के तदुभयकृत दुःख वेदे छे ? [उ०] हे गौतम ! जीवो आत्मकृत दुःख वेदे छे; परकृत के उभयकृत दुःख वेदता नथी. ए प्रमाणे यावत्-वैमानिको सुधी जाणवुं. [प्र०] हे भगवन् ! जीवोने जे वेदना छे ते शुं आत्मकृत छे, परकृत छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! वेदना आत्मकृत छे, परकृत के उभयकृत नथी. ए प्रमाणे यावत्-वैमानिको सुधी जणवुं. [प्र०] हे भगवन् ! जीवो शुं आत्मकृत वेदनाने वेदे छे, परकृत वेदनाने वेदे छे के उभयकृत वेदनाने वेदे छे ? [उ०] हे गौतम ! जीवो आत्मकृत वेदनाने वेदे छे; परकृत के उभयकृत वेदनाने वेदता नथी. ए प्रमाणे यावत्-वैमानिको सुधी जाणवुं. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे'. ॥ ६०३ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां चोथा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## शतक १७. (उद्देशक ५)

कहि णं भंते ! ईसाणस्स देविंदस्स देवरन्नो सभा सुहम्मा पण्णत्ता ?, गोयमा ! जंबुद्दीवे २ मंदरस्स पव्वयस्स उत्तरेणं इमीसे रयणप्प० पुढ० बहुसमरमणिज्जाओ भूमिभागाओ उड्ढं चंदिमसूरिय जहा ठाणपदे जाव मज्झे ईसाणवडेंसए महाविमाणे से णं ईसाणवडेंसए महाविमाणे अद्धतेरस जोयणसयसहस्साइं एवं जहा दस-

For Private And Personal

मसए सक्कविमाणवत्तव्वया सा इहवि ईसाणस्स निरवसेसा भाणियव्वा जाव आयरक्खा, ठिती सातिरेगाइं दो सागरोवमाइं, सेसं तं चेव जाव ईसाणे देविंदे देवराया ई० २, सेवं भंते ! सेवं भंते! त्ति (सूत्रं ६०४) ॥ १७-५ ॥

[प्र०] हे भगवन् ! देवेंद्र देवराज ईशाननी सुधर्मा सभा क्यां कही छे ? [उ०] हे गौतम ! जंबूद्वीप नामे द्वीपमां मंदरपर्वतनी उत्तरे आ रत्नप्रभा पृथिवीना अत्यन्त सम अने रमणीय भूमिभागथी उपर चंद्र अने सूर्यने मूकीने आगळ गया पछी-यावत्-(प्रज्ञापनासूत्रना बीजा) स्थानपदमां कह्या प्रमाणे मध्यभागमां ईशानावतंसक विमान आवे छे. ते ईशानावतंसक नामे महाविमान साडा बार लाख योजन लांबु अने पहोळुं छे-इत्यादि यावत्-दशम शतकमां शक्रविमाननी वक्तव्यता कही छे ते बधी अहीं ईशान संबंधे यावत्-आत्मरक्षकनी वक्तव्यता सुधी कहेवी. ते ईशानेन्द्रनुं आयुष किंचित् अधिक बे सागरोपमनुं छे, बाकी बधुं तेज प्रमाणे जाणवुं. यावत्-देवेंद्र देवराज ईशान छे २. 'हे भगवन्! ते एमज छे, हे भगवन् ! ते एमज छे'. ॥ ६०४ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां पांचमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## शतक १७. (उद्देशक ६.)

पुढविकाइए णं भंते ! इमीसे रय० पुढ० समोहए २ जे भविए सोहम्मे कप्पे पुढविकाइयत्ताए उववज्जित्तए से भंते ! किं पुव्विं उववज्जित्ता पच्छा संपाउणेज्जा पुव्विं वा संपाउणित्ता पच्छा उवव० ?, गोयमा ! पुव्विं वा उववज्जित्ता पच्छा संपाउणेज्जा पुव्विं वा संपाउणित्ता पच्छा उववज्जेज्जा, से केणट्ठेणं जाव पच्छा उववज्जेज्जा ?,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





गोयमा! पुढविक्काइयाणं तओ समुग्घाया पं०, तं०-वेदणासमुग्घाए कसायसमुग्घाए मारणंतियसमुग्घाए, मारणंतियसमुग्घाएणं समोहणमाणे देसेण वा समोहणति सव्वेण वा समोहणति देसेणं समोहन्नमाणे पुव्विं संपाउणित्ता पच्छा उववज्जिज्जा, सव्वेणं समोहणमाणे पुव्विं उववज्जेत्ता पच्छा संपाउणेज्जा, से तेणट्ठेणं जाव उववज्जिज्जा। पुढविक्काइए णं भंते! इमीसे रयणप्पभाए पुढवीए जाव समोहए स० २ जे भविए ईसाणे कप्पे पुढवि एवं चेव ईसाणेवि, एवं जाव अच्चुयगेविज्जविमाणे, अणुत्तरविमाणे ईसिपब्भाराए य एवं चेव। पुढविकाइए णं भंते! सक्करप्पभाए पुढवीए समोहए २ स० जे भविए सोहम्मे कप्पे पुढवि० एवं जहा रयणप्पभाए पुढविकाइए उववाइओ एवं सक्करप्पभाएवि पुढविकाइओ उववाएयव्वो जाव ईसिपब्भाराए, एवं जहा रयणप्पभाए वत्तव्वया भणिया एवं जाव अहेसत्तमाए समोहए ईसीपब्भाराए उववाएयव्वो। सेवं भंते! २ त्ति (सूत्रं ६०५) ॥ १७-६ ॥

[प्र०] हे भगवन्! जे पृथिवीकायिक जीव आ रत्नप्रभा पृथिवीमां मरण समुद्घात करीने सौधर्मकल्पमां पृथिवीकायिकपणे उत्पन्न थवाने योग्य छे ते हे भगवन्! शुं प्रथम उत्पन्न थाय अने पछी आहार करे-पुद्गल ग्रहण करे के प्रथम पुद्गल ग्रहण करे अने पछी उत्पन्न थाय? [उ०] हे गौतम! ते प्रथम उत्पन्न थाय अने पछी पुद्गल ग्रहण करे; अथवा प्रथम पुद्गल ग्रहण करे अने पछी उत्पन्न थाय. [प्र०] ते शा कारणथी यावत्-पछी उत्पन्न थाय? [उ०] हे गौतम! पृथिवीकायिकोने त्रण समुद्घातो कह्या छे; ते आ प्रमाणे-वेदना समुद्घात, कषाय समुद्घात अने मारणांतिक समुद्घात. ज्यारे जीव मारणांतिक समुद्घात करे छे त्यारे देशथी पण समुद्घात करे छे अने सर्वथी पण समुद्घात करे छे. ज्यारे देशथी समुद्घात करे छे त्यारे प्रथम पुद्गल ग्रहण करे छे अने

For Private And Personal

पछी उत्पन्न थाय छे, ज्यारे सर्वथी समुद्घात करे छे त्यारे प्रथम उत्पन्न थाय छे अने पछी पुद्गल ग्रहण करे छे. ते कारणथी यावत्-पछीथी उत्पन्न थाय छे. [प्र०] हे भगवन्! पृथिवीकायिक जीव आ रत्नप्रभा पृथिवीमां यावत्-मरणसमुद्घात करी जे ईशानकल्पमां पृथिवीकायिकपणे उत्पन्न थवाने योग्य छे-इत्यादि पृच्छा. [उ०] पूर्व प्रमाणे ईशानकल्पसंबन्धे जाणवुं. एम यावत्-अच्युत, ग्रैवेयक विमान, अनुत्तर विमान अने ईषत्प्राग्भारा पृथिवी संबन्धे पण जाणवुं. [प्र०] हे भगवन्! जे पृथिवीकायिक जीव आ शर्कराप्रभा पृथिवीमां मरण समुद्घात करीने सौधर्मकल्पमां पृथिवीकायिकपणे उत्पन्न थवाने योग्य छे-इत्यादि प्रश्न. [उ०] जेम रत्नप्रभा पृथिवीना पृथिवीकायिकनो उत्पाद कह्यो छे तेम शर्कराप्रभाना पृथिवीकायिकनो उत्पाद कहेवो. यावत्-ए प्रमाणे ईषत्प्राग्भारा पृथिवी सुधी जाणवुं, तथा जेम रत्नप्रभाना पृथिवीकायिकनी वक्तव्यता कही तेम यावत्-सातमी नरकपृथिवी सुधीमां मरणसमुद्घातथी समवहत थयेला जीवनो ईषत्प्राग्भारामां उपपात कहेवो. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.' ६०५

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां छट्ठा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## शतक १७. (उद्देशक ७)

पुढविकाइए णं भंते! सोहम्मे कप्पे समोहए समोहणित्ता जे भविए इमीसे रयणप्पभाए पुढवीए पुढवीकाइयत्ताए उववज्जित्तए से णं भंते! किं पुव्विं सेसं तं चेव जहा रयणप्पभापुढविकाइए सव्वकप्पेसु जाव ईसिपब्भाराए ताव उववाइओ एवं सोहम्मपुढविकाइओवि सत्तसुवि पुढवीसु उववाएयव्वो जाव अहेसत्तमाए,

एवं जहा सोहम्मपुढविकाइओ सव्वपुढवीसु उववाइओ एवं जाव ईसिपब्भारापुढविकाइओ सव्वपुढवीसु उववाएयव्वो जाव अहेसत्तमाए, सेवं भंते! २ ॥ (सूत्रं ६०६) ॥ १७-७ ॥

[प्र०] हे भगवन्! जे पृथिवीकायिक जीव सौधर्मकल्पमां मरणसमुद्घात करी आ रत्नप्रभा पृथिवीमां पृथिवीकायिकपणे उत्पन्न थवाने योग्य छे ते हे भगवन्! प्रथम उत्पन्न थाय अने पछी आहार करे-इत्यादि प्रश्न. [उ०] जेम रत्नप्रभापृथिवीना पृथिवीकायिक जीवनो बधा कल्पोमां, यावत्-ईषत्प्राग्भारा पृथिवीमां उपपात कहेवामां आव्यो छे तेम सौधर्मकल्पना पृथिवीकायिक जीवनो पण साते नरकपृथिवीमां यावत्-सप्तम नरक सुधी उपपात कहेवो. तथा जेम सौधर्मकल्पना पृथिवीकायिक जीवनो सर्व पृथिवीओमां उपपात कह्यो छे तेम बधा स्वर्गो, यावत्-ईषत्प्राग्भारा पृथिवीमां पृथिवीकायिक जीवनो पण सर्व पृथिवीओमां यावत्-सातमी नरकपृथिवी सुधी उपपात कहेवो. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.' ॥ ६०६ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां सातमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

---

## शतक १७. (उद्देशक ८.)

आउकाइए णं भंते! इमीसे रयणप्पभाए पुढवीए समोह० २ जे भविए सोहम्मे कप्पे आउकाइयत्ताए उववज्जित्तए एवं जहा पुढविकाइओ तहा आउकाइओवि सव्वकप्पेसु जाव ईसिपब्भाराए तहेव उववाएयव्वो एवं जहा रयणप्पभाआउकाइओ उववाइओ तहा जाव अहेसत्तमापुढविआउकाइओ उववाएयव्वो जाव ईसिपब्भा-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





राए, सेवं भंते! २ ॥ (सूत्रं ६०७) ॥ १७-८ ॥

[प्र०] हे भगवन्! जे अप्कायिक जीव आ रत्नप्रभा पृथिवीमां मरणसमुद्घात करीने सौधर्मकल्पमां अप्कायिकपणे उत्पन्न थवाने योग्य छे- इत्यादि प्रश्न. [उ०] जेम पृथिवीकायिकसंबन्धे कह्युं छे तेम अप्कायिकसंबन्धे पण बधा कल्पोमां कहेवुं, यावत्-ईषत्प्राग्भारा पृथिवीमां पण ते प्रमाणे उपपात कहेवो. तथा जेम रत्नप्रभाना अप्कायिक जीवनो उपपात कह्यो छे तेम यावत्-सातमी पृथिवीना अप्कायिकजीवनो पण यावत्-ईषत्प्राग्भारा पृथिवी सुधी उपपात कहेवो. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.' ॥६०७॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां आठमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## शतक १७. (उद्देशक ९)

आउकाइए णं भंते! सोहम्मे कप्पे समोहए समोह० जे भविए इमीसे रयणप्पभाए पुढवीए घणोदधिवलएसु आउकाइयत्ताए उववज्जित्तए से णं भंते! सेसं तं चेव एवं जाव अहेसत्तमाए जहा सोहम्मआउक्काइओ एवं जाव ईसिपब्भाराआउक्काइओ जाव अहेसत्तमाए उववाएयव्वो, सेवं भंते! २ ॥ (सूत्रं ६०८) ॥ १७-९ ॥

[प्र०] हे भगवन्! जे अप्कायिक जीव सौधर्मकल्पमां मरणसमुद्घातने प्राप्त थईने आ रत्नप्रभाना घनोदधिवलयोमां अप्कायिकपणे उत्पन्न थवाने योग्य छे, ते हे भगवन्!-इत्यादि प्रश्न. [उ०] बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं. एम यावत्-अधःसप्तम पृथिवी सुधी जाणवुं. जेम सौधर्मकल्पना अप्कायिकनो (नरक पृथिवीमां) उपपात कह्यो तेम यावत्-ईषत्प्राग्भारापृथिवीना अप्कायिक

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





जीवनो यावत्-अधःसप्तम पृथिवी सुधी उपपात कहेवो. हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे. ॥ ६०८ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां नवमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## शतक १७. (उद्देशक १०)

वाउकाइए णं भंते ! इमीसे रयणप्पभाए जाव जे भविए सोहम्मे कप्पे वाउकाइयत्ताए उववज्जित्तए से णं जहा पुढविकाइओ तहा वाउकाइओवि नवरं वाउकाइयाणं चत्तारि समुग्घाया पं०, तं०—वेदणासमुग्घाए जाव वेउव्वियसमुग्घाए, मारणंतियसमुग्घाएणं समोहणमाणे देसेण वा समो० सेसं तं चेव जाव अहेसत्तमाए समोहओ ईसिपब्भाराए उववाएयव्वो, सेवं भंते ! २ (सूत्रं ६०९) ॥ १७–१० ॥

[प्र०] हे भगवन् ! जे वायुकायिक जीव आ रत्नप्रभामां मरणसमुद्घातने प्राप्त थइने सौधर्मकल्पमां वायुकायिकपणे उत्पन्न थवाने योग्य छे ते हे भगवन् !—इत्यादि प्रश्न. [उ०] जेम पृथिवीकायिकसंबन्धे कहेवामां आव्युं छे तेम वायुकायिकसंबन्धे पण जाणवुं. विशेष ए के वायुकायिकने चार समुद्घात होय छे; अने ते आ प्रमाणे-वेदनासमुद्घात, यावत्—वैक्रियसमुद्घात. ते वायुकायिक मारणांतिक समुद्घातवडे समवहत थई देशथी समुद्घात करे छे—इत्यादि बाकी बधुं तेज प्रमाणे जाणवुं; यावत्-सातमी नरकपृथिवीमां समुद्घातने प्राप्त थयेल वायुकायिकनो ईषत्प्राग्भारामां उपपात कहेवो. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे.' ६०९

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां दशमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

For Private And Personal

## शतक १७. (उद्देशक ११)



वाउकाइए णं भंते! सोहम्मे कप्पे समोहए स० २ जे भविए इमीसे रयणप्पभाए पुढवीए घणवाए तणुवाए घणवायवलएसु तणुवायवलएसु वाउकाइयत्ताए उववज्जित्तए से णं भंते! सेसं तं चेव एवं जहा सोहम्मे वाउ-काइओ सत्तसुवि पुढवीसु उववाइओ एवं जाव ईसिपब्भाराए वाउकाइओ अहेसत्तमाए जाव उववाएयव्वो, सेवं भंते! २ ॥ (सूत्रं ६१०) ॥ १७-११ ॥

[प्र०] हे भगवन्! जे वायुकायिक जीव सौधर्मकल्पमां समुद्घात करी आ रत्नप्रभा पृथिवीना घनवात, तनुवात, घनवातव-लयो के तनुवातवलयोमां वायुकायिकपणे उत्पन्न थवाने योग्य छे ते हे भगवन्!-इत्यादि प्रश्न. [उ०] बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं. अने जेम सौधर्मकल्पना वायुकायिकनो साते पृथिवीमां उपपात कह्यो छे ते प्रमाणे यावत्-ईषत्प्राग्भारा पृथिवीना वायुकायिकनो यावत्-अधःसप्तम पृथिवीपर्यंत उपपात कहेवो. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.' ॥ ६१० ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां अगीयारमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## शतक १७. (उद्देशक १२)

एगिंदियाणं भंते! सव्वे समाहारा सव्वे समसरीरा एवं जहा पढमसए बितियउद्देसए पुढविकाइयाणं वत्तव्वया भणिया सा चेव एगिंदियाणं इह भाणियव्वा जाव समाउया समोववन्नगा। एगिंदिया णं भंते! क-

तिलेस्साओ प० ?, गोयमा ! चत्तारि लेस्साओ पं०, तं०–कण्हलेस्सा जाव तेउलेस्सा । एएसि णं भंते ! एगिंदियाणं कण्हलेस्साणं जाव विसेसाहिया वा?, गोयमा ! सव्वत्थोवा एगिंदियाणं तेउलेस्सा काउलेस्सा अणंतगुणा णीललेस्सा विसेसाहिया कण्हलेस्सा विसेसाहिया । एएसि णं भंते ! एगिंदियाणं कण्हलेस्सा इड्ढी जहेव दीवकुमाराणं, सेवं भंते ! २ ॥ (सूत्रं ६११) १७–१२ ॥

[प्र०] हे भगवन् ! बधा एकेन्द्रिय जीवो समान आहारवाळा छे, समान शरीरवाळा छे–इत्यादि प्रश्न. [उ०] जेम प्रथम शतकना द्वितीय उद्देशकमां पृथिवीकायिकनी वक्तव्यता कही छे तेम अहीं एकेन्द्रियो संबन्धे पण कहेवी. यावत्–समान आयुष्यवाळा नथी, तेम साथे उत्पन्न थता पण नथी. [प्र०] हे भगवन् ! एकेन्द्रियोने केटली लेश्याओ कही छे ? [उ०] हे गौतम ! तेओने चार लेश्याओ कही छे. ते आ प्रमाणे–१ कृष्णलेश्या, यावत्–४ तेजोलेश्या. [प्र०] हे भगवन् ! कृष्णलेश्यावाळा, यावत्–(तेजोलेश्यावाळा ए एकेन्द्रियोमां) कोण कोनाथी यावत् विशेषाधिक ? [उ०] हे गौतम ! सौथी थोडा तेजोलेश्यावाळा एकेन्द्रियो छे, तेथी अनंतगुण अधिक कापोतलेश्यावाळा छे, तेथी विशेषाधिक नीललेश्यावाळा छे, अने तेथी विशेषाधिक कृष्णलेश्यावाळा छे. [प्र०] हे भगवन् ! ए कृष्णलेश्यावाळा, यावत्–तेजोलेश्यावाळा एकेन्द्रियोनी ऋद्धि–सामर्थ्य संबन्धे प्रश्न.–एटले कृष्णलेश्यावाळा यावत्–तेजोलेश्यावाळा एकेन्द्रियोमां कोण अल्पऋद्धिवाळो अने कोण महर्धिक छे ? [उ०] जेम द्वीपकुमारोनी ऋद्धि कही छे तेम एकेन्द्रियोनी कहेवी. हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे. ॥ ६११ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां बारमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## शतक १७. (उद्देशक १३)



नागकुमारा णं भंते ! सव्वे समाहारा जहा सोलसमसए दीवकुमारुद्देसे तहेव निरवसेसं भाणियव्वं जाव इड्ढीति, सेवं भंते ! सेवं भंते ! जाव विहरति ॥ (सूत्रं ६१२) ॥ १७-१३ ॥

[प्र०] हे भगवन् ! बधा नागकुमारो समान आहारवाळा छे-इत्यादि प्रश्न. [उ०] जेम सोळमा शतकना द्वीपकुमार उद्देशकमां कहेवामां आव्युं छे तेम यावत्-ऋद्धि सुधी कहेवुं. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे'-एम कही यावत्-विहरे छे. ६१२

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां तेरमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## शतक १७. (उद्देशक १४)

सुवन्नकुमारा णं भंते ! सव्वे समाहारा एवं चेव, सेवं भंते ! २ ॥ (सूत्रं ६१३) ॥ १७-१४ ॥

[प्र०] हे भगवन् ! बधा सुवर्णकुमारो समान आहारवाळा छे-इत्यादि प्रश्न. [उ०] पूर्व प्रमाणे बधुं जाणवुं. हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे. ॥ ६१३ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां चौदमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

For Private And Personal

## शतक १७. (उद्देशक १५.)

विज्जुकुमारा णं भंते! सव्वे समाहारा एवं चेव, सेवं भंते! २ ॥ (सूत्रं ६१४) ॥ १७-१५ ॥

[प्र०] हे भगवन्! बधा विद्युत्कुमारो समान आहारवाळा छे-इत्यादि प्रश्न. [उ०] पूर्व प्रमाणे बधुं जाणवुं 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.' ॥ ६१४ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां पंदरमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

## शतक १७. (उद्देशक १६)

वायुकुमारा णं भंते! सव्वे समाहारा एवं चेव, सेवं भंते! २ ॥ (सूत्रं ६१५) ॥ १७-१६ ॥

[प्र०] हे भगवन्! बधा वायुकुमारो समान आहारवाळा छे-इत्यादि प्रश्न. [उ०] पूर्व प्रमाणे बधुं जाणवुं. हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे. ॥ ६१५ ॥

भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां सोळमा उद्देशानो मूलार्थ संपूर्ण थयो.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir





अग्गिकुमारा णं भंते! सव्वे समाहारा एवं चेव, सेवं भंते! २॥ (सूत्रं ६१६) १७-१७॥ सत्तरसमं सयं समत्तं

[प्र०] हे भगवन्! बधा अग्निकुमारो समान आहारवाळा छे-इत्यादि प्रश्न. [उ०] पूर्व प्रमाणे बधुं जाणवुं. हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे. ॥ ६१६ ॥



भगवत् सुधर्मस्वामीप्रणीत श्रीमद् भगवतीसूत्रना १७ मा शतकमां सत्तरमा उद्देशानो मूळार्थ संपूर्ण थयो अने सत्तरमा शतकनी पूर्णाहुति थइ.

॥ इति श्रीमद् भगवतीसूत्रे गूर्जरभाषानुवादसहिता

पंचमो भागः समाप्तः ॥

For Private And Personal

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

इति श्रीमद्भगवतीसूत्रे पंचमो भागः समाप्तः।

For Private And Personal